શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH

વિશ્વશાંતિ

વિશ્વશાંતિનો આધાર વ્યક્તિ-શાંતિ ઉપર છે. વિશ્વશાંતિ અત્યારે જોખમમાં છે, કારણ કે જે બધી વ્યક્તિઓ મળીને વિશ્વ બને છે તે સૌ (જૂજ અપવાદ સિવાય) અશાંત છે, અને તેમની એ અશાંતિની પાછળ ખોટાં મૂલ્યાંકનો છે. વ્યક્તિઓ સત્ય અને આભાસ વચ્ચેનો વિવેક ગુમાવી બેઠી છે; તત્ત્વને ભૂલીને ભ્રમણાની પાછળ દોટ મૂકી રહી છે, માટે જ તો રાષ્ટ્રો અશાંત છે; અને માટે જ તો વિશ્વ કોઈ મહાપ્રલયકર યુદ્ધની ધાર પર અટ કેલું છે એમ આપણને થઈ રહ્યું છે. એટલે વિશ્વશાંતિનો સાચો ઉપાય વ્યક્તિની શાંતિ છે. વ્યક્તિએ સંયમ કેળવવો જોઈએ, પોતાની જરૂરિયાતો ઉપર અંકુશ મૂકવો જોઈએ, પોતાના લોભ અને ક્રોધને કાબૂમાં રાખવા જોઈએ; સામેનો માણસ અશાંત થાય તો તેને શાંતિ ને માયાળુપૂર્વક સમજાવવો જોઈએ. ઘણીખરી વ્યક્તિઓ આમ કરે તો વિશ્વશાંતિનો કોયડો આપોઆપ ઉકલી જાય. એટલે વ્યક્તિએ શાંતિ પ્રાપ્ત કરવા શું કરવું ઘટે, કઈ જાતની સાધના કરવી ઘટે તે બધા જ ધર્મોએ અને વિચારકોએ બતાવ્યું છે; અને એ બધાની ભાષા જુદી જુદી હોવા છતાં તેમનો સર્વસાધારણ સાર એક જ છે. શાંતિ મેળવવા માટે વ્યક્તિએ પ્રાર્થનાનું સેવન કરવું જોઈએ; અને તે નિર્મમ બનીને.

'અખંડ આનંદ' માંથી

પુ. ૫૭ અં. ૧-૨

પ્રકાશક
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

કારતક-માગશર
સં. ૨૦૧૬

વિષયાનુક્રમ

૧. નૂતનવર્ષાભિનંદન (મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી)
૨. વર્ષારંભે વીર વંદન (વિઠ્ઠલદાસ મૂ. શાહ)
૩. તાલધ્વજ તીર્થ-મહિમા (અમરચંદ માવજી)
૪ નૂતન વર્ષનું મંગળ વિધાન (પ્રકાશન સમિતિ)
૫. ચૈત્યવંદન ચતુર્વિંશતિકા (૧૯) (પં. શ્રી સુશીલવિજયજી ગણિ)
૬. આચારાંગ સૂત્ર (દલસુખ માલવણીઆ)
૭. જ્ઞાન એ સહુથી પવિત્ર છે! (શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર')
૮. સમાચાર-સાર
૯. શ્રી જૈન આત્માનંદ સભાનો સં. ૨૦૧૩ તથા સં. ૨૦૧૪નો રિપોર્ટ તથા હિસાબ અને સરવૈયું

નવા લાઇફ મેમ્બર

શ્રી ગંભીરદાસ છબલરાજ ભાવનગર

અવસાન નોંધ

૧ શ્રી વીરચંદ પાનાચંદ શાહ

સં. ૨૦૧૫ ના આસો શુદ ૧૦ ના રોજ શેઠ શ્રી વીરચંદ પાનાચંદનું મુંબઈ મુકામે અવસાન થયું. તેમના જવાથી જૈન સમાજે એક તન-મન-ધનથી સમાજની સેવા કરનાર સેવાભાવી ગુમાવ્યો છે. તેઓશ્રી કેળવણી પ્રત્યે ખૂબ પ્રેમ ધરાવતા. અનેક સંસ્થાઓ અને સમાજવિકાસની વિવિધ પ્રવૃત્તિઓમા ઊંડો રસ લઈ સહકાર આપતા

તેઓશ્રી આ સંસ્થાના પેટ્રન હતા. અને આ સંસ્થા પ્રત્યે પણ સારી મમતા ધરાવતા. એમનો આત્મા જ્યાં હોય ત્યાં ચિરસ્થાયી શાંતિ પામે એ જ અભ્યર્થના.

૨. શ્રી ફૂલચંદ ખુશાલચંદ શાહ

શ્રી ફૂલચંદ ખુશાલચંદ શાહનું સં. ૨૦૧૫ ના આસો શુદ ૧૦ ના રોજ મુંબઈમાં અવસાન થયું તે જાણી અમો ઘણા દિલગીર થયા છીએ. તેઓશ્રી મહુવાના રહીશ હતા. અને ઉદારભાવે સામાજિક કાર્યોમાં દાન આપતા. આ સંસ્થાના તેઓશ્રી પહેલા વર્ગના લાઇફ મેમ્બર હતા. તેમનો આત્મા ચિર શાંતિ પામે એ જ અભ્યર્થના.

પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજીનો સ્વર્ગવાસ

પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી સં. ૨૦૧૫ ના ... રોજ અમદાવાદ મુકામે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. આ વયોવૃદ્ધ સમાગમથી સારા જૈન સમાજમાં ઊંડી લાગણી ફેલાઈ છે. ... ક્રિયા અને ભક્તિ સમર્થ હતા. તેઓ તપસ્યા પણ ખૂબ ... આંબિલ કરતા. તે ઉપરાંત સ્વાધ્યાયમાં પણ સદા રત રહેતા. તેમને ... છે. તેમને અમારી કોટી કોટી વંદન!



વર્ષ ૫૭ મું] કારતક-માગશર તા. ૧૫-૧૨-૫૯ [અંક ૧-૨

નૂતનવર્ષાભિનંદન

(મંદાક્રાન્તા)

આત્માનંદે જગત વિલસો, આત્મકેરા પ્રકાશે,
સંસ્કારોથી વિમલ ગતિ હો, સર્વ હૈયા સુહાસે,
સાચી સિદ્ધિ પ્રગટ અરપી, દીપમાળા મહાન,
લબ્ધિ સ્વામી શુભકર બને, ગૌતમ જ્ઞાનવાન. (૧)

જેવી પ્રીતિ પ્રબળ ધરતી, વલ્લભે રમ્ય નારી,
દીપે નાખે સરવ નિજનું, જેમ ખદ્યોત વારી,
એવી પામો જિનવર વિષે, ભાવના પ્રેમભક્તિ,
સર્વે અર્પો જિનવર પદે, પ્રાપ્ત હો દિવ્યશક્તિ. (૨)

સત્પાત્રોને મદદરૂપ હો, ધર્મસેવા બજાવો,
સન્માર્ગી હો સમરૂપ બની, ધર્મ-ગીતો ગજાવો,

દીપે દીપે નવલ વરસે, દિવ્ય સંદેશ પામો,
અન્યો અર્પો વિવિધરસના, પ્રાપ્ત હો ભવ્ય કામો (૩)

(અનુષ્ટુપ)

આત્માનંદ—પ્રકાશથી, હઠાવો અંધકારને,
જ્ઞાનની ભવ્ય જ્યોતિથી, ફેલાવો શ્રેષ્ઠ સારને. (૪)

દિવ્ય શક્તિ મહા અર્પો, ઉષા નૂતન વર્ષની,
લક્ષ્મીસાગર ભવ્ય જાગતી, આશા શુભ ઉત્કર્ષની. (૫)

રચયિતા—મુનિશ્રી લક્ષ્મીસાગરજી

વર્ષારંભે વીરવંદન

(હરિગીત)

ધારણ કરે સધ્ધર્મને જે સદ્ગુણોથી શોભતા,
કારુણ્યને વરતારતા વળી કર્મને ઉચ્છેદતા,
નિર્જરા જે આચરીને દુર્ઘટ મતાદિ ધારતા,
અજ્ઞાન–તિમિર ટાળીને જે જ્ઞાનદીપ પ્રકટાવતા.

જેના પ્રભાવતણો પ્રકાશ ત્રિલોકમાં પ્રસરી રહે,
મિથ્યાત્વનું જડમૂળથી જ સદ્ય ઉન્મૂલન કરે,
સમ્યક્ત્વનુ સ્થાપન કરી સૌ ભવ્યને શિવ આપતા,
એ વીરને વંદું પ્રીતે આ નવીન વર્ષ શરૂ થતાં.

વિ. મૂ. શાહ

તાલધ્વજતીર્થ—મહિમા

(ડાંડિયારાસ—ગરબો)

હાં રે ભલે પધાર્યાં સુમતિના દ્વાર રે,
તાલધ્વજ તીરથ સુંદર સોહામણું;
હાં રે તીહાં જુહાર્યાં સાચા દેવ ભાવ રે,
તાલધ્વજ તીરથ સુંદર સોહામણું. એ ટેક-૧

ભરત ચક્રી પણ આ ગિરિ આવ્યા,
પ્રથમ જિણંદનાં પગલા પધરાવ્યા
હાં રે ભાવે ભક્તિ કરી અપાર રે...તાલધ્વજ-૨

મહીપાલ રાજાએ આ ગિરિ સેવીયા,
કુષ્ટરોગ ગિરિ – પ્રતાપે શમીયા;
હાં રે તરી ગયા દુઃષમ સંસાર રે...તાલધ્વજ-૩

શિખર ઉપર ચૌમુખ શોભે,
બાવન જિનાલયે સુમતિ દીપે;
હાં રે મહાવીર પ્રસાદ રસાળ રે ..તાલધ્વજ-૪

નલિનીગુલ્મ સમ પાર્શ્વજિનાલય,
ભવ્ય પ્રતિમા દીપે દેવાલય,
હાં રે બિંબ ભરાવ્યા સંપ્રતિ રાજ રે...તાલધ્વજ-૫

તળાજાપુરમાં શાંતિનાથ સોહે,
મલ્લી જિનેશ્વર સૌ મન મોહે
હાં રે તાલધ્વજ મહિમા અપાર રે...તાલધ્વજ-૬

ગિરિની ટેકરી સુંદર સોહામણી,
ભવ્ય ગુફાઓ દીપે રળીયામણી;
હાં રે શેત્રુંજી સંગમ રસાળ રે...તાલધ્વજ-૭

સિદ્ધગિરિ પાસમાં તાલધ્વજ છાંયમાં,
ભવ્ય જીવો કરે યાત્રા આનંદમાં;
હાં રે થાય 'અમર' આત્મ ઉદ્ધાર રે...તાલધ્વજ-૮

—અમરચંદ માવજી શાહ

(શ્રી તાલધ્વજ જૈન વિદ્યાર્થીગૃહનાં નૂતનભવનનાં ઉદ્ઘાટન પ્રસંગે શ્રી શાંતિજિન મહિલામંડળ તળાજાની બ્હેનોએ ડાંડિયારાસ સાથે મેળાવડા સમયે રજૂ કરેલ ગરબો થોડા ફેરફાર સાથે.)

નૂતન વર્ષનું મંગળ વિધાન

सरीरमाहु नाव त्ति जीवो वुच्चइ नाविओ ।
संसारो अण्णवो वुत्तो जं तरन्ति महेसिणो ॥

શ્રી દશવૈકાલિકચૂલિકામાં કહ્યું છે કે "શરીર એ નાવ છે. જીવ તેનો નાવિક છે. આ સંસાર એ મહાસાગર છે. તે મહાસાગરને પાર કરવા માટે મહર્ષિઓ સમર્થ છે."

આ સંસારસાગરને પાર કરવા માટે આત્માની પાસે શરીરરૂપી નૌકા છે, પણ તે આત્મા સંસારસાગરમાં માર્ગ ભૂલ્યો છે. તેને જ્ઞાનદીપકનો પ્રકાશ લાધે તો તે સાચા માર્ગે જઈ શકે તેથી તે આત્માને આ જ્ઞાનદીપકની ખૂબ જ આવશ્યકતા છે. "શ્રી આત્માનંદ પ્રકાશ" પણ અધ્યાત્મજ્ઞાનના દીપકની જ્યોતને ઝગહળતી રાખવા છપ્પન વર્ષથી સતત પ્રયત્ન કરી રહ્યું છે. આ જ્ઞાનદીપકને જ્વલંત રાખવા અનેક વિદ્વાન મુનિમહારાજ તથા અન્ય વિદ્વાન ગૃહસ્થો સહકાર આપતા રહ્યા છે, તે સૌનો અમે આભાર માનીએ છીએ અને નૂતન વર્ષમાં પણ એવી જ રીતે સહકાર આપશે એવી આશા સેવીએ છીએ.

આ નૂતન વર્ષમાં 'શ્રી આત્માનંદ પ્રકાશ' સત્તાવનમા વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે જ્ઞાનદીપકનો પ્રકાશ ફેલાવી સંસારસાગરના અંધારા ઉલેચી મહાસાગરના નાવિકને યથાશક્તિ ઉપયોગી બનવાની અભિલાષા સેવે છે.

દેશ અને દુનિયા આજે ઝડપી વિકાસ કરી રહ્યાં છે. વિશ્વનો દરેક દેશ આજે વિશ્વશાંતિના સ્વપ્નને મૂર્ત કરવાની ઝંખના કરી રહ્યો છે. વિશ્વશાંતિના સ્વપ્નને સાચું પાડવાના જગતના પ્રયત્નોમાં આપણા રાષ્ટ્રે અહિંસા અને શાંતિના પ્રચાર અને વ્યવહાર દ્વારા સારો ફાળો આપ્યો છે. અહિંસા અને શાંતિના પાયા મજબૂત કરવા માટે અધ્યાત્મજ્ઞાન અને નીતિમય આચરણ જરૂરી છે. 'શ્રી આત્માનંદ પ્રકાશ' પણ આ ભાવનાને પોષણ આપવા, અને એ રીતે સમાજ અને વિશ્વની ઉન્નતિના રાહમાં જ્ઞાનદીપકનો પ્રકાશ ફેલાવવા ઇચ્છા ધરાવે છે.

ગતવર્ષના બનાવો પર વિહંગદૃષ્ટિ:—

ગતવર્ષમાં આપણા સમાજની એકતા માટેના બે ઉજ્જ્વળ કિરણો ઝાંખા અદૃશ્ય થઈ ગયા, તે એક દુઃખદાયક બીના છે. એક તિથિચર્ચાના પૂર્ણ ઉકેલની આશા અને બીજી ધાર્મિક શિક્ષણની એકવાક્યતાની ભાવના. શેઠશ્રી કસ્તુરભાઈના પ્રયત્નથી તિથિચર્ચાનું સુખદ અને કાયમી સમાધાન થવાની આશા બંધાઈ હતી, પણ ગતવર્ષમાં એ બાબતમાં કંઈ સારી સફળતા મળી નહિ. ધાર્મિક શિક્ષણની બાબતમાં પણ લગભગ એવું જ બન્યું.

આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી કાળધર્મ પામતા આપણા સમાજને મોટી ખોટ પડી છે. આ ઉપરાંત પૂજ્ય મુનિમહારાજ શ્રી ભુવનવિજયજી મહારાજ કે જેમના સહકાર અને પ્રેરણાથી આ સંસ્થા આગળ વધી રહી છે, તેમના કાળધર્મથી પણ આ સંસ્થા તેમજ સમાજને મોટી ખોટ પડી છે. પૂજ્ય મુનિશ્રી ચન્દ્રકાંતસાગરજી પણ આ સંસ્થા પ્રત્યે સદ્ભાવ રાખતા હતા. તેમના કાળધર્મથી પણ સમાજ તેમજ સંસ્થાને ઊંડો ઘા લાગ્યો છે. એ ઉપરાંત સમાજની તન—મન અને ધનથી સતત પ્રયત્ન કરી

સેવા કરનાર શ્રી વીરચંદ પાનાચંદના સ્વર્ગવાસથી પણ જૈન સમાજને મોટી ખોટ પડી છે.

સામાજિક ક્ષેત્રમાં પણ આપણા સમાજે અને સામાજિક સંસ્થાઓએ હજુ ઘણું કરવાનું બાકી છે. મધ્યમવર્ગની સ્થિતિ દિનપ્રતિદિન કફોડી થતી જાય છે. કારમી મોંઘવારીમાં સૌથી મોટી ભીંસ તો મધ્યમ-વર્ગને ભોગવવી પડી છે. મોંઘવારીના ખપ્પરમાં મધ્યમવર્ગનું લગભગ સર્વસ્વ હોમાઈ ગયું છે, છતાં હજી સામાજિક રીતરિવાજો મધ્યમવર્ગને ભરખી રહ્યા છે. સમાજની લગભગ બધી સામાજિક સંસ્થાઓ અને સેવામંડળોએ મળી લગ્નાદિ સામાજિક પ્રસંગોના ખર્ચાઓ ઓછા કરવા કટિબદ્ધ થવાની જરૂર છે. આ ઉપરાંત મધ્યમવર્ગના ઉત્કર્ષ માટે ગૃહઉદ્યોગો વિકસાવવાની પણ જરૂર છે. શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તથા બીજી કેટલીક સંસ્થાઓએ આ દિશામાં ઠીક કામ કર્યું છે. તેમના ગૃહઉદ્યોગો વિકાસના પ્રયત્નો ઘણા સમાજોપયોગી છે, તે વધુ વિકાસ સાધી વધારે વ્યવસ્થિત બને એવી શુભેચ્છા.

સભાની પ્રવૃત્તિઓ :—ગતવર્ષમાં શ્રી આત્માનંદ પ્રકાશ માસિકમાં ૧૫ પદ્ય, ૩૪ ગદ્યલેખો તથા સુભાષિતો, ચિંતન કણિકાઓ વગેરે વિધવિધ લેખો પ્રગટ કરવામાં આવ્યા હતા. આ રીતે વિધવિધ સાહિત્ય-સામગ્રીથી માસિકને સમૃદ્ધ કરવામાં પૂજ્ય મુનિમહારાજ શ્રી જમ્બૂવિજયજી, મુનિશ્રી લક્ષ્મીસાગરજી, મુનિશ્રી વિશાળવિજયજી, પં. શ્રી સુશીલવિજયજી તથા અન્ય વિદ્વાન બંધુઓ પ્રો. શ્રી દલસુખભાઈ માલવણિયા, પ્રો. શ્રી હી. ર. કાપડીઆ, શ્રી પાદરાકર, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ, શ્રી બાલચંદ હીરાચંદ, શ્રી અમરચંદ માવજી-ભાઈ, પ્રો. શ્રી જયંતીલાલ ભી. દવે, શ્રી જયભિખ્ખુ, શાહ ફતેચંદ ઝવેરભાઈ, હરિલાલ દેવચંદ શેઠ, શ્રી કા. જ. દોશી વગેરે વિદ્વાન લેખકોએ સારો સહકાર આપ્યો હતો, તે સૌનો અમે ફરીથી આભાર માનીએ છીએ.

આ ઉપરાંત સભા તરફથી " ધર્મકૌશલ્ય " નામનો ગ્રન્થ પણ સભાએ પ્રગટ થયો છે તેમાં સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆના ચિંતનપ્રેરક લેખોનો સંગ્રહ છે. આ ગ્રંથ સ્વ૦ ફતેચંદ ત્રિકમભાઈ ગ્રન્થમાળા પુષ્પ બીજા તરીકે પ્રસિદ્ધ થયો છે, મૂલ્ય પોણા બે રૂપીઆ છે.

આ સભા અનેક વિદ્વાન મુનિમહારાજો, તથા અન્ય શુભેચ્છકોના સહકારથી પ્રગતિ કરી રહી છે, તે સૌનો અમે આભાર માનીએ છીએ. ખાસ કરીને પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજય તથા મુનિશ્રી જંબૂવિજયજી આ સભાના ઉત્કર્ષ માટે સતત ચિંતા સેવી રહ્યા છે. અને સંસ્થાના કામમાં હંમેશા સહકાર આપી રહ્યા છે. મુનિશ્રી જંબૂવિજયજી દ્વાદશારનયચક્ર' જેવા મહાન ગ્રન્થનું સંપાદન કરવામાં અવિરત શ્રમ લઇ રહ્યા છે. તે બન્ને મુનિવરોના સહકારથી આ સંસ્થા ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરી શકી છે. તેમનો અમો આભાર માનીએ છીએ. પૂજ્ય મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી પણ સંસ્થાના કાર્યમાં જ્યારે જરૂર પડે ત્યારે સહકાર આપે જ છે, તેમની પણ આ સંસ્થા ઋણી છે. નૂતન વર્ષમાં પણ આ સંસ્થાને સહકાર આપવા સૌ વિદ્વાન મુનિરાજો તથા અન્ય સહકારયોને અમે વિનંતી કરીએ છીએ.

પ્રકાશન સમિતિ

चैत्यवंदन चतुर्विंशतिका

ભાવાર્થકાર-પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણી

(અનુસંધાન પૃષ્ઠ પુસ્તક ૫૬ ના ૧૬૯ થી ચાલુ)

एकोनविंशत् तीर्थङ्कर—

श्रीमल्लिनाथजिनेन्द्र–स्तवनम् [१९]

(गेयपद्धतिरागः)

कुम्भसमुद्भव ! सम्मदाकर !
गुणवर ! हे मल्लिजिनोत्तमदेव !, जय जय विश्वपते ! ॥१॥

કુંભરાજાના સંતાન, આનંદની ખાણ, ગુણથી શ્રેષ્ઠ, ત્રણ ભુવનના સ્વામી, જિનમાં ઉત્તમ એવા હે મલ્લિનાથ દેવ ! આપ જયવંતા વર્તો, જયવંતા વર્તો. (૧)

कृत्याकृत्यविवेकिता जिन ! समुचिता !
हेत्वयि जागर्ति जिनेश ! जय जय विश्वपते ! ॥२॥

હે મલ્લિજિન ! આપના જેવા જાગ્રતિમાન એટલે આત્મવિકાસમાં તત્પર રહેતે છતે કૃત્યાકૃત્યનો વિવેક સમ્યગ્ પ્રકારે ઉચિત છે એવા વિશ્વપતિ હે મલ્લિનાથ દેવ ! આપ જયવંતા વર્તો, જયવંતા વર્તો. (૨)

नित्यानन्दप्रकाशिका भ्रमनाशिका ।
हे तव शुभदृष्टिरनीश !, जय जय विश्वपते ! ॥३॥

હે અનીશ ! અર્થાત્ જેના પર અન્ય કોઈ સ્વામી નથી અર્થાત્ પોતે જ ચરમસ્વામી છે એવા, નિત્ય આનંદને પ્રકાશ કરનારી અને ભ્રમને નાશ કરનારી એટલે ભવભ્રમણ અથવા મિથ્યા જ્ઞાનનો નાશ કરનારી આપની શુભદૃષ્ટિ છે એવા હે વિશ્વપતિ મલ્લિજિનેશ્વર ! આપ જયવંતા વર્તો, જયવંતા વર્તો. (૩)

शुद्धिनिबन्धसन्निधे ! सद्गुणनिधे ! ।
हे वर्जितसर्वविकार !, जय जय विश्वपते ! ॥४॥

જેમનું સાનિધ્ય શુદ્ધિના કારણરૂપ છે એવા, ઉત્તમ ગુણના નિધાન અને સર્વ વિકારથી રહિત એવા વિશ્વપતિ મલ્લિજિનેશ્વર ! આપ જયવંતા વર્તો, જયવંતા વર્તો. (૪)

निजनिरुपाधिकसम्पदा - शोभित ! सदा ।
हे निर्मलधर्मधुरीण !, जय जय विश्वपते ! ॥५॥

આત્માની વાસ્તવિક સમ્પત્તિવડે સર્વદા શોભિત, નિર્મલ ધર્મના અગ્રેસર એવા હે વિશ્વપતિ મલ્લિજિનેશ્વર ! આપ જયવંતા વર્તો, જયવંતા વર્તો (૫)

આચારાંગ સૂત્ર (૫)

લે. પં. દલસુખ માલવણિયા

(અનુસંધાન પુસ્તક ૫૬ ના પૃષ્ઠ ૧૭૯ થી ચાલુ)

શીતોષ્ણીય

શીતોષ્ણીય નામનું ત્રીજુ અધ્યયન ચાર વિભાગોમાં વહેંચાયેલું છે. શીતોષ્ણીય શબ્દનો 'ઠંડું અને ગરમ' એ અર્થ સિવાય આધ્યાત્મિક અર્થ બતાવતા નિર્યુક્તિકારે પરીષહ (કષ્ટસહન), પ્રમાદ, ઉપશમ, વિરતિ અને સુખને શીત કહ્યા છે તથા પરીષહ, તપ ઉદ્યમ, કષાય, શોક, વેદ, કામાભિલાષ, અરતિ અને દુઃખને ઉષ્ણ કહ્યા છે. પરીષહોની ગણના શીત અને ઉષ્ણ બન્નેમાં કરવાનું કારણ એ છે કે સ્ત્રી. પરીષહ અને સત્કારપરીષહ મનને લોભાવનાર–અનુકૂળ પરીષહ હોવાથી શીત છે અને બાકીના વીસ પરીષહ પ્રતિકૂળ હોવાથી ઉષ્ણ છે. એક સિદ્ધાન્ત એ પણ છે કે તીવ્ર પરિણામી ઉષ્ણ છે અને મંદપરિણામી શીત છે.

લોકમાં જે વ્યક્તિ ધર્મ અથવા અર્થના વિષયમા પ્રમાદી (આળસુ) હોય છે તેને ઠંડો અને જે મહેનતુ–ઉદ્યમી હોય છે તેને ઉષ્ણ–તેજ કહેવાની પ્રથા છે. તેથી શીતમા પ્રમાદની અને ઉષ્ણમા ઉદ્યમની ગણના કરવામા આવી છે. "ક્રોધથી બળી રહ્યો છે" એવા શબ્દોનો પ્રયોગ પણ થાય છે. તેથી જેના ક્રોધ વગેરે ઉપશાન્ત થઈ ગયા છે તે વ્યક્તિને શીતળ કે ઉપશાન્ત કહેવામા આવે તો અનુચિત નથી. તેથી જ ઉપશમ શીત છે અને કષાય ઉષ્ણ છે.

પ્રસ્તુત અધ્યયનમાં આ બાહ્ય તેમજ આન્તરિક શીતોષ્ણની વિચારણા છે. તે એટલા માટે કે શ્રમણ શીત-ઉષ્ણ સ્પર્શ, સુખદુઃખ, પરીષહ, કષાય, વેદ, કામવાસના અને શોકને સહન કરે અને સદા તપ-સંયમ-ઉપશમમા લાગી રહે. કામભોગોનું સેવન ન કરે, આજ પ્રસ્તુત અધ્યયનનો સાર છે.

પહેલા ઉદ્દેશનુ પહેલુ વાક્ય છે—"સુત્તા અમુણી, મુણિણો સયા જાગરંતિ"—અમુનિ સુપ્ત છે અને મુનિ સદા જાગ્રત છે, પ્રસ્તુત અધ્યયનમાં આધ્યાત્મિક નિદ્રા અને જાગરણનો ભાવ છે. બાહ્ય અને આંતરિક એ બન્ને ક્ષેત્રમાં પ્રમાદ હાનિકારક અને અપ્રમાદ સુખકારક હોય છે, એ સહુના અનુભવની વાત છે.

આ ઉદ્દેશમા એક બીજુ મહત્ત્વપૂર્ણ વાક્ય છે–"કર્મવિહીનને માટે વ્યવહાર નથી. કર્મ ઉપાધિ છે." તેથી લોકમાં જેટલો વ્યવહાર છે, તે ત્યા સુધી છે કે જ્યા સુધી જીવ કર્મથી આવિષ્ટ છે. કર્મવિહીન આત્માની એવી દશા છે કે જેને ઉપનિષદોમાં 'નેતિ નેતિ' કહીને બતાવ્યુ છે. સંયુત્તનિકાયમાં તથાગત બુદ્ધે પણ એ જ વાત કહી છે. મૃત્યુ પછી તથાગતનું શું થાય છે ? એ પ્રશ્નના ઉત્તરમાં કહ્યુ છે કે "જેવી રીતે મહાસમુદ્રના પાણીનું માપ નથી હોતું, તેમ મૃત્યુ પછી તથાગત પણ ગંભીર છે, અપ્રમેય (ન જાણી શકાય તેવા) છે તથા અવ્યાકૃત (અનિર્વચનીય) છે.

બીજા ઉદ્દેશના પહેલા વાક્યમા કહ્યુ છે—પ્રબુદ્ધ (જ્ઞાની) પુરુષને જ્યારે મોક્ષનુ જ્ઞાન થાય છે ત્યારે તે સમ્યગ્દર્શી પુરુષ પાપ કરતો નથી. આગળ જીવ પાપકર્મ કરવાથી કેવી રીતે દુઃખી થાય છે તેનું સજીવ વર્ણન છે અને કહ્યુ છે કે આતંકદર્શી—નરક આદિ દુર્ગતિમાંથી બચનાર-પાપકર્મ કરતો નથી.

ત્રીજા ઉદ્દેશની શરૂઆતમાં કહ્યું છે કે બધા પ્રાણીઓને આત્મદૃષ્ટિ–સમભાવદૃષ્ટિથી જુએ, કોઈ પણ પ્રાણી, જીવ કે સત્ત્વની હિંસા કે ઘાત ન કરે. આ જ ઉદ્દેશમાં આગળ બતાવ્યું છે કે–" હે પુરુષ, તું જ તારો મિત્ર છે. બહારના મિત્રની શોધ શા માટે કરે છે ? તું આત્માનો જ આશ્રય લે. આ જ દુઃખમુક્તિનો માર્ગ છે."

ચોથો ઉદ્દેશ રહસ્યપૂર્ણ વાક્યોથી ભરપૂર છે. થોડામાં ઘણું કહી દીધું છે. જેમકે:–મુનિ ક્રોધ, માન, માયા અને લોભનું વમન કરે છે (ત્યાગ કરે છે) આ તે તીર્થંકરનું દર્શન છે જે સ્વયં અહિંસક છે અને સંસારનો અંત કરનાર છે. જે એકને જાણી લે છે, તે સર્વને જાણે છે, જે સર્વને જાણી લે છે, તે એકને જાણી લે છે. પ્રમત્તને બધા પ્રકારનો ભય છે, પરંતુ અપ્રમત્તને ભય નથી. આવા વાક્યોમાં જે કહેવાયું છે, આગળના સૂત્રોમાં વિસ્તૃત વિવેચન છે. પરંતુ એક વાત ધ્યાન દેવા યોગ્ય છે, તે એ છે કે ચાર કષાયો સિવાય પ્રેમ–રાગ–દોષ–દ્વેષનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે. જૈન આગમોમાં મોહનીય કર્મના દર્શનમોહ અને ચારિત્રમોહ એ બે ભેદ પાડવામાં આવ્યા છે તેમાંથી ચારિત્રમોહ કર્મના જ આ ભેદ છે.

હિંસા–અહિંસાની વિશેષતા દર્શાવતા કહ્યું છે કે–"अत्थि सत्थं परेण परं" હિંસાના સાધન શસ્ત્ર ઉત્તરોત્તર પ્રબળ બની શકે છે પરંતુ "नत्थि असत्थं परेण परं" અશસ્ત્ર–અહિંસામાં તારતમ્ય (ઘટવધ) નથી. તે અખંડ છે, સમ છે, એક પ્રકારની છે. હિંસક શસ્ત્રોના ઉત્પાદનની હરીફાઈના આ યુગમાં જો આ સત્યને સાચા સ્વરૂપમાં સ્વીકારવામાં આવે તો જલદી વિશ્વ અહિંસાના માર્ગ પર આવી શકે, આખા સંસારમાં શાંતિ સ્થપાઈ શકે.

સમ્યક્ત્વ

ચોથા અધ્યાયનું નામ છે–સમ્યક્ત્વ. તત્ત્વાર્થની શ્રદ્ધાને સમ્યક્ત્વ કે સમ્યગ્દર્શન કહે છે. આ અધ્યયનના ચાર ઉદ્દેશ છે.

સમ્યક્ત્વ–યથાર્થ શ્રદ્ધાનું મહત્ત્વ બતાવતા નિર્યુક્તિકારે કહ્યું છે કે "જેવી રીતે સબળ પ્રયત્ન કરવા છતાં અંધ વ્યક્તિ શત્રુને જીતી શકતી નથી તેવી રીતે મિથ્યાદૃષ્ટિ ધન તેમજ સ્વજનોનો ત્યાગ કરીને, અને નિવૃત્તિનો સ્વીકાર કરીને તથા અનેક કષ્ટો ઉઠાવીને પણ નિર્વાણ પ્રાપ્ત કરી શકતી નથી." તેથી કર્મ શત્રુ પર વિજય મેળવવો હોય તો સૌથી પહેલા શ્રદ્ધાસંપન્ન બનવું આવશ્યક છે. કારણ કે શ્રદ્ધાયુક્ત વ્યક્તિના જ્ઞાન, તપ અને ચારિત્ર સફળ બને છે, અને સમ્યક્ત્વપ્રાપ્તિની પછી ક્રમે ક્રમે ઉન્નતિ પ્રાપ્ત કરી તીર્થંકર આદિ પદની પ્રાપ્તિ સંભવિત છે.

તીર્થંકરનો મૂળમંત્ર કયો છે ? કયા વિષયની પરમ શ્રદ્ધા આવશ્યક છે ? આનું સ્પષ્ટીકરણ પહેલા સૂત્રમાં કરવામાં આવ્યું છે. જૈન ધર્મ અને દર્શનનું તાત્પર્ય પણ આ એક સૂત્રમાં જ આવી ગયું છે. અહિંસાની નિષ્ઠા(શ્રદ્ધા)નું વર્ણન આ સૂત્રથી વધારે સારું બીજે દુર્લભ છે. સૂત્રમાં કહ્યું છે કે, "અતીત, વર્તમાન અને આગામી બધા અરિહંતોનું કથન છે કે સર્વ પ્રાણ, સર્વ ભૂત, અને સર્વ જીવની હત્યા નહિ કરવી જોઈએ. તેમને પીડા કે સંતાપ ન આપવા જોઈએ. આ ધર્મ જ શુદ્ધ છે, નિત્ય છે, શાશ્વત છે. અહિંસાની આ શ્રદ્ધાને પ્રાપ્ત કરીને જીવ પોતાની શક્તિનું ગોપન ન કરે અને લોકૈષણાનો પણ પરિત્યાગ કરે.

બીજા ઉદ્દેશની શરૂઆત આ ગૂઢ વાક્યથી થાય છે, "જે આસ્રવ છે, તે પરિસ્રવ–સંવર છે, અને જે પરિસ્રવ છે તે આસ્રવ–કર્મબન્ધનું કારણ છે. આ કેવી રીતે સંભવે ? તેનું સમાધાન આમ છે કે બાહ્ય આચરણ સમાન હોવા છતાં મિથ્યાદૃષ્ટિને માટે જે અનુષ્ઠાન (ક્રિયાકાંડ) કર્મબન્ધક બને છે, તે જ અનુષ્ઠાન તત્ત્વદર્શી પુરુષને માટે નિર્જરાનું કારણ બને છે. ગીતાની ભાષામાં કહેવું હોય તો આમ કહી શકાય, "આસક્ત પુરુષને માટે જે અનુષ્ઠાન બન્ધક છે તે જ અનુષ્ઠાન અનાસક્તને માટે મોક્ષનું કારણ બની જાય છે."

જ્ઞાન એ સહુથી પવિત્ર છે!

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ, 'સાહિત્યચંદ્ર'

જગતમાં પવિત્ર વસ્તુઓ છે તેમ અપવિત્ર વસ્તુઓ પણ છે જ. પવિત્ર વસ્તુઓની પેઠે પવિત્ર કાર્ય-પ્રવૃત્તિઓ પણ હોય છે. એટલે કેટલાકએક કાર્યો કરવા લાયક હોય છે તેમ કેટલાએક કાર્યો કરવા લાયક હોતા નથી. આ બધુ છે, એટલા માટે જ પવિત્ર અને અપવિત્ર ઓળખવાની જરૂર ઉત્પન્ન થાય છે તેમજ કયું કાર્ય કરવું પવિત્ર ગણાય, અને કયુ કાર્ય કરવુ અપવિત્ર ગણાય, અથવા શુ કરવુ અને શું ન કરવુ એનો બોધ આપણને થવાની જરૂર અનિવાર્યપણે રહે છે. એ બોધ મેળવવો હોય તો આપણે જ્ઞાન મેળવવાની જરૂરત તો છે જ.

જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો તે મેળવવા માટે ભાષાશાસ્ત્ર આપણે પહેલું શીખવું જોઈએ. ભાષા-વ્યાકરણ સુદ્ધ ભણીએ તો જ ઉપદેશક શો બોધ આપે છે તે આપણે સમજી શકીએ. અગર કોઈ બોધવચન આપવું લખાણ વાંચવું હોય તો પણ વ્યાકરણ ભણવાની આપણને અત્યંત જરૂર હોય છે. તેમ ન હોય તો ભણવા વાચવા પણ અર્થને ઠેકાણે અનર્થ થવાનો સંભવ રહે છે. અને લેખકનો અગર ગ્રંથકારનો લખવ નો હેતુ મારી જાય તેમ છે. લખનારનો હેતુ કાંઈ હોય અને આપણે વ્યાકરણના જ્ઞાનના અભાવે ઊંધુ સમજી જઈએ ત્યારે આપણને લાભ થવાને બદલે નુકસાન થવાનો સંભવ ઊભો થાય છે. માટે જ જ્ઞાન મેળવવાની જરૂર છે. અને સાથે સાથે તે શુદ્ધ હોવું જોઈએ. ભાષાશાસ્ત્રમાં એક શબ્દના અનેક અર્થ થતા હોવાથી, પ્રસંગને અનુસરી કયે ઠેકાણે કયો અર્થ લઈ શકાય? તેમ કયો અર્થ નહી લેવાય એનો વિવેક પણ શીખવો જ જોઈએ. ભાષાનો અર્થ નહી સમજવાને લીધે જગતમાં ઘણા અનર્થો સર્જાયા છે એ ભૂલવું નહીં જોઈએ

થોડા દિવસ પહેલા મધ્યપ્રદેશમાં રામચંદ્રજીના ચરિત્ર ઉપર એક ખાસ પુસ્તક પ્રગટ કરવા યોજેલું. એ પુસ્તક હજુ તો ગર્ભાવસ્થામાં હતું. તેવામાં પુસ્તકમાં 'પ્રભુ રામચંદ્ર શિવવધુ વર્યા' એવો શબ્દ પ્રયોગ તેમાં છે એવું કોઈ લોકોના જાણવામાં આવી ગયું. વાસ્તવિક જોતા એનો સરળ અર્થ એવો હતો કે પ્રભુ રામચંદ્રે શિવ એટલે મુક્તિરૂપી વધુ એટલે સ્ત્રી સાથે લગ્ન કર્યું. એટલે મુક્તિ એટલે મોક્ષ પામ્યા.

ત્રીજા ઉદ્દેશમાં બાહ્ય લોકની ઉપેક્ષા કરીને તપસ્યાથી કર્મરૂપી ઇન્ધણને જલાવીને આત્માને ઉજ્જ્વળ બનાવવાનો ઉપદેશ આપ્યો છે

ચોથા ઉદ્દેશમાં આ સૂત્ર ધ્યાન આપવા યોગ્ય છે, "दुरणुचरो मग्गो वीराणं अनियट्टगामीण" એટલે કે મોક્ષગામી વીરોનો માર્ગ દુરનુચર-ઘણો વિકટ છે તે માર્ગ પર ચાલવું હોય તો શરીરથી માંસ અને રુધિરને અલગ કરી દો "वेदविन् तत्त्वज्ञ તે છે, જે કર્મને ફળ આપનાર અથવા સંસારમાં પરિભ્રમણ કરાવનાર જાણીને તેનાથી વિરમે છે અને નિષ્કર્મદર્શી બને છે, કર્મ બન્ધનના કારણોથી હમેશા દૂર રહે છે આમાં સ્પષ્ટરૂપે वेदवित् નો સ્વાભિમત અર્થ કરવામાં આવ્યો છે.

સંગ્રા૦ મુનિ આર્દ્રદાન.
અનુ૦ કા. જા. દોશી

એ શબ્દનો ઊંધો અર્થ શી રીતે જોડાયો એ એક વિચાર કરવા જેવો પ્રશ્ન છે. ઊંધો અર્થ કરનારા કોઈ અરસિક માણસે એવો અર્થ ઉપજાવી કાઢ્યો કે રામચંદ્રજીએ શિવ એટલે શંકરની પત્ની જે પાર્વતી તેની સાથે લગ્ન કર્યું. કેવો મજાનો અર્થ! ઉપમા એ એક ભાષાશાસ્ત્રમાં અલંકાર છે. કહે કે, ભાષાને ઘરેણું પહેરાવી શોભતી અને આનંદ આપનારી કરી શકાય છે અને તેથી આત્મિક આનંદ મેળવી શકાય છે. એ વસ્તુ એ બાપડાને નહીં સમજાવાને લીધે કેટલો હત્યાકાંડ કરી મૂર્તિભંજકનું તાંડવ કરી મૂકયું. એ વસ્તુ હજુ પણ લોકોની સામે છે. એક પુરાણ વાચનાર પંડિત પુરાણી રામાયણ વાચતો હતો. શ્રોતાઓમાં એક ગમાર અજ્ઞાન સાંભળનારાનો પણ સમાવેશ થએલો હતો. એ નિત્ય સહુના પહેલા હાજર થાય અને સહુની પાછળ ત્યાંથી જાય. રામાયણ પૂરુ થયુ અને લોકો ઘેરે જવા માંડ્યા, ત્યારે પેલા ગમાર શ્રોતાએ પંડિતને પ્રશ્ન કર્યો કે, મહારાજ, તમે પુરાણ વાચતા હતા, મે તો બધુ સાભળ્યુ તેથી મારા જાણવામા આવ્યુ છે કે રાવણ મોટો જાદુગર હતો. કારણ આપે કહેલુ કે રાવણે સીતાજીનુ હરણ કર્યું. એ તે મે ધ્યાનમા રાખેલુ છે. પણ રાવણે સીતાજીનુ હરણ કર્યાં પછી તેને ફરી માણસ કર્યું કે કેમ તેનો ખુલાસો આપે કેમ કર્યો નહીં. મને બીક લાગે છે કે રાવણે સીતાજીને હજી પણ હરણીના રૂપમા રાખેલુ છે કે કેમ? કારણ સીતા માતાને ફરી માણસનુ રૂપ આપ્યુ એવુ આપે કહ્યુ નથી. હરણ શબ્દનો અર્થ સાચી રીતે નહીં સમજવાનું કેવુ પરિણામ!

શાસ્ત્રકારોએ અનેક નયોની વચમા નિશ્ચય અને વ્યવહાર એ બે નયોને મુખ્યપણે વર્ણવ્યા છે. નિશ્ચયનય ઉત્કૃષ્ટ છતાં જ્ઞેય એટલે જાણવા લાયક છે. સમજી રાખવા લાયક છે. પ્રત્યક્ષ આ સ્થૂલ દેહથી આચરવા લાયક નથી. અને વ્યવહાર નય આચરણ માટે છે. નિશ્ચય નયથી કૂતરો અને ઇન્દ્ર બન્ને આત્માની દૃષ્ટિમા સરખા હોય છે. બીલાડી અને ભૂંડ સરખી રીતે આત્મસ્વરૂપ છે. આપણો આત્મા અને જાનવરનો આત્મા નિશ્ચય નયની દૃષ્ટિથી સરખા છે. તેથી કોઇ જો કુતરાને કે ભૂંડને લાવી પોતાની જોડે જમવા બેસાડે તો કેટલું યુક્ત થાય? એ આત્માઓ હજુ અજ્ઞાનના અનેક આવરણોથી બદ્ધ અને ઢંકાયેલા છે. એના આવરણો દૂર થવા માટે હજુ કેટલોએક કાળ જવાનો બાકી છે. એ જીવો જ્યારે પોતાના આવરણો દૂર કરી શકશે ત્યારે જ તેઓ મનુષ્યમાં પ્રગટેલા વિશિષ્ટ જ્ઞાનગુણોથી વાસિત થઇ શકશે. મતલબ કે જગતમાં રહેલી અનંત વસ્તુઓનું સ્વરૂપ જાણવા માટે જ્ઞાનની જરૂર છે અને એ જ્ઞાન અત્યંત પવિત્ર છે, માટે જ કહ્યુ છે કે, **न हि ज्ञानेन सदृशं पवित्र मिह विद्यते ।** એટલે જ્ઞાન કરતાં વધારે શુદ્ધ અને પવિત્ર એવી બીજી કોઇ વસ્તુ નથી.

એ ઉપરથી સિદ્ધ થાય છે કે, જ્ઞાન વિનાના માનવો પશુ જેવા જ ગણાય છે. કારણ પશુઓમાં અને મનુષ્યોમા કાંઈ ફેર હોય તો તે ફક્ત જ્ઞાનનો જ છે. જીવનના બધા જ વ્યવહારો જેવા કે આહાર, નિદ્રા, ભય, મૈથુન, સુખ દુઃખ જેવા બધા કાર્યો પશુઓના અને મનુષ્યોના સરખા જ હોય છે. ફેર કાંઈ હોય તો ફક્ત જ્ઞાન જેવા પવિત્ર ગુણનો જ છે. એ જ્ઞાનના સાધનથી મનુષ્ય જગતમાં અનેક જાતની સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે. મનુષ્ય પોતાના વિશિષ્ટ જ્ઞાનગુણથી સેનાપતિ થઈ શકે છે, મંત્રી થઈ શકે છે અને રાજા પણ થઈ શકે છે, તેમજ અનેકોનો પ્રેમ જીતી શકે છે. માનવ જ્ઞાની પંડિત થઇ શકે છે. ધર્મગુરુ થઈ શકે છે. અનેકોને માર્ગદર્શક અને પ્રેરક થઇ શકે છે. યાવત્ જગદ્‌ગુરુ થઇ શકે છે. અને તીર્થંકર પદવી પણ માણસ જ મેળવી શકે છે. એમ થવામાં એને પરમ પવિત્ર જ્ઞાનગુણ જ સહાયભૂત થાય છે. અને એ જ્ઞાન જ્યારે પરમ કોટીનું થઇ જાય છે ત્યારે જ તે કેવળજ્ઞાન ગણાય છે. અને સિદ્ધિ મળવી એજ આત્માનું પરમ ધ્યેય ગણાય છે. એ જ છે આત્માની સિદ્ધિ.

એનું જ્ઞાન મળે છે ત્યારે તેને અજ્ઞાનજન્ય અંધારું ક્યાંય નડતું નથી. એની આગળ તો વિશ્વતત્ત્વોની બધી જ વસ્તુઓ કે વિચારો હાથમાં રહેલા આમળાની પેઠે ઉઘાડી જણાય છે. એના બધા જ આવરણો નષ્ટ થઇ ગયેલા હોવાથી એ આત્મા પરમ મંગલ ભાવરૂપે સત્, ચિત્ અને આનંદમાં મગ્ન થઇ અનંતકાળ સુખનો ભોક્તા થાય છે. આવું છે એ પવિત્ર જ્ઞાન. એથી ઊંચું શું હોઈ શકે?

જ્ઞાનગુણનું મહત્ત્વ આપણે જોઈ ગયા. પણ એ ગુણનો સદુપયોગ કરવો કે દુરુપયોગ કરવો એ મનુષ્યના હાથમાં હોય છે. નાના અજ્ઞ બાળક પાસે એક નાનું ઘડિયાળ આપવામાં આવે ત્યારે તે બાળક ઘડિઆળ ને તેનો ઉપયોગ નહીં જાણતો હોવાથી ઘડીવારમાં ભાંગી નાખે. એટલું જ નહીં પણ એમાં રહેલો કાચ તેમજ ચક્રો અને સ્પ્રિંગ જેવી વસ્તુઓથી પોતાના શરીરને જખમ પણ કરી લ્યે. અર્થાત્ જ્ઞાન મળવા છતાં તેનો સદુપયોગ કરવાની આવડત ન હોય તો તે જ જ્ઞાન અનર્થનું પણ કારણભૂત થાય છે.

દીવાસળીની શોધ થઈ તે પહેલાં અગ્નિ પ્રગટાવવો અને તે સાચવવો એ એક જટિલ પ્રશ્ન હતો. પણ દીવાસળીની શોધ થતાં તે શોધ આશીર્વાદ સમી લાગી અને અગ્નિનું સાધન દરેકના ગજવામાં પણ આવી પેઠું. અગ્નિ પ્રગટાવવા માટે દીવાસળી આવી તેથી દીવો પ્રગટાવવો અને રસોઇ માટે અગ્નિ સળગાવવાનું કામ સુલભ થયું. એ વિજ્ઞાનનો સદુપયોગ ગણાયો. પણ કોઇએ તેનો ઉપયોગ લોકોના ઘર અને માલમિલ્કત બાળવા માટે કર્યો એ દુરુપયોગ કહેવાય. તેમાં દીવાસળી અર્થાત્ જ્ઞાનનો શો દોષ? જ્ઞાન એ આત્માને પુષ્ટિ અને તેનો વિકાસ કરવાનું અમોઘ સાધન છતાં જો કોઈ તેનો ખોટો ઉપયોગ કરે તો તે જ જ્ઞાન પ્રત્યક્ષ અજ્ઞાનનો અંધકાર ઉત્પન્ન કરવાને કારણભૂત થાય એ દેખીતું છે.

જ્ઞાનથી આત્મા ઉન્નત થાય, ઉદ્ધાર થાય અને પોતાનો વિકાસ સુગમ કરી શકે. અર્થાત્ મોક્ષ સુધીની સાધના એ પ્રાપ્ત કરી શકે. જ્ઞાનનો પવિત્ર રીતે ઉપયોગ સરળ અને નમ્રભાવે થયો હોત તો આજે ધર્મના જે ભિન્નભિન્ન રૂપો જોવામાં આવે છે તેવા શક્ય જ ન હતા. જ્ઞાનનો સાચો હેતુ અને અર્થ નહીં સમજવાને લીધે આજે ધર્મના ભેદો, પેટા ભેદો, સંપ્રદાયો, આચાર્યો, ગચ્છ, સંઘ વિગેરે વિભિન્ન કટકા થવાનું પણ કાંઈ પ્રયોજન હતું નહીં. એમાં મુખ્યત્વે કરી અહંભાવ, ઈર્ષ્યા, દ્વેષ વિગેરે જેવા અજ્ઞાનજન્ય દુર્ગુણો પેઠા અને શુદ્ધ, પવિત્ર એવા જ્ઞાનનો ઉપયોગ પણ ભાગલા પાડી કલહ, કંકાસ, વિદ્રોહ, અસંતોષ અને અશાંતિ વધારવામાં થયો. જે સાચો જ્ઞાની હોય છે તેની પાસે પરમતસહિષ્ણુતાનો ગુણ હોય છે. અને એને લીધે એ બધાઓને સુગમતથી સમજાવી શકે છે અને અસંતોષને તરત જ દૂર કરી શકે છે. ધર્મધુરંધર આચાર્યોએ તે માટે અનેકાંતની પ્રરૂપણા કરી છે. એ હાર્દ નહીં સમજવાને લીધે અનેકોને એવો ભ્રમ નિર્માણ થયો કે, પોતે જે કહે છે તે જ એકલું સાચું છે. અને બધાઓએ તે માનવું જ જોઈએ અને જે નહીં માને તેને જબરીથી માને તેવું કરવું જોઇએ. એ માટે કલહ, મારામારી કે એવા અનુચિત પ્રપંચ આદિ કરવામાં જરાએ દોષ ન હોય.

આવી અઘટિત અને હાડહડતી ધર્મ વિરુદ્ધની કલ્પના માથામા પેસી ગએલી હોવાથી જ્ઞાની ગણાતા માનવોએ પણ જગતમા ખૂબ અનર્થ સરજ્યા છે. ઘણાઓ એવા પણ હોય છે કે, પોતામાં ભૂલ છે, પોતાની માન્યતા અને પ્રરૂપણા ખોટી છે, એની ખાત્રી થવા છતાં પણ અહંતાના રોગથી તેઓ પટકાઇ પડેલા હોવાથી સાચે માર્ગે વળી શકતા નથી. પોતાની માન્યતા લોકોના માથામાં ઠોકી બેસાડવા માટે ધમપછાડા કરી પોતે ખોટે માર્ગે જઇ લોકોને તેમ વાળવા પ્રયત્ન કરે છે. તેથી જ અમો કહીએ છીએ કે, જ્ઞાન પરમ પવિત્ર છતાં એક તિગ્મ રસાયન છે. અને તે જરવવાની તાકાત હોય તોજ તેથી આત્માને ગુણ થઇ શકે છે. અન્યથા નહીં. બધાઓને એ જ્ઞાન જરવવાનો ચાવી હાથ લાગે એવી ઇચ્છાપૂર્વક વિરમીએ છીએ

સમાચાર સાર

મુંબઈ:–શ્રી વિનાયક કુંવરજીના પુત્ર શ્રી નિરંજન અમેરિકા તથા ઈગ્લાન્ડમાં મીકેનીકલ તથા ઈલેકટ્રીકલ એન્જીનીઅરીંગનો અભ્યાસ કરી એમ. એસ. (માસ્ટર ઓફ સાયન્સ)ની ડિગ્રી પ્રાપ્ત કરી સ્વદેશ પાછા આવી ગયા છે. તેમને શુભેચ્છા.

તળાજા:–શ્રી તાલધ્વજ જૈન વિદ્યાર્થીગૃહના નવા મકાનનું ઉદ્ઘાટન તા. ૯–૧૧–૫૯ કાર્તિક શુદ દસમના રોજ શ્રી મહેન્દ્રભાઈ મનસુખલાલને શુભહસ્તે શેઠ શ્રી ભોગીલાલ મગનલાલના પ્રમુખસ્થાને થયું હતું હતું. આ પ્રસંગે શ્રી મહેન્દ્રભાઈએ વિદ્યાર્થીગૃહને રૂા. ૫૫૫૫ રૂપીઆની ભેટ આપી હતી. આ ઉપરાંત અનેક ગૃહસ્થોએ ઉદારતાથી વિદ્યાર્થીગૃહને આર્થિક મદદ આપી હતી.

મુંબઈ:–શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળના પ્રયત્નથી સમેતશિખર જૈન સ્પેશીઅલ ટ્રેન મુંબઈથી તા. ૧૭–૧૦–૧૯૫૯ના રોજ ઉપડી હતી

–"ભારત જૈન મહામંડળ" તરફથી ડીસેમ્બર માસમા એક અધિવેશન મુંબઈ ખાતે ભરાશે.

શ્રી જૈન શ્વે. એજ્યુ. બોર્ડ તરફથી તા. ૨૦–૧૨–૫૯ ને રવિવારે ૧ થી ૪ સુધીમા તેના દરેક કેન્દ્રોમાં ધાર્મિક પરીક્ષાઓ લેવાશે

–જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનું આગામી અધિવેશન પંજાબમાં ભરવા માટેનું આમંત્રણ સ્વીકારવામાં આવ્યુ છે.

પાલીતાણા:–ઉપધાન તપની આરાધનાની શરૂઆત પૂજ્ય આચાર્યશ્રી વિ. યજ્ઞસૂરિજી આદિની નિશ્રામા આસો શુદ ૧૦ના થઈ હતી આશરે ૩૦૦ ભાઈબહેનો ઉપધાન તપમા જોડાયા છે તેમની માળનુ મુહૂર્ત તથા અઠ્ઠાઈ મહોત્સવ વગેરેનો કાર્યક્રમ તા. ૨૮ નવે. થી પોષી ડીસે સુધી રાખવામાં આવેલ છે.

અમદાવાદ:–શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ 'અમદાવાદ એજ્યુકેશન સોસાયટી'ને રૂા. ૧૮૫૦૦૦ ભેટ આપેલ છે.

અમદાવાદ તા ૨૩–૧૦–૫૯ ના રોજ અમદાવાદ મુકામે ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૦ સંમેલન મળી ગયુ. તેનુ ઉદ્ઘાટન શ્રી મુનશીએ કર્યું હતુ. તેના પ્રમુખનુ માનવંતુ સ્થાન શ્રી કાકાસાહેબ કાલેલકરે શોભાવ્યું હતુ. સંમેલનમા વિભાગનાર પ્રમુખો નીચે પ્રમાણે હતા. (૧) સાહિત્ય વિભાગ-શ્રી સુંદરમ્ (૨) તત્વજ્ઞાન વિભાગ-પં. શ્રી સુખલાલજી (૩) ઇતિહાસ અને પુરાતત્ત્વ વિભાગ-મુનિશ્રી પુણ્યવિજયજી (૪) વિજ્ઞાન વિભાગ-ડો. વિક્રમ સારાભાઈ (૫) પત્રકારત્વ-શ્રી રવિશંકર મહેતા.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

[૬૧-૬૨મા વર્ષનો રિપોર્ટ]

[સં. ૨૦૧૩ ના કારતક શુદિ ૧ થી સં. ૨૦૧૪ના આસો વદિ ૦)) સુધી]

આ સભાનો સં. ૨૦૧૩ તથા ૧૪-ની સાલનો હિસાબ તથા સરવૈયું આપની સમક્ષ રજૂ કરવામાં આવે છે.

સભા ૬૨ વરસ પૂરા કરી ૬૩ મા વરસમાં પ્રવેશ કરે છે, એ અમારે મન આનંદનો વિષય છે અને પોતાના કર્તવ્યક્ષેત્રે યશસ્વી મજલ કાપતી રહે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

જૈન સાહિત્યનો દેશ-પરદેશમાં વ્યાપક પ્રચાર કરવો અને ધાર્મિક અને વ્યાવહારિક શિક્ષણનો પ્રચાર કરવો એ આ સભાનું ધ્યેય છે અને આ ધ્યેયને અનુલક્ષીને આ સભા યથાશક્તિ સેવા બજાવતી આવી છે.

રિપોર્ટવાળા વરસ દરમિયાન વિચાર કરીએ તો સંયોગવશાત સભા સાહિત્ય-ક્ષેત્રે કોઈ મહત્વનો ફાળો નોંધાવી શકી નથી.

એમ છતાં ભાષાન્તર કે સંશોધનના મોટા ગ્રંથોની સાથે એક એક હજારના ખરચે નાના ગ્રંથો પ્રગટ કરવાની ઉમેદ ધરાવે છે, તેના ફળસ્વરૂપે બે નાના ગ્રંથો સભાએ પ્રગટ કર્યા છે, તેમાંનું એક છે સુપ્રસિદ્ધ સિદ્ધહસ્ત લેખક મુનિમહારાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજે લખેલ "જીવનસૌરભ" અને બીજું છે લોકપ્રિય લેખક સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ લખેલ "ધર્મકૌશલ્ય" યુગ-દ્રષ્ટિને આવરી લેતા હોય એવા આ બન્ને ગ્રંથો છે. વ્યાપક દ્રષ્ટિ એમાં સમાયેલ છે અને એટલા જ ખાતર તે એટલા જ આવકારદાયક નીવડ્યા છે

આ પ્રકારનું વધુ સાહિત્ય તૈયાર કરાવીને પ્રગટ કરતા રહેવાની સભાની મનોકામના છે. અને જૈન સાહિત્યના વ્યાપક પ્રચારની દિશામાં ફાળો નોંધાવતી સાહિત્યપ્રચારની અમારી આ ભાવનાને દાતાઓ અપનાવશે એમ ઇચ્છીએ છીએ.

સભાની સાહિત્ય વિષયક પ્રવૃત્તિનો વિચાર કરીએ તો સભાની સાહિત્ય પ્રકાશનની પ્રવૃત્તિ (૧) આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા (૨) શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા અને (૩) શ્રી આત્માનંદ જૈન ગ્રન્થાંક સીરીઝ-આમ ત્રણ વિભાગમાં વહેંચાએલી છે

શ્રી જૈન આત્માનંદ

સંવત ૨૦૧૩ ના આસો વદી અમાસના રોજ

આવક

શ્રી જ્ઞાન ખાતે		
પસ્તી વેચાણુ તથા પરચુરણ આવક		૧૬૨--૪-૦
શ્રી જ્ઞાન ખાતે તૂટના સરવૈયામા લઇ ગયા		૨,૯૮૫-૧૪-૩
શ્રી આવક ખાતે		
વાર્ષિક મેમ્બર ફી	૫૦-૦૦-૦	
મકાન ભાડું	૨,૨૫૨-૦૦-૦	
વ્યાજ	૫૫૩-૧૧-૬	
લાઈફ મેમ્બરના સ્વર્ગવાસનો હવાલો	૫૦૦-૦૦-૦	
શ્રી આવક કરતા ખર્ચના વધારાના		૩,૩૫૫-૧૧-૬
નિભાવ ફંડ ખાતે લઈ ગયા તે		૧૨૬-૧૧-૬
	કુલ રૂપીઆ	૬,૬૩૦-૦૯-૩

અમારા રિપોર્ટ મુજબ

ભાવનગર તા ૧૯-૮-૫૮

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

સભા–ભાવનગર

પુરા થતાં વર્ષનો આવક-ખર્ચનો હિસાબ

ખર્ચ

શ્રી જ્ઞાન ખાતે		
વીમા ખાતે	૧૨૭–૦૮–૦	
જાહેર ખબર ખાતે	૬૬–૦૦–૦	
લાઇબ્રેરી ખાતે	૯૪ ૦૪–૯	
ન્યુસ પેપર ખાતે	૩૰૯–૦૩–૩	
ટપાલ ખાતે	૪૦–૧૫–૩	
પરચુરણ ખર્ચ	૧૨૪ ૧૧ ૩	
ઉજમબાઇ કન્યાશાળાને મદદના	૧૨૫–૦૦–૦	
વૃદ્ધિચન્દ્રજી સામાયિકશાળાને મદદના	૨૦–૦૦–૦	
આત્માનંદ પ્રકાશ પુસ્તક ૫૪ના તૂટના	૨૪૦–૦૮–૬	
		૩,૧૪૮–૦૨–૩
શ્રી ખર્ચ ખાતે		
પગાર ખાતે	૧,૫૩૯–૦૬–૦	
વીમા ખાતે	૩૫૮–૦૪–૬	
મકાન રીપેરીંગ ખાતે	૯૩–૦૦–૦	
સ્ટેશનરી ખાતે	૪૫–૧૦–૦	
વીજળી બત્તી ખાતે	૭૧–૦૯–૦	
ઇલેકટ્રીક રીપેરીંગ ખાતે	૧૪૦–૦૦–૦	
મુસાફરી ખર્ચ	૩૦–૦૪–૦	
વ્યાજ ખાતે	૭૫૩–૦૪–૦	
નળ ચાર્જ ખાતે	૨૩–૧૨–૦	
જયતી ખાતાઓમાં તૂટના	૪૬–૦૯–૦	
પરચુરણ ખર્ચના	૩૬૦–૧૨–૬	
		૩,૪૮૨–૦૭–૦
	કુલ રૂપીયા	૬,૬૩૦–૦૯–૩

શ્રી જૈન આત્માનંદ
સંવત ૨૦૧૩ના આસો વદી

ફંડ તથા દેવું		
શ્રી નિભાવ ફંડ ખાતે		
ગયા વરસના સરવૈયા મુજબ	૪,૧૨૯-૦૦-૬	
બાદ : વર્ષ દરમ્યાન તૂટના		
આવક-ખર્ચના હિસાબ મુજબ	૧૨૬-૧૧-૬	
		૪,૦૦૨-૦૫-૦
શ્રી ફંડ ખાતે		
પેટ્રન તથા લાઇફ મેમ્બરશીપ ફંડ	૭૭,૩૩૫-૦૦-૦	
ગુજરાતી સીરીઝ ખાતે	૩૫,૬૫૧-૦૦-૦	
જયંતી ફંડ ખાતે	૧૪,૧૬૭-૧૩-૬	
જ્ઞાન ખાતે પુસ્તકો છપાવવા માટે	૩ ૪૭૦-૦૩-૬	
જુદા જુદા ફંડો ખાતે	૧૧ ૭૩૪-૦૯-૦	
		૧,૪૨,૩૫૮-૧૦-૦

સભા–ભાવનગર

અમાસના રોજનું સરવૈયું

મિલકત તથા લેણું

શ્રી જ્ઞાન ખાતે		
વેચાણુ પુસ્તક સ્ટોક	૨૩,૩૩૨–૦૯ ૦	
કાગળ તથા અન્ય સ્ટોક	૨૬૪–૧૪–૯	
પુસ્તક તૈયાર કરવામાં થયેલ ખર્ચ	૧,૭૩૪–૦૪–૬	
જ્ઞાન ખાતે તૂટના	૬,૩૬૬–૦૭–૦	
		૩૧,૬૯૮–૦૩–૩
શ્રી મકાન ખાતે		૯૪,૭૯૨–૦૧–૬
શ્રી લોન : તારણ વગરની કમીટીના સભ્યો પાસે		૪,૭૫૩–૦૮–૦
શ્રી ઇન્વેસ્ટમેન્ટ ખાતે		
ભાવનગર સ્ટેટ ટ્રેઝરી બોન્ડમાં	૧૦,૦૦૦–૦૦–૦	
મહાલક્ષ્મી મીલના શેરોમાં	૨૦૦–૦૦–૦	
		૧૦,૨૦૦–૦૦–૦
શ્રી લેણું		
બુકસેલર્સ પાસે	૮૦૧–૧૪–૬	
મેમ્બર્સ પાસે	૫૫–૦૦–૦	
ભાડાનું લેણું	૯૨૬–૦૩–૬	
પરચુરણ લેણું	૭૨–૦૫–૬	
		૧,૮૫૫ ૦૭ ૬

શ્રી જૈન આત્માનંદ

સંવત ૨૦૧૬ના આસો વદી

ફંડ તથા દેવું		
શ્રી દેવું		
લાયબ્રેરી ડીપોઝીટ	૯૫-૦૦-૦	
પરચુરણ દેવું	૯૩-૦૪-૬	
		૧૮૮-૦૪-૬
	કુલ રૂપિયા	૧,૪૬૫૪૬-૦૩-૬

સભા–ભાવનગર

અમાસના રોજનું સરવૈયું

મિલકત તથા લેણું		
શ્રી બેંકમાં તથા રોકડ પુરાંત		
બેંકમાં સેવીંગ્સ ખાતે	૨,૦૧૯–૦૦–૦	
બેંકમાં ચાલુ ખાતે	૫૧૩–૦૭–૦	
પોસ્ટ સ્ટેમ્પ્સ	૪૯–૦૦–૯	
શ્રી પુરાંત પ્રમુખ સાહેબ પાસે	૩૦૦–૦૦–૦	
શ્રી પુરાંત	૩૦૨–૧૨–૯	
		૩,૨૩૧–૦૪–૬
શ્રી સરવૈયા ફેરના		૧૮–૧૦–૦
	કુલ રૂપીયા	૧,૪૬,૫૪૯–૦૩–૬

ઓડીટર્સ રિપોર્ટ

અમોએ ઉપરનું શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરનું સંવત ૨૦૧૩ના આસો વદી અમાસના રોજનું સરવૈયું તથા તેજ દિવસે પૂરાં થતાં વર્ષનો આવક-ખર્ચનો હિસાબ સભાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યો છે અને તે બરાબર માલૂમ પડ્યો છે.

ભાવનગર
તા. ૧૮–૮–૫૮

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

શ્રી જૈન આત્માનંદ

સંવત ૨૦૧૪ ના આસો વદી અમાસના રોજ પુરા

આવક		
શ્રી જ્ઞાન ખાતે		
પસ્તી વેચાણ તથા પરચુરણ આવક	૧૧૫-૩૩	
શ્રી પુસ્તક વેચાણના નફાના	૬૨૬-૫૯	
શ્રી જ્ઞાનખાતે તૂટના સરવૈયામાં લઇ ગયા તે	૧૭૨૮-૪૨	૨૪૮૦-૩૪
શ્રી આવક ખાતે		
વાર્ષિક ફી	૪૦-૦૦	
મકાન ભાડું	૨૪૨૩-૫૦	
વ્યાજ	૪૫૯-૭૫	
લાઇફ મેમ્બર્સના સ્વર્ગવાસનો હવાલો	૯૦૦-૦૦	૩૮૨૩-૨૫
શ્રી આવક ખર્ચના વધારાના નિભાવ ફંડખાતે લઇ ગયા તે		૯૧૫-૦૯
	કુલ રૂપીયા	૭,૨૧૮-૬૮

અમારા રિપોર્ટ મુજબ

ભાવનગર. તા. ૨૭-૭-૫૯

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

સભા—ભાવનગર

થતા વર્ષનો આવક ખર્ચનો હિસાબ

ખર્ચ		
શ્રી જ્ઞાન ખાતે		
ટપાલ ખાતે	૬-૫૦	
સ્ટેશનરી તથા પરચુરણ	૭૫-૯૦	
પ્રીન્ટીંગ તથા કાગળના	૧૧૩-૦૦	
આત્માનંદ પુસ્તક છપની તૂટના	૨૨૮૪ ૯૪	૨૪૮૦-૩૪
શ્રી ખર્ચ ખાતે		
પગાર ખાતે		૧૯૫૦-૦૦
લાઇબ્રેરી ખાતે		૪૦-૦૦
વર્તમાન પત્ર		૨૫૭-૫૦
પુસ્તક ભેટ		૨૫-૧૪
ટપાલ ખાતે		૩૭ ૧૪
વૃદ્ધિચંદ્રજી પાઠશાળા		૨૦-૦૦
વીમા ખાતે		૪૯૫-૭૮
ઇલેક્ટ્રીક ખાતે		૮૫-૩૦
સ્ટેશનરી ખાતે		૮-૯૪
નળ ખાતે		૧૦-૦૦
મકાન રીપેરીંગ ખાતે		૨૮૦-૭૮
વ્યાજ ખાતે		૮૫૭-૫૮
પરચુરણ ખર્ચ ખાતે		૬૭૮-૩૬
	કુલ રૂપીયા	૭,૨૧૮-૬૮

શ્રી જૈન આત્માનંદ

સંવત ૨૦૧૪ના આસો વદી

ફંડ તથા દેવું.		
શ્રી નિભાવ ફંડ ખાતે		
ગયા વર્ષના સરવૈયા મુજબ	૪૦૦૨-૩૪	
બાદ: વર્ષ દરમિયાન તૂટના આવક ખર્ચના હિસાબ મુજબ	૯૧૬-૨૫	૩૦૮૬-૦૯
શ્રી ફંડ ખાતે		
પેટ્રન તથા લાઇફ મેમ્બરશીપ ફંડ	૭૬,૬૩૭-૦૦	
ગુજરાતી સીરીઝ ખાતે	૩૫,૬૫૧-૦૦	
જયંતી ફંડ ખાતે	૧૪,૫૦૮-૫૨	
શ્રી જ્ઞાન ખાતે પુસ્તકો છપાવવા માટે	૩,૫૦૫-૮૬	
જુદા જુદા ફંડો	૧૩,૪૮૨-૩૩	૧૪૩,૭૮૪-૭૧

સભા—ભાવનગર

અમાસના રોજનું સરવૈયું.

મિલ્કત તથા લેણું		
શ્રી જ્ઞાન ખાતે		
વેચાણ પુસ્તક સ્ટોક	૨૧૩૧૫-૭૫	
કાગળ તથા અન્ય સ્ટોક	૩૦૬-૨૫	
પુસ્તક તૈયાર કરવામાં થયેલ ખર્ચ	૨૯૧૭-૩૪	
જ્ઞાન ખાતે તૂટના	૮૦૬૪-૮૭	૩૨,૬૩૪-૨૧
શ્રી મકાન ખાતે		૬૪,૭૯૨-૦૬
શ્રી લોન તારણ વગરની		
કમીટીના સભ્યો પાસે		૩,૬૧૨-૮૭
શ્રી ઇન્વેસ્ટમેન્ટ ખાતે		
ભાવનગર સ્ટેટ ટ્રેઝરી બોન્ડ	૧૦,૦૦૦	
શ્રી મહાલક્ષ્મી મીલના શેરોમાં	૨૦૦	૧૦,૨૦૦-૦૦

શ્રી જૈન આત્માનંદ

સંવત ૨૦૧૪ના આસો વદી

ફંડ તથા દેવું.		
શ્રી દેવું.		
લાયબ્રેરી ડીપોઝીટ	૯૫-૦૦	
પરચુરણ દેવું	૩૮૨-૩૩	
		૪૭૭-૩૩
	કુલ રૂપીયા	૧,૪૭૩૪૮-૧૩

ઓડીટર્સ રિપોર્ટ

અમોએ ઉપરનું શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગરનું સંવત ૨૦૧૪ ના આસો વદી અમાસના રોજનું સરવૈયું તથા તે જ દિવસે પૂરા થતા વર્ષનો આવક-ખર્ચનો હિસાબ સભાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યા છે અને તે બરોબર માલૂમ પડ્યો છે.

સભા-ભાવનગર.

અમાસના રોજનું સરવૈયું

મિલ્કત તથા લેણું.		
શ્રી લેણું		
બુકસેલર્સ પાસે	૧,૧૧૯-૩૭	
મેમ્બર્સ પાસે	૫૫-૦૦	
ભાડાનું લેણું.	૫૫૯-૩૭	
પરચુરણ લેણું.	૩૨-૧૫	
		૧૭૬૫-૮૯
શ્રી બેન્કમાં તથા રોકડ પુરાંત		
બેન્કમાં સેવીંગ્સ ખાતે	૨૦૬૯-૦૦	
બેન્કમાં ચાલુ ખાતે	૧૭૫૧-૬૯	
પોસ્ટ સ્ટેમ્પ્સ	૭૧-૬૯	
શ્રી પુરાંત	૪૦૫-૭૮	
		૪,૨૯૮-૧૬
શ્રી સરવૈયા ફેરના		૪૪-૯૧
	કુલ રૂપીયા	૧,૪૭,૩૪૮-૧૩

ભાવનગર. ૨૭-૭-૫૯

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

સં. ૨૦૧૫ ની સાલ સુધીમાં થયેલ પેટ્રન સાહેબોની નામાવલિ

૧ શેઠ ચંદુલાલ સારાભાઈ મોદી બી. એ.
૨ રા. બ. શેઠ કાન્તિલાલ ઈશ્વરલાલ જે. પી.
૩ શેઠ રતીલાલ વાડીલાલ
૪ ,, માણેકલાલ ચુનીલાલ જે. પી.
૫ ,, કાન્તિલાલ બકોરદાસ
૬ રાવ બહાદુર શેઠ નાનજીભાઈ લધાભાઈ
૭ ,, ભોગીલાલભાઈ મગનલાલ
૮ ,, રમણિકલાલ ભોગીલાલભાઈ
૯ ,, મોહનલાલ તારાચંદ જે. પી.
૧૦ ,, ત્રિભુવનદાસ દુર્લભદાસ
૧૧ ,, ચંદુલાલ ટી. શાહ જે. પી.
૧૨ ,, રમણીલાલ નાનચંદ
૧૩ ,, દુર્લભદાસ ઝવેરચંદ
૧૪ ,, દલીચંદ પુરૂષોત્તમદાસ
૧૫ ,, ખાન્તિલાલ અમરચંદ વોરા
૧૬ રાવ બહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી
૧૭ શેઠ અમૃતલાલ કાલીદાસ
૧૮ ,, ખુશાલદાસ ખેંગારભાઈ
૧૯ ,, કાન્તિલાલ જેશીંગભાઈ
૨૦ ,, ચંદ્રકાન્તભાઈ ઉજમશી
૨૧ ,, લક્ષ્મીચંદ દુર્લભદાસ
૨૨ ,, કેશવલાલ લલ્લુભાઈ
૨૩ શાહ ઓધવજીભાઈ ધનજીભાઈ, સોલિસિટર
૨૪ શેઠ મણિલાલ વનમાળીદાસ બી. એ.
૨૫ ,, સારાભાઈ હઠીસીંગ
૨૬ ,, રમણભાઈ કનસુખભાઈ
૨૭ ,, જમનાદાસ મોનજીભાઈ ઝવેરી
૨૮ ,, હીરાલાલ અમૃતલાલ બી. એ.
૨૯ મહેતા ગિરધરલાલ દીપચંદ કમળેજવાળા
૩૦ શાહ લવજીભાઈ રાયચંદ
૩૧ ,, પાનાચંદ લલ્લુભાઈ
૩૨ શેઠ કસ્તુરભાઈ લાલભાઈ
૩૩ ,, પરશોત્તમદાસ મનસુખલાલ તારવાળા
૩૪ મહેતા મનસુખલાલ દીપચંદ કમળેજવાળા
૩૫ શેઠ છોટાલાલ મગનલાલ
૩૬ ,, માણેકચંદ પોપટલાલ થાનગઢવાળા
૩૭ શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી
૩૮ ડૉક્ટર સાહેબ વલભદાસ નેણશીભાઈ મહેતા
૩૯ શેઠ સકરચંદ મોતીલાલ મૂળજી
૪૦ ,, પ્રાગજીભાઈ ઝવેરચંદ
૪૧ ,, ખીમચંદ લલ્લુભાઈ
૪૨ ,, કેશવજીભાઈ નેમચંદ
૪૩ ,, હાથીભાઈ ગલાલચંદ
૪૪ ,, અમૃતલાલ ફૂલચંદ
૪૫ ,, વનમાળી ઝવેરચંદ
૪૬ ,, ખીમચંદ મોતીચંદ સરવૈયા
૪૭ ,, રમણલાલ જેશંગભાઈ ઉગરચંદ
૪૮ ,, મગનલાલ મૂળચંદભાઈ
૪૯ ,, કેશવલાલ ખુશાખીદાસ
૫૦ ,, ચીમનલાલ મગનલાલ
૫૧ ,, રતિલાલ ચત્રભુજ
૫૨ ,, પોપટલાલ ગિરધરલાલ
૫૩ ,, કાન્તિલાલ હીરાલાલ કુસુમગર
૫૪ ,, સાકરલાલ ગાંડાલાલ વેચાણી
૫૫ ,, હરખચંદ વીરચંદ
૫૬ ,, ચંદુલાલભાઈ વર્ધમાન
૫૭ ,, છોટાલાલ ભાઈચંદભાઈ
૫૮ શ્રીમતી પ્રભાવતીબેન હરખચંદ ગાંધી

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH

પ્રાર્થનામય જીવન

આદર્શ જીવન પ્રાર્થનામય થવું જોઈએ. સત્યવાદી માણસ જેમ અખંડ અને સતત સત્યપરાયણ હોય છે, પ્રેમી જેમ પ્રેમમય હોય છે અને એની પ્રેમની ધારા અખંડ વહ્યા જ કરે છે, તેમ મનુષ્યનું જીવન ઈશ્વરની સંનિધિ અનુભવતું અને તેથી સતત પ્રાર્થનાના વાતાવરણમાં ચાલતું હોવું જોઈએ. સેવક જેમ સેવાભાવ લઈને જ વર્તે છે, મિત્ર જેમ સ્નેહવૃત્તિ અખંડ ટકાવીને સંબંધ બાંધતો રહે છે, તેમજ ઈશ્વરનો અને પોતાનો ગમે તે સંબંધ કલ્પેલો હોય તે પ્રમાણે ઈશ્વરની સંનિધિમાં જાગરૂકપણે જીવતા રહેવાનો પ્રયત્ન કરવો એનું નામ તે પ્રાર્થનાસમ જીવ. શ્વાસ ચાલે છે, નાડી ચાલે છે, હૈયાના ધબકારા ચાલે છે, તેમજ અખંડ પ્રાર્થના ચાલતી હોય ત્યારે જ જીવન ઉન્નત થયું સમજી શકાય.

માણસ આત્માની ભૂમિકા ઉપર રહીને જ પ્રાર્થનામય જીવન ગાળી શકે છે. દેહબુદ્ધિ પડી ગયા પછી આવી પ્રાર્થનાવૃત્તિ ટકાવવી અઘરી હોય છે અને તેથી જ નિયમિતપણે પ્રાર્થના કરવી પડે છે. આત્મબુદ્ધિ કેળવાઈ એટલે નોખી પ્રાર્થના નથી કરવી પડતી પણ પ્રાર્થના એની મેળે ચાલતી હોય છે, એ સ્થિતિમાં પણ નિયમિત પ્રાર્થના કરવાને બાધ નથી પણ તે ગૌણ પ્રકાર છે.

કાકા કાલેલકર

૧૨૮૨

विषयानुक्रम

૧	સુભાષિત	(અનુ૦ વિઠ્ઠલદાસ મૂ શાહ)	૨૮
૨	જરા વિચારી લે !	(પાદરાકર)	૩૦
૩	વ્યક્તિગત આકર્ષણશક્તિ	(અનુ૦ વિ મૂ. શાહ)	૩૧
૪	પ્રભુની દિવ્ય વાણી	(હીરાચંદ સ્વરૂપચંદ ઝવેરી)	૩૪
૫	ચૈત્યવંદન ચતુર્વિંશતિકા સાર્થ	(અનુ૦ પં શ્રી સુશીલવિજયજી)	૩૫
૬	સ્યાદ્વાદ-પંચાશિકા	(પં શ્રી સુશીલવિજયજી)	૩૭
૭	દાન	(કાન્તિ જે મહેતા)	૪૧
૮	સ્વીકાર		ટા. પે ૨

પૂજા ભણાવવામાં આવી.

તપાગચ્છાધિપતિ સ્વ. પૂ શ્રી મૂળચંદજી ગણિવર્યના સ્વર્ગવાસ તિથિ અંગે આપણી સભા તરફથી માગશર વદી ૬ ને સોમવારના રોજ અત્રેના શ્રી દાદાસાહેબ જિનમંદિરમા સવારે ૧૦ કલાકે શ્રી આત્મારામકૃત પંચ પરમેષ્ઠી પૂજા ભણાવી દેવગુરુભક્તિ કરી પુણ્યતિથિ ઉજવવામા આવેલ તેમજ આંગીરચના કરવામાં આવેલ આ પ્રસંગે સભાસદ બંધુઓ ઉપરાંત અન્ય સદ્‌ગૃહસ્થોએ સારા પ્રમાણમા લાભ લીધેલ

ગ્રાહક બંધુઓને અગત્યની સૂચના

"આત્માનંદ પ્રકાશ" નું નવું વર્ષ શરૂ થઇ ગયું છે લવાજમ મોકલવા માટે પત્રો લખાઇ ગયા છે, છતાં ગ્રાહક બંધુઓએ સં ૨૦૧૫ તથા સં ૨૦૧૬ ના લવાજમની રકમ રૂા ૬-૦૦ ન મોકલ્યા હોય તેઓ મનીઓર્ડરથી મોકલી આપે જે બંધુઓને ગ્રાહક તરીકે રહેવા ઇચ્છા ન હોય તેઓ વહેલાસર લખી જણાવે

માસિક કમિટી

સ્વીકાર

સ્તુતિકલ્પલતા-(પ્રતાકાર) રચયિતા પ્રવર્તક મહારાજશ્રી યશોવિજયજી મહારાજે પોતાના ગુરુદેવ શાસનસમ્રાટ્ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી ઉપરાંત વિવિધ સ્થળોમા બિરાજતા શ્રી પાર્શ્વનાથ ભગવતના સ્તોત્રો-સ્તવનો રચેલા, તે વીશ જેટલા સ્તોત્રોનો આ પ્રતમા સંગ્રહ પ્રસિદ્ધ કરવામા આવ્યો છે પ્રયાસ પ્રશંસનીય છે

૨ જ્ઞાનામૃત—રચયિતા સ્વ યોગનિષ્ઠ આચાર્યમહારાજશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ પ્રકાશક શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ મુંબઈ ક્રાઉન સોળપેજી સાઈઝ-૧૮ આશરે ૧૪૦ મૂલ્ય રૂપિયો એક

"ભજનામૃત"ની આ પહેલી પુસ્તિકામા સ્વ યોગનિષ્ઠ આચાર્ય મહારાજશ્રીના રચેલા અનેકવિધ પદો-ભજનો કાવ્યો પૈકી ચૂંટી ચૂંટીને એકસોએક પદોનો સારો સંગ્રહ કરવામા આવ્યો છે શ્રી ફતેહચંદ ઝવેરભાઇએ પુરોવચન સારુ લખેલ છે તેમજ પ્રાતે પણ સ્વ આચાર્યમહારાજનું સંક્ષિપ્ત જીવન પણ સારી રીતે આલેખ્યું છે પ્રયાસ આવકારદાયક છે



વર્ષ ૫૭ મું] પોષ તા. ૧૫-૧-૬૦ [અંક ૩

સુભાષિત

दुःखांगारकतीव्रः संसारोऽयं महानसो गहनः ।
इह विषयामृतलालसमानसमार्जार मा निपत ॥

ચોપાઈ

ગહન રસોડું આ સંસાર, દુઃખરૂપી માંહે અંગાર;
વિષયામૃતમાં આણી પ્યાર, ઝંપલાવે છે મનમાર્જાર.

रे चित्त चिंतय चिरं चरणौ मुरारेः,
पारं गमिष्यति भवान् भवसागरस्य ।
पुत्रः कलत्रमितरे सुहृदः सहायाः,
सर्वं विलोकय सखे ! मृगतृष्णिकेव ॥

સોરઠો

ચિંતન કર ચિરવાર, પ્રભુચરણનું ચિત્ત તું;
ભવસિંધુને પાર, પામીશ એથી પલકમાં.
સુત દારા ને વિત્ત, સગાં સહોદર સુહૃદો,
ખોટાં જાણ ખચિત, મૃગતૃષ્ણા જેવા સખે !

અનુ૦ વિ. મૃ. શાહ

— જરા વિચારી લે —

(રાગ-ગઝલ સોહિની)

જરી જાગ જ્યોતિ ક્ષણમાં, પ્રકટી બુઝાઈ જાશે !
ચપળા ચમકતી ચમકી, ચુટકીમાં ચાલી જાશે. જરી.

મોતી પરોવી લેજે, ઝબકી જુવાની જાશે !
માળા મનોરથોની, પૂરી પછી ન થાશે ! જરી.

લક્ષ્મી-વિભવ ને સત્તા, યુવતી-યુવાની પામ્યો !
માણ્યાં યુગેયુગે ત્હેં, એક દિ રીસાઈ જાશે ! જરી.

પામ્યો અનંત શક્તિ, આત્મા મળ્યો અમૂલો !
દેવી પ્રજાનો ત્હારો, મળી માટી-માટી થાશે ! જરી.

તું દેવ-ધર્મ-ગુરુને, મનુ દેહને ય પામ્યો !
શક્તિ ને બુદ્ધિ ખોયા, ખોવાઈ તું ય જાશે ! જરી.

ઊંડે ઊંડે ઉતરજે, નયનોને બંધ કરજે !
વાણી-શ્રવણ વિરામી, નિજરૂપને નીરખજે ! જરી.

તું કોણ ? ક્યાંથી આવ્યો ? શું છે સ્વરૂપ ત્હારું ?
જન્મે તું માનવી છો ! કર્તવ્યથી ય છો કે ? જરી.

દારિદ્રય ફેડવાને, પ્રભુતા પ્રભુની પામ્યો !
નિજ આત્મભાન પામ્યો, પદ આત્મ-રામ લેશે ? જરી

ઉઠ ! ઉઠ ! જ્યોતિ જાગી, માનવ બન્યો સુભાગી !
કર્તવ્ય-આત્મધર્મે-મણિમાળ મુક્તિ રહેજે ! જરી.

—પાદરાકર



વ્યક્તિગત આકર્ષણશક્તિ

અનુ૦ વિ. મૂ. શાહ

જિંદગીને ઉપયોગી અને આબાદ બનાવવામાં આકર્ષક વ્યક્તિત્વ અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. તેના વગર જગતમાં આપણી પ્રગતિ થવી અશક્ય છે. જે મહાન પુરુષોના નામો ઈતિહાસમાં મશહૂર થયેલા છે. જેઓને શક્તિની પ્રાપ્તિ થયેલી છે અથવા જેઓ સામાજિક, વ્યાપારિક કે રાજકીય ક્ષેત્રમાં અગ્રેસરો થયા છે તેઓ સર્વને આ આકર્ષણશક્તિની સંપ્રાપ્તિ થયેલી હોય છે. તેઓ જન્મથી જ આ શક્તિથી સમન્વિત થયેલા હોય છે. અથવા તો તેઓએ આત્મ-વિકાસથી તેને કેળવી હોય છે તેવી જ રીતે જેઓ જાતીય અભ્યુદયના અને આ જગતની સુધરેલી પરિસ્થિતિના મહાન કાર્યમાં ભાગ લેવા ઈચ્છા ધરાવતા હોય તેમણે આ અદ્‌ભુત શક્તિનો ક્રમશઃ વિકાસ કરવા તત્પર થવું જોઈએ; જેથી કરીને તેઓના યત્નો વધારે સફળ નીવડે અને તેઓ તે યત્નોના મિષ્ટ ફળો વધારે પુષ્કળતામાં ઉપલબ્ધ કરી શકે.

તેજસ્વી, આશાવાદી અને પ્રતિભાશાળી મનુષ્યો જે કાંઈ કહે છે તેનું લોકો સંપૂર્ણ લક્ષપૂર્વક શ્રવણ કરે છે; જ્યારે ઉદાસ, દુઃખપીડિત અથવા વિચિત્ર માણસોના બોલવા પર કોઈ જરાપણ લક્ષ આપતું નથી; કેમકે તેનામાં આકર્ષણશક્તિના અભાવના પરિણામે તેના શબ્દોમાં કોઈ જાતનું વજન હોતું નથી.

જીવનના અનેક કાર્યોમાં વ્યક્તિગત આકર્ષણશક્તિની અનિવાર્ય અગત્ય છે. જે લોકોને તે શક્તિ મેળવવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું છે તેઓને તેનો અદ્વિતીય પ્રભાવ પ્રુદ્ધિગત થયેલો છે. તેમજ આપણે અનુભવથી જાણી શકીએ છીએ કે ઘણીખરી બાબતોમાં તો જે લોકો તે શક્તિથી સમન્વિત થયેલા હોય છે તેઓ પોતાનાં કાર્યો સરળતાથી તેમજ સફળતાથી સાધી શકે છે. અન્ય લોકો તેઓના વિચારોને સંપૂર્ણ રીતે સંમત થાય છે, તેઓની ઈચ્છાનુસાર વર્તે છે અને તેઓના પ્રયત્નોમાં સહકાર અને સહાય આપે છે. આ ઉપરથી વાંચનારના મનમાં સ્વાભાવિક પ્રશ્ન થશે કે તે શક્તિ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય?

આ શક્તિનો મુખ્ય આધાર આરોગ્ય, ચારિત્ર્યબળ, પ્રેમ અને વિવેકશક્તિ પર છે. આ ચાર ગુણોને કેળવવાથી એવી આકર્ષણશક્તિ ઉત્પન્ન થશે કે જે તમને શક્તિના વિશાળ રાજ્યમાં લઈ જશે—જે તમારા જીવનને વધારે વિસ્તૃત અને પૂર્ણ બનાવશે.

આરોગ્ય—

શારીરિક આરોગ્ય વગર આકર્ષક થવાનું કાર્ય અત્યંત મુશ્કેલ છે. અશક્ત અને વ્યાધિગ્રસ્ત માણસોમાં એવું કંઈક રહેલું હોય છે, જેને લીધે તેઓની તરફ કોઈ આકર્ષાતું નથી. સ્વાભાવિક રીતે જ આપણને તેમ લાગે છે કે કદાચ તેઓ આપણી પોતાની શક્તિને હરી લે; જેથી સગપણ કે સ્નેહનું બંધન હોય તો પણ આ વિચારની સત્તાને આપણે આધીન થઈએ છીએ. તેથી આપણને લાગે છે કે જેઓ સર્વત્ર આત્મિક શક્તિનું તેજ પાથરે છે તેઓના સહવાસમાં આવવું વધારે સારું છે. આમ હોવાથી જ આરોગ્યના

સંરક્ષણ અને વિકાસ સર્વને માટે અતિ મહત્ત્વના વિષય છે, અને એક ધાર્મિક કર્તવ્ય તરીકે તેમજ સત્ય-મિત્રતા દર્શાવવાના સાધન તરીકે ગણીને આપણે દુબળાં નબળા રોગી મનુષ્યોને આરોગ્યનાં સત્ય સિદ્ધાંતો સમજાવીને સબળ અને નીરોગી બનાવવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

ખુલ્લી હવામાં કસરત, સ્વચ્છ હવા-પ્રકાશવાળા મકાનમાં નિવાસ, દીર્ઘ શ્વાસપ્રશ્વાસ, સાદો અને સાત્વિક ખોરાક-આ સર્વ આકર્ષણશક્તિ વધારવામા સહાયભૂત બને છે. જેઓ વિજય સોપાન પર આરોહણ કરવા ઈચ્છે છે તેઓએ આરોગ્યરક્ષણના નિયમોથી અજ્ઞાનતાથી રોગોને આમંત્રણ કરવું જોઈએ નહિ.

ચારિત્ર્યબળ—

વિશુદ્ધ ચારિત્ર્ય વગર આપણે બીજાને આકર્ષી શકતા નથી અથવા બીજાના વિશ્વાસના કે માનના પાત્ર બની શકતા નથી.

જે માણસ ન્યાય અને નીતિના અમુક સિદ્ધાંતોને દૃઢપણે વળગી રહેતો નથી, જેના વિચારો અસ્થિર છે તેના પ્રતિ કોઈ પણ ખેંચાતું નથી. જેઓની ચિત્તવૃત્તિ નિરંતર ચંચળ હોય છે તેઓનો કોઈ વિશ્વાસ કરતુ નથી. મનની, શરીરની કે આત્માની નિર્બળતા હોય ત્યાં સુધી આકર્ષણ શક્તિ અલભ્ય છે. જે સ્ત્રી પુરુષો બીજાનું ભલું કરવામાં પ્રવૃત્ત થાય છે તેઓમા તેમ કરવાની હિંમત હોય છે અને તેઓ તે કરી શકે છે. તેઓ હમેશા આગળ પ્રગતિ કરતા હોય છે, અને જેઓને એકલા રહી જવાનો ભય નથી, જેઓની દૃષ્ટિ હમેશા પોતાના લક્ષ્યબિંદુ તરફ જ હોય છે અને જેઓ ત્યા પહોંચવાને માર્ગ દૃઢચિત્તથી તૈયાર કરે છે તેઓને જગતના લોકો દૃઢ ચિત્તવાળા વીર પુરુષો જ કહે છે. અને તેઓ હિંમત અને દૃઢતાથી સર્વને પોતાની તરફ આકર્ષી શકે છે.

કઠિન, ભયજનક અને ચિંતા ઉપજાવે એવા પ્રસંગોમા જ ચારિત્ર્યબળની કસોટી થાય છે-ઉત્તમ ચારિત્ર્યશાળી મનુષ્યો પ્રતિ નિકૃષ્ટ કોટિના આત્મામાં આકર્ષણ છે, જેઓ આવા મનોબળવાળા માણસના આશ્રયના અભાવે કાંઈ સ્વકર્તવ્યથી ચલાયમાન થઈ જાય. વિરુદ્ધ સંયોગોમાં અને સ્થિતિમાં મજબૂત મનવાળા સ્ત્રી પુરુષો જ વિજયી નીવડી શકે છે.

આધ્યાત્મિક જ્ઞાન આ ગુણનો પાયો છે. ન્યાય અને નીતિને નિરંતર વળગી રહેવાથી, આત્મસંયમ અને આત્મભોગ આચરવાથી, ઉચ્ચ આદર્શોને અનુસરવાથી, અને સ્પષ્ટતઃ સમજી સત્ય નિશ્ચય કરવાનો અને તે નિશ્ચય અનુસાર ધૈર્યથી પોતાના કાર્યો સાધવાનો યત્ન કરવાથી આ ગુણને કેળવી શકાય છે.

પ્રેમ—

પ્રેમમાં અનુકંપા તથા સહાય કરવાની વૃત્તિનો સમાવેશ થઈ જાય છે. તે વગર આકર્ષણશક્તિ હમેશને માટે અસરકારક બની શકતી નથી; કેમકે પ્રેમમાં ઉન્નત કરવાની શક્તિ રહેલી હોવાથી તેને એક પ્રકારનું મહાન આકર્ષક બળ ગણવામાં આવે છે. આરોગ્ય, ચારિત્ર્યબળ તથા વિવેકબુદ્ધિ મહાન આકર્ષણ કરી શકે, પરંતુ પ્રેમ વગર તેને ચિરકાળ ટકાવી રાખવાનું કાર્ય મુશ્કેલ છે; કેમકે દરેક માણસ કોઈ પણ આકારમા સાચા પ્રેમ માટે તીવ્ર ઉત્કંઠા ધરાવે છે. જેમ વૃક્ષો સૂર્યના પ્રકાશ વગર કરમાઈ જાય છે તેવી જ રીતે આધ્યાત્મિક પ્રાણીઓ સ્વભાવતઃ પ્રેમશૂન્ય વાતાવરણમા રહી શકતા જ નથી. આ મહત્વની વાત ભૂલી જવાથી અનેક મિત્રતાનો ટૂંક સમયમાં અંત આવી જાય છે. જેઓ આપણા સહકારી હોય છે તેઓ તરફ જો આપણે અંતઃકરણનો નિર્મળ પ્રેમભાવ દર્શાવતા નથી તો આપણે કોઈ ઉચ્ચ આદર્શના ઉત્કર્ષ સાધક તરીકે અથવા ધંધાદારી માણસ તરીકે અતિશય પ્રતિષ્ઠાસંપન્ન થઈ શકતા નથી.

આપણા મિત્રો તરફ પ્રેમનાં અસ્ખલિત પ્રવાહ વહેવડાવવાથી આપણામા ક્રમે ક્રમે આખી વસુધાને કુટુંબ ગણવાની સદ્ભાવનાનો પ્રાદુર્ભાવ અને વિકાસ-

થાય છે. આમ હોવાથી જ આપણાં બાળકોનાં પ્રેમ, અનુકંપા, ઉપકાર વૃત્તિ આદિ ગુણોની ખીલવણી થાય તેવી કેળવણી આપવાની મુખ્ય જરૂર છે.

એક દયાળુ અને પ્રેમાળ અંતઃકરણથી આકર્ષણ શક્તિ કેટલી છે એ પશુવર્ગ તરફ નજર કરવાથી સહજ ખ્યાલમાં આવી શકે તેમ છે. કુદરતી રીતે જ તેઓ દયાળુ માણસો તરફ આકર્ષાય છે અને કઠણ હૃદયવાળા, સ્વાર્થી અથવા દયા વગરના લોકોથી દૂર રહે છે.

વિવેકશક્તિ—

આની અંદર અનુભવ અને શુદ્ધ બુદ્ધિનો સમાવેશ થાય છે, તેથી આકર્ષક વ્યક્તિત્વને સંપૂર્ણ બનાવવામાં તે શક્તિની સવિશેષ અગત્ય છે; કેમકે આ ગુણ વિશ્વાસ ઉત્પન્ન કરે છે અને વળી આપણા જીવનકાર્યોમાં થતી ગંભીર ભૂલો અટકાવવા માટે અત્યંત આવશ્યક છે. તેમજ તે મિત્રતાને વિશેષ કીમતી અને આનંદદાયી બનાવે છે.

વિવેકશક્તિ એ જ્ઞાન અને સમજશક્તિનું ફળ છે; અને પૂર્વ જન્મમાં અથવા આ જન્મમાં જ્ઞાન મેળવવા માટે મળેલા પ્રસંગોનો લાભ લેવામાં આત્માએ જે ખુરશીઓ સહન કરી હોય છે તેના પ્રમાણમાં ઉક્ત શક્તિની વધારે યા ઓછી સમાપ્તિ થાય છે; તેથી જ્ઞાન અને સમજશક્તિ મેળવવાનાં કાર્યમાં તથા આપણી બુદ્ધિ આપણને વધારે ઉપયોગી થઈ પડે એટલા માટે તેને વધાર બનાવવાના કાર્યમાં આપણે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

વિચાર કરવાની શક્તિને, અવલોકન શક્તિને તેમજ સંગીન નિર્ણય કરવાની શક્તિને કોઈ પણ કાળની માફક કેળવી શકાય છે. ટૂંકમાં, વિવેકશક્તિ એ બીજું કાંઈ નથી, શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસનું જુદું નામ માત્ર છે.

વ્યક્તિગત આકર્ષણ શક્તિ જ જીવન છે. અને એવો એક નિયમ છે કે જે માણસ તેની જિંદગીના સર્વ ક્ષેત્રમાં ઘણો જ ઉત્સાહી અને ઉદ્યોગી હોય છે તે અત્યંત આકર્ષક હોય છે, તે અનેક મિત્રો મેળવે છે. અને આ સંસારમાં ઘણા ઉત્તમ અનેક કાર્યો સાધી શકે છે. જે લોકોમાં ઉત્સાહ અને ઉદ્યોગ ન્યૂન હોય છે તેનામાં આકર્ષક શક્તિ પણ ન્યૂન હોય છે. સુસ્ત અને આળસુ માણસોમાં હૃદયબળ તથા મગજ-શક્તિનો અભાવ હોય છે. જો આપણે પ્રેમ અને અનુકંપાનો ઉદાર ચિત્તથી પૂરેપૂરો બહિર્ભાવ કરતા નથી તો તે અન્ય લોકો તરફ સંપૂર્ણપણે મેળવવાની આશા આપણે રાખી શકીએ નહિ; માટે જ આપણે આપણી જાતને માયાળુ, પ્રેમાળ અને ઉદારતાભર્યા વિચારોથી ભરવી જોઈએ અને તેવા જ શબ્દોમાં અને કૃત્યોમાં તે વિચારોનો આવિર્ભાવ કરવો જોઈએ. આ પ્રમાણે જ્યારે આપણે જગતની જરૂરીયાતો પૂરી પાડવામાં મદદગાર થઈ શકશું ત્યારે જ એવો ક્રમ સમય ત્વરાથી આવશે કે જ્યારે દ્રવ્યપ્રાપ્તિ માટે જેટલી ઉત્કંઠાથી અત્યારના સમયમાં પ્રયત્નો કરવામાં આવે છે તેટલી જ ઉત્કંઠાથી આત્મપ્રાપ્તિ માટે યત્ન આદરવામાં આવશે, લોકો માનસિક અને આધ્યાત્મિક આભૂષણો મેળવવા તીવ્રતાથી ઇચ્છશે, જે સ્વાર્થ-સાધક વૃત્તિ અત્યારે સર્વત્ર વ્યાપી રહેલી જોવામાં આવે છે તેને બદલે ખરેખરો બંધુભાવ સૌના હૃદયમાં જાગ્રત થશે, વિવેકશક્તિ તથા સમજશક્તિ એટલા બધા સામાન્ય થઈ પડશે કે જિંદગીના સુખ અને આનંદ વધવા માંડશે અને દુઃખદાયક પ્રસંગો ઓછા થવા લાગશે, દુઃખજનક અજ્ઞાન અને રૂઢિબંધનનો આધુનિક જમાનો અસ્ત થશે, દયાપણું, બંધુભાવ અને બુદ્ધિનો વિજય થશે, અને ન્યાયી નીતિમય જીવનનો પુનઃ ઉદય થશે, જેને પરિણામે આપણાં સામાજિક તથા વ્યક્તિગત દુઃખો અને દર્દોનું ઉન્મૂલન થશે.

બુદ્ધિના, દયાળુપણાના અને આધ્યાત્મિક દર્શનના યુગમાં પ્રવેશ કરવાને મદદગાર થવાનો અધિકાર

આપણને આપવામાં આવેલ છે, અને તે શુભ દિનનું આગમન તેરાથી થાય તે માટે આ યુગમાં આપણે યથાશક્તિ, યથામતિ પ્રયાસ કરવા કટિબદ્ધ થવુ જોઇએ.

"છેવટે"

"Live for something, have a purpose,
And that purpose keep in view;
Drifting like a helpless vessel,
Thou canst never to life be true."

અર્થાત્ કોઈ હેતુથી જીવન વહન કરો અને તે હેતુને સદા દ્દષ્ટિ સમીપ રાખો; નિરાધાર વહાણની માફક જીવન વહન કરવાથી સત્યનિષ્ઠ જીવન માણી શકાતું નથી.

—:o:—

—: પ્રભુની દિવ્ય વાણી :—

અમાસની અંધારી રાત્રીએ સાગરમાં મુસાફરી કરનાર એકાકી મુસાફરને આકાશના તારા માર્ગદર્શન આપે છે. અજ્ઞાનતાના અંધકારમાં અને ભવ–સાગરમા ભ્રમણ કરતા મારા એકાકી આત્માને હે નાથ ! તારી વાણી માર્ગદર્શકરૂપ છે, મારા જીવનની ઉઘડની ઉષાના મંગલ પ્રકાશમાં હૈયાના બગીચામાં આશાનું પુષ્પ ખોલવી એની સુગંધની દિલ અને દિમાગને તરબતર બનાવી વિનમ્રભાવે તારી પાસે હું એટલું જ માંગું છું કે અંધકારમય મારા જીવનમાં તારી દિવ્ય વાણી સદાય દીવાદાંડીરૂપ બની રહો.

—સ્વરૂપચંદ હીરાચંદ ઝવેરી

चैत्यवंदन चतुर्विंशतिका

ભાવાર્થકાર-પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણી

(અનુસંધાન પુસ્તક ૫૭ ના પૃ૪ ૬ થી ચાલુ)

विंशतितीर्थङ्कर–

श्रीमुनिसुव्रतजिनेन्द्र–चैत्यवन्दनम् [२०]

[अन्वगेयपद्धति-रागः]

उत्तमचेतन ! धर्मसमृद्ध ! जगत्पते !,
नित्याऽनित्यपदार्थनिचयविलसन्मते ! ।
निजविक्रमजितमोहमहोद्भटभूपते !,
श्रीपद्मातनुजात ! सुजात्यहरिद्द्युते ! ॥ १ ॥

ઉત્તમ ચેતનાવાળા, ધર્મથી સમૃદ્ધ, જગતના પતિ, નિત્ય અને અનિત્ય પદાર્થના સમૂહમાં વિલાસ પામતી મતિવાળા, પોતાના પરાક્રમથી જેને મોહરૂપી મહા ઉદ્ભટ ભૂપતિને જીત્યો છે એવા અને ઉત્તમ હરિતના સરખી કાન્તિવાળા (૧)

श्रीमुनिसुव्रत ! सुव्रतदेशक ! सज्जनाः,
कृतसद्गुरुशुभवाक्यसुधारसमज्जनाः ।
ये प्रणमन्ति भवन्तमनन्तसुखाश्रितं,
केवलमुज्ज्वलभावमखण्डमनिन्दितम् ॥ २ ॥

ઉત્તમ વ્રતના દેશક (દેખાડનારા) એવા હે મુનિસુવ્રતસ્વામી ભગવાન્ ! અનંત સુખથી આશ્રિત, શુદ્ધ ઉજ્જ્વળ ભાવવાળા, અખંડ અને અનિન્દિત એવા આપને; કરેલ છે સદ્ગુરુના શુભ વાક્યરૂપી અમૃતરસમાં મજ્જન-સ્નાન જેને એવા જે સજ્જનો પ્રણામ કરે છે. (૨)

ते निःसंशयमेव जगत्त्रयवन्दिताः,
सद्भावेन भवन्ति सुहृद्दयानन्दिताः ।
कृत्यं यथोचितमेव यतः किल कारणं,
जनयति नात्मधीरसमिहाऽसाधारणम् ॥ ३ ॥ त्रिभिर्विशेषकम्)

તે (સજ્જનો) ખરેખર ઉત્તમભાવે ત્રણુ જગતથી વંદિત અને ઉત્તમ દૃષ્ટિથી આનંદિત થાય છે, કારણુ કે પોતાને ઉચિત કરણીરૂપ જે અસાધારણુ કારણુ તે આ જગતમાં આત્માથી વિરુધ્ધ કાર્યને કરતું નથી અર્થાત્ આત્માને અનુરૂપ જ કાર્ય કરે છે. (૩)

एकविंशतितीर्थङ्कर–

श्रीनमिनाथजिनेन्द्र–चैत्यवन्दनम् [२१]

(पञ्चचामर–छन्दः)

नमीश ! निर्मलात्मरूप ! सत्यरूप ! शाश्वतं,
परोर्ध्वसिद्धिसौधमूर्ध्नि सत्स्वभावतः स्थितम् ।
निधाय मानसाब्जकोशदेशमध्यवर्तिनं,
स्मरामि सर्वदा भवन्तमेव सर्वदर्शिनम् ॥ १ ॥

નિર્મળ આત્મરૂપવાળા, સત્યરૂપવાળા એવા હે નમિનાથ ભગવાન્ ! નિત્ય અને ખૂબ જ ઊંચે રહેલ મોક્ષરૂપી મહેલના મસ્તકે સ્વભાવથી જ વર્તતા એવા આપને મારા મનરૂપી કમળના ડોડાના મધ્યભાગમાં સ્થાપીને, સર્વદર્શી એવા આપને જ હું સ્મરું છું. (૧)

प्रफुल्लक्रौञ्चलाञ्छन ! प्रभूततेजसोऽद्य ते,
दिवाकरस्य वा महेश्वराऽभिदर्शनेन मे ।
प्रमादवर्धिनी सुदुर्मतिर्निशेव दुर्भगा,
गताप्रणाशमाशु हृत्कजे विनिद्रताऽभवत् ॥ २ ॥

પ્રફુલ્લ એવા ક્રૌંચ પક્ષીના લાંછનવાળા, મહેશ્વર–મોટા ઈશ્વર એવા હે નમિનાથ ભગવાન્ ! આજે ઘણા તેજવાળા રવિસમાન આપના દર્શનથી, પ્રમાદને વધારનારી મારી દુર્મતિ, દુર્ભગ રાત્રિની જેમ જલ્દી નાશ પામી ગઈ અને હૃદયકમળમાં જાગ્રતિ પેદા થઈ. (૨)

निरस्तदोपदुष्टकष्टकार्यमर्त्यसंस्तवो,
भवे भवे भवत्पदाम्बुजैकसेवकः प्रभो ! ।
भवेयमीदृशं भृशं मदीयचित्तचिन्तितं,
तव प्रसादतो भवत्ववन्ध्यमेव सत्वरम् ॥ ३ ॥

દોષથી દુષ્ટ કષ્ટ કાર્યવાળી માનવોની પ્રશંસા જેણે દૂર કરી છે એવો આપના ચરણુ-કમળનો સેવક ભવોભવને વિષે હું થાઉં, આવી મારા હૃદયની વિચારણા આપના પસાયથી હે પ્રભો ! શીઘ્ર સફળ થાઓ. (૩) (ચાલુ)

સ્યાદ્વાદ-પચાશિકા

લેખક—પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી સુશીલવિજયજી ગણી

卐 ॐ अर्हं नमः 卐

વિશ્વના સમસ્ત વાદો પર અનુપમ પ્રભુત્વ ભોગવતો એક જ માત્ર સ્યાદ્વાદ—અનેકાન્તવાદ છે. જૈન દર્શનનો એ મૌલિક સિદ્ધાંત છે. ભલભલા દાર્શનિક ધુરંધર પંડિતોની પણ શાન ઠેકાણે લાવવાની અલૌકિક શક્તિ એમાં છે. એક જ વસ્તુમાં રહેલા ભિન્ન ભિન્ન ધર્મોને પણ અપેક્ષાભેદથી એકત્ર ઘટાવવાનો, સમન્વય કરવાનો, ઐક્ય સાધવાનો અને શાન્તિ સ્થાપવાનો અજોડ ગુણ એમાં છે. જગતના પ્રત્યેક વ્યવહારમાં, અશાન્ત વાતાવરણમાં, વાદમાં અને ધર્મ વગેરેમાં પણ આલંબનભૂત એ છે.

દુનિયાના સકલ દર્શનોને અને નિખિલ જનતને અદ્વિતીય આકર્ષણ કરનાર એ છે. જુઓ—

ભારતને સ્વતંત્ર્ય—આઝાદી અપાવનાર સ્વ. મહાત્મા ગાંધીજી જેવા સ્યાદ્વાદને માટે જણાવે છે કે—

'અનેકાન્તવાદ મને બહુપ્રિય છે. તેમાંથી હું મુસલમાનોની દૃષ્ટિએ તેમનો, ખ્રિસ્તીની દૃષ્ટિએ તેમનો વિચાર કરતાં શીખ્યો. મારા વિચારોને કોઈ ખોટા ગણે ત્યારે મને તેના અજ્ઞાન વિષે પૂર્વે રોષ આવતો. હવે હું તેઓનું દૃષ્ટિબિન્દુ તેઓની આંખે જોઈ શકું છું. અનેકાન્તનું મૂળ અહિંસા અને સત્યનું યુગલ છે.'

ગુજરાતના સુપ્રસિદ્ધ પ્રોફેસર સ્વ. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ પણ સ્યાદ્વાદને માટે જણાવે છે કે—

'સ્યાદ્વાદનો સિદ્ધાંત અનેક સિદ્ધાંતો અવલોકીને તેમનો સમન્વય કરવા ખાતર પ્રકટ કરવામાં આવ્યો છે. સ્યાદ્વાદ એકીકરણનું દૃષ્ટિબિંદુ આપણી સામે ઉપસ્થિત કરે છે. શંકરાચાર્યે સ્યાદ્વાદ ઉપર જે આક્ષેપ કર્યો છે, તે મૂળ રહસ્યની સાથે સંબંધ રાખતો નથી. એ નિશ્ચય છે કે વિવિધ દૃષ્ટિબિંદુઓ દ્વારા નિરીક્ષણ કર્યા વગર કોઈ વસ્તુ પૂરી રીતે સમજવામાં આવી શકે નહિ. આ માટે સ્યાદ્વાદનો સિદ્ધાંત ઉપયોગી તથા સાર્થક છે. મહાવીરના સિદ્ધાંતમાં બતાવેલ સ્યાદ્વાદને કેટલાક સંશયવાદ કહે છે,—એ હું નથી માનતો. સ્યાદ્વાદ સંશયવાદ નથી, કિન્તુ તે વસ્તુદર્શનની વ્યાપક કળા આપણને શીખવે છે.'

આવા સુપ્રસિદ્ધ સમર્થ અનેક વ્યક્તિઓના સુંદર ઉદ્‌ગારો સ્યાદ્વાદને અંગે પ્રસિદ્ધ થયેલા છે.

હવે એ સ્યાદ્વાદ—અનેકાન્તવાદની અનુપમ વિશિષ્ટતા ઉપમાદિ દ્વારા અત્ર જણાવાય છે—

[૧]

સ્યાદ્વાદ—અનેકાન્તવાદ—એ વિશ્વને સાચો ન્યાય આપનાર 'સર્વોત્કૃષ્ટ ન્યાયમંદિર' છે.

[૨]

સ્યાદ્વાદ—એ જગતની પ્રત્યેક દર્શનરૂપી સરિતાને સંગમ કરવાનો 'મહાસાગર' છે.

[૩]

સ્યાદ્વાદ—એ વિશ્વધર્મોમાં 'સાર્વભૌમ ચક્રવર્તી' છે.

[૪]

સ્યાદ્વાદ—એ સમસ્ત વિશ્વને આકર્ષણ કરનાર 'મહાન મ્યુઝીયમ' છે.

[૫]

સ્યાદ્વાદ—એ અપેક્ષા ભેદથી નિત્ય અને અનિત્ય આદિ અનેક ભિન્ન ભિન્ન વસ્તુઓને એકમાં એકત્રિત કરનાર 'અદ્વિતીય શાસ્ત્ર' છે.

[૬]
સ્યાદ્વાદ—એ વિશ્વના અનેક વિચારોનો સમન્વય કરવામાં અજોડ સાધન' છે.

[૭]
સ્યાદ્વાદ—એ સર્વ પ્રકારની વ્યવહારની સિદ્ધિ કરવામાં અત્યંત ઉપયોગી 'અનુપમ વસ્તુ' છે.

[૮]
સ્યાદ્વાદ—એ અનેક નયોરૂપી હાથીઓને વશ કરનાર 'અલૌકિક અંકુશ' છે.

[૯]
સ્યાદ્વાદ—એ અર્હત્દર્શન—જૈનદર્શનનો 'મૌલિક સિદ્ધાંત'રૂપ સાન્વર્થક 'સુંદર શબ્દ' છે.

[૧૦]
સ્યાદ્વાદ—એ વિશ્વમાં સાચો સંદેશો સંભળાવનાર 'લલિત લાઉડસ્પીકર' છે.

[૧૧]
સ્યાદ્વાદ—એ શ્રી સર્વજ્ઞ વિભુનો સર્વને જણાવવાનો 'દિવ્ય સંદેશ' છે

[૧૨]
સ્યાદ્વાદ—એ અનેકાન્ત દૃષ્ટિથી વસ્તુમાત્રને પ્રતિપાદન કરનાર 'સર્વોત્તમ વાદ' છે.

[૧૩]
સ્યાદ્વાદ—એ જોવાનો 'નિર્મળ આરીસો' છે.

[૧૪]
સ્યાદ્વાદ—એ વસ્તુના નિખિલ અંશને પ્રકાશમાં મૂકનાર 'લોકોત્તર દીપક' છે.

[૧૫]
સ્યાદ્વાદ—એ 'જ' કારપૂર્વક પદાર્થ માત્રને જણાવનાર 'સર્વોચ્ચ સાપેક્ષવાદ' છે.

[૧૬]
સ્યાદ્વાદ—એ સત્ય વસ્તુને સત્ય રૂપે અને અસત્ય વસ્તુને અસત્યરૂપે ઓળખાવનાર 'સાચો જ્ઞાનેશ્વર' છે.

[૧૭]
સ્યાદ્વાદ—એ સત્ય વસ્તુ પર અમત્ય દ્વેષ અને અસત્ય વસ્તુનો અમત્ય પક્ષ નહીં કરનાર 'નિષ્પક્ષ મધ્યસ્થ' છે.

[૧૮]
સ્યાદ્વાદ—એ નિખિલ જગતનો 'અત્યુત્તમ તત્ત્વવાદ' છે

[૧૯]
સ્યાદ્વાદ-એ એકાન્તવાદનો-નિરપેક્ષવાદનો 'કટ્ટર રિપુ' છે.

[૨૦]
સ્યાદ્વાદ—એ સકલ નયોને સાચો માર્ગ દેખાડનાર 'ભડવીર ભોમિયો' છે.

[૨૧]
સ્યાદ્વાદ—એ વિશ્વના સકલ સંશયોને છેદનાર અને વાસ્તવિક યથાર્થ નિર્ણય કરાવનાર 'અપૂર્વ નિશ્ચિતવાદ' છે.

[૨૨]
સ્યાદ્વાદ—એ 'स्याद् अस्ति' 'स्याद् नास्ति' 'स्याद् अस्ति नास्ति' 'स्याद् अवक्तव्य' 'स्याद् अस्ति अवक्तव्य' 'स्याद् नास्ति अवक्तव्य' અને 'स्याद् अस्तिनास्ति अवक्तव्य' એ સપ્તભંગીને અપેક્ષાભેદથી ઘટાવી આપનાર 'સાક્ષાત્ બૃહસ્પતિ' છે

[૨૩]
સ્યાદ્વાદ—એ વિશ્વના કોઈ પણ યુદ્ધને નિવારનાર અને અપૂર્વ શાંતિ સ્થાપનાર 'સાચો દૂત' છે

[૨૪]
સ્યાદ્વાદ—એ પરસ્પર વિરોધવાળા વિવિધ દાર્શનિક મતમતાંતરોનું સુંદર સમાધાન કરનાર 'પ્રધાન ન્યાયાધીશ' છે.

[૨૫]

સ્યાદ્વાદ—એ વસ્તુમાં રહેલા અનંત ધર્મોને એકનો પણ અપલાપ કર્યા સિવાય સાપેક્ષભાવે સર્વને સ્વીકારી સુંદર સમન્વય કરનાર ' અસાધારણ શક્તિવંત ' છે.

[૨૬]

સ્યાદ્વાદ—એ શ્રી વીતરાગદર્શનનો-આર્હત્ દર્શનનો ' અભેદ્ય કિલ્લો ' છે.

[૨૭]

સ્યાદ્વાદ—એ સર્વત્ર વિજય અપાવનાર ' વિજયી સિદ્ધચક્ર ' છે.

[૨૮]

સ્યાદ્વાદ—એ સર્વજ્ઞ વિભુની સુધાસ્યાન્દિની સકલસંશય વિનાશિની સર્વજનમનોહારિણી ' દિવ્ય વાણી 'છે.

[૨૯]

સ્યાદ્વાદ—એ સર્વ પર મારવાની અનુપમ ' મહોર-છાપ ' છે.

[૩૦]

સ્યાદ્વાદ—એ સકલ જ્ઞાનનો 'સ્વયંભૂરમણ સમુદ્ર' છે

[૩૧]

સ્યાદ્વાદ—એ સકલ વસ્તુએ પરિપૂર્ણ ' અનુપમ ખજાનો ' છે.

[૩૨]

સ્યાદ્વાદ—એ મનોવાછિત ફળદાયક ' કમનીય કલ્પ વૃક્ષ ' છે.

[૩૩)

સ્યાદ્વાદ—એ શિવતરુવરનું ' સુંદર બીજ ' છે.

[૩૪]

સ્યાદ્વાદ—એ મિથ્યા અભિનિવેશકાદિનો નિર્મૂળ વિનાશક ' મહાશસ્ત્ર ' છે.

[૩૫]

સ્યાદ્વાદ—એ માધ્યસ્થ પરિણતિનો ' અદ્વિતીય પોષક ' છે.

[૩૬]

સ્યાદ્વાદ—એ આરાધનાના પુનિત પથે પ્રયાણ કરાવનાર અને ભવસિન્ધુથી તારનાર ' તારક ગુરુદેવ ' છે.

[૩૭]

સ્યાદ્વાદ—એ નિખિલ મુમુક્ષુઓને સકલ વિરાધનાઓથી બચાવનાર ' અભય આસ્થા ' છે.

[૩૮]

સ્યાદ્વાદ—એ વિશ્વમા અતિ ગહન ' અદ્ભુત વિષય ' છે

[૩૯]

સ્યાદ્વાદ—એ પ્રત્યેક દર્શનને માપવાનુ ' થર્મોમિટર પારાશીશી ' છે.

[૪૦]

સ્યાદ્વાદ—એ પારમાર્થિક સત્ય પ્રાપ્ત કરવા માટે 'પરમ ઉપકારક' અને 'અસીમ સહાયક' છે.

[૪૧]

સ્યાદ્વાદ—એ જગતમા એકતા સાધવાનો ' અમોઘ મંત્ર ' છે,

[૪૨]

સ્યાદ્વાદ—એ વિશ્વની ભિન્ન ભિન્ન વસ્તુઓની વિચાર-ધારાઓનુ ' વાસ્તવિક એકીકરણ ' છે.

[૪૩]

સ્યાદ્વાદ—એ વિશ્વનો સર્વમાન્ય 'અનુપમ કેમેરો' છે

[૪૪]

સ્યાદ્વાદ—એ જગતની જનતાને ઈષ્ટસ્થળે પહોંચવાનો ' અલૌકિક રાજમાર્ગ ' છે.

[૪૫]

સ્યાદ્વાદ—એ ઝઘડા-ટંટા આદિ પતાવનાર ' અપૂર્વ પંચ ' છે.

[૪૬]

સ્યાદ્વાદ—એ વિશ્વમા સૌની મોખરે રહેતુ ' અજેય દર્શન ' છે.

[૪૭]

સ્યાદ્વાદ—એ સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપી રત્નત્રયી સમર્પક અને પ્રાન્તે પરમ-પદ અર્પક ' અદ્વિતીય દાનવીર ' છે.

[૪૮]
સ્યાદ્વાદ—એ સમસ્ત વિશ્વનું ઝગમગતું ' અમૂલ્ય ઝવાહીર ' છે.

[૪૯]
સ્યાદ્વાદ—એ ભવસિન્ધુથી મુક્તિ કિનારે મૂકનાર ' મનોહર નૌકા ' છે.

[૫૦]
સ્યાદ્વાદ—એ ત્રિભુવન માનનીય, પૂજનીય અને વંદનીય ' પવિત્ર વિશ્વધર્મ ' છે.

ઉપસંહાર—

આ રીતે વિશ્વવિખ્યાત સ્યાદ્વાદ-અનેકાન્તવાદ અનેકશઃ ઉપમાને લાયક છે.

અત્રે તો માત્ર પંચાશિકદ્વારા યતકિંચિત્ દિગ્દર્શન કરાવેલ છે.

આનું વિસ્તીર્ણ વર્ણન અમારી આલેખાએલ સ્યાદ્વાદની સર્વોત્કૃષ્ટતા એ નામની પુસ્તિકા જોવાની જિજ્ઞાસુઓને ખાસ ભલામણ છે.

'આવા સર્વોત્કૃષ્ટ સ્યાદ્વાદને અપનાવી સૌ એકતા સાધો, વિશ્વમાં શાંતિ સ્થાપો, અને સન્માર્ગે પ્રગતિ કરી આત્મકલ્યાણદ્વારા મહાનંદ પદ પ્રાપ્ત કરો, એ જ અંતઃકરણની શુભેચ્છા...

સદા વિજયવંત એવા સ્યાદ્વાદ-અનેકાન્તવાદને અમારા કોટિશઃ વંદન હો.

પંન્યાસ શ્રી સુશીલવિજય ગણી.

卐

॥ शुभं भवतु श्रीसङ्घस्य ॥

ધાર્મિક પ્રશ્નાવલિ

મેક્સીકોની આઇબેરો અમેરીકન યુનિવરસીટીના એક અધ્યાપક ડૉ. એફ. પારડીનસ એક સુપ્રસિદ્ધ તત્ત્વચિંતક છે. તેમણે વિજ્ઞાન અને નૂતન સમાજરચનાને અનુલક્ષીને ૨૧ પ્રશ્નો તૈયાર કરેલા છે. અને આ પ્રશ્નોના ઉત્તરો જૈનધર્મની દૃષ્ટિએ જાણવા માગ્યા છે આ પ્રશ્નોના ઉત્તરો મોકલવાનો ' જૈન સાહિત્ય સભા ' એ નિર્ણય કર્યો છે. આ વિષયમાં જેઓ રસ ધરાવતા હોય તેમણે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો, જેથી તેમને પ્રશ્નાવલી વગેરે મોકલી આપવામાં આવશે

સરનામું:—**જૈન સાહિત્ય સભા**

C/o બુલીયન એકસચેંજ બિલ્ડીંગ, ૨ જે માળે

ઝવેરીબઝાર, મુંબઇ ૨

દાન

લેખકઃ—કાન્તિ જે. મહેતા

જો તમારે દાન ન આપવું હોય તો ન આપશો, પણ ખોટા બહાના બતાવી ચીકણું કર્મબંધન ન કરશો

दानं भोगो नाशस्तिस्रो
गतयो भवन्ति वित्तस्य।
यो न ददाते न दत्ते
तस्य तृतीया गतिर्भवति॥

આ સંસ્કૃત શ્લોક તો આપણે ઘણીવાર સાંભળ્યો છે. વળી "ધર્મના ચાર પ્રકાર...દાન, શિયળ, તપ, ભાવના" એ પણ જૈન શાસ્ત્રકારો પોકારી પોકારીને કહે છે. એ ચાર પ્રકારોમા સૌથી પહેલું અને સહેલું દાન દેવું તે છે, કારણ કે તેમાં માત્ર લક્ષ્મીનો મોહ છોડવા સિવાય વિશેષ કાંઈ જ કરવાનું હોતું નથી જ્યારે બાકીના ત્રણ-શિયળ, તપ ને ભાવના માટે ઘણી ચીજો સાધવાની હોય છે.

આ મ-ળમાં સરળ ક્રિયા કરનાર, અને અંતરાયના કારણું ન કરનારની કેટલીક રીતરસમો રમૂજ પમાડે તેવી હોય છે. તેવી કેટલીક હકીકતો રજૂ કરવાનો આ લેખનો આશય છે.

દાન દેનાર ખરેખર ઊંચા આત્માઓ તો કીર્તિ કે યશની પરવા કર્યા વગર પોતાનું કર્મબંધન ઘટે અને બાકીના ત્રણે ધર્મના પ્રકારો જલ્દી ઉદયમા આવે એ ઇચ્છાથી કરે છે અને તે ઉત્કૃષ્ટ છે. થોડી વાહવાહની અભિલાષાથી કરે તોપણ તેની દાનની ક્રિયા અનુમોદનીય છે છતાં તે મધ્યમ કક્ષામાં ગણાય, પણ કનિષ્ટ પ્રકાર કયો ગણાય એ તો સૌ પોતપોતાના અનુભવથી નક્કી કરે તેમ કહેવું તે જ ઠીક છે.

મુંબઈમાં સટ્ટા બજારમાં એક દાનવીર જૈન વેપારી એક વખત મોટી નુકશાનીમાં હતા. વલણ ભરવાના સમય વખતે જ બહારગામના સદ્‌ગૃહસ્થો કોઈ શુભ કાર્યોના ફંડ માટે તેમની પાસે ગયા. એ સદ્‌ગૃહસ્થે પહેલાં તો કહ્યું કે "હાલ જરા સરખાઇ નથી." પણ તુરતજ વિચાર આવ્યો કે બજારમાં વધુ ખોયા હોત તો આપવા પડત કે નહીં? અને એ ઉત્ત્મ આત્માએ પચાસ હજારની રકમ રાજીખુશીથી આપી. શુભનો કોઈ વાર તુરત ઉદય થાય છે. તેમ બીજા જ મહીને ૧૫ લાખ કમાયા.

બીજું દ્રષ્ટાંત—સ્વર્ગસ્થ સર પ્રભાશંકર પટ્ટણી (ભાવનગરના દીવાન) એક વખત મુંબઈ હતા. રોજના નિયમ મુજબ તાજમહાલ હોટલમાંથી સવારે કોલાબા કોઝવે સુધી એક તેમના મિત્ર સાથે ફરવા જતા. એક વખત સવારના કોલાબા કોઝવે પર ફરતા હતા, તે વખતે એક ગાંડા જેવા ભીખારીએ બૂમ મારી "એ પટ્ટણી! બગલાની પાંખ જેવા સફેદ કપડા પહેરીને શું આંગ માર્યા કરે છે! હું તારા ગામનો છું. બહુ દુ:ખી છુ. કાંઈક આપને પટ્ટણી" પટ્ટણી સાહેબના સાથી શ્રી મોહનભાઈ તો જરા નારાજ થયા. પણ પટ્ટણી સાહેબે શાંતિથી મોહનભાઈને પૂછ્યું: તમે કાંઈ સાથે લાવ્યા છો? મોહનભાઈએ જવાબ આપ્યો, "ચાર-આઠ આના હશે. બાકી તો સો સોની નોટો છે." પટ્ટણી સાહેબે તેમને બે નોટો રૂ. ૨૦૦) આપવા કહ્યું અને તે ભીખારીને આપીને કહ્યું "આ ૨૦૦ રાખ અને જરૂર પડે ત્યારે મને ભાવનગર પત્ર લખજે, મુંઝાઈશ નહીં, ધંધો-પાણી શરૂ કરજે. અને આવા મોટા શહેરમાં મહેનત કરીશ પછી તો ગુજરાન ચલાવવામાં મુશ્કેલી નહીં

"શેઠ ! આપ નાત જમાડવાના છો તેવું સાંભળ્યું તે ખરૂં ? " શેઠે ઉમંગથી કહ્યું " હા દોસ્ત દૂધપાક પૂરી ને ધારી. સાથે જાતજાતના ફરસાણ અને ભાતભાતના ચટણી-રાયતા. જ્ઞાતિભાઇઓ મારો પ્રમોદ આરોગે એ જોવા હું બહુ ઉત્સુક છું "

યુવક-" ભલે ! જમાડો ! "

શેઠ-" કાંઈ સૂચના કરવી હોય તો વિના સંકોચે કરો "

યુવક-" નાના ! જમાડો જમાડો, તમે નહીં જમાડો તો કોણ જમાડશે ? "

શેઠ જરા મુંઝવણમાં પડ્યા અને પૂછ્યું " કેમ ભાઇ ! કાંઇ વાંધો છે ? "

યુવક-" ના શેઠ, ના તમે જિંદગીમાં લાખો કમાયા પછી પહેલી વાર નાત જમાડો તેમાં કોઇને વાંધો શું હોય ? "

શેઠ ખુશી થઇને-" તો ઠીક ભાઇ "

યુવક-" પણ એક વાત કરૂં ? તમારી રસોઇ માણસના મોઢે નહીં જાય ગટરમાં જશે "

શેઠ (આવેશમાં)-" હેં ! હેં ! છે શું ? "

યુવક-" અમે પીકેટીંગ કરીશું. "

શેઠ તાડુકયા-' કેમ ? મારો કાંઈ ગુન્હો ? "

યુવકે જુસ્સાથી કહ્યું-" જી હા ભયંકર ગુન્હો ! ગાંધીજી કાંતે જેલમાં ગયા અને તમને મીઠાં મોઢાં કરવાનું સૂઝે છે. કરા . વો ! કરાવો "

શેઠ નરમ થઇને બોલ્યા-" તો હવે શું કરવું ? બધી તૈયારીઓ તો થઇ ચૂકી છે મારા પૈસાનું પાણી કરાવવામાં તમને શું લાભ છે ? '

યુવકે નરમાશથી કહ્યું-" નહીં શેઠ ! પૈસાનું પાણી નહીં થાય તમે એટલી રકમ સત્યાગ્રહના ફાળામાં નાનના કેળવણી ફંડમાં આપી મહાન પુણ્ય ઉપાર્જન કરી શકો છો. "

શેઠ (ક્રોધાવેશમાં)-" હેં ! શું કીધું ! મારા પૈસા હરામના આવ્યા છે ? મારી ઇચ્છા સંતોષવાને બદલે હું તમારી ઇચ્છા મુજબ કરૂં એવો તમારો ગુલામ છું શું ? જા, રે, જા ! મારે નાતે જમાડવી નથી અને ફંડફાળાએ ભરવા નથી. તમારા નસીબમાં આવું સરસ ખાવા પીવાનું હોય તો ને ? "

યુવકે નમ્રતાથી કહ્યું-" નહીં શેઠ ! એમ ઉલ્ટું વિચારો મા. હકીકત તો એ છે કે તમારા નસીબમાં ખવરાવવાનું કે વાપરવાનું માંડ્યું નથી અને તમે વિદ્વાન તેમજ હોશિયાર છો એટલે જાણો કે મરતી વખતે સાથે લઇ જઇ શકાતું નથી એટલે જ તમે બાળબચ્ચાં માટે મૂકીને જશો. નહીં તો તમે સાથે જ લઇ જાવ અને કહો કે બાળબચ્ચાંના નસીબ તેની સાથે છે ને ? હું શા માટે તેમને આપીને જાઉં ? કદાચ દુર્વ્યય કરે તો ? વિગેરે વિગેરે ચાલો હવે હું જાઉં. વંદે માતરમ્ બોલો મહાત્મા ગાંધીની જે. "

શેઠ (લાચારીથી)-" ખરૂં છે ભાઇ, મારા નસીબમાં કમાવાનું જ છે. વાપરવાનું છે જ નહીં ચાલો, હું જમણવાર રદ કરૂં છું. "

યુવકે સરલતાથી કહ્યું-" ડહાપણનું કામ છે, આભાર માનું છું. "

બોલો ! નિકાચિત કર્મનો બંધ પડ્યા પછી કેવી સ્થિતિ થાય તે હવે સમજાયું ? માટે મારી આપને અરજ છે કે ઉદાર દીલથી, શુદ્ધભાવે, બદલા કે યશ કલગીની તૃષ્ણા કે તમન્ના રાખ્યા વગર દાન આપો, (ઓછું કે વધારે, શક્તિ અનુસાર) ન આપવું હોય તો ભલે ન આપો. પણ આપીને લાભ ગુમાવશો નહીં અને ન આપવાની વૃત્તિ વખતે સાચા ખોટા બહાના બતાવીને ચીકણું કર્મ બાંધશો નહીં.

ઉદારતા ધરાવનાર માણસ કંજુસની પણ ટીકા ન કરવી જોઇએ તેનું નામ જ ખરી ઉદારતા. પણ કંજુસે પોતાના બચાવ ખાતર ઉદાર આત્માની ટીકા ભૂલે ચૂકે પણ ન કરવી તે ખાસ લક્ષમાં રાખવા જેવું છે

→※←

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH

ઇન્દ્રિયોના ભોગો

જ્યાં સુધી આપણી જીવનદૃષ્ટિ એવી હોય છે કે ઇન્દ્રિયોમાં સુખો જેમ વધારે ભોગવીએ તેમ વધારે સંસ્કારી, તેમ વધારે ઊંચા; તો એ જીવનદૃષ્ટિ વહેલે કે મોડે અશાંતિ તરફ લઈ જનારી નીવડશે. યુનેસ્કોની પ્રસ્તાવનામાં એમ લખાયું છે કે 'યુદ્ધ મનુષ્યના ચિત્તમાં શરૂ થાય છે એટલે શાંતિના સીમાડાઓ પણ ચિત્તમાંથી જ શરૂ થવા જોઈએ.' ઇન્દ્રિય સુખોને જીવનનું પરમ ધ્યેય માનનાર માણસ ભાગ્યેજ ચિત્તશાંતિ અનુભવી શકવાનો છે. આ બાબતમાં હિંદુ, જૈન, બૌદ્ધ, વગેરે ધર્મોની દૃષ્ટિ ઘણી રીતે એક સરખી છે. આ બધા ધર્મોએ ઇન્દ્રિયસુખને મર્યાદિત સુખ ગણાવ્યું છે, એટલું જ નહિ પણ, ભોગો ભોગવવાના નથી પણ એની મર્યાદાની બહાર ગયા પછી ભોગો જ આપણને ભોગવે છે

भोगो न भुक्ता वयमेव भुक्ताः
तृष्णा न जीर्णा वयमेव जीर्णाः ।

આમ ઉચ્ચ સ્વરે કહ્યું છે

મનુભાઈ પંચોળી

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર

विषयानुक्रम

१. सुभाषित		४५
२. प्रभु-भजन	(मुनिराजश्री लक्ष्मीसागरजी)	४६
३. प्रभु नयनामृत नूर-पान	(पादरकर)	४७
४. चैत्यवंदन-चतुर्विंशतिका (सानुवाद)	(पं. श्री सुशीलविजयजी गणि.)	४८
५. कस्तूरी मृग	(श्री बालचंद हीराचंद "साहित्यचंद्र")	४९
६. आचारांगसूत्र (६)	(अनु० कां. जे. दोशी)	५१
७. केटलीक संगहणी(संग्रहणी)	(श्री. हीरालाल र. कापडिया)	५५
८. स्वीकार		टा. पे. २

સ્વીકાર

૧. જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ: (ખંડ ૧, સાર્વજનીન સાહિત્ય) પ્રણેતા શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ એ. પ્રકાશિકા શ્રી મુક્તિકમળ જૈન-મોહનલાલ-વાડેકરાના કાર્યવાહક શ્રી લાલચંદ નંદલાલ વકીલ. ક્રાઉન સોળપેજી પૃષ્ઠ ૫૫૬ મૂલ્ય રૂપિયા છ.

"જૈન સાહિત્યસ્વામીઓએ માત્ર જૈન આગમો તથા દર્શનશાસ્ત્રને લગતું જ સંસ્કૃત સાહિત્ય રચ્યું છે, બીજા વિષયો કે જૈનેતર સાહિત્યમાં તેઓએ ચંચુપ્રવેશ નથી કર્યો." એવો એક ભ્રમ કેટલાક સમયથી પ્રવર્તતો હતો તેને નિર્મૂલ કરવા માટે પ્રયાસ કરવાની પરમપૂજ્ય સાહિત્યપ્રેમી મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજશ્રીને પ્રેરણા થઈ અને તેઓશ્રીએ આ કામ જાણીતા વિદ્વાન શ્રી હીરાલાલભાઈ કાપડિયાને કાર્ય સોંપ્યું, જે તેઓશ્રીએ સુંદર રીતે પાર પાડ્યું છે. આ પુસ્તકમાં જૈનાચાર્યોએ તેમજ અન્ય મુનિવર્યોએ જે જે જનભોગ્ય સંસ્કૃત કૃતિઓ રચી છે તેની વિસ્તૃત માહિતી આપી છે. ઉપોદ્‌ઘાતમાં વિદ્વાન લેખકશ્રીએ અને બે બોલમાં પ્રેરક વિદ્વાન મુનિરાજશ્રી યશોવિજયજીએ આ વિષયની સુંદર છણાવટ કરી સારો ન્યાય આપ્યો છે. સંસ્કૃત સાહિત્યના અભ્યાસકો માટે શ્રી મુક્તિકમલ મોહનમાળાનું આ અઠ્ઠાવનમું પુષ્પ વસાવી લેવા જેવું છે. આ ગ્રંથનો બીજો ખંડ પણ તાત્કાલિક પ્રગટ થાય તેમ ઈચ્છીએ છીએ.

૨. આર્હતધર્મપ્રકાશ (જૈન ધર્મ)--લેખક શતાવધાની મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજ. પ્રકાશક શ્રી આત્મકમલ-લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર-દાદર પૃષ્ઠ ૮૦--આકર્ષક બાઈંડીંગ.

"જૈન ધર્મ" શું છે? તેમાં શી વિશિષ્ટતા છે? તેનું જાણવાની જિજ્ઞાસા દિવસે દિવસે વધતી આવે છે તેવા સમયમાં પૂજ્ય મુનિરાજશ્રીએ આ દિશામાં સારો પ્રયાસ કર્યો છે. ગુજરાતી ભાષામાં આ પુસ્તિકાની આ ત્રીજી આવૃત્તિ છે. વિવિધ ભાષાઓમાં આ પુસ્તિકાની અત્યારસુધીમાં ૫૭૨૫૦ નકલો પ્રસિદ્ધ થઈ છે. આ સંક્ષિપ્ત પુસ્તિકામાં આત્મા, કર્મ, જૈનસાધુ, ઈશ્વરોપાસના, સ્યાદ્વાદ, ષડ્‌દ્રવ્ય, જૈનધર્મ વિગેરે વિષયોનું મુદ્દાસર વિવેચન કરવામાં આવેલ છે. મુનિરાજશ્રી આવા નાના ટેકો દ્વારા જનસમાજોપકાર કરી રહ્યા છે અમો તેઓશ્રીના પ્રયાસને આવકારીએ છીએ.



વર્ષ ૫૭ મું] મહા તા. ૧૫-૨-૬૦ [અંક ૪

सुभाषित

दग्धं खाण्डवमर्जुनेन बलिना दिव्यैर्द्रुमैः सेवितं
दग्धा वायुसुतेन रावणपुरी लंका पुनः स्वर्णभूः ।
दग्धः पञ्चशरः पिनाकपतिना तेनाप्ययुक्तं कृतं
दारिद्र्यं जनतापकारकमिदं केनापि दग्धं न हि ॥

દિવ્ય વૃક્ષોથી ભરેલું ખાંડવ વન બળવાન અર્જુને બાળી નાખ્યું, પણ તેમાં એણે શું સારું કર્યું ? વાયુપુત્ર હનુમાને રાવણની સુવર્ણપુરી લંકા બાળી નાખીને પણ શું સારું કર્યું ? પિનાકપાણિ શંકરે કામદેવને બાળી નાખ્યા એમાં પણ એમણે કંઈ સારું કર્યું નથી. બાળી નાખવા યોગ્ય તો જનોને સંતાપ આપનારી આ ગરીબાઇ—દારિદ્રય છે, પણ એ ગરીબાઇને તો કોઇએ પણ બાળી નહિ !

પ્રભુ–ભજન

(રાગ–મારા પ્રેમી પંખીડા સહુ આવજો સાથ)

મારા પ્રેમી પંખીડા સહુ આવજો સાથ–જંગલમાં મારી ઝુંપડી
કોઈ સાથે આવે તો તેડી લાવજો હો રાજ–જંગલમાં મારી ઝુંપડી

[સાખી]

નિરમળ જળમાં ઝીલતાં, કરશું અમીરસપાન
ભોજનીયામાં ભાવતાં, ભજશુ શ્રી ભગવાન
કાયા પિંજરના પ્રેમથી પખાળશુ હો રાજ–જંગલમાં મારી ઝુંપડી

[સાખી]

કોટી જનમના પુન્યથી, મળ્યો મનુષ્ય અવતાર
ભાવે ધરી પ્રભુ નવ ભજ્યા, લાખ્ખો વાર ધિક્કાર
તુહી **વીર** તુહી **વીર** એમ બોલશું હો રાજ–જંગલમા મારી ઝુંપડી

[સાખી]

પ્રેમ વિના પ્રભુ નવ રીઝે, મુક્તિ કદિ નવ થાય
પૂરણ પ્રેમજ હોય તો, મુક્તિ માર્ગ જવાય
પ્રેમ દરિયામા નાવડું ઝુકાવજો હો રાજ–જંગલમા મારી ઝુંપડી

[સાખી]

એક પળ જાયે લાખની, લહીયો રૂડો લ્હાવ
જો જો આ ભવ ભૂલતાં, મળશે નહિ ફરીવાર
લક્ષ્મીસાગરની વિનતિ છે, હો રાજ–જંગલમાં મારી ઝુંપડી
ખોટી લાગે તો પાછી લાવજો હો રાજ–જંગલમા મારી ઝુંપડી

રચયિતા—મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી

— પ્રભુ નયનામૃત નૂર-પાન —

(રાગ-ઝીણા ઝરમર વરસે મેહ-)

જેણે પીધાં છે પ્રેમળ નૂર-પ્રભુ નયનામૃતનાં !
જેણે દીધાં છે દિલના દાન, પ્રભુ ચરણતલમાં !
તોડી જગ બંધન સંધાના, પ્રભુથી તારે તાર રે !
પલ પલ પ્રેમ પરમપર બ્રહ્મના-બજવે હૃદય સિતાર-પ્રભુ નયનામૃત

પ્રભુ નૂર પીપેલી આંખો-નિર્મળ ને નિર્દોષ રે !
નીતરે ભક્તિ દયા દીનતા-પ્રભુ સ્મરણો એહોસ ! પ્રભુ-

પ્રભુ નયનામૃત સાગર પીધા, ડૂબ્યા એ મઝધારરે !
લાડીલાં પ્રભુનાં સંતનીઆં, મસ્ત સહેજ ગમાર- પ્રભુ-

આંખે ઘેન પરમ ભક્તિનાં, રગ રગ વહે રસધારરે !
લાડીલાં પ્રભુનાં સંતનિઆં, હું તુંના ગુંજાર ! પ્રભુ-

દિલનાં દાન પ્રભુને દીધાં, અર્પાયા સર્વાંગીરે !
નિજનું દેઇ નિજત્વ પ્રભુને, પીધી ત્યાગની ભોગ ! પ્રભુ-

મ્હારું ત્હારું રાગ દ્વેષ ને, માન વળી અપમાનરે !
પ્રભુચરણો સૌ ધરી, દીનતા ધારે આઠે જામ ! પ્રભુ-

વિકલ્પ ને વ્યાકુળતા વર્જે, ભય શંકાનો ત્યાગરે !
વિશ્વ બાલુડા સહુ પ્રભુનાં, ભેદ ન દ્વેષ ન રાગ ! પ્રભુ-

અગમ્ય ચોગીજનોને દુર્ઘટ-સેવા ધર્મ સ્વીકારરે !
ભક્તિ પ્રભુની પ્રફુલ્લ હૈયે, બજવે સેવા સિતાર- પ્રભુ-

એનાં હાસ્ય ગુલાબ પ્રફુલ્લે-જગત્ હસાવણહારરે-
કરમાતા ન કદી અજરામર-બની કરાવણહાર- પ્રભુ-

સાચા ભક્તજ સાચા સંતલ-સાચાં પ્રભુનાં બાલરે !
એ ચરણે મણિ વન્દન નિત્યે-પરમ પ્રેમ પ્રતિપાળ- પ્રભુ-

પાદરાકર

चैत्यवंदन चतुर्विंशतिका

ભાવાર્થકાર-પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણી

(અનુસંધાન પુસ્તક ૫૭ ના પૃષ્ઠ ૩૬ થી ચાલુ)

द्वाविंशतितमतीर्थङ्कर—

श्रीनेमिनाथजिनेन्द्र-चैत्यवन्दनम् [२२]

(उपजाति-छन्दः)

विशुद्धविज्ञानभृतां वरेण, शिवात्मजेन प्रशमाकरेण ।
येन प्रयासेन विनैव कामं, विजित्य विक्रान्तनरं प्रकामम् ॥ १ ॥

નિર્મળ વિજ્ઞાનને ધારણ કરવામાં શ્રેષ્ઠ એવા, પ્રશમના આકાર(ખાણ)એવા જે શિવાદેવીના નંદન નેમિનાથે લીલામાત્રથી જગતને આક્રમણ કરનાર કામદેવને અત્યંત જીતીને...(૧)

विहाय राज्यं चपलस्वभावं, राजीमतीं राजकुमारिकां च ।
गत्वा सलीलं गिरिनारशैलं, भेजे व्रतं केवलमुक्तियुक्तम् ॥ २ ॥

તથા ચપળ સ્વભાવવાળા રાજ્યને છોડીને રાજીમતી નામની-રાજકુમારિકાને પરિહરીને લીલા પૂર્વક ગિરનાર પર્વત પર જઇને જેને દીક્ષા, કેવલ અને મોક્ષને પ્રાપ્ત કરેલ છે એવા... (૨)

निःशेषयोगीश्वरमौलिरत्नं, जितेन्द्रियत्वे विहितप्रयत्नम् ।
तमुत्तममानन्दनिधानमेकं, नमामि नेमिं विलसद् विवेकम् ॥ ३ ॥

(त्रिभिर्विशेषकम्)

સમગ્ર યોગીશ્વરરૂપી મુકુટોમાં રત્ન સમાન, જિતેન્દ્રિયપણામાં જેમણે પ્રયત્ન કર્યો છે એવા, ઉત્તમ આનંદના નિધાન અને જેનો વિવેક વિલાસ પામી રહ્યો છે એવા તે અદ્વિતીય નેમિનાથ પ્રભુને હું નમન કરું છું. (૩)

કસ્તૂરી મૃગ

(જ્ઞાનની આંખ ઉઘડે તોજ સત્ય શું છે તે ઓળખાય છે)

(મંદિરા ૭૬)

કસ્તૂરી નિજ નાભીમાં છે એ ન જાણતા વને વને
સુગંધ કાજે ભમતો મૃગલો દુઃખ ધરે છે નિત્ય મને
ઘણું વિચારો તો એ નિરાશા અનુભવતો એ નિત્ય ફરે
જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વિણ ક્યાંથી સત્ય જણાએ વસ્તુ ખરે ૧

દીવો હાથે ઝાલી ફરતો દિવાસળી માટે કોઈ
ઘર ઘર ભટકે પણ નિજ દીવો આંખથકી ન શક્યો જોઈ
રવિ પૂછે છે પ્રકાશ ક્યાંથી આવે છે તમ કોણ હરે ?
જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વિણ ક્યાંથી સત્ય જણાએ વસ્તુ ખરે ૨

શશિ પૂછે છે જ્યોત્સ્ના શીતલ પ્રગટાવે છે કુણ જગમાં
સાગર માગે લવણ આપજો ચપટી મુજને અંજલિમાં
બાલકને નિજ કેડે ઝાલી શોધતો સહુ ગામ ફરે
જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વિણ ક્યાંથી સત્ય જણાએ વસ્તુ ખરે ૩

રાજા માગે ભીખ આપજો કટકો ખાવા ભૂખ્યાને
રત્નાકર માગે છે કેવુ રત્ન દાખવો એક મને
કાળ અનંતો ગયો એકલો અજ્ઞપણાની રાત અરે
જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વિણ ક્યાંથી સત્ય જણાએ વસ્તુ ખરે ૪

કોણ અને હું ક્યાંથી આવ્યો ક્યાં જાઉં છે મને હવે
એ નહીં જાણું જગમાં ભટકે જ્યાં ત્યાં પૂછે મુખે લવે
નિજને ઓળખ આત્મા તું છે જ્ઞાનવંત આનંદ ધરે
જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વિણ ક્યાંથી સત્ય જણાએ વસ્તુ ખરે ૫

દેહ માહરો સગા માહરા ઘર મારું છે હું એનો
મોહ પટલ ને તિમિર અવિદ્યા ઢાંકે સહુ અંધાર ભર્યો

કયારે ટળશે રાત્ર મોહિની દિવસ ઊગશે એ કયારે ?
જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વિણુ કયાંથી સત્ય જણાએ વસ્તુ ખરે ૬

દાખવજો કોઇ સંત અધને માર્ગ સરળ મુજ આત્મતણો
જેથી હું પોતાને જાણું સચ્ચિદ્રૂપે જ્ઞાન ગુણો
ભૂલાએ સહુ જડતા મનની પ્રગટ રૂપ મન શાંતિ ધરે
જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વિણુ કયાંથી સત્ય જણાએ વસ્તુ ખરે ૭

જગ નહીં મારું હું નહીં જગનો સ્વતંત્ર આત્મા હું સાચો
અહંગરથી હું રખચો છું તેથી હજુએ પણુ કાચો
સદ્ગુરુચરણે બાલેન્દુની વિનતિ એક મુજ મોહ હરે
જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વિણુ કયાથી સત્ય જણાએ વસ્તુ ખરે. ૮

કવિ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ

सीदन्ति सन्तो विलसन्त्यसन्तः
दाता दरिद्रः कृपणो धनाढ्यः ।
अन्येषु मैत्री स्वजनेषु वैरम्
पश्यन्तु लोकाः कलिकौतुकानि ॥

ઉપજાતિ

સતો દુઃખી દુષ્ટ સુખી જણાતા,
લાખોપતિ લોભી દરિદ્ર દાતા;
શત્રુ સગા અન્ય મનુષ્ય મિત્ર,
જુઓ કલિકૌતુક આ વિચિત્ર.



આચારાંગ સૂત્ર (૬)

લે. પં. દલસુખ માલવણિયા

લોકસાર :

આચારાંગસૂત્રના પાંચમા અધ્યયનનું નામ લોકસાર છે. તેનું બીજું નામ આવન્તી છે. કારણ કે પહેલા ત્રણ ઉદ્દેશાની શરૂઆત આવન્તી શબ્દથી થાય છે. ધર્મ જ લોકમાં સારભૂત તત્ત્વ છે. ધર્મનો સાર જ્ઞાન છે, જ્ઞાનનો સાર સંયમ છે, અને સંયમનો સાર નિર્વાણ છે. આ વાતોનું વિવરણ આ અધ્યયનમાં વિસ્તારથી કરવામાં આવ્યું છે. આ અધ્યયન છ ઉદ્દેશમાં વહેંચાયેલું છે.

પહેલા ઉદ્દેશના પહેલા સૂત્રમાં નાગાર્જુનીય પાઠ છે× તે અધિક સ્પષ્ટ છે. બન્ને પાઠનું તાત્પર્ય તો એટલું જ છે કે "પ્રયોજનથી કે વગર પ્રયોજને જે જીવોની હિંસા કરે છે, તે તે જીવોની વચ્ચે ભ્રમણ કરતા કરતા દુઃખનો અનુભવ કરે છે." કેમકે આ કામ ઘણું ભારે છે, તેથી તે જીવો સંસારને પાર કરી શકતા નથી, તેઓની વચ્ચે જ પરિભ્રમણ કરે છે અને મોક્ષથી દૂર છે. તેથી આગળ એક ગૂઢ સૂત્ર છે.— "नेव से अन्तो, नेव से दूरे" અર્થાત્ તેઓ અંદર પણ નહીં અને દૂર પણ નહીં. ટીકાકારોએ આ વાક્યના કેટલાયે અર્થો આપ્યા છે. પ્રસંગ પ્રમાણે એ ઉચિત છે કે જીવ કામભોગની વચ્ચે રહેવા છતાં તે બધા ભોગ ભોગવી શકતો નથી, તેથી તેનું તેઓની વચ્ચે રહેવું, તે ન રહેવા બરાબર છે અને તે ભોગ અભિલાષા-ભોગોના ઇચ્છાનો ત્યાગ પણ કરી શકતો નથી, તેથી તે તે ભોગોથી દૂર પણ નથી. આગળનું આ સૂત્ર પણ માર્મિક છે:—"संसयं परियाणओ संसारे परिन्नाए भवइ, संसयं अपरियाणओ संसारे अपरिन्नाए भवइ" અર્થાત્ જેણે સંશય-પ્રશ્નનું પરિજ્ઞાન કરી લીધું તેનો સંસાર પણ પરિજ્ઞાન -છૂટી જાય છે અને જેણે સંશયનું પરિજ્ઞાન નથી કર્યું, તેનો સંસાર પણ અપરિજ્ઞાત રહે છે. સંસારમાં એવા અનેક જીવ છે જેમના મનમાં પોતાના સાંસારિક જીવનના વિષયમાં કદિ પ્રશ્ન જ ઉઠતો નથી, તો તે સંસારને કેવી રીતે પાર કરી શકે ? સાધનાની શરૂઆત જ સંશયથી થાય છે. આ બધું શા માટે અને કોના માટે છે? જો આવો સંશય પોતાના મનમાં ન ઊઠે, તો સંસારના અંતનો સંભવ નથી આ વાતને બૌદ્ધ વિદ્વાન આર્યદેવે બહુ સુંદર રીતે કરી છે :—

अस्मिन् धर्मेऽल्पपुण्यस्य सन्देहोऽपि न जायते।
भवः सन्देहमात्रेण जायते जर्जरीकृतः॥ चतुःशतक
८. ५

અર્થ—"આ ધર્મમાં—પોતાના સ્વરૂપ વિષે અલ્પ પુણ્યશાળી-મિથ્યાત્વીને સંદેહ થતો નથી. સંદેહ ઉત્પન્ન થતા જ સંસાર જીર્ણશીર્ણ—નષ્ટપ્રાય થઈ જાય છે.

આગળ કહ્યું છે કે જે છેક નિપુણ છે તે સાગારિયં*—મૈથુનનું સેવન કરતો નથી. સેવન કરીને છુપાવવું એ તો મંદપુરુષની બીજી બાલિશતા—મૂર્ખતા છે

× ટીકાકારે આ પાઠ ઉદ્ધૃત કર્યો છે—આચારાંગ ટીકા પૃ. ૧૮૦ ચૂર્ણિકારે તો વિપ્રમુક્તિ શબ્દના હિંસા અર્થના સમર્થનમાં આ પાઠ આપ્યો છે. પૃ. ૧૫૭

* "आगारेहिं परिवत्तीति सागारियं मेहुणं"—આ૦ ચૂ૦ પૃ. ૧૬૦' નાગાર્જુનીય પાઠમાં सागारिद શબ્દ નથી.

સંઘથી જુદા પડીને વિચરણ કરનારાઓની બાબતમાં કહેવામાં આવ્યું છે કે "અશરણને પણ શરણ માનીને આસક્ત જીવ પાપકર્મોમાં રમણ કરે છે."

અન્તમાં કર્મકાંડીના વિષયમાં કહ્યું છે કે– "હે માનવ, પ્રજા આર્ત–પીડિત છે, કર્મ-કોવિદ કર્મમાં કુશળ છે. પરંતુ જે વિરત થતા નથી અને 'અવિદ્યા–અજ્ઞાનથી મોક્ષ મળે છે' એમ જે કહે છે તે સંસારમાં જ પરિભ્રમણ કરે છે. આ આક્ષેપ સ્પષ્ટ રીતે વૈદિક કર્મમાર્ગમાં માનનારાઓ ઉપર કરવામાં આવ્યો છે. તેઓને કર્મમાં તત્ત્વજ્ઞાન કરતા કર્મમાર્ગ ઉપર વધારે વિશ્વાસ છે તેથી તેઓમાં જ્ઞાનોપાસના પણ નથી અને જ્ઞાનજન્ય વિરતિ પણ નથી.

બીજા ઉદ્દેશમાં વિરત–ત્યાગી મુનિનું વર્ણન કરતાં કહ્યું છે કે ' લોક–સંસારની વચ્ચે રહીને પણ તેઓ હિંસાજીવી નથી, તેઓએ જાણી લીધું છે કે આ શરીરથી મુક્ત થવાને માટે આ જ અવસર છે. પ્રત્યેક જીવને પોતાના સુખદુઃખ છે, તેની પોતાની ઇચ્છા છે એટલા માટે જીવોની હિંસા ન કરે, તેને પીડા ન કરે, પરંતુ જે દુઃખ આવે તેને સમભાવપૂર્વક સહન કરે, એ જ શાંતિ માર્ગ છે.

અંતમાં પરિગ્રહને પાપ ગણાવતા કહ્યું છે કે "પરિગ્રહ અલ્પ હોય કે ઘણો, સચિત્ત-સજીવ હોય કે અચિત્ત-નિર્જીવ હોય, પરંતુ તે મહાભય છે. તેના ત્યાગીને પરમચક્ષુ-દિવ્યદૃષ્ટિવાળો કહ્યો છે અને અપરિગ્રહમાં બ્રહ્મચર્યની સંભાવના બતાવી છે."

ત્રીજા ઉદ્દેશની શરૂઆતમાં અપરિગ્રહની ચર્ચા છે. અને ઉપદેશ છે કે વીર્ય-શક્તિને છુપાવવું ન જોઈએ. પોતાના કામાસક્ત આત્માની સાથે યુદ્ધ કરવું જોઈએ, બાહ્યયુદ્ધનું શું પ્રયોજન છે ?– આ આર્ય યુદ્ધ દુર્લભ છે. બાહ્ય શત્રુઓ સાથે લડવું એ તો અનાર્ય યુદ્ધ છે.

" જે સમ્યક્ છે તે જ મુનિપણું છે અને જે મુનિપણું છે તે જ સમ્યક્ છે એમ જાણો. "–આ ઉક્ત નિશ્ચયનયથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતાનો નિર્દેશ કરે છે. આ જાણવું, એ લોકોને માટે સંભવિત નથી કે જેઓ શિથિલાચારી અને વક્રસમાચારી છે, પ્રમત્ત અને ગૃહવાસી છે.

ચોથા ઉદ્દેશની શરૂઆતમાં અવ્યક્ત–અપંડિત અને અપક્વ–અનુભવહીન ભિક્ષુની એકાકી ચર્યાને દુર્યાત અને દુષ્પરાક્રાન્ત–અયોગ્ય કહી છે. અને ગુરુઆજ્ઞાના પાલનનો ઉપદેશ આપવામાં આવ્યો છે. અને અન્તમા સ્ત્રીસંગથી થનાર દોષોનું અને તેના નિવારણના ઉપાયોનું વર્ણન છે. ઉક્ત પ્રસંગમાં એક માર્મિક વાક્ય છે–" લોકમાં સ્ત્રીઓ પરમારામ છે "– ટીકાકાર **પરમારામ** નો અર્થ પરમ મોહ કરે છે.

પાચમા ઉદ્દેશની શરૂઆતમાં મહર્ષિઓનો પરિચય આપતા કહ્યું છે કે–" સમતલ ભૂમિમાં રહેલ એક જળાશય છે, જે સ્વયં પરિપૂર્ણ છે, ઉપશાંતરજ છે, અને જળમાં રહેનાર જીવોનું સંરક્ષક છે. મહર્ષિ પણ એવા જ છે, જે બધી રીતે ગુપ્ત છે, પ્રજ્ઞાવંત છે, પ્રબુદ્ધ છે, હિંસાથી વિરત છે. તેમને સમ્યક્ પ્રકારે જુઓ કે તેઓ એવી રીતે સમાધિકાળની આકાંક્ષા કરતા વિચરણ કરે છે.

શ્રદ્ધાને દૃઢ કરવા માટે ઉપદેશ છે કે " જે વિચિકિત્સાસમાપન્ન—સંશયશીલ છે, તેને સમાધિલાભ નથી થતો. તેથી એ નિઃશંક છે કે જે તીર્થંકરોએ પ્રતિપાદન કર્યું છે તેમાં શ્રદ્ધા કરવી આવશ્યક છે. આગળ અહિંસાનો ઉપદેશ છે કે—" જેને તું હન્તવ્ય—મારવાને યોગ્ય માને છે, તે તું જ છે " આ પ્રતિબોધક આધાર ઉપર જીવન ચલાવનાર કદિ-કોઈપણ પ્રાણીની હિંસા કરતો નથી, ઘાત કરતો નથી.

આત્મા અને વિજ્ઞાનનો અભેદ તથા આત્માને વિજ્ઞાતા કહી સાંખ્યના અકર્તૃત્વવાદ અને " બુદ્ધિ પ્રકૃતિના પરિણામ છે "—આ વાદનું નિરાકરણ સૂચિત કરવામાં આવ્યું છે. તથા ન્યાય—વૈશેષિક સંમત દ્રવ્ય—ગુણનો આત્યંતિક ભેદ નિર્ગ્રન્થોને માન્ય નથી, એ પણ જ્ઞાત થાય છે.

છઠ્ઠા ઉદ્દેશની શરૂઆતમાં કહ્યું છે કે—કેટલાક

માણસો સોત્થાન—સંયમરત છે પરંતુ આજ્ઞાનુસારી નથી, કેટલાક આજ્ઞાનું અનુકરણ કરવાવાળા છે પરંતુ સોત્થાન નથી. હે જીવ ! તું એવું ન કર. મેધાવી—બુદ્ધિમાન પુરુષ આજ્ઞાનું અતિક્રમણ—ઉલ્લંઘન કરતો નથી. મુમુક્ષુ આજ્ઞાનું અનુસરણ કરીને પરાક્રમ કરે છે. સંસારમાં ઉપર નીચે, આજુબાજુ ચારે બાજુ આસક્તિના સ્રોત છે, એમ જાણીને જેઓ વિરત થાય છે તે વેદવિત—જ્ઞાની થાય છે અને પરિણામે જરામરણના માર્ગને પાર કરી જાય છે—મોક્ષમાં જઈને વસે છે. ત્યાં શબ્દની ગતિ નથી, તર્ક ત્યાં પહોંચી શક્તો નથી, અને બુદ્ધિનું અવગાહન તે નથી. ઓજરૂપ છે, નિરાલમ્બ છે. દીર્ઘ, હ્રસ્વ, વૃત્ત, ત્રિકોણ, ચતુષ્કોણ, પરિમંડળ, કૃષ્ણ, નીલ, લોહિત, હારિદ્ર, શુક્લ, સુરભિગન્ધ, દુરભિગન્ધ તિક્ત, કટુ, કષાય, અમ્લ, મધુર, કર્કશ, મૃદુ, ગુરુ—લઘુ, ઉષ્ણ, સ્નિગ્ધ—રૂક્ષ, કાયયુક્ત, પુનર્જન્મયુક્ત, સંગી, સ્ત્રી, પુરુષ અને નપુંસક આ બધામાંથી તે એક નથી. પરંતુ પરિજ્ઞ અને સંજ્ઞારૂપ છે એટલે કે કેવળ જ્ઞાનરૂપ છે. તેની કોઈ ઉપમા પણ નથી. અરૂપી સત્તા છે, અપદ છે, તેથી તેને માટે કોઈ પદ—શબ્દ છે જ નહિ. પરમાત્માના આ સ્વરૂપની તુલના ઉપનિષદના બ્રહ્મ અને અન્ય દાર્શનિકોના મુક્ત—આત્મા સાથે કરવાથી પ્રતીત થાય છે કે આ બાબતમાં ઘણું કરીને બધા એકમત છે.*

ધુત

છઠ્ઠું 'ધુત' નામનું અધ્યયન છે. તેના પાંચ ઉદ્દેશ છે. 'ધુત' શબ્દની વ્યાખ્યા કરતા નિર્યુક્તિકારે વસ્ત્રાદિને દ્રવ્યધુત-શુદ્ધ-સાફ-નિર્મળ-કહ્યું છે. પરીષહ અને ઉપસર્ગ સહન કરીને કર્મમલનું નિવારણ કરનાર આત્માને 'ભાવધુત'—શુદ્ધ—બુદ્ધ- મુક્ત કહ્યો છે. પ્રસ્તુત અધ્યયનમાં આભ્યન્તર અને બાહ્ય વસ્તુઓના ત્યાગનો અને આત્માને શુદ્ધ કરવાની પ્રક્રિયાનો ઉપદેશ છે. આત્માને શુદ્ધ કરવાની પ્રક્રિયાને 'ધુત' શબ્દથી ઓળખવામાં આવે છે એની સાબિતિ બૌદ્ધ ગ્રન્થોમાં પણ મળે છે. તેમાં પણ 'ધુત' શબ્દનો ઉક્ત નિર્યુક્તિસંમત અર્થ મળે છે, તેમાં ૧૩ અંગોનો સમાવેશ થય છે.

પહેલા ઉદ્દેશમાં પલાશ-પાન તેમજ શેવાળ વગેરેથી છવાયેલ તળાવમાં નિવાસ કરનાર કાચબાનું ઉદાહરણ આપી બતાવ્યું છે કે કેવી રીતે તેને માટે તળાવની બહાર નીકળવું અઘરું છે અને બીજું વૃક્ષનું ઉદાહરણ આપી સમજાવ્યું છે કે કેવી રીતે વૃક્ષને માટે પોતાના સ્થાનનો પરિત્યાગ કરી અન્યત્ર ચાલ્યા જવું અઘરું છે. તેવી જ રીતે મનુષ્યને માટે પોતાના કુળ-સ્નેહી-સ્વજનોનો પરિત્યાગ કરવો એ અઘરું છે. આ મોહપાશમાં બંધાઈને જ રહેવાને કારણે તે કોઢ વગેરે સોળ રોગોમાંથી કોઈ પણ એક કે બધારે રોગોથી વારંવાર આક્રાન્ત થાય છે અને જન્મ મરણની ચક્કીમાં પીસાય છે. તેથી આ બધા દુઃખ આપનારા કારણોને જાણી મનુષ્યે મોક્ષને માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

બીજા ઉદ્દેશમાં બ્રહ્મચર્યનો સ્વીકાર કરીને તેનો પરિત્યાગ કરનારાઓનો પ્રસંગ છે તેમાં 'વસુ અને અનુવસુ' એ શબ્દપ્રયોગ છે. ચૂર્ણિ અને ટીકાના નીચેના ઉલ્લેખમાં સ્પષ્ટીકરણ છે:—

वीतरागो वसुर्ज्ञेयो जिनो वा संयतोऽथवा ।
सरागोऽनुवसुः प्रोक्तः स्थविरः श्रावकोऽपि वा ॥

એટલે કે 'વસુ' નો અર્થ છે વીતરાગ પુરુષ, તીર્થંકર કે સંયત પુરુષ છે અને સરાગને અનુવસુ કહે છે. તે સ્થવિર કે શ્રાવક હોય છે. 'વસુ' શબ્દ વૈદિક છે અને દેવોના એક વર્ગનું નામ છે. તે વર્ગમાં આદિત્ય વગેરે આઠ નામ છે. શ્રમણપરંપરામાં તે જ શબ્દને અપનાવીને તીર્થંકરને 'વસુ' અને તેનું અનુસરણ કરનારને 'અનુવસુ' કહ્યા છે. એટલું જ નહિ પણ 'વસુ' નો વીતરાગ અર્થ કરીને એ સ્પષ્ટ કરી દીધું છે કે પૂજાની પવિત્રતા વીતરાગત્વને લીધે છે, બીજા કોઈ કારણે નહિ.

'સંયમનો પરિત્યાગ કરનાર બાહ્ય-વેશ વસ્ત્ર, પાત્ર,

* વિશેષ વિવરણ માટે જુઓ પં. સુખલાલજીની 'અધ્યાત્મવિચારણા' પૃ. ૮૧થી.

કંબલ, પાદપુંછનક—રજોહરણને છોડી દેતા હતા. તેથી જણાય છે કે સાધુના ઉપકરણોમાં આ વસ્તુઓ હતી. કેટલાક અનગાર—મુનિ એવા પણ હતા કે જે સંયમનો સ્વીકાર કરી પછી એકાગ્રચિત્ત થઈને દરેક જાતના આસક્તિનો પરિત્યાગ કરી, એકત્વ ભાવનાનો સહારો લઈ, દરેક પ્રકારે મુંડ બની અચેલક બની જતા હતા. વસ્ત્રનો પણ ત્યાગ કરી દેતા હતા અને ક્રમેક્રમે આહાર-પાણી ઓછા કરી દરેક પ્રકારના કષ્ટો સહન કરી પોતાના બાકી રહેલા કર્મોનો ક્ષય કરતા હતા. તેઓ ફરી સંસારમાં પ્રવેશ કરતા નથી—જન્મ લેતા નથી.

તીર્થંકરની આજ્ઞા પ્રમાણે કેવળ ધર્મ જ સારો છે, બીજું કંઈ જ નહિ—એ ઉત્તરવાદ મનુષ્યોને બતાવવામાં આવ્યો છે. ઉત્તરવાદની ચૂર્ણિકારે સુંદર વ્યાખ્યા કરી છે. આ વાદ સંસારસાગર પાર કરાવે છે, તેથી તે ઉત્તરવાદ છે. ઉત્તર—શ્રેષ્ઠ છે તેથી ઉત્તરવાદ છે. શ્રેષ્ઠતાનું કારણ એ છે કે મારો ધર્મ—આત્મસ્વભાવ સુખ છે તો દરેકનો સુખરૂપ હોવો જોઈએ. તેથી કોઈને દુઃખ ન દેવું જોઈએ. એ જ ઉત્કૃષ્ટ ધર્મ રહ્યો.

ત્રીજા ઉદ્દેશમાં વસ્ત્રત્યાગ કરનાર ભિક્ષુની પ્રશંસા કરતા બતાવ્યું છે કે તેમને એ વાતની ચિંતા નથી રહેતી કે મારું વસ્ત્ર ફાટી ગયું છે, બીજું નવું વસ્ત્ર લાવવું છે, સોઈદોરો લઈને સીવવું છે વગેરે એવા અચેલ મુનિ વસ્ત્રના અભાવને કારણે પોતાને હળવો અને તપની સહજ પ્રાપ્તિનો ભાગી માની આવનારા કષ્ટોને સમભાવપૂર્વક સહન કરે છે. એવા મહાવીર પુરુષોને જુઓ—જે બધું સહન કરીને મુક્ત થઈ ગયા છે.

ચોથા ઉદ્દેશની શરૂઆતમાં પ્રજ્ઞાવન્ત મહાવીરો દ્વારા શિક્ષિત થવા છતાં સંયમ માર્ગથી પતિત થનારા શિષ્યોનું કથન છે. કેટલાક એવા શિષ્યો પણ હોય છે કે જે સંયમથી રહિત થઈને પણ સમ્યગ્ આચારનું નિરૂપણ કરે છે. પરંતુ જ્ઞાન અને દર્શનથી ભ્રષ્ટ સાધુ પોતાના જીવનનો નાશ કરે છે. એવા પુરુષોએ ઘર છોડવું નિરર્થક છે. તેઓ બાળ છે, ભવચક્રમાં ઘૂમતા રહે છે. તેઓ વિષણ્ણ છે અને વિતર્દ-હિંસક છે. લોકો એવા પથભ્રષ્ટ શ્રમણનો તિરસ્કાર કરે છે. એ બધું સમજીને વીર પુરુષ સંયમ માર્ગમાં પુરુષાર્થ કરે.

પાંચમા ઉદ્દેશમાં પ્રસંગથી તેની વિવેચના કરવામાં આવી છે કે સાધક ક્યારે, કેવી રીતે ઉપદેશ આપે. ઉપદેશક બધા પ્રકારના કષ્ટોને સહન કરનાર હોવા જોઈએ. બધી દિશાઓમાં રહેનાર પ્રાણીઓ તરફ તેનામાં દયાભાવ હોવો જોઈએ. તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ ધર્મના વિભાગ કરનાર અને વેદવિત્—આગમજ્ઞ (શાસ્ત્રોના જાણકાર) હોવા જોઈએ. તેનો ઉપદેશ બધાને માટે હિતકર હોવો જોઈએ. તે મહામુનિ વધ્યજીવોને માટે અસંદીન—દ્વીપની માફક શરણ બને. ઉત્થિત હોય કે અનુત્થિત પરંતુ સાંભળવાની ઈચ્છાવાળાને તે ધર્મનો ઉપદેશ આપે. તેના ઉપદેશના વિષય આ છેઃ—શાન્તિ—અહિંસા વિરતિ, ઉપશમ, નિર્વાણ, શૌચ, આર્જવ, માર્દવ અને લાઘવ એવા ઉપદેશક મુનિ સ્વયં સ્થિત—આત્મા, અનાસક્ત અચલ—પરીષહોથી ચલિત ન થાય તેવો—અને—સદ્ વિહાર કરનાર બને છે અને નિર્વાણ પ્રાપ્ત કરે છે. તેમને હિંસક કોઈપણ પ્રકારનો ભય પમાડી શકતો નથી. કેમકે તેણે સ્વયં બધા પ્રકારના આરંભોથી વિરત થઈને ક્રોધ વગેરે કષાયોને પરિત્યાગ કરી દીધો છે.

સંક્ષેપકાર—મુનિ આઈદાનજી.

અનુવાદઃ ડો. જ. દોશી

કેટલીક સંગહણી (સંગ્રહણી)

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

આજથી વીસેક વર્ષ ઉપર નિમ્નલિખિત પુસ્તક તૈયાર કરતી વેળા " સંગહણી " વિષે વિચાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો :—

" A History of the Canonical Literature of the Jainas "

આ પુસ્તક મે ઈ. સ. ૧૯૪૧માં પ્રકાશિત કર્યું હતું. એમાં મેં પૃ. ૪૦, ૧૭૪, ૧૯૮ અને ૨૦૫માં " સંગહણી "ને અંગે તથા પૃ. ૧૭ અને ૨૦૦માં " સંગ્રહણી " વિષે તેમજ પૃ. ૨૦૫માં " સંગહણી-ગાહા " પરત્વે અને પૃ ૧૨૭ માં " સંગ્રહણી-ગાથા "ના સંબંધમાં કેટલોક નિર્દેશ કર્યો છે.

આગમોનું દિગ્દર્શન નામનું મારું પુસ્તક ઈ. સ ૧૯૪૮માં પ્રસિદ્ધ કરાયું છે. એમાં પૃ. ૮૦મા " સંગ્રહગાથા " એવો ઉલ્લેખ છે.

ઈ. સ. ૧૯૫૦માં 'પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય ' નામનું જે મારું પુસ્તક છપાયું છે તેમાં પૃ. ૧૬૩માં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત સંગહણિની નોંધ છે. એ સમયે એ ગ્રંથ સામે નહિ હોવાથી જિનરત્નકોશ (વિભાગ ૧, પૃ. ૨૮૫)ના આધારે એમાં ૪૧૯ ગાથા હોવાનો મે ઉલ્લેખ કર્યો હતો. પણ હાલમાં એ મુદ્રિત ગ્રંથ જોતાં એમા ૩૬૭ ગાથા છે

ચારેક વર્ષ ઉપર બનારસના "પાર્શ્વનાથ વિદ્યાશ્રમ ' તરફથી જૈન સાહિત્યને અંગે ચાર ખંડની યોજના કરાઈ છે. એ સંબંધમા પ્રથમ ખંડગત " આગમિક પ્રકરણો " તૈયાર કરવાનું મને આમંત્રણ મળતાં જિનભદ્રગણિકૃત સંગહણીનો અને શ્રી ચન્દ્રસૂરિકૃત સંખિત્ત સંગહણિનો પરિચય આપવાનો પ્રસંગ ઉપસ્થિત થયો.

આ પ્રત્યેક કૃતિની ગાથાની સંખ્યાઓ ભિન્ન ભિન્ન જણાતા એની સમીક્ષા કરાય એ હેતુથી પ્રેરાઈ મેં આ લેખ લખવાનો વિચાર કર્યો

શબ્દાર્થ અને શબ્દસિદ્ધિ--પાઇયમાં 'સંગહણિ' 'સંગહણી' એમ જેમ બંને શબ્દો છે[1] તેમ સંસ્કૃતમાં પણ 'સંગ્રહણિ' અને 'સંગ્રહણી' એ બંને શબ્દ છે. આ વાતની શ્રીચન્દ્રસૂરિકૃત સંખિત્ત-સંગહણી (ગા. ૨૭૩)ની વૃત્તિગત નિમ્નલિખિત ઉલ્લેખ સાક્ષી પૂરે છેઃ—

शास्त्रान्तरेषु प्रज्ञापनादिषु विस्तरेणाभिहिता अर्थाः संक्षिप्य गृह्यन्ते प्रतिपाद्यन्तेनाभिधीयन्तेऽस्यामिति 'ग्रहेरणिः (उ० ६३८) इत्यौणादिकेऽणि प्रत्यये सङ्ग्रहणिः 'इतोऽक्त्यर्थात्' (सिद्ध० २-४-३२) इति विकल्पेन ङीप्रत्यये च सङ्ग्रहणी ।"
-પત્ર ૧૨૧ અ-૧૨૧ આ[2]

આ પંક્તિ 'સંગ્રહણી' ના અર્થ ઉપર પણ પ્રકાશ પાડે છે. અહીં કહ્યું છે કે પ્રજ્ઞાપના (પણ્ણવણા) વગેરે શાસ્ત્રોમા જે બાબતો વિસ્તારથી કહેવાઇ છે

---

૧ સંગહણીને બદલે 'સંઘયણી' એવો પ્રયોગ કેટલાંક પ્રકાશનોમાં જોવાય છે તો આ શબ્દ કઈ રીતે શુદ્ધ ગણાય? પાઇયગ્રંથોમા તો આ અર્થમાં આવો કોઈ શબ્દ નથી તેનું કેમ?

૨ આ પત્રાંક દે૦ લા૦ જૈ. પુ. સંસ્થા તરફથી ઈ. સ. ૧૯૧૫ માં મૂળ સહિત પ્રકાશિત આવૃત્તિનો છે.

તેનો સંક્ષેપ કરી તે બાબતોનું પ્રતિપાદન કરનારી કૃતિ તે 'સંગહણિ' યાને 'સંગ્રહણી' છે.

જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે જે સંગહણી (ણિ) રચી છે તેના ઉપર મલયગિરિસૂરિએ જે વિવૃત્તિ રચી છે તેમાં (પત્ર ૨ આમાં) 'સંગહણિ' શબ્દનો અર્થ અને એની સિદ્ધિ ઉપર મુજબ દર્શાવાઈ છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:—

"शास्त्रान्तरेषु—प्रज्ञापनादिषु विस्तरेणाभिहिता अर्था संक्षिप्य गृह्यन्ते—प्रतिपाद्यत्वेनाभिधीयन्ते यया ग्रन्थपद्धत्या सा 'सङ्ग्रहणिः'। उणादिकोऽनिप्रत्ययः।"

આ તેમજ વિવૃતિના પ્રારંભનું ત્રીજું પદ્ય જોતાં જણાય છે કે મલયગિરિસૂરિને 'સંગહણિ' શબ્દ અભિપ્રેત છે ખરો, પણ 'સંગ્રહણી' શબ્દ અશુદ્ધ તો નથી અને એ શબ્દ પણ સંખિત્ત-સંગહણીના વૃત્તિકારને માન્ય છે. આથી મેં આ લેખમાં 'સંગહણિ'-ના અર્થમાં સંગ્રહણી શબ્દ વાપર્યો છે.

'સંગહણી' જેવા નામાંશવાળી કે એવી નામવાળી કૃતિઓ—જૈન સાહિત્ય તરફ દૃષ્ટિપાત કરતાં જણાય છે કે કેટલીક જૈન કૃતિઓના નામના પ્રારંભમાં કે અંતમાં કે એના સંપૂર્ણ નામ તરીકે સંગહણિ, સંગહણી, સંગ્રહણિ કે સંગ્રહણી શબ્દ વપરાયો છે. આ જાતની તમામ કૃતિઓ તો હું અહીં ગણાવી શકું તેમ નથી. પરંતુ અત્યારે જે મને સ્ફુરે છે તેનાં નામ નીચે મુજબ સૂચવું છું—

(૧) સંગ્રહણીપદવિચાર.

(૨) સંગહણીરયણ [સંગ્રહણીરત્ન] આને સંખિત્ત—સંગહણી પણ કહે છે.

(૩) પણ્ણવણાતઈયપયસંગહણી [પ્રજ્ઞાપનાતૃતીયપદસંગ્રહણી].

(૪) જીવાજીવાભિગમસંગહણી [જીવાજીવાભિગમ સંગ્રહણી].

(૫) જમ્બુદ્દીવસંગહણી [જમ્બૂદ્વીપસંગ્રહણી]. આને 'ખેત્તસંગહણી' તેમજ 'લઘુસંગ્રહણી' પણ કહે છે.

(૬) ધમ્મસંગહણિ [ધર્મસંગ્રહણિ].

(૭) ખેત્તસંગહણી [ક્ષેત્રસંગ્રહણી] આને 'જંબૂદ્દીવસંગહણી' તેમજ 'લઘુસંગહણી' પણ કહે છે.

(૮) સંખિત્તસંગહણી [સંક્ષિપ્ત—સંગ્રહણી] આને સંગહણીરયણ પણ કહે છે.

(૯) ધર્મરત્નસંગ્રહણી.

(૧૦) બૃહત્સંગ્રહણી. આને 'સંગહણી' પણ કહે છે. આ નામથી બે કૃતિ ઓળખાવાય છે.

(૧૧) લઘુસંગ્રહણી. આ નામની ચાર કૃતિ છે. એ પૈકી ગજસારકૃત કૃતિ સિવાયની [૧] ૩૦ ગાથા પૂરતી અજ્ઞાતકર્તૃક, [૨] ઉપર્યુક્ત જંબૂદ્વીપસંગહણી અને [૩] હેમચન્દ્રકૃત એ ત્રણનો જિનરત્નકોશ[વિ. ૧, પૃ. ૩૩૬]માં ઉલ્લેખ છે.

(૧૨) લઘુજંબૂદ્વીપસંગ્રહણી.

(૧૩) સંગહણી [સંગ્રહણી]. આને 'બૃહત્સંગ્રહણી' પણ કહે છે.

(૧૪) સંગહણી.

આમ મેં અહીં જે ચૌદ નામો નોંધ્યાં છે તે પૈકી કેટલાક નામાંતર છે. એટલે સ્વતંત્ર કૃતિઓની સંખ્યા ચૌદની નથી એમ સમજવાનું છે. એ પ્રત્યેકની રૂપરેખા હવે આલેખું છું, ને એનો પ્રારંભ જિનભદ્રગણિકૃત સંગહણીથી કરું છું:—

સંગહણી (સંગ્રહણી)—આ વિસેસાવસ્સયભાસ વગેરે મનનીય ગ્રંથોના પ્રણેતા જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની જઈણ મરહટ્ટી (જૈન મહારાષ્ટ્રી)માં આર્યામાં રચાયેલી કૃતિ છે.

પદ્યસંખ્યા—કર્તાએ કેટલાં પદ્યો રચ્યાં હશે તેનો અંતિમ નિર્ણય કરવો બાકી રહે છે. શ્રી ચન્દ્રસૂરિકૃત ૨૭૩ ગાથાની સંખિત્ત-સંગહણીના ઉપરની દેવભદ્રસૂરિકૃત વૃત્તિ(પત્ર ૧૨૧ આ)ગત નિમ્નલિખિત ઉલ્લેખ ઉપરથી જિનભદ્રગણિએ લગભગ ૨૭૫ પદ્યપૂરતી સંગહણી રચી હશે એમ ફલિત થાય છે.

"ननु यदि संक्षिप्ततया प्रयोजनं तर्हि मूलसङ्ग्रहण्येवास्तु । किं पुनः प्रयासेन, प्रायस्तस्या अपि एतावन्मात्रत्वात्, तत्र, एतावतोऽर्थजातस्य तस्यामसम्पिण्डनात् ।"

પ્રક્ષેપ ગાથાની સંખ્યા

ઉપર્યુક્ત દેવભદ્રસૂરિના સમયમાં જિનભદ્રગણિકૃત સંગહણીની ગાથા ચાર સો કરતાં કંઈક ઓછી તેમજ પાંચ સો કરતાં કંઈક ઓછી સંખ્યામાં ઉપલબ્ધ હતી એમ એ સૂરિકૃત વૃત્તિ (પત્ર ૩આ–૪અ)ની નીચે મુજબની પંક્તિ જોતાં જણાય છે.—

"आदौ भगवता वर्द्धमानस्वामिना देवादिस्थित्याद्यर्थोऽभिहितस्ततः सुधर्मस्वामिना द्वादशाङ्ग्यां सूत्रतया निबद्धस्तत आर्यश्यामादिभिः प्रज्ञापनादिषूद्धृतस्तेभ्योऽपि जिनभद्रगणिक्षमाश्रमणेन सङ्ग्रहण्यामवतारितः, सा च यद्यपि न गुर्वी नापि लघ्वी, तथाप्यन्यान्यगाथाप्रक्षेपतो यावदधुना किञ्चिन्न्यूनचतुःशतीमाना पञ्चशतीमाना च सञ्जाता ।"

"इयं पूर्वं भगवता जिनभद्रगणिक्षमाश्रमणेन बुद्धिमन्थेन श्रुताम्भोधिं सुधेवोद्धृता भव्योज्जीवनी संक्षिप्तसंग्रहणी, सा च मूलटीकागताभिरन्यान्याभिश्च प्रक्षेपगाथाभिर्वृद्धिं नीयमानाऽधुना यावत् किञ्चिन्न्यूनचतुःशतीमाना पञ्चशतीमाना च गुरुतरा सञ्जाता"

પરિમાણ પૂરતો આ જ ભાવાર્થ આ જ વૃત્તિ (પત્ર ૧૨૧ અ) માં નીચે પ્રમાણે રજૂ કરાયો છે:—

વિવરણાત્મક સાહિત્ય—સંગહણીનાં પદ્યોની સાચી સંખ્યા નક્કી કરવા માટેનો એક માર્ગ તે એના વિવરણાત્મક સાહિત્યનું પરિશીલન છે. આથી હું અહીં આ સંગહણીને લગતી સંસ્કૃત વૃત્તિ–ટીકાની નોંધ લઉં છું અને તેમાંયે પ્રકાશિત સાધનને આદ્ય સ્થાન આપું છું.

વિવૃતિ—આના રચનાર મલયગિરિસૂરિ છે. એમણે ૩૬૭ ગાથાનું–પદ્યનું સ્પષ્ટીકરણ પૂરું પાડ્યું છે. તેમ કરતી વેળા ૭૩મા પદ્યના સ્પષ્ટીકરણમાં એમણે નીચે મુજબ–ઉલ્લેખ કર્યો છે:—

"अथेयं प्रक्षेपगाथेति कथमवसीयते ? उच्यते–मूलटीकाकारेण हरिभद्रसूरिणा लेशतोऽप्यस्या असूचनात् । एवमुत्तरा अपि मतान्तरप्रतिपादिका गाथाः प्रक्षेपगाथा अवसेयाः ।"

કહેવાની મતલબ એ છે કે આ પ્રક્ષેપગાથા છે એમ કેવી રીતે નિર્ણય કરાયો ? એનો ઉત્તર એ છે કે મૂલ ટીકાના પ્રણેતા હરિભદ્રસૂરિએ આનું લેશમાત્ર પણ સૂચન કર્યું નથી. આ પ્રમાણે હવે પછીની પણ મતાંતર દર્શાવનારી ગાથા પ્રક્ષેપ ગાથા જાણવી.

આ ઉપરથી નીચે પ્રમાણેની બાબતો ફલિત થાય છે:—

(૧) સંગહણીના મૂલટીકાકાર હરિભદ્રસૂરિ છે.

(૨) હરિભદ્રસૂરિકૃત ટીકા મલયગિરિસૂરિની સાથે છે.

(૩) આ ટીકામાં ૭૩મી ગાથા વિષે કશું જ સૂચન નથી એથી એ પ્રક્ષિપ્ત છે.

(૪) ૭૩મી ગાથા પછીની મતાંતરસૂચક કેટલીક ગાથાઓ પણ પ્રક્ષિપ્ત છે. મલયગિરિસૂરિએ ૭૯ સુધીની ગાથાને પ્રક્ષિપ્ત ગણી છે. એ હિસાબે મૂળ કૃતિની પદ્યસંખ્યા ૩૬૦ (૩૬૭-૭) ગણાય. આ કૃતિમાં સાત પદ્યો અન્યકર્તૃક છે. એ વિચારતાં જિનભદ્રગણિના પોતાનાં રચેલાં પદ્યો[1] ૩૫૩ (૩૬૦–૭) ગણાય. ઉપર્યુક્ત સાત પદ્યોના ક્રમાંક ૯, ૧૦, ૧૫, ૧૬, ૬૮, ૬૯ અને ૭૨ છે.[2]

હરિભદ્રસૂરિ તે કોણ ? આ બાબત મલયગિરિસૂરિએ કશો પ્રકાશ પાડ્યો નથી. ફક્ત એમને

---

૧ "જૈન આત્માનંદ સભા" તરફથી મલયગિરિસૂરિકૃત વિવૃત્તિ સહિત જે જિનભદ્રીય સંગહણી "બૃહત્સંગ્રહણી"ના નામથી છપાઈ છે તેના અંતમાં ૩૫૩ જ ગાથા અપાઈ છે.

૨ આ પૈકી પદ્ય ૬૮, ૬૯ અને ૭૨ સૂરપણ્ણત્તિમાં જોવાય છે.

'મૂલટીકાકાર' કહ્યા છે. એ હરિભદ્રસૂરિ તે મહત્તરા-યાકિનીના ધર્મપુત્ર અનેકાન્તજયપતાકા વગેરેના પ્રણેતા હોવા જોઈએ એમ નીચે મુજબની બાબતો વિચારતા જણાય છે.

મલયગિરિસૂરિએ ઉપર્યુક્ત વિવૃતિમા એક સ્થળે "અભિનવ ટીકા"નો ઉલ્લેખ કર્યાનું વારંવાર યાદ આવે છે. એવો ઉલ્લેખ ખરેખર હોય તો એ ટીકા હારિભદ્રીય ટીકા પછી રચાયેલી મનાય અને બંને ટીકા વચ્ચે વિશેષ અંતર હશે. જો તેમ જ હોય તો વિ સ. ૧૧૭૨ મા બંધસામિત્ત વગેરેની અને વિ ૧૧૮૫ મા પ્રશમરતિ ઉપર વૃત્તિ રચનાર હરિભદ્રસૂરિ તો આ સંભવે નહિ

વિવૃતિ—આ શીલભદ્રની ૨૯૦૦ શ્લોક જેવડી અને વિ. સ. ૧૧૩૯ મા રચાયેલી વિવૃતિ છે. એઓ પૂર્ણભદ્રના શિષ્ય અને નમિસાધુના ગુરુ થાય છે શુ એમની આ વિવૃતિને મલયગિરિસૂરિએ 'અભિનવ ટીકા" કહી છે? આ વિવૃતિ મલયગિરિસૂરિકૃત વિવૃતિ કરતા પ્રાચીન છે એ હિસાબે એ પ્રકાશિત થવી ઘટે. તેમ થતા એમા સંગહણીના કેટલીક ગાથાનું સ્પષ્ટીકરણ છે તે જોઈ મૂળ કૃતિની પ્રક્ષેપગાથા કઈ છે તે નક્કી કરવુ સુગમ થઈ પડશે

વૃત્તિ—આ મુનિપતિચરિત્ર રચનારા હરિભદ્ર-સૂરિની એટલે કે ઉપર નોંધેલા બંધસામિત્ત ઇત્યાદિની વૃત્તિકારની વૃત્તિ છે એમ જિનરત્નકોશ (વિભાગ ૧, પૃ. ૨૮૬) મા ઉલ્લેખ છે. શુ એ સમુચિત છે? પ્રકાશિત વિવૃતિ તેમજ અપ્રકાશિત વિવૃતિ વગેરે તપાસી સંગહણીના પદ્યોની અનુક્રમણિકા તૈયાર કરાય તો પ્રક્ષેપગાથા તારવવાનુ કાર્ય સહેલાઈથી થઈ શકે

વિષય—જિનભદ્રગણિએ સંગહણીની બીજી અને ત્રીજી ગાથામાં વિષય દર્શાવતા કહ્યું છે કે હું નિમ્નલિખિત બાબતો કહીશ :—

દેવોની તેમજ નારકોની સ્થિતિ (આયુષ્ય), ભવન અને અવગાહના, મનુષ્ય અને તિર્યંચોના દેહનું માન અને આયુષ્યનું પ્રમાણ, ઉપપાત (ઉત્પત્તિ) અને ઉદ્વર્તના(ચ્યવન)નો વિરહકાલ, તથા એ બંનેની એક સમયે સંખ્યા તેમજ ગતિ અને આગતિ.

વિસ્તારથી કહું તો દેવો તેમજ નારકોને અંગે નીચે મુજબના નવ નવ દ્વાર આ કૃતિમાં વર્ણવાયા છે :—

(૧) સ્થિતિ, (૨) ભવન, (૩) અવગાહના, (૪) ઉપપાતનો વિરહકાલ, (૫) ઉદ્વર્તનાનો વિરહકાલ, (૬) એક સમયમા ઉપપાતની (ઉત્કૃષ્ટ) સંખ્યા, (૭) એક સમયમા ઉદ્વર્તનાની (ઉત્કૃષ્ટ) સંખ્યા, (૮) ગતિ અને (૯) આગતિ મનુષ્યો અને તિર્યંચોનું સ્થાન ચોક્કસ નહિ હોવાથી એ બંનેને અંગે સ્થિતિ સિવાયના આઠ આઠ દ્વાર વિચારાયા છે. આમ એકંદર ૯+૯+૮+૮=૩૪ દ્વારનુ અહીં વર્ણન છે.

ભાષાંતર—પ્રસ્તુત સંગહણીનું અને સાથે સાથે એના ઉપરની મલયગિરિસૂરિકૃત વિવૃતિનુ ગુજરાતી સ્વ. કુંવરજી આણંદજીએ કર્યું છે. એ તદ્ગત યંત્રો સહિત "શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર" તરફથી વિ. સ. ૧૯૯૧મા પ્રસિદ્ધ કરાયું છે અંતમા શાસ્ત્રી જેઠાલાલ હરિભાઈએ તૈયાર કરેલા ૪૧ યંત્રો અપાયાં છે.

સંખિત્ત-સંગહણી (સંક્ષિપ્ત-સંગ્રહણી)—આને સંગ્રહણી રત્ન પણ કહે છે. એના કર્તા 'મલધારી' હેમચન્દ્રસૂરિના શિષ્ય શ્રીચન્દ્રસૂરિ છે અને આ જ૯૦ મ૦મા આર્યામા રચાયેલી કૃતિના ઉપર કર્તાના શિષ્ય દેવભદ્રસૂરિએ સંસ્કૃતમા વૃત્તિ રચી છે. એ વૃત્તિ અનુસાર મૂળ કૃતિમા ૨૭૩ પદ્યો છે. તેમ છતાં આજે લગભગ પાંચ સો જેટલી ગાથા કોઈ કોઈ હાથપોથી તેમજ કોઈ કોઈ મુદ્રિત પુસ્તકમા જોવાય છે.

દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી ઈ. સ. ૧૯૧૫મા "શ્રી સંગ્રહણીસૂત્રમ્"ના નામથી જે પત્રાકાર આવૃત્તિ છપાવાઈ છે તેમા ૨૭૩ પદ્યોની મૂળ કૃતિ અને એને અંગેની દેવભદ્રસૂરિકૃત વૃત્તિ છે.

શ્રી અમૃતલાલ પુરુષોત્તમદાસે વિ. સં. ૧૯૯૨મા

"[1]શ્રીબૃહત્સંગ્રહણી પ્રકરણ સાર્થ"ના નામથી જે પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે તેમાં ૩૧૮ પદ્યો છે.

"મુક્તિ—કમલ—જૈન—મોહન—માલા"ના ૪૭મા પુષ્પ તરીકે[2] "ત્રૈલોક્યદીપિકા યાને બૃહત્સંગ્રહણીસૂત્રમ્" અથવા જૈન ખગોળના નામથી જે પુસ્તક વિ. સં. ૧૯૯૫માં છપાવાયું છે તેમાં સંખિત્તસંગહણીની ૩૪૯ ગાથા અપાયેલી છે. જિનરત્નકોશ (વિ. ૧, પૃ. ૪૦૯)માં કહ્યું છે કે ભીમસી માણેકે ઈ. સ. ૧૯૦૩માં કેવળ મૂળ છપાવ્યું છે અને તેમાં ૩૪૯ ગાથા છે.

ભીમસી માણેકે ઈ. સ. ૧૯૧૨માં પ્રકરણરત્નાકરના ચોથા ભાગની ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરી છે. એમાં આ શ્રીચન્દ્રસૂરિકૃત સંખિત્તસંગહણીની ૩૧૮ ગાથા છે. સાથે સાથે શિવનિધાનકૃત બાલાવબોધ છે.

માસ્તર ઉમેદચંદ રાયચંદે અમદાવાદથી ઈ. સ. ૧૯૨૪માં[1] બૃહત્સંગહણીના નામથી શ્રીચન્દ્રસૂરિકૃત જે ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે તેમાં ૪૮૫ ગાથા છે. આની પ્રસ્તાવના(પૃ. ૩)માં શ્રીચન્દ્રસૂરિકૃત ગ્રંથનું વઢવાણવાળા શાસ્ત્રી હરિશંકર કાલીદાસે ગુજરાતીમાં ભાષાંતર કર્યાનો અને એ એમણે પ્રસિદ્ધ કર્યાનો ઉલ્લેખ છે, પણ એ શાસ્ત્રીએ કરેલું ભાષાંતર મારા જોવામાં આવ્યું નથી એટલે એમણે કેટલી ગાથા રજૂ કરી છે તે જાણવું બાકી રહે છે.

દેવભદ્રસૂરિના મતે ૨૭૩ ગાથા પૂરતી જ મૂળ કૃતિ છે તો પછી એ કૃતિનાં જે જે પ્રકાશનમાં એવી અધિક ગાથા અપાઈ હોય તેમાં પ્રક્ષેપગાથા જુદી દર્શાવવી જોઈતી હતી. હવે તો જે નવીન પ્રકાશન થાય તેના સંપાદક મહાશય આ વાત લક્ષ્યમાં રાખશે, એવી આશા રહે છે. હા, જો એ પ્રકાશનમાં ૨૭૩ જ ગાથા અપાય તો તે વાત જુદી છે. તેમ છતાં આ કૃતિને અંગે અત્યાર સુધીમાં જે ગાથાઓ એક યા બીજા કારણે ઉમેરાઈ છે તેની સંપૂર્ણ સૂચી જો અપાશે તો જૈન સાહિત્યની એ પણ સેવા ગણાશે

વિષય—સંખિત્તસંગહણીનો વિષય જિનભદ્રગણિકૃત સંગહણીના વિષય સાથે સર્વાંશે મળતો આવે છે—બનેમાં ૨૪ દ્વારોની સમાનતા છે, અને એનુ કારણ એ છે કે શ્રીચન્દ્રસૂરિ જિનભદ્રગણિને અનુસર્યા છે. સંખિત્તસંગહણીમાં અર્થની સઘનતા અધિક પ્રમાણમાં હોવાનું એની વૃત્તિમાં દેવભદ્રસૂરિએ કહ્યું છે. એ બાબત સંખિત્તસંગહણીની જેટલી મુદ્રિત આવૃત્તિઓ મારા જોવામાં આવી છે તે પૈકી એકેમાં વિચારાયેલી નથી અને હું પણ અત્યારે તો એ કાર્ય, જ્યાં સુધી જિનભદ્રગણિકૃત સંગહણી અન્ય ટીકાઓ સહિત પ્રકાશિત ન થાય ત્યાં સુધી મુલતવી રાખું છું. એ દરમ્યાનમાં કોઈ સહૃદય સાક્ષર આ દિશામાં સુયોગ્ય પ્રકાશ પાડશે તો મને આનંદ થશે.

---

૧ આમાં સમગ્ર લખાણ ગુજરાતી લિપિમાં છે. એમાં મૂળ ગાથા આપી તદ્ગત શબ્દના ગુજરાતીમા છૂટા અર્થ અને ત્યારબાદ ગુજરાતીમાં સામાન્ય ભાષાંતર (શબ્દાર્થ પૂરતુ) અને વિવેચન છે. વિશેષમા એમા વિષયાનુક્રમણિકા, કેટલાક પ્રશ્નો, ૭૦ યંત્રો અને ચાર ચિત્રો, તેમજ અઢી દ્વીપનો નકશો છે. અંતમા મૂળ ગાથાઓ અપાઈ છે, પરંતુ એની અકારાદિ ક્રમે સૂચી નથી એટલું જ નહિ પણ દેવભદ્રસૂરિની વૃત્તિ લેતા જે ૪૫ (૩૧૮–૨૭૩) ગાથા પ્રક્ષિપ્ત ગણાય તેનો તે રીતે નિર્દેશ નથી. આ બે ન્યૂનતા અન્ય કેટલાંક સંપાદનોમા પણ જોવાય છે.

૨ આમાં મૂળ કૃતિની પ્રત્યેક ગાથા અને એની સંસ્કૃત છાયા તેમજ ગુજરાતીમાં શબ્દાર્થ, ગાથાર્થ અને વિશેષાર્થ અપાયાં છે. વિશેષમાં એમાં ૬૫ ચિત્રો અને ૧૨૪ યંત્રો (પ્રકાશકના નિવેદનમા ૦૩નો ઉલ્લેખ છે) આ ઉપરાંત અં ં મૂળ કૃતિ ગુજરાતી ગાથાર્થ (ભાષાંતર) સહિત અપાઈ છે આના સંપાદનને વિશેષ મહત્ત્વપૂર્ણ બનાવવા માટે પદ્યોની અકારાદિ સૂચી તેમજ પ્રક્ષિપ્ત પદ્યોની તારવણી તેમજ જિનભદ્રીય સંગહણી સાથે અર્થદૃષ્ટિએ તુલના જેવી બાબતોને થ અપાવું ઘટે.

૧ આમા ૪૮૫ ગાથાનું ગુજરાતીમા ટૂંકમાં કરેલું ભાષાંતર છે.—અન્વયાર્થ પ્રમાણેનો અર્થ અપાયો છે. સમગ્ર લખાણ દેવનાગરી (બાળબોધ) લિપિમા છે. એમા કેટલાંક કોઠા અપાયાં છે.

વૃત્તિ—આ શ્રીચન્દ્રસૂરિના—કર્તાના શિષ્ય દેવભદ્રસૂરિની રચના છે, અને એ પ્રકાશિત છે. એમા જે ગ્રંથકારોનો ઉલ્લેખ છે તેની નોધ પ્રો. વેલણકરે નિમ્નલિખિત સૂચીપત્રમાં લીધી છે,

' A Descriptive Catalogue of the Manuscripts in the Bombay Branch Royal Asiatic Society."

વ્યાખ્યા—આના કર્તા શિવનિધાનગણિ છે, એમ જિ. ર. કો. (વિભાગ ૧, પૃ. ૪૧૦) માં કહ્યું છે.

અવચૂરિ—'અચલ' ગચ્છના મેરુતુંગસૂરિના શિષ્ય ધર્મનન્દનગણિએ આ રચી છે.

અજ્ઞાતકર્તૃકવૃત્તિ—ઈત્યાદિ—એક અજ્ઞાનકર્તૃક વૃત્તિ તેમજ એવી એક અવચૂરિ મળે છે.

બે બાલાવબોધ—'તપ'ગચ્છના રત્નસિંહસૂરિના શિષ્ય દયાસિંહગણિએ વિ. સં. ૧૪૯૭મા એક બાલાવબોધ રચ્યો છે, જ્યારે બીજો બાલાવબોધ શિવનિધાનગણિએ વિ સ ૧૬૮૦માં રચ્યો છે. આ બીજો બાલાવબોધ તે જ ઉપર્યુક્ત વ્યાખ્યા જ હશે એમ લાગે છે પ્રથમ બાલાવબોધ ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ મહત્ત્વનો છે.

ગુજરાતી ભાષાંતરો—આની બે આ લેખમા આ પૂર્વે યથાસ્થાન નોધ લીધી છે.

લઘુજંબૂદ્વીપસંગ્રહણી—જિ૦ ર૦ કો૦ (વિ. ૧. પૃ. ૩૩૫) પ્રમાણે આનુ પરિમાણ ૧૩૬ શ્લોકનુ છે. આની એક હાથપોથી પાટણના ભંડારમા છે એ જોવા મળ્યે વિશેષ પરિચય હું આપી શકુ.

[1]જંબૂદ્વીપસંગ્રહણી—આ જ૦ મ૦મા આર્યામા ૨૯ પદ્યોમા હરિભદ્રસૂરિએ રચેલી કૃતિ એમ પ્રભાનન્દસૂરિકૃત વૃત્તિ સહિત જે આ કૃતિ જૈ૦ ધ૦ પ્ર૦ સ૦ તરફથી ઈ. સ. ૧૯૧૫મા છપાવાઇ છે તે જોતા જણાય છે. જિ૦ ર૦ કો૦ (વિ. ૧, પૃ. ૧૩૧) પ્રમાણે તો મૂળ કૃતિમાં ૩૦ ગાથા છે અને એ પ્રમાણેની આ કૃતિ ભીમસી માણેકે ઈ. સ. ૧૯૦૮ મા છપાવી છે.

વિષય—પ્રસ્તુત કૃતિ જંબૂદ્વીપમાંના અમુક અમુક પદાર્થનો બોધ કરાવે છે. એમા નિમ્નલિખિત દસ દ્વારનું નિરૂપણ છે :—

(૧) ખંડ, (૨) યોજન, (૩) વર્ષ યાને ક્ષેત્ર (૪) પર્વત, (૫) કૂટ (શિખર), (૬) તીર્થ, (૭) શ્રેણી (૮) વિજય, (૯) દ્રહ અને (૧૦) સરિત્ (નદી) સાતમી ગાથા બે કરણસૂત્ર રજૂ કરે છે.

વૃત્તિ—પ્રસ્તુત કૃતિ ઉપર ત્રણ વૃત્તિ છે: (૧) 'કૃષ્ણ' ગચ્છના પ્રભાનંદસૂરિએ વિ. સ. ૧૩૯૦મા રચેલી અને (૨–૩) બે [1]અજ્ઞાતકર્તૃક

પણ્ણવણાતઇયપયસંગહણી (પ્રજ્ઞાપનાતૃતીયપદસંગ્રહણી)—પણ્ણવણા નામના ચોથા ઉવંગ (ઉપાંગ)માં ૩૬ પય (પદ) છે. એમાના ત્રીજા પદનું નામ 'અપ્પબહુત્ત' (અલ્પબહુત્વ) છે, આને અંગેની[2] ૧૩૩ ગાથાઓનો સંગ્રહ 'નવાંગી વૃત્તિકાર' અભયદેવસૂરિએ કર્યો છે. એ સંગ્રહને "પણ્ણવણાતઇયપયસંગહણી" કહે છે. એમા જીવોનું વિવિધ દૃષ્ટિએ—દિશા વગેરેની અપેક્ષાએ—૨૭ દ્વાર દ્વારા અલ્પ-બહુત્વ દર્શાવાયુ છે. આ નાનકડી કૃતિ અવચૂરિ સહિત "જૈન આત્માનંદસભા" તરફથી ભાવનગરથી વિ. સ. ૧૯૭૪ મા પ્રસિદ્ધ કરાઈ છે.

અવચૂર્ણિ—પ્રસ્તુત કૃતિ ઉપર કુલમંડનસૂરિએ સંસ્કૃતમા વિ. સ. ૧૪૭૧ મા અવચૂર્ણિ રચી છે. એને જિ૦ ર૦ કો૦ (વિ. ૧, પૃ. ૨૫૮) મા 'ટીકા' કહી છે. આનો સંક્ષિપ્ત પરિચય મેં મારા નિમ્નલિખિત વર્ણાત્મક સૂચીપત્રમાં આપ્યો છે:—

" Descriptive catalogue of the

---

[1] આ નામ ગ્રંથકારે દસમા પ મા સૂચવ્યુ છે. જ્યારે પ્રભાનન્દસૂરિએ એના પ્રારંભમા ક્ષેત્રસંગ્રહણી તરીકે અને અંતમા—પ્રશસ્તિમા ક્ષેત્રાદિસંગ્રહણી તરીકે ઉલ્લેખ કર્યો છે,

[1] આ પૈકી એકનો પ્રારંભ "શ્રી સર્વજ્ઞમહં નત્વા" થી થાય છે

[2] આ પૈકી પહેલી બે ગાથા પણ્ણવણાની તૃતીય પદની આદ્ય ગાથા છે.

લક્ષ્મીનો પ્રભાવ

लक्ष्मि ! क्षमस्व वचनमिदं दुरुक्त-
मंधीभवंति पुरुषास्तदुपासनेन ।
नो चेत्कथं कमलपत्रविशालनेत्रो
नारायणः स्वपिति पन्नगभोगतल्पे ॥

હરિગીત

હે લક્ષ્મી, આ અપશબ્દ માટે તું ક્ષમા કરજે મને,
તારા ઉપાસનથી ખરેખર આંધળા લોકો બને;
નહિ તો કમલપત્ર સરખા નેત્રવાળા શ્રી હરિ,
સિંધુ વિશે કાં કેમ પોઢે સર્પની શય્યા કરી.

પ્રકાશક—
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

વર્ષ ૫૭
અંક ૫

ફાગણ
સં. ૨૦૧૬

વિષયાનુક્રમ

૧	સુભાષિત		૬૧
૨	વૈરાગ્ય-પદ	(મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી)	૬૨
૩	જ્ઞાનની પ્યાલી	(પાદરાકર)	૬૩
૪	શ્રી નવપદજીનું સ્તવન	(મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી)	૬૩
૫	શરણુ	(શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર")	૬૪
૬	ચૈત્યવંદન-ચતુર્વિંશતિકા	(પં. શ્રી સુશીલવિજયજી)	૬૬
૭	ચર્મચક્ષુ અને જ્ઞાનચક્ષુ	(શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર")	૬૮
૮	પાંચમી અન્યત્વ ભાવના	(મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી)	૭૧
૯	સોગ રોગ સંબંધી આગમિક ઉલ્લેખો	(હીરાલાલ ર. કાપડીયા M A)	૭૩
૧૦	સ્વીકાર		૭૬
૧૧	સમાચાર સાર		ટા. પે. ૩

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે "આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતો પ્રકટ કરવામાં આવે છે

૧ પ્રસિદ્ધિસ્થળ—ખારગેટ ભાવનગર

૨ પ્રસિદ્ધિક્રમ—દરેક મહિનાની ૧૫મી તારીખ

૩ મુદ્રકનું નામ—હરિલાલ દેવચંદ શેઠ

કયા દેશના-ભારતીય ઠેકાણું આનંદ પ્રીન્ટીંગ પ્રેસ ભાવનગર

૪ પ્રકાશકનું નામ—શ્રી જૈન આત્માનંદ સભાની વતી, ખીમચંદ ચાંપશી શાહ ભાવનગર

કયા દેશના ભારતીય ઠેકાણું—ખારગેટ ભાવનગર

૫ તંત્રી મંડળ—શ્રી ખીમચંદ ચાંપશી શાહ, શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, શ્રી હરિલાલ દેવચંદ શેઠ

કયા દેશના-ભારતીય ઠેકાણું-શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

૬ સામયિકના માલિકનું નામ શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

અમે આથી અમે જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે તા ૧૩-૩-૧૯૬૦

ખીમચંદ ચાં. શાહ
વિઠ્ઠલદાસ મૂ. શાહ
હરિલાલ દે. શેઠ



વર્ષ ૫૭ મું] ફાગણ તા ૧૫-૩-૬૦ [અંક ૫

सुभाषित

यथा चतुर्भिः कनकं परीक्ष्यते निघर्षणच्छेदनतापताडनैः ।
तथा चतुर्भिः पुरुषः परीक्ष्यते ज्ञानेन शीलेन गुणेन कर्मणा ॥

(મનહર)

કસોટી કાઢીને કાપે તપાવીને ટીપે પછી,
કનક પરીક્ષા એમ ચાર રીતે થાય છેઃ
પુરુષ-પરીક્ષા પણ એવી રીતે જગતમાં,
ચાર ઉપાયથી કરી સહેલથી શકાય છે;
જ્ઞાન જોતું શીલ જોતું સદ્‌ગુણો જોવાય પછી,
પછી જોતું કામ તેના થકી કેવાં થાય છે;
એ ચારેમાં ઉત્તમ જણાય જો ઉત્તમ કો માનવો તો,
સો ટચના સુવર્ણની તુલ્ય તે ધરાય છે.

વૈરાગ્ય પદ

રચયિતા— મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી

(રાગ—તમે માયાની જાળમા)

તમે માયાની જાળને, છોડી જંજાળને, જપીલો પ્રભુ ગુણુગાનને
ચાર ગતિમાં ભમતા રે આજે, મળ્યો માનવભવ સુકાજે
શાને મુઝાઓ માયામાં, એ તો ફુડી આ કાયમાં
જપીલો પ્રભુ ગુણુગાનને

ચાર દિનની આ તો છે ચાંદની
પછી માટી થશે જિંદગાની
મત ભુલાઓ મોહમાં, ખોટા આ લોભમાં
જપીલો પ્રભુ ગુણુગાનને

કેઈ ગયા ને કેઈ જાય છે
તુ શીદ મને મલકાય છે ?
શાને ભૂલે તુ ભાન, માયામાં ગુલતાન
જપીલો પ્રભુ ગુણુગાનને

તારા જીવનને તું તો અજવાળ
ધર્મ જીવનમા સાચું રખવાળ
એનુ લેને તું શરણુ સંસાર લે તરણુ
જપીલો પ્રભુ ગુણુગાનને

છોડી દેને તું કાર્ય ભૂંડું
કહે લક્ષ્મીસાગર થાશે રૂડું
છે બાજી રે હાથમાં, લે ભાતુ તુ સાથમાં
જપીલો પ્રભુ ગુણુગાનને

જ્ઞાનની પ્યાલી

પીધી પીધી અમિ રસ પ્યાલી—ગુરુજી એ પાઇ છે.
જ્ઞાન પ્યાલીની રોમરોમ લાલી ખુમારી છાઇ છે.
ચઢી ખુમારી આનંદ મ હવે ન ઉતરે ઉગારી રે.
જગત ભુલાવું, સત્ય તુંહિ તુંહિ વાગી સિતારી
જ્ઞાનની પ્યાલી અનુભવ કાઢી, પ્રેમ મથાલા ભારી રે ! ગુરુજી
ધ્યાન અગ્નિથી ખૂબ ઉકાળી, સંતજનોને પ્યારી !
ગુરુદયામૃત ભક્તિ પાત્રમાં, સર્વ સમર્પણ ધારી રે ! ગુરુજી
હોય પાત્ર તો સ્હેજે પામે, અજર અમર કરનારી,
પ્યાલી પીતાં ઘોર ખુમારી, જન્મ મરણ દે ટાળી રે ! ગુરુજી
પ્રભુ પિછાન કરાવે પળમાં, એ સદ્ગુરુ બલિહારી,
આનંદ શાંતિની ઘેન ચઢે ને દિલડાં દે અજવાળી રે ! ગુરુજી
બ્રહ્મમય મસ્ત ફકીરી વ્યાપે, બ્રહ્મ ખુમારી નિહાળી ! ગુરુજી

પાદરાકર

શ્રી નવપદજીનું સ્તવન

(રાગ—કાર્તિક મહિનો કામતો ને અણુઆન્તાં શણગાર)

શરદ પૂનમની ચાંદની ને, ચમકી મઝમ રાત
નવપદના પ્રભાવથી રે, ઊગ્યું રૂડું પ્રભાત
રાજા થયા રે—શ્રીપાળ—રાજા. ૧

કંચન વરણી દેહડી, કોઢ ગયો તતકાલ
સદ્ગુરુ વચન પાલતા રે, જીવન ઝાકઝમાલ—રાજા. ૨

ધર્મ કરતાં જીવને રે, સંકટ નવી હોય
દેવગુરુની સાધના રે, સિદ્ધચક્રમાં જોય—રાજા. ૩

આ ભવ ને પરભવમાં રે, નવપદજી આધાર
એવું શરણું જીવને રે, ઉતારે ભવપાર
ભવિ પૂજો રે ત્રિકાલ—રાજા. ૪

ધાતા ધ્યેય ને ધ્યાનથી રે, દિલમાં દિવા થાય
લક્ષ્મીસાગર જ્યોત જગાવી, ભવજલથી તરી જાય
ભવિ પૂજો રે ત્રિકાલ—રાજા. ૫

મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી

ઝરણું

(આત્મા શુદ્ધ હોવા છતાં કર્મમલથી દૂષિત થયો છે. એ પ્રભુ પરમાત્માના ચરણે પોતે સર્વસ્વાર્પણ કરી દે તો તે પોતે પરમાત્મસ્વરૂપ થઈ મુક્તિ મેળવે ઝરણાના રૂપકથી એ સમજાવવામાં આવ્યુ છે.)

ઝરણું અતિ નાનું વહે ગામની પાસે
નિર્મળ પાણી જે પીતા તૃષા સહુ નાસે
દે સ્ફટિક સમું જસ રૂપ ઉજળુ શાંત
આનંદ આપતું સર્વ ગુણૌઘ નિતાંત ૧

તેમાંહે મળીયો મેલ ગામલોકોનો
ગંદુ તે બનતા ઘૃણા વધી ત્યાં માનો
એ પછી ગણાયુ ખાળ નામની ગંગા
કચરો સહુ નાખે તુચ્છ ગણી તસ વ્યંગા. ૨

ઝરણુ મન સોચે થઈ દશા શુ મારી ?
નિંદાસ્પદ મુજને ક્ષુદ્ર ગણે નરનારી
હું હતું શુદ્ધ પણ સોબત મળતાં ખોટી
આવી મુજ પર આપત્તિ એહ બહુ મોટી. ૩

અંતર છે મારું સ્ફટિક સમું અતિ શુદ્ધ
સોબતથી બગડયું તિરસ્કાર્ય ને રૂક્ષ
નિર્મળ જે હોવે પૂજ્ય અને જગમાન્ય
સહવાસ સાધવો તેહતણો સન્માન્ય. ૪

સોચી ઇમ મનમાં વહે ગતિ ધરી મંદ
પાવન સરિતાનો શોધ કરે સ્વચ્છંદ
મલ મિશ્રિત પણ એ વધ્યો પ્રગતિપથ ધારી
નિર્મલ કરવા નિજ દેહ અને મન-વારી. ૫

દીઠી નદી તેને શુદ્ધ વિપુલ ત્યાં પાણી
પીતા સહુ થાતા તૃપ્ત વદે શુભ વાણી
પાપી ને સંતો તૃપ્ત થતાં ત્યાં આવી
કરી સ્નાન પાન થઇ શુદ્ધ થતા મન સાળી. ૬

ત્યાં છાગ અને વળી વાઘ પીતા સતોષ
ઝરણાને ગમિયું સ્થાન યોગ્ય મન ભાસે
તેણે મન ધાર્યું કરું સમર્પણ એમાં
સર્વસ્વ માહરું નામ ઠામ તન તેમાં. ૭

હું કોણ કિહાંથી આવ્યો શું મુજ નામ?
ભૂલી જઉં મારું અહંપણું ને ઠામ
કર્તવ્ય માહરું નદીરૂપ વ્રત પાળું
તે વાળે નિમ મુજ આત્મપ્રદેશો વાળું. ૮

ઇમ કરતાં પોતે નદી રૂપથી મળીયું
તસ અહંકાર મન ક્ષણમાંહિ ઓગળીયું
થઇ નિર્મલ કાયા મેલ બધો વિખરાયો
ગંગા નામે થઇ પવિત્ર જલથી ભરાયો. ૯

સાધી છે જેણે સમર્પણા આત્માની
મુક્તિ કર્મોની સહજ ભાવથી આણી
ઝરણા સમ આત્મા મલિન કર્મરજ સાથે
સ્વાર્પણ પ્રણચરણ કરી મુક્તિને લાધે. ૧૦

શ્રી બાલચંદ હીરાચંદ–'સાહિત્યચંદ્ર'

चैत्यवंदन–चतुर्विंशतिका

भावार्थकार-पंन्यास श्री सुशीलविजयजी गणी

त्रयोविंशतितम–तीर्थङ्कर—

श्रीपार्श्वनाथजिनेन्द्र–चैत्यवन्दनम् [२३]

(पञ्चचामर-छन्दः)

श्रयामि तं जिनं सदा मुदा प्रमादवर्जितं,
स्वकीयवाग्विलासतो जितोरुमेघगर्जितम् ।
जगत्प्रकामकामितप्रदानदक्षमक्षतं,
पदं दधानमुच्चकैरकैतवोपलक्षितम् ॥ १ ॥

प्रमादथी रहित, पोतानी वाणीना विलासथी मोटा मेघना गर्जारवने जीतनार, जगतना अत्यंत मनोवांछितने देवामां कुशल, अक्षय पदने धारण करनार, उच्च प्रकारनी सरळताथी सहित एवा ते [पार्श्वनाथ–] जिनने हुं हर्षपूर्वक सर्वदा सेवुं छुं. (१)

सतामवद्यभेदकं प्रभूतसम्पदां पदं,
वलक्षपक्षसङ्गतं जनेक्षणक्षणप्रदम् ।
सदैव यस्य दर्शनं विशां विमर्दितैनसां,
निहन्त्यशातजातमात्मभक्तिरक्तचेतसाम् ॥ २ ॥

सत्पुरुषोना पापने छेदनार, विपुल संपत्तिनु स्थान, शुक्लपक्षथी संगत, जीवोना नयनने उत्सव आपनार, भक्तिथी रंगाएला चित्तवाळा अने पापने मर्दन करनार प्राणीओना दुःखवृंदने, जेनुं दर्शन सर्वदा ज हणे छे. (२)

अवाप्य यत् प्रसादमादितः पुरुश्रियो नरा,
भवन्ति मुक्तिगामिनस्ततः प्रभाप्रभास्वराः ।
भजेयमाश्वसेनदेवदेवमेव सत्पदं,
तमुच्चमानसेन शुद्धबोधवृद्धिलाभदम् ॥ ३ ॥

जेनी प्रसन्नताने पामीने शरूआतमां भूरिसंपत्तिवाळा जीवो थाय छे, अने त्यारपछी प्रकृष्ट ज्ञानथी अत्यंत प्रकाशवाळा थया छतां मुक्तिगामी थाय छे.

उत्तम छे चरण जेना अथवा सत्पुरुषोना स्थान अने शुद्ध बोधिनी वृद्धिना लाभने आपनार एवा ते अश्वसेन राजाना पुत्र देवाधिदेव[श्री पार्श्वनाथ प्रभु]ने शुद्ध मनथी हुं भजुं छुं (३)

चतुर्विंशतितम-तीर्थङ्कर—
श्रीमहावीरजिनेन्द्र-चैत्यवन्दनम् [२४]

(पृथ्वी-छन्दः)

वरेण्यगुणवारिधिः परमनिर्वृतः सर्वदा,
समस्तकमलानिधि सुरनरेन्द्रकोटिश्रितः ।
जनालिसुखदायको विगतकर्मचागे जिनः
सुमुक्तजनसङ्गतस्त्वमसि वर्द्धमानप्रभो ! ॥ १ ॥

ઉત્તમ ગુણના સાગર, સર્વદા એકાન્ત સુખને પામેલા, સમસ્ત લક્ષ્મીના નિધાન, કરોડો સુરેન્દ્ર અને નરેન્દ્રથી સેવાએલા, જનવૃંદને સુખના દાતા, કર્મસમૂહથી રહિત, જિન અને ઉત્તમ સિધ્ધના જીવોને મળેલા એવા હે વર્ધમાન પ્રભો ! આપ છો. (૧)

जिनेन्द्र ! भवतोऽद्भुतं मुखमुदारबिम्बस्थितं,
विकारपरिवर्जितं परमशान्तमुद्राङ्कितम् ।
निरीक्ष्य मुदितेक्षणः क्षणमितोऽस्मि यद्भावना,
जिनेश ! जगदीश्वरोद्भवतु सैव मे सर्वदा ॥ २ ॥

હે જિનેન્દ્ર ! વિકારથી રહિત અને પરમ શાન્ત મુદ્રાથી સહિત એવું આપનું ઉત્તમ મૂર્તિમાં રહેલું અદ્‌ભુત મુખ જોઇને, હર્ષિત નયનવાળો ક્ષણવાર જે ભાવનાને હું પામ્યો છું તે ભાવના હે જિનેશ ! હે જગદીશ્વર ! મને સર્વદા હો. (૨)

विवेकजनवल्लभं भुवि दुरात्मना दुर्लभ,
दुरन्तदुरितव्यथाभरनिवारणे तत्परम् ।
तवाङ्घ्रपदपद्मयोर्युगमनिन्द्य वीरप्रभो !,
प्रभूतसुखसिद्धये मम चिराय सम्पद्यताम् ॥ ३ ॥

વિશ્વમાં વિવેકિજનને પ્રિય, દુરાત્માઓને દુર્લભ, દુષ્ટ પાપની પીડાના સમૂહને દૂર કરવામાં તત્પર એવું સ્તુત્ય આપનું ચરણકમળ યુગલ, હે વીરપ્રભુ ! પ્રચુર સુખની સિદ્ધિને માટે મને સર્વદા હો. (૩)

पंन्यासश्रीसुशीलविजयगणिना गुम्फिता, वाचकश्रीक्षमाकल्याण-
गणिमणीप्रणीत 'श्रीचैत्यवन्दनचतुर्विंशतिकाया' भावार्थः समाप्तः ॥

વીર સંવત્-૨૪૮૩, વિક્રમ સંવત્ ૨૦૧૩ના
ચૈત્રમાસની શાશ્વતી શ્રીનવપદજી મહાની ઓળી

સ્થળ:—
શ્રી અગાશીતીર્થ, જૈન ઉપાશ્રય

ચર્મચક્ષુ અને જ્ઞાનચક્ષુ

લેખક:—'સાહિત્યચંદ્ર' શ્રી બાલચંદ હીરાચંદ

આપણે આપણી આંખોથી જોઈએ છીએ એટલે જોવાનું સાધન આપણી આંખ જ છે એ સ્વયં-સિદ્ધ છે જેને જન્મથી જ આંખો નથી તેઓ કંઈ પણ જોઈ શકતા નથી. તે માટે આપણે તેમની તરફ દયા અને કરુણાની લાગણીથી જોઈએ છીએ. અને આપણને આંખો મળી છે તેથી આપણે પોતાને ભાગ્યશાળી માનીએ છીએ. એક જન્માંધને પૂછવામાં આવ્યું કે ભાઈ, તને સ્વપ્ન આવે છે? ત્યારે તેણે કહ્યું હા ભાઈ. મને તો રોજ સ્વપ્નો આવ્યા જ કરે છે. અને તેમાં હું અનેક ઘટનાઓ જોઉં છું. મહેલ જોઉં છું અને ઝુંપડીઓ પણ જોઉં છું. નદી જોઉં છું તેમ પર્વતો પણ જોઉં છું, ઘરેણા જોઉં છું તેમ ફાટેલા કપડા પણ જોઉં છું. લાલરંગ જોઉં છું તેમ પીળો રંગ પણ મને જણાય છે. અંધારું જણાય છે તેમ અજવાળાનો પણ મને અનુભવ થાય છે. એ ક્ષણજીવી હોય છે એ વાત સાચી છે, પણ મારી અંતરંગ દૃષ્ટિ તો જાગૃત જ હોય છે. એ વસ્તુનો આપણે વિચાર કરીએ.

મુંબઈ, કલકત્તા કે દિલ્હી જેવા મોટા શહેરમાં આપણે રહેતા હોઈએ ત્યારે રસ્તે ચાલતા હજારો માણસો આપણી નજર સામે આવી જાય છે. દોડા-દોડ ચાલેલી હોય છે. મોટારો અને વિવિધ વાહનોની અવરજવરમાંથી આપણે આપણો માર્ગ સહેજે કાપીએ છીએ. અનંત દૃશ્યોના પ્રતિબિંબો આપણી આંખમાં પડી જાય છે. ત્યારે કોઈ આપણને આવી પૂછે કે, અમુક રંગની મોટર આ રસ્તે ગઈ છે? અગર અમુક માણસ આ રસ્તે જતો તમારા જોવામાં આવ્યો કે? એનો જવાબ આપણે શું આપીએ? આપણે તો ઑફિસમાં કે દુકાને જવાની ઉતાવળમાં હોઈએ, અગર બજારમાં ખરીદી કરવા જતા હોઈએ. આપણી આંખમાં તે તે વસ્તુઓનું પ્રતિબિંબ પડેલું નહિં જ હોય એમ તો ન જ બનેલું હોય, આપણી આંખો તો સાફ ઉઘાડી હોય, આપણે જોતા હોઈએ, છતાં આપણે નિશ્ચયપૂર્વક તેનો જવાબ હકારમાં કે નકારમાં આપી શકતા નથી. એનું કારણ શું? આપણે દુકાનમાં, ઑફિસમાં કે બજારમાં કામે વળગેલા હોઈએ અગર રમતની જગ્યા ઉપર રમતમાં વળગેલા હોઈએ ત્યારે આપણી પાસેથી કોઈ કાંઈ ઉપાડી જાય છતાં આપણને તેનું સ્મરણ સરખું પણ હોતું નથી. એનું કારણ શું? કહેવું પડશે કે, કોઈ વસ્તુ તરફ જોવા માટે જેમ આંખો ગમ કરતી હોય છે તેવી જ રીતે મન પણ જોડાએલું હોવું જોઈએ એ બન્ને વસ્તુઓ એટલે આંખ અને મન સાથે જોડાએલું હોય ત્યારે જ જોએલી વસ્તુ આપણે ધ્યાનમાં રાખી શકીએ છીએ. મન ઠેકાણે ન હોય તો આપણી આંખો બંધ જેવી જ રહે છે.

અવધિજ્ઞાન જે મહાત્માને પ્રાપ્ત થયેલું હોય છે તે અમુક હદ સુધી જે સામાન્ય માણસો જોઈ શકતા નથી તેવી વસ્તુઓ અને ઘટનાઓ સુખેથી જોઈ શકે છે. આ વાત ઘણાને ગળે ઉતરતી નથી. એઓ માને છે કે, આપણી દૃષ્ટિની જેટલી મર્યાદા છે તેટલી જ બધાઓની હોઈ શકે. તેથી વધુ દૃષ્ટિમર્યાદા હોવી અશક્ય છે. પ્રાણીશાસ્ત્રના વિજ્ઞાનશાસ્ત્રીઓએ એવું સિદ્ધ કરી બતાવેલું છે કે મધુમક્ષિકા કે મધમાખને પાંચ છ આંખો હોય છે. અને આપણા જેવા માણસો સામાન્ય આંખે જે જોઈ શકતા નથી એવા અનેક ખાદ્ય વસ્તુ એ સહેજે જોઈ શકે છે. આટલા મોટા ઢગલામાંથી એકાદ નાનો કણ એ જોઈ લે છે. તેમજ તેની ઘ્રાણેંદ્રિય એટલી તીક્ષ્ણ હોય છે કે એ

ગણુ માર્બલ ઉપર અનેક જાતના ફૂલના ઝાડ હોય અને તેની ગંધમિશ્રિત થયેલી હોય, છતાં તેમાંથી પોતાને ખપના ફૂલની ગંધ એ મેળવી લે છે.' આ તો એક કીટકની વાત થઈ. ઘણાઓને એની ખબર પણ નહીં હોય કે સમળી આકાશમાં ખૂબ ઊંચે ઊડે છે, ત્યાં પોતાને ખપની વસ્તુ એ જોઈ શકે છે. એ ઉપરથી સ્થૂલ ચર્મચક્ષુથી પણ અનેક ઝીણી વસ્તુઓ દેખી શકાય છે. મધમાખની આંખોનો ઘણાઓએ વિચાર પણ નહીં કર્યો હોય. અતીંદ્રિય વસ્તુઓનું જ્ઞાન જ્યારે મનુષ્યમાં જાગે છે ત્યારે તે અનેક વસ્તુઓ જાણી અને જોઈ શકે છે. આત્માની અનંતી શક્તિનો પરિચય અનાયાસે થઈ જાય છે. આ જગતમાં અનેક મહાત્મા સંતપુરુષો થઈ ગયા. તેઓ દ્રષ્ટા અને જ્ઞાની હતા તેથી જ તેઓ સામાન્ય માણસ કરતા વધારે જાણી અને જોઈ શકતા હતા.

જેઓ કેવળ સામાન્ય ઇંદ્રિયોને ગમ્ય એવી વસ્તુઓ પર જ આધાર રાખી દરેક વસ્તુનો વિચાર કરે છે, તેઓના જાણવામાં જ્યારે ઇંદ્રિયગોચર ન થઈ શકે એવી ઘટનાઓ સામે થયેલી જુએ છે ત્યારે તેઓ વિચારમાં પડી જાય છે અને આમ બને જ કેમ એનો વિચાર કરે છે. તેઓ આત્માની શક્તિ અનંતી છે એ વસ્તુ તદ્દન ભૂલી જ જાય છે. છેતરપિંડી કરી લોકોને ભૂલાવામાં નાખનારા જગતમાં ઘણા જોવામાં આવે છે. તેથી બધી જ ઘટનાઓ એ રીતે થતી હશે એવી કલ્પના કરી મનને સમજાવવાનો તેઓ પ્રયત્ન કરે છે. જ્યારે ગત જન્મની અનુભવજન્ય અને તદ્દન સત્ય હકીકતો જોવામાં આવે છે અને તેમાં દરેક શંકાનો નિરાસ થયેલો જોવામાં આવે ત્યારે એવા એકાંત બુદ્ધિવાદીઓ પણ વિચારમાં પડી જાય છે. કોઈ મંત્રના ચમત્કાર, જપનો મહિમા અને ધ્યાન ધારણાની સિદ્ધિનો પરિચય જોવામાં આવે છે ત્યારે પણ ઘણાઓને પોતાની બુદ્ધિથી પણ તેનો ઉકેલ જડી શકતો નથી. ગુરુત્વાકર્ષણના નિયમો ઉલ્લંઘન કરી જ્યારે જડ વસ્તુઓ હવામાં તરલિત કરવામાં આવે ત્યારે આપણે આશ્ચર્યમુગ્ધ થઈ જઈએ છીએ. છાતી અગર ઘુંટણ ઉપર પુસ્તક ઊંધું મૂકી જ્યારે તદ્દન અપરિચિત પુસ્તક વાંચવામાં આવે છે અને એની સાથે અનેક શબ્દસમૂહો ધ્યાનમાં રાખી બોલી જવાય છે ત્યારે દરેક માણસ આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે.

આવા આશ્ચર્યકારક પ્રયોગો અમોએ પ્રત્યક્ષ જોયા અને અનુભવ્યા છે અને પારખ્યા પણ છે. એવા પ્રયોગોમાં કાંઈ યુક્તિ અગર છેતરપિંડી જેવું જણાય કાંઈ નથી. એ બધી ઘટના નક્કર સત્ય જ છે એવી અમારી ખાત્રી છે, પણ પ્રયોગો કરનારાઓને કેવું આત્મિક નુકશાન થાય છે તે એઓ જાણતા નથી. એવી ઘટનાઓમાં આત્માના અહંભાવનો ઉપયોગ કરવો છે અને તેથી આત્માની ઘણી શક્તિ વેડફી નાખવામાં આવે છે. એ વસ્તુનું એ પ્રયોગો કરનારાઓને ભાન સરખું પણ હોતું નથી.

અહં અને મમ એનો એ ઉપયોગ છે. એ પછી તમાસો બનાવવા જેવું બની જાય છે અને મહાત્મા સ્થૂલિભદ્ર જેવી અવસ્થા થઈ જાય છે. ચમત્કાર બતાવવા માણસ લલચાય છે અને પરિણામ વિપરીત થાય છે. વાસ્તવિક આત્માને ઊંચે ચઢાવવો હોય તો નાહં અને ન મમનો આશ્રય લેવો એ ઉચિત છે. પણ સાથેસાથે એવી દૃષ્ટિ મળવી અશક્ય છે એમ કહી શકાય નહીં. ચર્મચક્ષુથી જોઈ શકાય છે તેના કરતાં બીજી અદૃશ્ય લાગતી દૃષ્ટિ ઘણી વિશાલ છે અને પ્રસંગોપાત એના દર્શન થયા જ કરે છે અને અનેક સંત મહાત્માઓ એ માટે પ્રયત્ન પણ કરે છે ત્યારે એવી દિવ્ય જ્ઞાનચક્ષુઓ તેઓ મેળવી પણ શકે છે. સર્વ સાધારણ માણસો માટે તે અશક્યપ્રાય છે, તેથી તેવી ચક્ષુએ હોતા જ નથી એમ શી રીતે કહી શકાય ? જે વસ્તુ પ્રયત્નસાધ્ય હોય તે એકદમ આપણી સામે આવી ઊભું રહે એ બને જ શી રીતે !

ઘણા મધુ—નામધારક લોકો મેઢ મેરા ગમા- રેદે, દેડારોલ, વગેરેએ, ધામધૂમ. સેનાપતિની શોભા અને બાપડા [illegible] લોકોને ઠેરી નાખી આત્મિક ભાવનને રોકી રોગનું મૂળ નહીં [illegible]

ઉપરની મલમપટ્ટીમા પોતે ખૂબ ધર્મ કર્યાનું ગૌરવ મેળવવા પ્રયત્ન કરે છે, તેઓ ખરી રીતે ખોટી કીર્તિના ભોગ થઈ આત્મવચના જ કરે છે, એમ કહેવામા હરકત નથી ભપકો કે દોડાદોડની ધમાલ એને ધર્મ કહેવો એ તદ્દન અસગત છે, એમા શકા નથી હાલના કાળમા તો બુદ્ધિને આવાહન આપી તે માર્ગે સાચા ધર્મનો પ્રચાર કરવામા આવે તો જ લોકોના ગળે ધર્મ ઉતારી શકાય તેમ છે, તદ્દન એકાત અને બાહ્ય શોભામા લોકોને આકર્ષી શકાય તેવો મળ રહ્યો નથી જુઓ, અમારા ધર્મમા કેવી શોભા, કેવો ચળકાટ, કેવા સોનારૂપાના આભૂષણો, કેવા વરઘોડા અને કેવી ધામધુમ છે અને તેને લીધે અમારો ધર્મ સાચો છે એવુ કહી લોકોને ધર્મ તરફ આકર્ષવાના દહાડા વહી ગયા છે, એ ભૂલવુ નહીં જોઈએ

ચર્મચક્ષુથી નહીં પણ જ્યારે આપણે દેશ-કાળને અનુસરી જ્ઞાનચક્ષુનો ઉપયોગ કરીશુ ત્યારે જ આપણે આપણો ધર્મ કેવી રીતે શ્રેષ્ઠ છે તે લોકોને સમજાવી શકીશુ આપણે જાતીયતા, અસ્પૃશ્યતા જેવા અનિષ્ટોને વળગી રહી ધર્મનો પ્રચાર કરવાની વાતો હાકયે જઈશુ તેમજ સાથે સાથે કેવળ ભપકો અને દોડાદોડ લોકોને બતાવતા રહીશુ ત્યા સુધી લોકો એક કુતુહલ અને નાટચની દૃષ્ટિથી જ આપણી તરફ અને આપણા ધર્મ તરફ જોતા રહેશે એમા શકા નથી આગળ વધીને એમ પ્રત્યક્ષ અનુભવસિદ્ધ વાત એમ પણ કહી શકાય છે કે વાણીયાઓની પાસે ખૂબ દ્રવ્ય છે એમની પાસે મલમિનકત અખૂટ ભરેલી છે તેથી જ તેઓ આવો ઉડાઉ ખરચ કરી શકે છે આપણી અણઆવડતનો એ નમૂનો છે એવી રીતથી લોકો આપણને ઓળખાવે છે

મધ્યમ વર્ગ ભૂખે મરે, અસખ્ય મદિરોમા પૂજા પણ કરવા કોઈ જાય નહી, જૈન ધર્મ પાળવા ઉત્સુક એવા ઘણા ભાઈ બહેનોને જરાએ સહાય કરવાની બુદ્ધિ જાગે નહીં ઘણા જ્ઞાની લેખકોના ગ્રથ પ્રકાશન માટે મદદ અપાય નહીં, ઘણા પ્રાચીન મદિરો પડી પડેલા ફેરવાઈ જાય એવી હાલતમા આપણે ભપકા અને દોડાદોડમા લાખો રૂપીઆનુ પાણી કરતા રહી ખૂબ ધર્મ કર્યાના બણગા ફૂકયા કરીએ એ આપણી વિચારની પામરતાનુ આશ્ચર્યકારક દૃશ્ય જોઈ અમારા ધર્મધુરધરો માટે કેવો વિચાર લોકો કરતા હશે એનો વિચાર જરા એકાતમા મન માથે થાય તો કેવુ સારુ !

આપણે ફક્ત ચર્મચક્ષુ ઉઘાડી રાખી જ્ઞાનચક્ષુ મીચી લીધી છે એમા શકા નથી તેથી જ આવા અસગત અને વિપરીત દૃશ્યો આપણને જોવા પડે છે.

શાસ્ત્રકારો પોકારી પોકારી કહે છે કે, કોઈ પણ કાર્યમા વિવેકને અગ્રમાન આપવુ જોઈએ આપણે તો બસ એ વિવેકને તદ્દન ભૂલી ગયા છીએ અને તેની જગ્યાએ આપણા મનની ધૂનમા બેસે એવા જ કાર્યો અને ધર્મના નામે જુદા જ કામ હાથ ધરી રહ્યા છીએ એમા શકા નથી ભપકો જોઈ કોઈ વાહ-વાહ પોકારે, જયજયકાર ઉચરે તેથી ફુલાવાની બેગી ઘેલછા આપણામા પેસી ગએલી છે, તેથી જ આપણે અવળે માર્ગે ધનનો ઉપયોગ કરીએ છીએ એ લાલચ આપણને અવળે માર્ગે દોરી રહી છે, એનુ આપણને ભાન સરખુ પણ રહ્યુ નથી એમ સ્પષ્ટ જણાય છે. આપણા ભક્તોને ચાર ભીંતોની હદમા ગમે તેમ સમજાવી આવુ ધર્મનુ સ્વરૂપ હોય એમ કહીએ અને ભ્રમ બેસાડીએ અને આત્મસતુષ્ટતા મેળવીએ તેથી તે કાર્ય યોગ્ય છે એમ સિદ્ધ થઈ જતુ નથી.

પોતાની આખો મીચી પોતાનુ એક સકુચિત જગત કલ્પી એમા જ કૃતકૃત્યતા માની પોતાને ધન્ય માની લઈએ એવી આપણી સ્થિતિ થઈ છે. જગત કેટલુ વિશાળ છે એ જોવા આપણે તૈયાર જ નથી ધર્મક્ષેત્રમા કેવા કેવા વિચારપ્રવાહો કામ કરી રહ્યા છે તેનો વિચાર નહી કરતા 'ધર્મ ધર્મ' કરતા રહી ભપકાબાજી કરતા રહીશુ તો જગતના જ્ઞાનક્ષેત્રમા આપણી કિમત શી ? સાચુ સ્વરૂપ બતાવવા માટે તો દૃષ્ટિ વિશાલ કરવી પડશે ચર્મચક્ષુ જરા બધ કરી, આત્મસશોધન કરી, જ્ઞાનચક્ષુ ઉઘાડી દરેક પગલુ ભરવુ પડશે બધાઓને અને તેમા પણ જે ધર્મધુરા ધારણ કરી બેઠા છે તેમની જ્ઞાનચક્ષુ ખુલે એ જ અભિલાષા !

પાંચમી અન્યત્વ ભાવના

મ્હારું કોઈ નથી અને હું કોઈનો નથી

લેખક-મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

ભૂતકાળમાં દરેક જન્મમાં ઘણા જીવોની સાથે સંબંધ બાંધ્યો. જ્ઞાનદૃષ્ટિએ જોતાં આ દુનિયામાં એવો કોઈ જીવાત્મા નથી કે જેની સાથે માબાપ, પુત્ર, સ્ત્રી તરીકેનો સંબંધ જોડ્યો ન હોય. આટલા બધા સંબંધો જોડ્યા, છતાં પણ આ વખતે કોઈ પૂર્વનો સંબંધી સહચારી થતો નથી, તો પછી આ વખતના સંબંધીઓ પાછળના વખતમાં સહચારી થશે તેની શી ખાત્રી છે ? કોઇ જ નહિ, તો પછી શા માટે મમતા રાખે છે, છોડી દે મમતાને. અને મનમા નિશ્ચય કર કે મ્હારો કોઇ છે નહિ અને હું પણ કોઈનો છું નહિ.

વિવેચન-સૂયગડાંગસૂત્રમાં કહ્યું છે કે -

न सा जाइ न सा जोणी, न तं कुलं न तं ठाणं ।
न जाया न मुया जत्थ, सव्वे जीवा अणंतसो ॥

અર્થાત્. એકેંદ્રિય બેઇંદ્રિય તેઇંદ્રિય ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય એ પાંચ જાતિઓમાં એવી કોઇ જાતિ નથી કે જેમાં એકેક જીવ અનંતીવાર ઉત્પન્ન થઇ મરણ પામ્યો ન હોય. યોનિ-જીવનનાં ઉત્પત્તિસ્થાન એકંદર ચોરાશી લાખ છે. તેમાંની એક યોનિ પણ એવી નથી કે જ્યા અનંતીવાર ઉપજવાનું ન બન્યુ હોય. એકંદરે એક ક્રોડ સાડીસત્તાણું લાખ કુલ કોટિ છે. તેમાંનુ કોઇ પણ કુલ જન્મ-મરણ વિનાનુ રહ્યું નથી તેમજ આ લોકમાં એવું કોઇ સ્થાન નથી, કોઇ આકાશપ્રદેશ નથી કે જ્યાં દરેક જીવે અનંતીવાર જન્મ અને મરણ કર્યાં ન હોય. જ્યાં જ્યાં આ જીવ જન્મ પામ્યો ત્યાં ત્યાં અનેક સંબંધીઓની સાથે સંબંધો બાંધ્યા છે. કોઇ સ્થાને માબાપ ભાઇ ભગિની પુત્ર પુત્રી સ્ત્રી સાસુ સસરા એવાં એવાં અનેક સગપણો બાંધ્યાં. શાસ્ત્રકાર કહે છે કે દુનિયામાંના સઘળા જીવો સાથે દરેક જીવે અનંતાનંત સંબંધો બાંધ્યા છે. કોઇ પણ જીવ એવો નથી રહ્યો કે જેની સાથે કાંઇ ને કાંઇ સંબંધ બાંધ્યો ન હોય. આ બધા સંબંધો જો કાયમનાં હોય તો એકેક જીવને સંબંધીઓની એટલી સહાય મળે કે તેને કોઇ જાતની તંગી ભોગવવી જ પડે નહિ, પણ તે સંબંધ કાયમનો બંધાતો નથી કિન્તુ ક્ષણિક સંબંધ છે. શ્રી આનંદઘનજી ઋષભદેવની-સ્તુતિ કરતા કહે છે કે-

> પ્રીતસગાઇ રે જગમાં સહુ કરી રે.
> પ્રીતસગાઇ ન કોય.
> પ્રીતસગાઇ તે નિરુપાધિક કહી રે
> સોપાધિક ધન ખોય-
> ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે.

અર્થાત્-જગતમાં સર્વ જીવોની સાથે પ્રીતિ-સગપણ બાંધ્યું પણ અંતે કોઇ સગું થયું નહિ. કાયમની પ્રીતિ કયાંય પણ જોવામાં આવી નહિ. તેનું કારણ એટલું જ કે જગત જનોની સાથે જે કાંઇ સંબધ બાંધવામાં આવે છે તે કંઇ ને કંઈ સ્વાર્થ માટે માબાપ અને પુત્રનો સંબંધ જન્મથી કુદરતી બંધાય છે એ ખરૂં, પણ માબાપના મનમાં એક જાતની આશા

રહે છે કે આ છોકરો મ્હોટો થશે એટલે અમારું ઘડપણ પાળશે અને અમારું નામ રાખશે. આવી આશાની ઉપાધિથી માબાપનો પ્રેમ છોકરા ઉપર રહે છે. કોઇ પણ કારણથી જો તે આશા ઊડી જાય તો પ્રેમ પણ ઊડી જાય. એવી જ રીતે દુનિયાના સંબંધીઓના સંબંધમાં–પ્રેમમાં કંઇ ને કંઇ ઉપધિ-સ્વાર્થ રહે છે. તેથી તે પ્રેમ ઉપધિના અસ્તિત્વ સુધી ટકે છે, પછી લુપ્ત થાય છે. ખરો પ્રેમ તે નિરુપાધિક-નિસ્વાર્થી પ્રેમ છે. તેનો પ્રેમ માત્ર સ્વસ્વરૂપની સાથે જ બધાય છે. અને તે જ ખરો પ્રેમ છે પણ તે પ્રેમનો પ્રવાહ ગુપ્ત છે. અંતરમાંથી પ્રગટે છે. બહારથી તેની આવક નથી. બહારના સબંધીઓનો પ્રેમ ઉપરછલ્લો તેમ સોપાધિક અને સ્વલ્પકાળસ્થાયી છે. તે બીનાનું સ્પષ્ટીકરણ કરતા सयोग एष खगवृक्षवत् એ વાક્યથી ઝાડ ઉપર પક્ષીઓના સમાગમનું દષ્ટાંત આપ્યું છે. સાંજે જુદી જુદી દિશાએથી પક્ષીઓ આવી ઝાડ ઉપર બેસે છે. રાત્રી પસાર કરી સવાર થતાં સૌ જુદાં પડી જાય છે. દિવસે પોતપોતાનો ખોરાક મેળવવામાં મશગૂલ બની બધા રાત્રિએ મંબંધીઓના સમાગમનું ભાન ભૂલી જાય છે તેવી જ રીતે એક કુળરૂપ વૃક્ષને આશ્રયે જુદી જુદી યોનિમાંથી આવેલા જીવોનો સમાગમ થાય છે. જીવનરૂપ શાખાને આશરે તેમની સ્થિતિ થાય છે. આયુષ્યરૂપી રાત્રિ પૂરી થતાં સૌ જુદાં પડી જાય છે. મરણનો પડદો પડતાં સર્વસંબંધીઓનો સંબંધ છુપાઇ જાય છે. બીજા જન્મમાં પૂર્વનાં સગાંઓ પૈકી કોઇ કોઇને ઓળખતું નથી. તેથી કદાચ પૂર્વનાં સગાંઓ દુશ્મન થાય છે અને પૂર્વનાં દુશ્મન આ ભવના સગાં બને છે. જન્મપરંપરામાં જ્ઞાનીઓએ કથેલ છે કે, "મ્હારું કોઇ નથી અને હું કોઇનો નથી." જો આ વાક્યનો ભાવાર્થ સમજી જાય ને અંતરમાં ઉતારે તો આત્મા જલ્દી ભવસમુદ્ર તરી જાય.

काकस्य गात्रं यदि कांचनस्य माणिक्यरत्नं यदि चंचुदेशे ।
एकैकपक्षे ग्रथितं मणीनां तथापि काको न तु राजहंसः ॥

મંદાક્રાંતા

આખે અંગે કનક સરખો ઓપ રૂડો ચડાવો,
મોતી પન્ના મનહરમણી ચાંચમાંહે જડાવો;
પાંખે પાંખે અમુલ નિલમો ને મઢાવો જ હીરા,
તોયે થાયે કદિક પણ શું કાગ તે હંસ વીરા ?

સોળ રોગ સંબંધી આગમિક ઉલ્લેખો

શ્રી હીરાલાલ ર કાપડિયા M. A.

જૈન આગમોમાં જાતજાતનાં વિષયોનું નિરૂપણ જોવાય છે. એમાં કેવળ ધાર્મિક બાબતો વિષે માહિતી ન અપાતાં પ્રસંગવશાત્ અન્ય બાબતો–સાંસારિક બાબતો પણ આલેખાઈ છે. આ પરિસ્થિતિમાં કોઈ કોઈ આગમમાં રોગો અને એની સોળની સંખ્યા વિષે ઉલ્લેખ જોવાય છે. દા. ત. નાયાધમ્મકહા-(સુય૦ ૧, અ. ૧૩, સુ. ૯૪)માં નંદને એકી સાથે સોળ રોગ થયાની વિગત નીચે મુજબ અપાઈ છે:—

"तए णं तस्स नन्दस्स मणियारसेट्ठिस्स अन्नया कयाइं सरीरगंसि सोलसं [१]रोगायङ्का पाउब्भूया, तं जहा—

"सासे कासे जरे दाहे कुच्छिसूले भगन्दरे।
अरिसा अजीरए दिट्ठीमुद्धसूले अगारए।
अच्छिवेयणा कण्णवेयणा कण्डू दउकरे कोढे।"

અનગાર શેલકને અંગે સુ. ૫૭માં રોગાયંક, કંડુય, દાહ અને પિત્તજ્વર શબ્દો વપરાયા છે. ના૦ ધ૦ ઉપર અભયદેવસૂરિએ વિ. સં. ૧૧૨૦માં વિવૃત્તિ રચી એમાં ઉપર્યુક્ત શબ્દોને અંગે નીચે મુજબ સ્પષ્ટીકરણ છે:—

"रोगश्चासौ आतङ्कश्च—कृच्छ्रजीवितकारीति समासः, कण्डूः—कण्डूतिः; दाहः प्रतीतः, तत्प्रधानेन पित्तज्वरेण"

સુ ૯૪નું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે આ વિવૃતિ-(પત્ર ૧૮૩અ)માં અપાયું છે:—

"सासेत्यादि श्लोकः प्रतीतार्थः, नवरं 'अजीरए' त्ति आहारपरिणतिः; 'दिट्ठीमुद्धसूले-त्ति दृष्टिशूलं'-नेत्रशूलं, मूर्द्धशूलं-मस्तकशूलम्; 'अकारए' त्ति भक्तद्वेषः; अच्छिवेयणेत्यादि श्लोकातिरिक्तम्; 'कण्डु' त्ति खर्जुः, 'दउदरे' त्ति दकोदरं जलोदरमित्यर्थः।'

ઉવાસગદસા(અ ૪)માં એક દેવ સુરાદેવ નામના શ્રાવકને દમ ભીડાવતાં કહે છે કે હું તારા શરીરમાં એક સામટા સોળ રોગ દાખલ કરીશ. આ પ્રસંગને લગતો રોગ સબંધી ઉલ્લેખ નીચે પ્રમાણે છે:—

"सासे कासे जाव कोढे"

આ સબંધમાં અભયદેવસૂરિકૃત વ્યાખ્યા (પત્ર ૧૩૮ આ) નીચે મુજબ છે:—

"सासे इत्यादौ यावत्करणादिदं दृश्यम्—
सासे कासे जरे दाहे कुच्छिसूले भगन्दरे।
अरिसाऽजीरए दिट्ठीमुद्धसूले अकारए॥
अच्छिवेयणा कण्णवेयणा कण्डू उदरे कोढे।
अकारकः—अरोचकः।"

વિવાગસુય(સુય૦ ૧, અ. ૧, સુ. ૫)માં રાષ્ટ્રકૂટ ઈક્કાઇને સોળ રોગ થયાનો નીચે મુજબ ઉલ્લેખ છે:—

"तते णं तस्स इक्काईयस्स रट्ठकूडस्स

---

૧. આ ભાવનગરની 'જૈન આત્માનંદ સભા' તરફથી વિ. સં. ૧૯૯૭માં પ્રકાશિત આવૃત્તિનો પત્રાંક છે.

अण्णया कयाइं सरीरगंसि जमगसमगमेव सोलस रोगायङ्का पाउब्भूया, तं जहा—

सासे कासे जरे दाहे कुच्छिसूले भगन्दरे।
अरिसा अजीरए दिट्ठीमुद्धसूले अकारए॥
अच्छिवेयणा कण्णवेयणा कण्डू उदरे कोढे॥

આને અંગેની અભયદેવસૂરિકૃત વૃત્તિ (પત્ર ૪૦ આ)માં નીચે પ્રમાણે વિવરણ છે —

"' रोगायङ्क.' त्ति रोगाः—व्याधयस्त एवातङ्काः-कष्टजीवितकारिणः । ' सासे ' इत्यादि श्लोकः । जोणिसूले त्ति अपपाठः, ' कुच्छिसूले ' इत्यस्यान्यत्र दर्शनात् । ' भगन्दले ' त्ति भगन्दरः । ' अकारए ' त्ति अरोचकः । ' अच्छिवेयणा ' इत्यादि श्लोकातिरिक्तम् । ' उदरे ' त्ति जलोदरम् । "

આ પ્રમાણેના ઉલ્લેખો ઉપરથી નીચે મુજબની બાબતો તારવી શકાય છે :—

(૧) જૈન આગમો પૈકી ના૦ ધ૦, ઉ૦ દ૦ અને વિ૦ સુ૦ એ ત્રણ આગમોમા સોળ રોગના નામ ગણાવાયા છે.

(૨) સોળ રોગમાથી ૧૧ રોગનો નિર્દેશ પદ્યમા ' અનુષ્ટુપ્ 'મા કરાયો છે.

(૩) સોળ રોગનાં નામ પ્રાકૃતમાં અપાયા છે. એ નામો હું એના સંસ્કૃત સમીકરણ તેમજ ગુજરાતી અને અંગ્રેજી અર્થ સહિત નીચે પ્રમાણે સૂચવુ છું :—

सास (श्वास)=શ્વાસને લગતો રોગ-દમ= asthma.

कास (कास)=ખાસી=cough.

जर (ज्वर)=જ્વર યાને તાવ=fever.

दाह (दाह)=દાહ યાને બળતરા=burning sensation.

कुच्छिसूल (कुक्षिशूल)=પેટમા શૂળ=pain in the abdomen=colic.

*भगन्दर (भगन्दर)=ભગંદર=fistula in ano.

अरिस (अर्शस्)=અર્શ યાને હરસ કિંવા મસા=piles.

अजीरअ (अजीर्ण)=અજીર્ણ=indigestion.

दिट्ठिसूल (दृष्टिशूल)=નેત્રમાં શૂળ=pain in eyes.

मुद्धसूल (मूर्धशूल)=મસ્તકમા શૂળ=head-ache.

+अकारअ (अकारक)=અરુચિ યાને ભોજનની અનિચ્છા=loss of lappetite.

अच्छियेयणा (अक्षिवेदना)=નેત્રમાં વેદના= sore-eye (?)

कण्णवेयणा (कर्णवेदना)=કાનમાં વેદના= pain in ears

[1]कण्डू ([2]कण्डू)=ખુજલી=itching.

[3]दउकर (दकोदर)=જલોદર=dropsy.

कोढ (कुष्ठ)=કોઢ=leprosy.

(૪) ' કુચ્છિસૂલે 'ને બદલે જોણિસૂલે એવો પાઠ છે, પણ તે અપપાઠ—અશુદ્ધ પાઠ છે.

ઉત્તરજ્ઝયણ(અ. ૨૦)ના ૧૯મા પદ્યમાં [4]અચ્છિવેયણા અને દાહ એ બે રોગનો ઉલ્લેખ છે.

માનતુંગસૂરિકૃત નમિઊણસંથવના બીજા પદ્યમાં ' કુષ્ઠ 'ને મહારોગ કહ્યો છે અને એના અંતિમ (૨૪મા)

* આને બદલે भगन्दल શબ્દ પણ જોવાય છે

+ આને બદલે अगारअ શબ્દ પણ વપરાય છે.

૧-૨ આને બદલે कण्डु શબ્દ પણ વપરાય છે.

૩ ' उदर ' એવો પણ પાઠ છે. એનો અર્થ ' જલોદર ' છે.

૪ આનો ઉલ્લેખ ઉત્તર૦(અ. ૨૦)ના ૨૦મા પદ્યમાં પણ છે.

પદ્યમાં વ્યાધિની સંખ્યા *૧૦૮ની દર્શાવાઈ છે. ઉપર્યુક્ત માનતુંગસૂરિએ ભક્તામરસ્તોત્રના ૪૧મા પદ્યમાં 'જલોદર'નો ઉલ્લેખ કર્યો છે.

વર્ણક-સમુચ્ચયના નામથી પ્રકાશિત પુસ્તક (ભા. ૧)માં રોગોની ત્રણ યાદી જોવાય છે, તેમાં ૭૧મા પૃષ્ઠની યાદી આગમિક ઉલ્લેખનું સ્મરણ કરાવતી હોઈ એ હું સૌથી પ્રથમ નોંધું છું :—

"કંડૂ, ક્ષયલ, કાસ, સ્વાસ, દાઘ, જ્વર, ભગંદર, જલોદર, ગુલ્મીલક, કુક્ષિશૂલ, દષ્ટિશૂલ, શિરઃશૂલ, કર્ણશૂલ, દંતવેદના, અજીર્ણ, અરેચક, કુષ્ટ(ષ્ઠ) રોગ પ્રમુખ રોગાઃ"

પૃ. ૭૬માંની યાદી આથી લાંબી છે, અને એ જાતજાતના વાત અને કોઢનાં નામ પૂરાં પાડે છે. એ યાદી નીચે મુજબ છે.—

"अथ रोगाः—કાસ, સ્વાસ, જ્વર, ભગંદર, ગુલ્મવાત, ગલવાત, રક્તવાત, ભસ્મવાત, ઉષ્ણવાત, અગ્નિવાત, લોહવાત, લુતિવાત, હર્ષવાત, આમવાત, શેફવાત, વિગંછાવાત, કવાત, ચાક્રિલીવાત, રક્તપિત્ત, અમ્લપિત્ત, રાજિકાપિત્ત, કૃમિકુષ્ઠ, શ્વેતકુષ્ઠ, કૃષ્ણકુષ્ઠ, ખસકુષ્ઠ, મહોદર, જલોદર, કુશોદર, વાતોદર, ભગંદર, અતિસાર, મૂત્રકૃચ્છ્ર, ઉદરશૂલ, હૃદયશૂલ, સંધિશૂલ, પૃષ્ઠશૂલ, શિરઃશૂલ, શિરોરોગ, નેત્રરોગ, કર્ણરોગ, દશનરોગ, ઉષ્ટરોગ, કપોલરોગ, જિહ્વારોગ, કંઠરોગ પ્રમેહરોગ, ગ્રંથિરોગ, અરોચક, ક્ષયરોગ एवंविध-रोगाः"

૧૩૨મા પૃષ્ઠમાં રોગો નીચે પ્રમાણે ગણાવાયા છે —

૧૨ જ્વર ૧૩ સંનિપાત, ૧૮ પ્રમેહ, ૫૦૦ આમવાત, ૮૪ વયુ, ૨૬ મહાવાયુદોષ, ૪૫ ખાધાવિકાર, ૧૦૮ કોઢિ, ૫ ગુંમશયન, ૨૦ શ્લેષ્મા, ૮ ઉદર, ૧૦ વ્યાધિ, ૧૧૦ સઈમડે મૃત્યુ, ૭૬ ચક્ષુરોગ, કાસ, સ્વાસ, દારિદ્ર, અતિસાર, શુ. ગૂબડ દેહરોગા "

આ ત્રણ યાદીઓ પૈકી પહેલી બે આશરે વિક્રમની સોળમી સદી જેટલી તો પ્રાચીન છે, જ્યારે છેલ્લી યાદી વિ. સં. ૧૬૭૫માં લખાયેલી સભાશૃંગારની હાથપોથીમાંથી ઉધ્ધૃત કરાયેલી છે, પહેલી બે યાદી 'વિવિધ વર્ણક' તરીકે નિર્દેશાયેલી કૃતિમાંની છે. એ કૃતિ તેમ જ સભાશૃંગાર પણ જૈનરચના છે, એમ એમાં આવતા જૈન દર્શનને માન્ય ઉલ્લેખો જોતાં જણાય છે.

* આ ૧૦૮ નામ કોઈ જૈન કૃતિમાં હોય એમ જણવામાં નથી.

—*—

दर्शनाद्धरते चित्तं स्पर्शनाद्धरते बलं ।
संगमाद्धरते सत्त्वं नारी प्रत्यक्षराक्षसी ॥

(વસંતતિલકા)

મોહીત થાય ક્ષણમાં મન જોઈ નારી,
સ્પર્શે અપાય ધનને થઇને ભીખારી;
સંગે થવાય બલહીન જુઓ વિચારી,
પ્રત્યક્ષ છે સબળ રાક્ષસીરૂપ નારી.

સ્વીકાર

૧-૨-૩-૪. **શ્રી નમસ્કાર મહામંત્ર દ્વાત્રિંશિકા, શુભ નામસ્મરણ સ્તોત્ર, તીર્થવંદના પંચાશિકા અને શ્રી જિનકલ્યાણુક સ્તુતિ ચતુર્વિંશતિકા**–રચયિતા પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણિવર્ય, પ્રકાશક–શ્રી જ્ઞાનોપાસક સમિતિ–બોટાદ. પ્રાપ્તિસ્થાન–શા બાલુભાઇ રુગનાથ, અંબાજીનો વડ, ભાવનગર. મૂલ્ય : દરેક પુસ્તિકાના બે–બે આના.

દરેક પુસ્તિકાઓ લાલ શાહીમાં સુંદર રીતે છાપવામાં આવી છે. પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રીનો આ દિશાનો પ્રયાસ સૌ કોઈની પ્રશંસા માગી લે તેવો છે, કારણ કે બાળજીવોને સમજાવવાની અને સાથોસાથ કંઠાગ્ર પણ થઈ શકે તેવી પદ્યરચનાઓ કરવાની શૈલી સુગમ અને સરસ છે.

પ્રથમ પુસ્તિકામાં નવકારમહામંત્રનું સ્વરૂપ અને તેનું માહાત્મ્ય દર્શાવી, નવકારમહામંત્રનો ગરબો, છંદ વિગેરે આપી પુસ્તિકાના ઉપયોગિતામાં વધારો કર્યો છે.

પ્રાતઃકાળમાં જે જે મહાપુરુષો અને મહાસતીઓનું આપણે રાઈપ્રતિક્રમણ કરતાં શ્રી ભરહેસરની સજ્ઝાયમાં સ્મરણ કરીએ છીએ તે જ શૈલીએ કાવ્યમય વર્ણન આ પુસ્તિકામાં કરવામાં આવ્યું છે. ઉપરાંત સોળ સતીનું અષ્ટક પણ આપવામાં આવેલ છે.

" સકલતીર્થ "ને આધારે તે જ શૈલીથી આ ત્રીજી પુસ્તિકા પ્રસિધ્ધ કરવામાં આવી છે. પચાસ કડીનું આ કાવ્ય ભાવવાહી અને હૃદયંગમ છે. ઉપરાત સૂત્ર આરાધના, ખમતખામણાં, અને પ્રાંતે ઉચ્ચ ભાવના આપવામાં આવી છે.

શ્રી જિનકલ્યાણુક સ્તુતિ ચતુર્વિંશતિકા નામની આ ચોથી ટેકટમાં પૂજ્ય પંન્યાસશ્રી મહારાજશ્રીએ, ચોવીશે તીર્થંકર પરમાત્માઓના કલ્યાણકોને સરસ રીતે ગુંથી લીધાં છે અને બાળકો હોંશે હોંશે ગાઇ શકે અને સ્તુતિ કરી શકે તેવી પદ્ધતિ અપનાવી છે. છેલ્લે ચોવીશે ભગવંતોના પાંચે કલ્યાણકોની તિથિઓનો કોઠો આપી સૌ કોઇને માટે ઉપયોગી પુસ્તિકા બનાવી છે. એકંદરે પૂજ્યશ્રીનો આ પ્રયાસ આવકારપાત્ર અને આદરણીય છે.

૫. **મહામંત્રની આરાધના**—સંકલનાકાર પરમપૂજ્ય મુનિરાજશ્રી અભયસાગરજી મહારાજ. પ્રકાશક–શ્રી જૈન શ્વે. સંઘની પેઢી, ઇંદોર. ક્રાઉન સોળ પેજી સાઇઝ પૃષ્ઠ આશરે ૭૫ રંગી આકર્ષક છાપકામ. મૂલ્ય–બાર આના. પ્રાપ્તિસ્થાન–શા બાલુભાઇ રુગનાથ, અંબાજીનો વડ, ભાવનગર.

મહામંત્ર નવકારના અચિંત્ય પ્રભાવ ને માહાત્મ્યથી કોણ અજાણ છે? પૂજ્ય વિદ્વાન મુનિરાજશ્રીએ આ સુંદર પુસ્તિકામાં નવકાર લઘુતપની શાસ્ત્રીય આરાધના–વિધિ તેમજ મહામંત્રના જાપ સંબંધી રહસ્યપૂર્ણ શાસ્ત્રીય તત્વ વિચારણા રજૂ કરી છે. છેલ્લે છેલ્લે પરિશિષ્ટ–મહામંત્રનો મહિમા, ધૂન, પ્રાચીન છંદો, દિશા–આસન વિગેરે વિધિ દર્શાવી સરલ આત્માઓ પણ સમજી શકે તેવી શૈલી અપનાવી પુસ્તકની ઉપયોગિતા વધારી છે. મહાવીને ઘરમાં રાખી શકાય તેવો મહામંત્ર

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH

समयं गोयम ! मा पमायए।

"હે ગૌતમ, ક્ષણમાત્ર પણ તું પ્રમાદ ન કર"

કેવો સારગર્ભિત પ્રભુ મહાવીરનો આ ઉપદેશ છે પ્રભુ મહાવીર ગૌતમસ્વામીને કહે છે કે-

कुसग्गे जह ओसबिन्दुए, थोवं चिट्ठइ लम्बमाणए।
एवं मणुयाण जीवियं, समयं गोयम ! मा पमायए॥

જેવી રીતે ઝાકળનું બિન્દુ કુશના અગ્રભાગ ઉપર બહુ જ થોડીવાર રહે છે, તેવી રીતે મનુષ્યનું જીવન પણ અતિ ટૂંકું છે, ક્ષણવારમાં નષ્ટ થઈ જવાનું છે તેથી હે ગૌતમ ક્ષણભર પણ પ્રમાદ ન કર!

પુસ્તક ૫૭ અંક ૬

પ્રકાશક
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

ચૈત્ર સં. ૨૦૧૬

विषयानुक्रम

૧.	શ્રી મહાવીર જયંતી ગીત	(મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી)	૭૭
૨.	મહાવીરજીવન ગીત	(રક્તતેજ)	૭૮
૩.	મહાવીર જયંતિ	(ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણનનુ પ્રવચન)	૭૯
૪.	મહાવીર–સમતાના પ્રતીક	(શ્રી ઋષભદાસજી રાકા)	૮૦
૫.	દ્રવ્યપૂજા અને આજનુ વર્તન	(શ્રી મોહનલાલ દી ચોકસી)	૮૫
૬.	" હુ "ની વ્યાપ્તિ	(શ્રી બાલચદ હીરાચંદ "સાહિત્યચદ્ર")	૮૭
૭.	વીરની અહિસા	(રક્તતેજ)	૯૦
૮.	શોણિતપુર	(શ્રી બાલચદ હીરાચદ 'સાહિત્યચદ્ર')	૯૨

જન્મ જયંતિ મહોત્સવ

આચાર્યશ્રી વિજયાનદસૂરીશ્વરજી(આત્મારામજી મહારાજ) ના જન્મ જયતિ મહોત્સવ નિમિત્તે આ સભા તરફથી ચૈત્ર સુદી ૧ તા. ૨૮-૩-૬૦ સોમવારના રોજ રાધનપુરનિવાસી શેઠશ્રી સકરચદભાઈ મોતીલાલભાઈ મૂલજી તરફથી શત્રુજય ગિરરાજ ઉપર આદીશ્વર ભગવાનની મોટી ટુકમા જ્યા પૂ. ગુરુદેવશ્રી વિજયાનદસૂરીશ્વરજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે તે સમક્ષ નવ્વાણુ પ્રકારી પૂજા ભણાવી અગરચના કરવામા આવી હતી તેમજ આ પ્રસગે ભાવનગરથી સભાના સભ્યો ખાસ પધાર્યા હતા અને સાજના પ્રીતિભોજન યે જવામા આવેલ હતુ

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનુ ૨૧ મું અધિવેશન

શ્રી જૈન શ્વે કોન્ફરન્સનુ ૨૧ મુ અધિવેશન તા ૩૦ એપ્રીલ તથા ૧ અને ૨ મે શનિ-રવિ–સોમવારના રોજ લુધીયાના(પજાબ)મા મળશે તેના પ્રમુખ તરીકે સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ બાબુ શ્રી નરેન્દ્રસિહજી સિઘી એમ એ એમ એસ.ની. ની પસંદગી થઇ છે.

આ અધિવેશનમા હાજરી આપવા માટેની આમ ત્રણ પત્રિકા બહાર પડી ચૂકી છે, અને તેમા સ્વાગત સમિતિના પ્રમુખ શ્રી મેઘરાજ જૈન તથા પ્રધાન મત્રી શ્રી બાબુરામ જૈન તરફથી દરેક સસ્થા વગેરેને પ્રતિનિધિ મોકલવા વિનતિ કરવામા આવી છે

વર્ષ ૫૭ મું]   ચૈત્ર તા. ૧૫-૪-૬૦   [અંક ૬

શ્રી મહાવીર જયંતી ગીત

[આવો આવો હે વીર સ્વામી—એ રાગ]

આવો આવો સૌ જૈનો ભાવે, વીર જયંતી કાજ,
ઉત્તમ ચૈત્ર સુદિ તેરસ દિન, સાથે સાજન સાજ. આવો૦ ૧

વીર પ્રભુ જનમ્યા મધરાતે, વ્યાપ્યું શાંતિ રાજ,
ધર્મ કર્મને સમજ્યાં સર્વે, પામ્યા મુક્તિ તાજ. આવો૦ ૨

ત્રિશલા માતા હરખ્યાં હૈયે, સિદ્ધારથ મલકાય,
ક્ષત્રિયકુંડે આનંદ ઓચ્છવ, ભાવેથી ઉજવાય. આવો૦ ૩

ચોસઠ ઈન્દ્રો સ્નાત્ર કરીને, ઉજવે ઉત્સવ સર્વ,
ગણધર મુનિવર ગુણ સૌ ગાતા, વર્તે જય જયકાર. આવો૦ ૪

દીક્ષા લઈ જગને ઉદ્ધાર્યું, સહ્યાં પરિષહ સર્વ,
કેવળજ્ઞાને પ્રભુ પ્રકાશ્યા, નમતા નર તજી ગર્વ. આવો૦ ૫

સમવસરણમાં દેશના સુણવા, આવ્યા સુર નર પંખી,
લક્ષ્મીસાગર અજિત વીરને, ગાયે પૂજે સુ હરખી.
આવો આવો સૌ જૈનો ભાવે, વીર જયંતી કાજ૦ ૬

રચયિતા—મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી

મહાવીર જીવન ગીત

આ દુનિયાની જનતા આજે, શોધી રહી છે નવો પ્રકાશ,
દુનિયાની સઘળી દિશમાં છે, અંધારું પણ ,નહિ પ્રકાશ.
માનવ સઘળા દુઃખપીડિત છે, દૂર થયું છે સુખનું કિરણ,
અન્યાયો ને અંધારું જે, દુનિયા માગે તેનું વારણ.
દેશ દેશ ને પ્રાન્તે પ્રાન્તે, હિંસાનો બહુ વધ્યો પ્રભાવ,
વિશ્વ યુદ્ધની નાશક વાતે, શાંતિનો થઇ રહ્યો અભાવ.
આવા સમયે બહુ ઉપયોગી, મહાવીરનો શાંતિ સંદેશ,
તેના બળથી પ્રકાશ લાધે, સુખી થાયે સઘળા દેશ.
પચ્ચીસસો અઠ્ઠાવન વર્ષો પહેલાં, જગમાં થયો ઉલ્લાસ,
જન્મ થયો પ્રભુ વીરનો પાવન, શુક્લ તેરસ ચૈતર માસ.
ધામ વૈશાલીની પાસે, કુંડલપુરમાં લિચ્છવી કુલમાં,
ત્રિશલા મા–સિદ્ધાર્થ પિતાના, સંસ્કારી ને ઉચ્ચ કુળમાં.
ત્રીસ વર્ષ સંસારી રહ્યા પણ, મોહ માનથી અલિપ્ત રહ્યા,
જોયા દુનિયામાં પાખંડ, હિંસા દંભને ફૂલ્યાફાલ્યા.
તે સઘળાને દૂર કરીને, સુખી કરવા પ્રાણી–જગમાં,
રાજકાજનો ત્યાગ કરીને, દીક્ષા લઈ વિચર્યા આ જગમાં.
બાર વર્ષ બહુ કષ્ટો સહીને, તપસ્યા કરીને થયા મહાન,
તેના પરિણામે પ્રભુ પામ્યા, ઉચ્ચ અવિચળ કેવળજ્ઞાન.
મહાસતી ચન્દનબાળાનો, કર્યો ક્ષણભરમાં ઉદ્ધાર,
ગોશાલક જેવા પર પણ છે, પ્રભુની મીઠી દયા નજર.
કેવળજ્ઞાન થયા પછી પ્રભુએ, આપી દેશના બહુ બહુવાર.
અહિંસા સત્ય આદિ સિદ્ધાન્તો, ફેલાવ્યા બહુ કરી પ્રચાર.
દેશના માટે ત્રીસ વરસનો, કર્યો આકરો પાદવિહાર,
ઉત્તર ભારતની ભૂમિમાં, વિશ્વ પ્રેમનો કર્યો પ્રચાર.
જનભાષામાં પ્રવચન કરીને, સંયમનો મહામાર્ગ બતાવ્યો,
નવનિર્માણના મહા દર્શને, દુનિયાભરમાં છે ફેલાવ્યો.
અગ્યાર હતા ગણધર તેઓના, સાધુ સાધ્વી પચ્ચીસ હજાર,
અસંખ્ય શ્રાવક શ્રાવિકાનો પણ કર્યો પ્રભુએ ઉદ્ધાર.
બોંતેર વર્ષ પૂરા કરી પ્રભુજી, પાવાપુરીના પુનિત ધામે,
સદાનંદના એ અધિકારી, સીધાવ્યા મુક્તિના ધામે.
હે વિશ્વના માનવપ્રાણી ! સુણી પ્રભુનો મહાસંદેશ,
લે પ્રતિજ્ઞા અહિંસાકેરી, આત્મધ્યાને કરી પ્રવેશ.
જય બોલો જય બોલો સહુ, પ્રભુ વીરની જય બોલો,
સૂર્યોદયના રક્તતેજની સાથે આજે જય બોલો.

"રક્તતેજ"

મહાવીર જયંતિ*

ઈ. સ. પૂર્વે ૮૦૦ થી ૨૦૦ વર્ષ સુધીનો ગાળો ઇતિહાસમાં ક્રાંતિ કાળ તરીકે ઓળખાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આ સમય દરમિયાન સંસારની વિચારધારા જડપ્રકૃતિના અધ્યયનથી ખસીને માનવજીવનના અધ્યયન તરફ વળી. ચીનમાં કન્ફ્યુસ્યસ, ભારતમાં ઉપનિષદોના ઋષિ, મહાવીર અને ગૌતમ બુદ્ધ, ઇરાનમાં જરથોસ્ત અને ઇઝરાયેલ બાજુએ મહાન પયગંબરો, ગ્રીસમાં પાયથાગોરાસ, સોક્રેટીસ અને પ્લેટો જેવા મહાન દાર્શનિકોએ બાહ્ય પ્રકૃતિમાંથી પોતાનું ધ્યાન અંતર્મુખ બનાવ્યું. આવા મહાન પુરુષોમાંથી એક ભગવાન મહાવીરની જન્મજયંતિ આપણે ઉજવીએ છીએ. મહાવીરને "જિન" એટલે કે વિજેતાનું બિરુદ મળ્યું છે. એમણે કોઈ દેશને જીત્યો નથી. તેમનો વિજય પોતાની વૃત્તિઓ પરનો વિજય છે. તેમણે સંસારના કોઈ યુદ્ધમાં ભાગ લીધો એટલા ખાતર તે મહાવીર નથી કહેવાયા પરંતુ પોતાની આંતરિક વૃત્તિઓ સાથે ઝગડીને તેમણે વિજય પ્રાપ્ત કર્યો છે અને તેથી તેઓ મહાવીર કહેવાયા. દૃઢતા, તપ, સંયમ, આત્મશુદ્ધિ અને જ્ઞાનોપાસના દ્વારા તેમણે માનવી જીવનમાં જ દેવત્વ પ્રાપ્ત કર્યું છે. તેથી આજે તેની જન્મજયંતિ ઉજવતી વખતે આપણું ધ્યેય એ હોઈ શકે કે તેના ઉદાહરણથી બીજાઓને આત્મવિજય પ્રાપ્ત કરવામાં ઉચ્ચ આદર્શ તરફ કદમ બઢાવવાની સ્ફૂર્તિ મળે.

ભારતનો ઇતિહાસ પ્રારંભથી આજસુધી ઉપરના આદર્શ પર આધારિત રહેલો છે. જ્યારે આપણે મોહન જો-ડેરો તથા હરપ્પા યુગથી લઈને આજના સમય સુધીના પ્રતીકો, મૂર્તિઓ, સંસ્કૃતિના બીજા સ્મારકો જોઈએ છીએ ત્યારે પણ આ જ પરંપરાનું સ્મરણ થાય છે કે આદર્શ પુરુષ આત્માના પ્રભુત્વ તથા ઉત્કર્ષની ભાવના સ્થાપિત કરનાર જ હોય છે. આજે લગભગ ચાર-પાંચ હજાર વર્ષોથી આ જ આદર્શ આપણા દેશના ધાર્મિક વાતાવરણમાં એકરૂપ થઈ ગયેલો છે.

ઉપનિષદોનું સંસારપ્રસિદ્ધ વાક્ય 'તું બ્રહ્મ છો' માનવીય આત્મામાં દેવત્વની યોગ્યતાની સ્થાપના કરે છે. આના વડે આપણને સમજાવવામાં આવ્યું છે કે નશ્વર દેહ કે ચંચળ મન આત્મા નથી. ભૌતિક શરીર તથા ચંચળ મન કરતા પણ પ્રત્યેક વ્યક્તિમાં જે ઉત્કૃષ્ટ તત્ત્વ વ્યાપેલું છે તે આત્મા છે. આત્મા ઇન્દ્રિયગમ્ય નથી તેથી તે મૂર્તિમાન બની શકતો નથી. મનુષ્યનું વ્યક્તિત્વ સમારંભમાં ફેંકેલી કોઈ મામુલી વસ્તુ નથી. તે સજીવ છે અને તેથી જ તેનું સ્થાન પ્રકૃતિ અને સમાજના ભૌતિક વાતાવરણથી ઊંચું છે. જો આપણે માનવીના આંતરિક તત્ત્વને ઓળખી ન શકીએ તો આપણે હાથે જ આપણો નાશ થાય. દુનિયાના અધિકાંશ મનુષ્યો સંસારની આસક્તિઓમાં ફસાઈને પોતાની જાતને ભૂલી જાય છે. આપણે સ્વાસ્થ્ય, ધન-સંપત્તિમાં જ ખોવાઈ ગયા છીએ. આ બધી વસ્તુઓનો કાબૂ આપણાં ઉપર છે પરંતુ આપણો કાબૂ તેના ઉપર નથી. આવા પરાધીન બનેલા મનુષ્યો પોતાને હાથે જ પોતાનો નાશ કરે છે. આ કારણથી

---

* ઈ. સ. ૨૦૧૬માં ન્યુ દિલ્હીમાં "મહાવીર જયંતિ" મહોત્સવ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણને આપેલા અંગ્રેજી પ્રવચનનું ગુજરાતી ભાષાંતર.

જ આપણને સ્વાધીન બનવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે, અધ્યાત્મવિદ્યા સર્વશ્રેષ્ઠ વિદ્યા છે. ઉપનિષદમાં કહેલું છે કે 'તારી જાતને ઓળખ.' શંકરાચાર્યે પણ અધ્યાત્મ જીવન માટે જડ અને ચેતન વસ્તુના ભેદ-જ્ઞાન જરૂરી કહ્યું છે કારણકે સંસારમાં સૌથી મોટો લાભ આત્મલાભ છે. ભિન્ન ભિન્ન ગ્રંથકારોએ પણ કહ્યું છે કે જે માણસ સંસારની બધી વિભૂતિઓનો ઉપયોગ આત્મ ઉત્કર્ષને માટે કરે તે મહાન છે. ઉપનિષદોમા પણ એમ સાબિત કરવામાં આવ્યું છે કે પતિ-પત્ની, ધન-સંપત્તિ વગેરે સર્વે સાધન આત્મ અનુભવને માટેના જ સાધન છે. સંયમ અને નિર્લેપ જીવન દ્વારા જ આ પરમ પદને જે પ્રાપ્ત કરે છે તે પરમાત્મા. જે પોતાને આધીન તે અર્હંત. તેના ઉપર જન્મ-મરણ કે કાળનો કંઈ પણ પ્રભાવ રહેતો નથી. ભગવાન મહાવીર એક એવા મહાન આદર્શ પુરુષ છે જેણે સંસારના બધા પદાર્થોનો ત્યાગ કર્યો અને ભૌતિક બંધનથી પોતાની જાતને મુક્ત રાખી. તેઓ પોતાના આત્મોત્કર્ષમા સફળ થયા. આ આદર્શ ઉપર કેમ ચાલવું, કઈ સાધનાદ્વારા આત્માનુભવ અને સ્વાધીનતા પ્રાપ્ત કરવા તે પ્રશ્નોના જવાબ આપવાં શાસ્ત્રોમા કહેલા છે. શાસ્ત્ર કહે છે કે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે શ્રવણ, મનન અને નિદિધ્યાસનની જરૂર છે. ભગવાન મહાવીરે પણ દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યનો નિર્દેશ કરી આ તત્ત્વોનું પ્રતિપાદન કર્યું છે. આપણને વિશ્વાસ અને શ્રદ્ધા હોવી જોઈએ કે સંસારની વસ્તુઓ કરતા કોઈ ઊંચો પદાર્થ છે. માત્ર અંધ ભક્તિથી કામ નહીં થાય. આપણે મનનદ્વારા જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ. ચિંતન દ્વારા શ્રદ્ધા અને વિશ્વાસને આધારરૂપ બાબતોને જ્ઞાન અને પ્રકાશના તત્ત્વોમાં પરિવર્તિત કરી શકાય છે પરંતુ માત્ર સૈદ્ધાન્તિક જ્ઞાન પણ પૂર્ણ નથી. કેવળ શબ્દજ્ઞાન દ્વારા અમર જીવન પ્રાપ્ત કરી શકાતું નથી. આપણે એ મહાન સિદ્ધાંતોને જીવનમાં ઉતારવા જોઈએ. તેથી ચારિત્ર્યની પણ તેટલી જ જરૂર પડે છે. દર્શન, વંદન અથવા શ્રવણથી માંડીને મનન સુધી આપણે પહોંચીએ છીએ. અને ત્યાંથી સેવા અથવા ચારિત્ર ! જૈન આચાર્યોએ દેખાડ્યું છે કે આત્માનુભવની પ્રાપ્તિ માટે આ ત્રણેની જરૂર છે. ચારિત્ર એટલે સદાચાર. એને માટે નિયમ કયા ? આને માટે વિવિધ પ્રકારના વ્રતો પાળવાનો ઉપદેશ કરવામા આવે છે. પ્રત્યેક જૈને અહિંસા, અમૃષા, અચૌર્ય, અમૈથુન અને અપરિગ્રહ એ પાંચ વ્રત પાળવાં જોઈએ. પરંતુ આ પાંચે વ્રતોમાં અહિંસાને જ પ્રાધાન્ય અપાયું છે. કેટલાંક અહિંસાના ઉપાસકો ખેતી પણ છોડી દે છે કારણ કે ખેતી માટે હળનો ઉપયોગ કરવાથી સૂક્ષ્મ જીવોનો નાશ થાય. આ સંસારમાં પોતાની જાતને હિંસાથી સંપૂર્ણપણે બચાવવી અસંભવ છે માટે જ મહાભારતમાં કહેવાયું છે કે જીવ બીજા જીવને અન્ન છે. આમ છતા પણ આપણું એ કર્તવ્ય છે કે બની શકે ત્યાં સુધી અહિંસાનો વિસ્તાર કરવો. પ્રયત્નદ્વારા હિંસાના ક્ષેત્રનો સંકોચ અને અનુભવના ક્ષેત્રનો વિસ્તાર કરવો. આટલા માટે આપણે અહિંસાને જીવનનું લક્ષ્યબિંદુ બનાવ્યું છે.

જો આપણે અહિંસાના આદર્શનો સ્વીકાર કરીએ તો તેના પરિણામરૂપે આપણે જૈન ધર્મના અનેકાંતવાદને અપનાવવો પડે. જૈનોનું કહેવું છે કે માત્ર જ્ઞાનપ્રાપ્તિ એ જ આપણો આદર્શ છે; પરંતુ સામાન્ય જીવનમાં આપણને થોડા પ્રમાણમાં જ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. વસ્તુના અનેક ધર્મો હોય છે; તેના અનેક પક્ષો હોય છે. તેનું રૂપ મિશ્ર છે. તેના ગુણ અને ધર્મ ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. માણસને વસ્તુના કોઈ પણ એક અંગનું જ્ઞાન થાય તો તેનો મત એકાંગી બનવાની સંભાવના રહે છે. આવા મનમાં પૂર્ણ સત્યનું દર્શન પણ પ્રાપ્ત થતું નથી. જે લોકોએ રાગ દ્વેષ વૃત્તિઓ પર વિજય મેળવ્યો છે તેમનું દર્શન સંપૂર્ણ સત્યનું દર્શન હોઈ શકે. આ વાતના જ્ઞાનથી આપણને એમ વિશ્વાસ થવા માંડે છે કે આપણે જેને સત્ય માન્યું તે ખરી

રીતે સત્ય ન પણ હોય. આને લીધે મનુષ્યની ધારણાઓની અનિશ્ચિતતાનું જ્ઞાન આપણને થવા માંડે છે. આને લીધે આપણને એમ વિશ્વાસ ઉત્પન્ન થાય છે કે આપણી સૌથી ગંભીર ધારણાઓ પણ અનિત્ય હોઈ શકે. છ આંધળા અને હાથીના દૃષ્ટાંતવાળા આ સિદ્ધાંતનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે. આ પાક્ષિક સત્યો પરસ્પર વિરોધી નથી. તેમાં અંધકાર અને પ્રકાશ જેવો વિરોધાત્મક સંબંધ નથી. તેને આપણે ભિન્ન માનવાં જોઈએ. તેઓ સત્યના વૈકલ્પિક રૂપો છે. આજે સંસાર અનેક ક્લેશોથી રીબાય છે. આપણે સંયુક્ત જગતના ધ્યેયને આપણું લક્ષ્ય બનાવીએ છીએ. પરંતુ એકત્વ કરતાં ભિન્નત્વ એ આજના યુગનું એક વિશિષ્ટ લક્ષણ છે. બે સંસારની યોજનાઓમાં ઘણુંખરાં માણસોને એક લોભ ઉત્પન્ન થાય છે કે આ સારું અને તે ખરાબ. આથી બુરાને દૂર કરવું જોઈએ. પરંતુ તેને (બુરાને) સત્યના એક વિકલ્પ તરીકે એટલે કે મૌલિક સત્યના અનેક ચલાયમાન પક્ષોમાંથી એક માનીને ચાલવું યોગ્ય છે. તે આંધળાઓએ એક અંગના સ્પર્શ ઉપર જે ભાર મૂક્યો તે એટલે દોષિત છે તેટલો જ દોષ સત્યના કોઈ એક જ અંગ ઉપર મૂકવો તે છે. માનવહિતને માટે વ્યક્તિસ્વાતંત્ર્ય અને સામાજિક ન્યાય બન્નેની જરૂર છે. આપણે કોઈ પણ એકનું મહત્ત્વ મોટું ભભરાવીને અથવા બીજાનું ઓછું મહત્વ મૂકીને વર્ણન કરી શકીએ છીએ. પરંતુ જૈનના અનેકાંતવાદ, સપ્તભંગીનય અથવા સ્યાદ્વાદનો કોઈ પણ અનુયાયી તે જાતના સંસ્કારબંધને સ્વીકારતો નથી. તેમની ભાવના તો સત્યાસત્યનો વિવેક કરીને સમન્વય સ્થાપિત કરવાની હોય છે. આપણી મનોવૃત્તિ પણ આવી જ હોવી જોઈએ આ રીતે આપણે ભગવાન મહાવીરના જીવનમાંથી સંયમની જરૂરિયાત, અહિંસાયુક્ત સદાચાર, સહિષ્ણુતા તથા બીજાના દૃષ્ટિકોણનું યોગ્ય રીતે મૂલ્યાંકન વગેરે અનેક બાબતો શીખી શકીએ છીએ. જો આપણે આ વસ્તુને યાદ રાખી શકીએ અને આ સિદ્ધાંતોને હૃદયમાં અંકિત કરીને છુટાં પડીએ તો આપણે તે મહાપુરુષ પ્રત્યેના આપણાં ઋણમાંથી એક ઓછું કરવામાં સફળ થયાં ગણાઈએ.

મહાવીર—સમતાના પ્રતીક*

માનવ સંસ્કૃતિના વિકાસમાં અનેક મહાપુરુષોએ ફાળો આપ્યો છે તેઓએ સાધના કરી, અનુભવ પ્રાપ્ત કર્યો અને દુનિયાના મનુષ્યોને માણસાઈના બોધ કર્યો આવા મહાન ચિંતક, વિચારક અને માર્ગદર્શકોમાના એક ભગવાન મહાવીર હતા જેમણે માનવતાની વૃદ્ધિને માટે કઠોર સાધનાદ્વારા અનુભવ પ્રાપ્ત કરી સમાજમાં જીવન સાથે વણાયેલી વિકૃતિઓને દૂર કરી એવુ માર્ગદર્શન આપ્યુ જે તેમના સમયના જેટલુ જ આજે અઢી હજાર વર્ષ પછી પણ સંસારની સમસ્યાઓને ઉકેલવામાં ઉપયોગી બને છે. મનુષ્યમાં માનવતા આવે, તે માત્ર પોતાની જ ભલાઈ માટે નહી પણ સર્વેની ભલાઈ માટે પ્રયત્ન કરે. આ બોધ આપવાનુ કાર્ય યુગોથી અનેક મહાપુરુષોદ્વારા બધા દેશોમા વધતા ઓછા પ્રમાણમા બનતુ રહ્યુ છે. ભારતમા આ પ્રમાણની માત્રા અધિક છે આ ભૂમિમા અનેક ચિંતક, વિચારક, માર્ગદર્શક અથવા તીર્થંકરોએ જન્મ લીધો.

જેમનામા ચિંતનનુ ઊંડાણ વધારે પ્રમાણમા હતુ એવા વિચારક અને ઋષિઓએ, જેમના જીવનમા ગુણો વધારે પ્રમાણમા વિકાસ પામેલા હતા તેમને ત્યાગ અને સેવામય જીવનદ્વારા સામાન્ય મનુષ્યોમાં આ જ્ઞાન પ્રચાર કરવાનુ કામ સોપ્યુ. જેમનામા શારીરિક બળ સારા પ્રમાણમા હતુ તેમને નિર્બલ લોકોની રક્ષાની જવાબદારી સોપી અને તેઓએ પ્રાણના ભોગે પણ અન્યાય અને અત્યાચારનો વિરોધ કરવો એ મંત્ર આપ્યો. સમાજ માટે ઉપયોગી વસ્તુનુ ઉત્પાદન અને વિતરણ આ કામમા યોગ્ય હતા તેને ફાળે આવ્યુ. બાકી રહેલા માણસો ઉપર જણુ વેત વ્યક્તિઓને મદદ કરે અને સમાજની સેવા કરે એમ નક્કી કર્યુ સમાજના હિત માટે વિશિષ્ટ શક્તિનો ઉપયોગ કરવાની આ યોજના હતી આ વ્યવસ્થાથી સમાજનુ કાર્ય અબાધિત ગતિએ ચાલ્યા કરે અને સમાજમાં કોઈ દુઃખી ન બને તે ઉદ્દેશ્ય હતો, પરંતુ જ્યારે પોતાની શક્તિનો ઉપયોગ અહંકાર–પોષણ તથા સ્વાર્થને માટે થવા લાગ્યો ત્યારે માનવતા પ્રેમીઓને સમાજમા આવેલી આ વિકૃતિથી દુઃખ થાય તે સહજ છે. આજથી ૨૫૦૦ વર્ષ પહેલા આ વિકૃતિને પરિણામે સમાજ દુર્બલ બની રહ્યો હતો ગુણની શ્રેષ્ઠતાનુ સ્થાન જન્મની શ્રેષ્ઠતા લેવા માડી હતી

આ રીતે માંસાહારને મર્યાદિત બનાવવા માટે યજ્ઞ સિવાયના માંસાહારનો નિષેધ કરવામા આવ્યો યજ્ઞકાર્ય સાથે માંસાહાર ને જોડવાનો આશય માંસાહાર ઓછો કરવાનો અથવા સંપૂર્ણ બંધ કરવાનો હતો યજ્ઞ પવિત્ર વસ્તુ છે અને સેવા માટે કરવામાં આવે છે માટે માંસાહારને યજ્ઞ સાથે જોડ્યો. પરંતુ સ્વાદલોલુપ મનુષ્યોએ તો ઉપરના ઉદ્દેશ્યને જ મારી નાખ્યો

આ જ રીતે ઈશ્વર સબંધી માન્યતામા પણ વિકૃતિ આવી. આ માન્યતાનો ઉપયોગ માનવીને ગુલામ બનાવવા માટે થવા લાગ્યો આથી આ માન્યતામાથી ગુણ વિકાસ તથા અહંકાર ત્યાગનો

---

* "શ્રમણ "ના એપ્રિલ–મે ૧૯૫૮ના અંકમા આવેલા "સમતા કે પ્રતીક મહાવીર' નામે શ્રી રિષભદાસ રાંકાના હિંદી લેખનો અનુવાદ

ાવ અદશ્ય થયો. આત્મવિકાસ કે સદ્‌ગુણોપાસના ામાજિક ધર્મ મટી વ્યક્તિગત સાધનાનું અંગ બની યો. આથી આત્મવિકાસ અથવા સદ્‌ગુણવિકાસની ્છાવાળા લોકો જંગલમાં જઈને કઠોર સાધના કરતા. દમન જ આત્મકલ્યાણ મનાવા લાગ્યું. આવી ંકૃતિવાળા સમયમાં ભારતમાં અનેક વિચારક તથા હાપુરુષ થયા જેમણે તે સમયની પ્રચલિત વ્યાખ્યાઓને બદલે વર્ણાશ્રમ યજ્ઞ, તપસ્યાને માટે નવી જ વ્યાખ્યાઓ બનાવી. વ્યાસ, શ્રીકૃષ્ણ, જનક, પાર્શ્વનાથ, યાજ્ઞવલ્ક્ય તથા કપિલ આવા મહાન પુરુષો હતા. એ લોકોએ કર્મકાંડ કરતાં સદ્‌ગુણવિકાસ પર વધારે જોર દીધું. તેમણે અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ આદિ સદ્‌ગુણોને સામાજિક ગુણો બનાવવાનો પ્રયત્ન કર્યો.

આ સમયમાં ૨૫૦૦ વર્ષ પહેલાં વૈશાલીના એક ઉપનગરમાં મહાવીરનો જન્મ થયો. તેમના માતાપિતાએ તેનું નામ વર્ધમાન પાડ્યું. બચપણથી જ તે નિર્ભય, સદ્‌ભાવનાશીલ, સહૃદયી, વડીલોને માન આપનાર અને ચિંતનશીલ હતા. બચપણમાં રમતાં રમતાં તેમણે સર્પને પકડીને દૂર ફેંક્યો હતો, તેથી લોકો તેને મહાવીર કહેવા લાગ્યાં. તેમની આ નિર્ભય વૃત્તિ ઉમર સાથે વધતી ગઈ.

સહૃદયતાને લીધે તેમનું ધ્યાન સમાજમાં પ્રચલિત વિષમતાઓ તરફ ગયું અને સમતાનું સ્થાપન કેમ થાય તેને માટે તેઓ ચિંતન કરવા લાગ્યા. સર્વ માનવ તરફની સહૃદયતાને લીધે તેનામાં ધીરે ધીરે વૈરાગ્ય ઉત્પન્ન થયો અને પરિણામે તેમણે સંન્યાસ લીધો.

ઘર છોડ્યા પછી તેમની સાધનામાં કંઈ મુશ્કેલી ન આવે એટલા માટે તેમના ઈંદ્ર મિત્રોએ તેની સાથે કોઈને રાખવાની વ્યવસ્થા કરવા કહ્યું; પરંતુ મહાવીરે જવાબ દીધો કે હું તો સાધના કરવા માગું છું અને સાધનામાં બીજાની મદદ ઉપયોગી બનતી નથી.

બધા પ્રાણી સુખ ઈચ્છે છે. તેને માટે પ્રયત્ન કરે છે. તે છતાં તેમને સુખ બહુ જ અલ્પમાત્રામાં મળે છે. આનું કારણ એ છે કે મનુષ્ય શરીરને પ્રાધાન્ય આપે છે. ભૌતિક સુખોની પાછળ તે દોડ્યાં કરે છે અને પોતાના સુખની પ્રાપ્તિમાં તે બીજાનાં દુઃખનું કારણ બને છે. સર્વ તરફ સમભાવ રાખવાથી જ સાચું સુખ પ્રાપ્ત થાય છે. પ્રશ્ન ઉઠે છે કે સર્વ તરફ સમભાવ રાખીને જીવી શકાય ? જે દુઃખ આપે તેની સાથે સમતાપૂર્વક વ્યવહાર રાખી શકાય ? શત્રુને પણ મિત્ર બનાવવાની આશા પડે ખરી ? આ બધા વિચારો તેમણે ઘર છોડ્યું ત્યારે તેમના મગજમાં ઘોળાતા હતા.

આ સમસ્યાનો ઉકેલ મહાવીર તર્ક અથવા બુદ્ધિથી નહીં પરંતુ પોતાના અનુભવથી લાવવા ઈચ્છતા હતા. તેથી શરીરદમનની જરૂર પડી. તેમણે ગૃહત્યાગ કરીને બાર વર્ષની લાંબી સાધના કરી. અનેક દુઃખો સહન કર્યાં, અનેક આવેગોને તેમણે શાંત ચિત્તે સહન કર્યાં, તેણે શરીર ઉપર એવો કાબુ મેળવ્યો હતો કે શરદી, ગરમી, અથવા વર્ષાની તેના પર કંઈ અસર થતી ન હતી. ઝેરી જીવડાંઓના ડંખ પણ તેને ચિંતનમાંથી વિચલિત કરી શકતા નહીં. તેના મન પર બીજા દ્વારા અપાતાં કષ્ટોની કંઈ જ અસર ન થતી. તેનું જીવન અભ્યાસને લીધે એવું સહજ થઈ ગયું હતું કે બાહ્ય કોઈ પણ સાધનનો અભાવ તેને કંઈ પણ દુઃખ આપી શકતો નહીં. સાધનાના સમય દરમિયાન તેમણે મૌન પાળ્યું. જે કંઈ મળતું તે ખાઈ લેતા. સાધનાકાળનો ઘણોખરો સમય તેમણે ઉપવાસમાં જ વિતાવ્યો, ચિંતન અને ધ્યાનમાં જ પોતાનો સમય વિતાવતા. બીજાને ભારરૂપ ન બનવું તથા કોઈ પણ પ્રકારનું દુઃખ ન પહોંચાડવું તે તેની સાધનાની વિશેષતા હતી.

સામાન્ય રીતે શરીરના દુઃખ અસહ્ય લાગે છે પરંતુ સ્વભાવ દ્વારા તેના ઉપર વિજય મેળવી શકય છે. શારીરિક સુખ દુઃખ બ્રહ્માનંદમાં બાધક બનતાં નથી. માનવીના ભયંકર શત્રુ તેના આંતરિક બુરાઇ અને દુર્ગુણ છે તેથી બુરાઇઓ દૂર કરવાથી અથવા સદ્‌ગુણનો વિકાસ કરવાથી સાચું સુખ મળે છે. જ્યારે તેને આ અનુભવ થયો ત્યારે તેમનુ જ્ઞાન નિર્મળ અને શુદ્ધ થયું. તેની પ્રજ્ઞા ઉપર કોઇ આવરણ ન રહ્યું. જ્યારે સાધના પૂર્ણ થઇ ત્યારે તેણે ઉપદેશ દેવાનુ શરૂ કર્યું તેનો ઉપદેશ અનુભવજન્ય હોવાને લીધે લોકો ઉપર તેનો પ્રભાવ પડવા માંડ્યો. તેમના મુખ્ય શિષ્યો બ્રાહ્મણો જ હતા. તેઓએ જ તેના ઉપદેશનો પ્રચાર કર્યો.

તેનો ઉપદેશ સાધના અને સમતા પર આધારિત હતો તેથી તેનુ વચન લોકભાષા બની. તેણે સમજાવ્યુ કે સામાન્યમા સામાન્ય મનુષ્ય પણ પ્રયત્ન કરવાથી મહાન બની શકે છે. આ રીતે મનુષ્ય પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે. જન્મથી કોઇ ઉંચ નીચ નથી. મસ્તક મુંડન કરવાથી કોઇ સાધુ થતો નથી. અથવા તો માત્ર ૐકાર જપથી કોઇ બ્રાહ્મણ બનતો નથી. સમતાથી જ મનુષ્ય શ્રમણ બને છે અને બ્રહ્મચર્યપાલનથી જ તે બ્રાહ્મણ બને છે. જે મનુષ્ય અનાસકત, શુદ્ધ, નિષ્પાપ, રાગ અને ભયથી મુકત, સંયમી, મનુષ્ય માત્ર તરફ દયાભાવવાળો, સત્યવકતા, કામના રહિત અને અલિપ્ત છે તે જ બ્રાહ્મણ છે. દ્વિજોત્તમ એટલે સર્વ શુભ ગુણોથી વિભૂષિત. મહાવીરનો ધર્મ કોઇ એક ખાસ વર્ગ કે જાતિને માટે નહીં પરંતુ માનવ માત્રને માટેનો છે. તેના શિષ્ય સમુદાયમાં સ્ત્રીઓ પણ હતી. સ્ત્રીઓને પણ સાધના કરવાનો અધિકાર હતો.

તેનો ઉપદેશ બધાને માટે અને હમેશા ઉપયોગી બને તેવો વિશાળ હતો. આજે આપણે તેના ઉપદેશના ગાંભીર્યને વિચારીએ તો તેનો અનુભવ સહેજે માલુમ પડશે સંચય અને શોષણ એ અહિંસા માટે બાધારૂપ છે. તેથી તેને દૂર રાખવા માટે તેણે અપરિગ્રહ અને અસ્તેય ને વ્રતોમા સ્થાન આપ્યું. પોતાનું સત્ય ગમે તેવું સારૂં હોય છતાં પણ તેને બીજા પર લાદવું ન જોઇએ એમ તેમણે કહ્યું. તેમણે પોતાના ઉપદેશ માટે નિરાગ્રહ વૃત્તિ સેવવાનું કહ્યુ.

આજે સંસારમા વિષમતા અને શોષણ ખૂબ જ ફાલ્યા ફૂલ્યા છે. વિજ્ઞાન દ્વારા હિંસાના એવા સાધનો સરજાયા છે કે જેનાથી આખી દુનિયાનો નાશ થઇ શકે. સૌથી વધારે શક્તિશાળી પણ આજે ભયભીત છે. સંસારમા સુખ અને શાંતિ માટે અહિંસા સિવાય બીજો કોઇ માર્ગ નથી નિરાગ્રહ વૃત્તિ સિવાય સંસારનું ભલુ ઇચ્છવાવાળાઓ એક બીજા સાથે હળી મળીને કામ કરી શકે તેમ નથી. અનેકાંતવાદ સિવાય વ્યાપકતા, તથા માંધ્યસ્થ વૃત્તિ આવતી નથી. વિચારકોનુ મંતવ્ય છે કે દુનિયાને આજની સમસ્યાઓ ઉકેલવા માટે અહિંસા તથા અનેકાંત શક્તિશાળી છે. આજની કટોકટીની પરિસ્થિતિમા ભગવાન મહાવીરનુ પુણ્ય સમસ્યાઓનો ઉકેલ લાવવામા મદદગાર થઇ શકે છે.

દ્રવ્ય પૂજા અને આજનું વર્તન

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

ભ૦ મહાવીર દેવે આત્મકલ્યાણના કારણરૂપ અથવા તો સંસારભ્રમણ ટાળવાના સાધન સમા બે ધર્મ દાખવ્યા છે. એક તો સર્વવિરતિ–ત્યાગરૂપ સાધુધર્મ અને બીજો દેશવિરતિ નામ શ્રાદ્ધધર્મ. એ શ્રાદ્ધધર્મનું પાલન સંસારસ્થ જીવોને સુગમ થઈ પડે એ સારુ દરરોજ છ કાર્યની આચરણા પૂર્વાચાર્યો દ્વારા વર્ણવાયેલી શાસ્ત્રમાં જોવા મળે છે. એ કરણીનો અમલ કરનાર નર–નારી શ્રાવક-શ્રાવિકારૂપે ઓળખાય છે. અહીં એ વર્ગને ઉપયોગી થઈ પડે એવી વિચારણા કરેલી છે. છ કર્તવ્યોમાં જિનપૂજાનું સ્થાન પ્રથમ છે. જેઓ સર્વ કર્મનો કાયમને માટે નાશ કરી, સંસાર સાથેનો સંબંધ સદા માટે છોડી દઈ, સિદ્ધશિલામા વિરાજ્યા છે એવા આત્માઓ સિદ્ધ, બુદ્ધ યાને પરમેશ્વર તરીકે ઓળખાય છે. તેઓ નિરંજન–નિરાકાર છે. એવી સ્થિતિ પ્રાપ્ત કરવાની અભિલાષા પ્રત્યેક આત્મા કે જે મુમુક્ષુ હોય છે એના હૃદયમાં રમતી હોય છે જ. ઉપર વર્ણવેલ સિદ્ધદશા પ્રાપ્ત કરવામા જે વિશિષ્ટ કોટિના આત્માઓએ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરી, પોતાના અંતિમ ભવમાં અક્ષર દૃપણા ઉપર સંપૂર્ણ વિજય મેળવી, સમવસરણમાં કેવળી તરીકે વિરાજમાન થઈ, પોતાની સર્વજ્ઞતાના બળે પદાર્થોનુ સ્વરૂપ જેવું જોયું તેવું વર્ણવી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, ઉપદેશ શ્રવણ કરી, પ્રથમ દીક્ષા ગ્રહણ કરનારે યોગ્ય વ્યક્તિને ગણધર પદે સ્થાપ્યા. આ પ્રસંગ શાસન સ્થાપના તરીકે ઓળખાય છે. આપણે વસીએ છીએ એ ભરતની અપેક્ષાએ એ જાતની સ્થાપના કરનાર શ્રી મહાવીર–પ્રભુ ચોવીસમા યાને અંતિમ જિન છે. તેમની પૂર્વે તેમની માફક ત્રેવીશ તીર્થંકરોએ તીર્થ સ્થાપન કરેલ અને ઉપદેશ દ્વારા હજારો ભવ્ય જીવોના અજ્ઞાન તિમિરને ટાળી, આત્મશ્રેયના સાચા માર્ગે દોરવામાં નિમિત્તરૂપ બનેલ. આજે તેઓ સિદ્ધ સ્વરૂપમાં હોવાથી પ્રત્યક્ષરૂપે ઉપદેશ સંભળાવતા નથી છતાં તેમણે ચીંધેલ માર્ગ અને એ માટેના સાધનો ગણધરો અને પછીની પરંપરામાં થયેલા આચાર્યો દ્વારા સંગૃહીત કરાયેલા હોવથી આજે પણ શાસ્ત્ર-ગ્રન્થોમાં દૃષ્ટિગોચર થાય છે. એ કારણે પંચમઆરાના જીવોને તરવાના સાધનમાં જિનમૂર્તિ અને જિના-ગમ અગ્રપદે છે. પૂર્વે વર્ણવેલ એ તીર્થપતિઓની પૂજા કરવાથી તેમનામાં રહેલા ગુણોની સ્મૃતિ તાજી થાય છે. ઉપાસકના હૃદયમાં તેમની માફક જીવન જીવ-વાની તાલાવેલી જન્મે છે. તેઓ જે માર્ગે વિચર્યા તે પંથે વળવાનું મન થાય છે અને એમાં જેટલી તર-તમતા તેટલી પ્રગતિ સમજવી. પણ આ સર્વ સ્થિતિ ત્યારે જ જન્મે છે કે એ ક્રિયાને લગતી સાચી સમજ હોય, નહીં તો ‘ ચરે ચરે શમ ’ જેવું સમજવું. ‘ જ્ઞાન વિનાની કરણી, ભવસાગર તરણિ ’ નથી બનતી અને ઘણી વેળા એ પાછળની અજ્ઞાનતા ભવભ્રમણ વધારનારી થાય છે. જીવવિચારનું જેને જ્ઞાન છે તે જાણે છે કે પુષ્પોમાં જીવપણું છે. એ બધા વનસ્પતિ કાયરૂપ એકેંદ્રિય જીવો છે. વીતરાગ એવી પ્રભુમૂર્તિના ચરણોમાં કે શીર ઉપર એ ચઢાવવા એટલે એ જીવોને અભયદાન આપવારૂપ કાર્ય ગણાય. એ કારણે ઉપા-સકોએ ફૂલો કેવી રીતે લાવીને પ્રભુને ચઢાવવા તે સંબંધમાં જે સૂચના શાસ્ત્રમાં જોવા મળે છે એ

આવે કરીઆણા સદ્‌ગુણના રસમય ફળ બોધના
જપ તપ ને સ્વાધ્યાય ધ્યાનના કુસુમ સુગંધિત ઘણા
બોધબીજ પણ સુફલિત થાવા સ્વયં ત્યાગ અર્પણા
મનન ધારણા ઉપદેશામૃત પાન જાય છંદના ૩

પ્રવાહ એવા સદ્‌ગુણમણિનો સતત વહે નગરીમાં
તે સાથે વેષાંતર કરતા રિપુ પેઠે રાજના
કામ ક્રોધ ને લોભ અહંતા મોહાદિક આવતા
પ્રસાધનો બહુ વિલોભનીય ને મનમોહક લાવતા ૪

એ સહુ આકર્ષક સંસારી વણે પાશ આકરા
રંગઢંગ કરી નૃત્ય મોહિની મદિરા પાઈ ખરા
રાજા આત્મા રાજકાજ સહુ તજી ખેલતો રહે
બની રહ્યું શું ભાન ન એને મનમાં સંભ્રમ વહે ૫

નાચ ગાન ગુલતાન બન્યો એ ભૂલ્યો કર્તવ્યને
ધર્મ ભૂલતા દેવગુરુનો સંગ તજ્યો સંભ્રમે
પીધી મદિરા મોહતણી ને નિજને ભૂલી ગયો
પરવશ બંદીજન થઈ રખડ્યો રાજ્ય ગુમાવ્યું જુઓ ૬

સ્વરૂપ ન ઓળખતા જે નિજનું રાજ્યભ્રષ્ટ થયો
સ્વાભિમાન ખોઈને નિજનો કારાગૃહમાં ગયો
આચરણા થઈ તુચ્છ એહની મોહવિવશ એ રહે
મોહરાજના આપ્યા ટુકડા ખાઈ કાળને વહે ૭

હો આત્મા ! તું રાજા નિજનો સ્વય નિયંતા છતા
થઈ દુર્દશા કરુણ તાહરી ઓળખ નિજને સ્વતઃ
પરમાત્મા થાવાની સતા છે તુજમા જાણજે
બાલેન્દુ વિનવે તું હજુએ જાગ વિનતિ માનજે ૮

કવિ– બાલચંદ હિરાચંદ, સાહિત્યચંદ્ર

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH

માનવતા

આપણી જાતને સર્વ રીતે સુરક્ષિત રાખીને, આપણે એકી સાથે, એક જ વખતે કેટલા માણસોનું, તેઓની માલમત્તા સહિત સમૂળું નિકંદર કાઢી શકીએ છીએ એમાં આપણી માનવશક્તિનું હરગીજ ખરું માપ નથી. આપણા અંગત સ્વાર્થને ભૂલી જઈને, આપણું ભલું કે બૂરું કરનારાઓમાંના, ગમતા કે અણગમતાઓમાંના—સમુદાયમાંના કેટલા માણસોનું આપણે સમયસર (ટાણે) ભલું કરી શકીએ છીએ, એ આપણી માનવશક્તિનું ખરું માપ છે. માનવ તરીકેની એ સાચી કસોટી છે. પોતામાં રહેલી પશુતાને પોષી તેનું બહાર સક્રિય પ્રદર્શન કરી બતાવવામાં માનવતા નથી પરન્તુ પોતામાં રહેલ પશુતાને દૂર કરી, પોતામાં ગુઢ છુપાઈ રહેલા દેવતાઇ અંશોને અન્ય જીવાત્માઓના કલ્યાણ અર્થે વહેતા મૂકવામાં રહી છે. જે પોતામાં રહેલી પશુતાને પોષી બીજાનું અહિત કરે છે તે માનવદેહ ધરનારો છતાં પશુથી પણ અધમ છે. જે પોતાની માનવતા સમજી–સ્વીકારી પરહિત કરવામાં આનંદ માને છે તે મનુષ્ય દેહમાં વિચરનારા દેવો છે, પ્રભુના ફિરસ્તાઓ છે. આ સૃષ્ટિને સ્વર્ગ બનાવવાની પ્રભુની જે યોજના છે તેમાં ખંતથી રાચનારા તેઓ ખરા ધુરંધરો છે.

“ દિવ્ય જ્યોતિ ”

વિષયાનુક્રમ

૧.	શ્રી વાસુપુજ્ય જિન સ્તવન	(અમરચંદ માવજી શાહ)	૯૩
૨.	ભગવાન શ્રી મહાવીરની વાણીનો મહિમા	(મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)	૯૪
૩.	દ્રવ્યપૂજાના પ્રકારો અને ભાવપૂજા	(મોહનલાલ દીપચંદ ચોકસી)	૯૫
૪.	અંધશ્રદ્ધા ખોટી તેમ અશ્રધ્ધા પણ ખોટી	(બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર")	૯૮
૫.	લુધિયાનામાં જૈન કોન્ફરન્સના ૨૧મા અધિવેશનમાં બાબૂ નરેન્દ્રસિંહજી સિંઘીનું ભાષણ		૧૦૧
૬.	સુખી જીવનના સાધનો	(વિ. મૂ. શાહ)	૧૦૭

જીવનને ઘડવામાં ઉપયોગી

બે પ્રાણવાન પ્રકાશનો

જ્ઞાનપ્રદીપ (ભાગ ૧ થી ૩)

આ ગ્રંથમાં સ્વ. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજીએ લખેલા આધ્યાત્મિક લેખોનો સર્વ–સંગ્રહ રજુ કરવામાં આવ્યો છે.

લેખો એટલા ઊંડા અને તલસ્પર્શી છે કે તે વાંચનારને જૈન દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ આપોઆપ થઇ જાય છે. ટૂંકમા આત્મસિદ્ધિ માટે આ ગ્રંથ ખાસ વાંચન–મનન કરવા જેવો છે. લગભગ છસો પાનાનો આ ગ્રંથ મોટો હોવા છતાં તેની કિંમત માત્ર રૂા. ૮–૦ રાખવામાં આવેલ છે (રવાનગી ખર્ચ અલગ).

કથાદીપ

લેખક : મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ)

તત્ત્વચિંતક મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ)ના આ ગ્રંથ સંબંધી સુવિખ્યાત નવજીવન પત્ર પરિચય આપતાં જણાવે છે કે—

જૈન મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીનું આ પુસ્તક આવકારપાત્ર છે. એમાં સંગ્રહિત થયેલી ૨૩ લઘુકથાઓ આપણા જીવનને ઘડવામા ઉપયોગી થાય એવી છે. એમાં મુનિશ્રીનું ઊંડું ચિંતન તેમજ નિર્મળ દર્શન દષ્ટિએ પડ્યા વિના રહેતા નથી. દરેક કથાની શરૂઆતમાં આપેલા વિચાર–મૌક્તિકો પણ સુવિચારપ્રેરક છે. સૌને આ પુસ્તક ગમે એવું છે કિંમત દોઢ રૂપિયો (પોસ્ટેજ અલગ) ગ્રંથરત્નો આજે જ મગાવો

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.



વર્ષ ૫૭ મું] વૈશાખ તા. ૧૫-૫-૬૦ [અંક ૭

શ્રી વાસુપુજય જિન સ્તવન

(રાગ : એકરે દિવસ એવો આવશે)

મેં જોયું દીલની અટારીએ, વાસુપુજ્ય દેખાય;
ઝગમગતા એ સૂર્યનાં, અગટ કીરણ ફેલાયા.
મેં જોયું--ટેક-૧

જ્યોતિ પ્રગટી અંતરે, આત્મ કમળ વિકસાવ્યા;
ચેતન ભ્રમર ૐ ૐ કરે, અંતર નાદ જગાવ્યા.
મેં જોયું---૨

અમૃત રસનાં પાનથી, આનંદ રસ છલકાયા;
શાંતિ સરોવરનાં તીરે, જ્ઞાનામૃત રેલાયા.
મેં જોયું---૩

સૌરભ પ્રસરી પ્રેમની, સમભાવ ફેલાયા;
તુંહી - તુંહીના નાદથી, સોડહં ધ્યાન લગાયા.
મેં જોયું --૪

અહં અહં ધ્યાનથી, વાસુપુજ્ય મેં ભાળ્યા;
અમર, ચિદાનંદનાં, સત્ દર્શન પામ્યા.
મે-જોયું --૫

—અમરચંદ માવજી શાહ.

ભગવાન શ્રી મહાવીરની વાણીનો મહિમા

(રાગ : મન ડોલે...મેરા તન ડોલે...મેરે દિલકા) (નાગિન)

મન નાચે મારું દિલ રાચે મારા તનના ગયા સંતાપ રે
એ...વીર વિભુની વાણીએ

સાકર સેલડીથી એ મીઠી, પરખી મધુરી વાણી
તોડી દીધા એને મોહના પડદા, આતમના હિત ખાણી
એ...

મન ડોલે લગન અમોલે, જેમ ચંદ્ર ચકોર સંતાપ રે
એ...વીર વિભુની વાણીએ (૧)

દશમી તિથી સુહાવે રૂડી, વૈશાખ સુદી સારી
સંઘ સ્થાપ્યો રૂડો સુભાગે, ગણધરો ગુણ ભરી
એ...ગુ૦

ચિતન ચમકે જીવન ઝલકે, ગયા ભવ પરિતાપ રે
એ...વીર વિભુની વાણીએ (૨)

ચાર નિક્ષેપા સાત નયો વળી, સપ્તભંગી મનોહાર
કાલ અનાદિની ગાંઠ ભાંગી, આતમનો ચમકાર
એ...ભા૦

જ્યોત જલે ઝળહળ ભાસે, અંતરના પ્રતાપ રે
એ...વીર વિભુની વાણીએ (૩)

દેવ, મનુષ્યો, પશુ પંખીઓ, સમજે નિજ નિજ ભાષે
વેરઝેરના કુડા કડવા, વિસરી સુણે ઉલ્લાસે
એ...વિ૦

મોહ હણ્યો આતમ જગ્યો, કર્મ કરે વિલાપ રે
એ...વીર વિભુની વાણીએ (૪)

વીરની વાણી સમાઈ આગમે, પીસ્તાલીસ મોઝાર
આગમ નીગમના ભેદ ભાખ્યા, જીવનમાં ઝળકાર
એ...જી૦

લક્ષ્મીસાગર વદે આનંદે, વાણી ગુણ અમાપ રે
એ...વીર વિભુની વાણીએ (૫)

રચયિતા : મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ—પાટણ

દ્રવ્યપૂજાના પ્રકારો અને ભાવપૂજા

—મોહનલાલ દીપચંદ ચોકસી

(ગતાંક પૃષ્ઠ ૮૭ થી ચાલુ)

દ્રવ્યપૂજાના આઠ પ્રકારમાં ગયા અંકમાં પુષ્પ અને પ્રક્ષાલ અંગે આપણામાં જે વિચિત્રતા પ્રવર્તે છે તે નોંધ ગયા. અહીં એક ઉલ્લેખ કરવો જરૂરી છે અને તે એકે સામાન્ય રીતે ગુજરાત-સૌરાષ્ટ્રમાં આપણી જેમ સંખ્યા વિશેષ છે તેમ મોટા શહેરોમાં દેવાલયો પણ અધિક સંખ્યામાં હોય છે એટલે આપણે ભક્તિના ક્ષેત્રમાં જે વર્તન કરી રહ્યા છીએ એની વિપરીત અસર ખાસ આંખે ચડતી નથી, પણ પૂર્વદેશમાં આવેલ આપણી કલ્યાણક ભૂમિઓ કે જ્યાં પ્રતિવર્ષ યાત્રિકો વિશેષ પ્રમાણમાં જવા લાગ્યા છે ત્યાં એ સ્પષ્ટરૂપમાં જણાઈ આવે છે. કેટલીકવાર ઘણાખરા પ્રક્ષાલ કર્યા વિના રહી જાય છે! અને પુષ્પો પણ જ્યાં હોય છે ત્યાં આપણી વધારે લેવાની વૃત્તિ, પાછળના માટે થાળમાં ભાગ્યેજ કંઈ રહેવા દે છે! એમાં વળી કેશર ચઢાવવાની વૃત્તિએ તો હદ કરવા માંડી છે! મૂળમાં ચંદનપૂજા શબ્દ હોવા છતાં અને આછા કેશર મિશ્રિત ચંદન ચઢાવવાની છતા, કેટલાક શ્રીમંતો ભક્તિના નામે લાલચોળ કેશર ચઢાવે છે તે પ્રશંસ્ય તો નથી જ, પણ ઘણીખરી વેળા મૂર્તિને નુકશાન કરનાર નિવડેલું જણાય છે. એ સાથે વરખ ચાંપવામાં પણ વિવેક રાખવો જરૂરી છે. સ્ફટિકબિંબ ઉપર વરખથી ડાઘા ને લીસોટા પડી જાય છે; જે બરાબર સાફ થતા નથી. આ કારણે વ્યવસ્થાપકોએ દીર્ઘદૃષ્ટિ વાપરી 'વરખ ચોઢવા નહીં' એવી સૂચનાના બોર્ડ પણ લટકાવેલા હોય છે આમ છતાં આ તરફથી ગયેલા યાત્રિકો આંગી રચનાના નામે એનો ભંગ કરતા હોય છે જે જરાપણ વ્યાજબી નથી. દ્રવ્યદ્વારા પૂજા કરવાનું સૂચન, ભાવની વૃદ્ધિ માટે જ છે. ભાવશ્રેણીમાં આત્મા પ્રગતિ સાધે એ માટે પ્રભુમૂર્તિ એ અવલંબન-રૂપ છે. જ્યારે આપણે વિધિના ઉંડાણમાં ઉતર્યા વિના એવું આચરણ કરીએ છીએ કે જેથી વિચારકની દૃષ્ટિએ આપણી કાર્યવાહી ગતાનુગતિકતામાં લેખાય. જળ, ચંદન, અને પુષ્પરૂપ ત્રણ પ્રકારની ભક્તિનો સમાવેશ અંગપૂજામાં થાય છે. જ્યારે ધૂપ તેમજ દીપક ધર-વાની ક્રિયા અગ્રપૂજામાં ગણાય છે. પ્રતિમાની આગળ તો નૈવેદ્ય કે ફળ મૂકવાની હોય, એ પાછળ સારી સમજ હોવી ઘટે ને અંતરમાં ભાવની રમઝટ હોય, બાકી અગરબત્તીના બે કકડા લઈ પ્રભુ સામે ગમે તેમ ફેરવી દેવાય, પાટલા ઉપરના ચોખા ગમે તેમ ઠેલે ચઢાવાય, અને ખમાસણ દેતાં પૂરા પાંચ અંગ નીચા પણ ન નમાવાય! એ શું સૂચવે છે! વળી આ દરેક કરણીવેળા ઉપાસકે સમભાવ ને શાન્તિને જરાપણ વીસરવાના નથી. કેટલીકવાર એકજ ભગવંતના અનુયાયીઓને શાન્તિના અનુપમ ધામ સમા દેવાલયમાં નહીં જેવા પ્રશ્નો ઉપર ઝઘડતા કે કોલાહલ મચાવતા જોઈએ છીએ ત્યારે અથવા નિસીહી કહી પ્રવેશ કર્યો હોવા છતાં સંસાર જન્ય વાતો કરતા દેખીએ છીએ ત્યારે પ્રશ્ન ઉદ્‌ભવે છે કે આપણે પૂજન પાછળનું રહસ્ય સમજ્યા છીએ ખરા? ઘડીભર મન પોકારે છે કે અલેને આપણી માફક ખ્રિસ્તી સમાજ રોજ દેવળમાં નથી જતો છતાં રવીવારે જઈ જે રીતે પ્રાર્થના કરે છે એ સમજપૂર્વકની તો છે જ. સાથે સાથ અનુકરણીય પણ છે જ.

દ્રવ્યપૂજા પછી ભાવપૂજા અવશ્ય કરવી જોઇએ. ચૈત્યવંદન-સ્તવન, આદિ તાલબદ્ધ રીતે, જે રાગ-નિર્દિષ્ટ કરાયેલ હોય તે રીતે લલકારી એમાં સમાવેલ ભાવ હૃદયમાં ઉતારવો ઘટે. વીતરાગની પૂજાનો હેતુ વીતરાગત્વ મેળવવાનો જ છે. કહ્યું છે કે 'ઇલિકા ભ્રમ-રીધ્યાનાત્ ભ્રમરીત્વં અસ્તુ તે' અર્થાત ભમરીનું ધ્યાન ધરનાર ઇયળ પોતે ભમરીરુપે બની જાય છે. આ સ્થિતિ ત્યારેજ ઉદ્ભવે કે જ્યારે જે જે ક્રિયાના ઉદ્-ગાર મુખથી બહાર પડતા હોય એ પાછળની સમજ બરાબર હોય. વળી સ્તવનો પણ એવા બોલવા જોઇએ કે જેમાં દયા તો પ્રભુ મૂર્તિના જીવનની ઝાંખી હોય કિંવા પ્રરુપેલા તત્વોની વિચારણા કરાયેલી હોય. એ સંબંધી ગાનાર વ્યક્તિ જો બરાબર ચિંતન-મનન કરે તો ભાવવૃદ્ધિ થયા વિના ન જ રહે અને એમા પ્રભુબિંબ સામે એકાગ્ર દૃષ્ટિ જોડી, એકાંત પ્રદેશમા અંતરના ઉલ્લાસથી રમઝટ બોલે તો, નથી તો અમૃત યોગ દૂર કે નથી તો પ્રતિવાસુદેવ રાવણની જેમ તીર્થંકર પદ દૂર. પણ આજે જે કાળ પ્રવર્તે છે અને આપણા અતિ નજિક જઇ એ કરવા પણુ નથીજ. પ્રભુ બિંબ સામે ઉભા રહી ગર્ભગૃહની બહારથી પણ એ કરી શકાય છે. આમ છતા અતિ મોટો વર્ગ કેમ જાણે પ્રભુની નજિક જઇ ધુપ ઉખેવીશું નહીંતો, અગર દીપક ધરીશું નહીં તો, ભગવતને ખોટુ લાગશે એટલે અતિ પાસે જઇ એ કરણી કરવા લાગે છે! ઉપર જે કલ્યાણક ભૂમિઓની વાત કરી ત્યા ઘણીખ-રીમા ગર્ભગૃહ વિશાળ નથી હોતા અને સાધન સામગ્રી પણ અલ્પ પ્રમાણમા હોય છે ત્યા આપણુ આવુ વર્તન એટલી હદે ધમસાણ મચાવી દે છે કે આત્મ 'શાન્તિનું' સ્થળ કેવળ ધોધાટ ને દોડધામ નો સ્વાંગ સજી રહે છે. એમા વૃદ્ધ ભાઇ-બ્હેનોનો તો નંબર પણ લાગતો નથી. બળિયાના બે ભાગ જેવી દશા પ્રવર્તે છે! પૂજન પાછળની સાચી સમજ હોય તો આવું નજ બને. અષ્ટપ્રકારી પૂજાના છેલા ત્રણ પ્રકારમાં અક્ષત નો સ્વસ્તિક, નૈવેધ અને ફળ સ્થાપન રૂપ કાર્ય, એ યોજનાનો આશય સ્પષ્ટ છે. સ્વસ્તિકરૂપ સંસારનો પાર પામવા, હે પ્રભુ! આપે દર્શાવેલ દર્શન,' જ્ઞાન, ચારિત્ર રુપ ત્રણ રત્નો યાને ત્રણ કીંમતી સાધનો જો યથાર્થ પણે સ્વીકારી એમાં પ્રગતિ સાધતા રહેવાય તો અર્ધ ચંદ્રાકાર સમી સિદ્ધ શિલા પર વાસ સહજ પ્રાપ્ત થાય જ. સંસારનો સદાને માટે છૂટકારો એનું નામ જ મુક્તિ. એ મેળવવામાં આત્માનો જ પુરુષાર્થ કારગત નીવડે. ફળથી ફળ મેળવાય એના પ્રતીકરુપે નૈવેદ્ય-ફળ પ્રભુમૂર્તિ સામે સાથીઆ ઉપર મૂકવાનુ. આમ આડે પ્રકારમાં દ્રવ્યનો સંકેત અગ્રસ્થાને હોવાથી એ દ્રવ્યપૂજા ગણાય, અપેક્ષાએ એના ભેદમાં સત્તર, એકવીશ અને એકસોઆઠ પણ ગણાવ્યા છે એમ શ્રીમદ્ આનદઘનજી યોગીરાજ નવમા શ્રી સુવિધિનાથપ્રભુના સ્તવનમાં કહે છે. જોડે વદે છે કે 'ભાવપૂજા બહુ વિધિ નિરધારી' અને ઉમેરે છે કે-'દોહગ દુર્ગતિ છેદેશે' અર્થાત્ એનાથી પાપનો પુંજ બળીજઇ માઠી ગતિ ઉપર સદાને માટે કાપ પડે છે.

આપણે જોયું તેમ જે કરણી મોટે ભાગે આચ-રણમા ઉતરાવી અવલોકાય છે એ દ્વારા ઉપરનો હેતુ સિદ્ધ થાય ખરો? નાની મોટી દરેક ક્રિયા પછીતે પ્રક્ષાલની હો, કિંવા ધુપ-દીપ ધરવાની હો, અથવાતો સ્વસ્તિક રચવાની હો, દેવાલયોનું જે વાતાવરણ દૃષ્ટિગોચર થાય છે એ ઉપરથી માપ કાઢવાનું હોય તો, એવી ઉત્કૃષ્ટ દશા ખરેજ દૂર દેખાય છે. તીર્થસ્થાનોનું વાતાવરણ અથવા તો કલ્યાણકભૂમિઓનો એકાંત પ્રદેશ જરૂર સહાયક બને તેમ છે પણ જ્ઞાન કે સમજ વગરની આપણી આંધળી કરણીઓએ ભાવ શ્રેણીમાં આત્મા યાને ઉપાસક આગળ વધે તેવી સ્થિતિ રહેવા દીધી નથી! જાણે ધામધુમ ને બોલી આદિના દેકારા-માં જ સાર્થકતા માની છે! ઉપાધ્યાયજી મહારાજ શ્રીમદ્ યશોવિજયજી કહે છે તેમ,—

ધુમધામા ધમાધમ મળી, જ્ઞાન મારગ રહ્યો દૂર રે એ અક્ષરશઃ સાચુ છે. ક્યાં શ્રીમદ્ આનદઘનજી, શ્રીમદ્ દેવચંદજી, આદિ પૂર્વાચાર્યોના આત્મપ્રેમમા ઉછાળ લાવે એવા સાર ગર્ભિત સ્તવનો

અને કયાં આજના સિનેમાના રાગ ઉપરથી જોડી કઢાયેલા ઢંગધડા વગરના સ્તવનો. આપણે ત્યાં ભક્તિની અગત્ય સ્વીકારેલી છે પણ એની મર્યાદા નિશ્ચિત છે. ભગવંત શ્રી મહાવીરદેવની ભક્તિ કરનાર ગણધર મહારાજ શ્રી ગૌતમ સ્વામી અજોડ ભક્ત ગણાય—આમ છતાં ન તો ભગવંતે એ ભક્તને પોતાની સાથે મુક્તિમાં લીધા કે ન તો ભક્તિથી તુષ્માન થઈ કૈવલ્યમાંથી કઈ ભાગ આપ્યો. સંસારમાંથી છૂટકારો મેળવવા સારુ-કર્મોનો કાયમને માટે ક્ષય કરવા સારુ,—આત્માએ જાતે જ પુરુષાર્થ કરવાનો છે. વીર્ય ફોરવવાનું છે. દેવની પૂજા કે ભક્તિ તો માત્ર નિમિત્ત કારણ છે. એટલે જ વૈદિક દર્શનમાં ભક્તનો વૈકુંઠવાસ એ સર્વોત્તમ પદ ગણાય છે જ્યારે જૈનદર્શનમાં ભક્તિ કરનાર આત્મા ખુદ પરમાત્મા બને છે અર્થાત્ એ સર્વોત્કૃષ્ટ પદ છે. આ દશાએ પહોંચવા માટે—' કાને કુંડળીઆ, ગળે મોતનનો હાર ' કિંવા ' લાખો પ્રણામ ' વા ' ચિત્તોમાં વસાવ ' જેવા લલકાર કાર્યસાધક ન નિવડે. એ માટે તો કષાયો પર કાબુ મેળવાય, કર્મોના પ્રપંચો પર વિરાગ પેદા થાય, અને આત્મા મૂર્તિના બાહ્યસ્વરૂપના અવલંબનને બદલે આંતરિક નિર્મળતા ને વીતરાગ દશામાં અવગાહન કરી રહે એવા ભાવવાહી સ્તવનોની અગત્ય લેખાય.

આજની અંગરચનાઓ, કિંવા મનોહર આભૂષણો ભલે બાળજીવો માટે જરૂરી ગણાય, પ્રાકૃત જનસમૂહનું એ રીતે આકર્ષણ ભલે થતું હોય; છતાં એટલું તો નિશ્ચિત છે કે શુકલધ્યાને પહોંચવા સારુ પ્રભુની રૂપાતીત અવસ્થાનું ચિંતન જ મોટેરા સાધનરૂપ છે

सुभाषित

उत्तमं प्रणिपातेन शूरं भेदेन योजयेत् ।
नीचमल्पप्रदानेन समशक्तिं पराक्रमैः ॥

(અનુવાદ)

ઉચ્ચને વંદને, ભેદે શૂરને યોજવા સદા;
નીચને અલ્પ માનીને, સમોવડને પરાક્રમે.

વિવરણ—ઉત્તમ લોકોને વંદન કરીને—માન અર્ચનાથી અને ઊતરતા લોકોને અલ્પ પ્રદાન—થોડી કૃપાથી રાજી રાખવા, અને બળમાં પોતાનાથી ચડિયાતાને દાવપેચથી તથા સમોવડીયાને પરાક્રમથી મહાત કરવા. આપણી જાણીતી સામ, દામ, ભેદ અને દંડથી વશ કરવાની નીતિને અનુરૂપ બોધ કરતો આ શ્લોક એક સંસ્કૃત

' કુમાર 'માંથી

અંધશ્રદ્ધા ખોટી તેમ અંધ અશ્રદ્ધા પણ ખોટી

લેખક-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ. (માલેગામ.)

જાણીને અને સમજીને જ્ઞાનપૂર્વક કોઈ ઉપર આપણે ભરૂસો રાખિએ એ એક વસ્તુ છે. અને નહીં સમજતા, તેમ નહીં જાણતા દેખાદેખી આંધળાઓ જેમ એકની પાછળ નહીં સમજતા ઘેટાઓના ટોળાની પેઠે ચાલ્યા કરે એ વસ્તુ જુદી છે. જ્ઞાનપૂર્વક રાખેલી શ્રદ્ધા એ સાચી શ્રદ્ધા ગણાય છે. અને સમજણ વગર અને પોતાના વિચાર વગર બીજાઓ કરે છે, માટે આપણે પણ કરવું એમ રખાએલી શ્રદ્ધા એ અંધશ્રદ્ધા છે. એવી રીતે જગતમા શ્રદ્ધા રાખનારાઓના બે વર્ગ પડી જાય છે. જેમને શ્રદ્ધા રાખવીજ નથી અગર શ્રદ્ધાને સમજવી નથી તેમની વાત આપણે કરતા નથી. આપણને તો શ્રદ્ધા રાખનારની જ વાત વિચારવી છે

આપણા જ્ઞાનની અને સમજણની કક્ષા વધી ન હોય અગર આપણા વિચારને તીવ્રતાની ધાર આવી ન હોય ત્યા સુધી આપણે ગતાનુગતિકતાનો સ્વીકાર કરવો પડે છે. આપણા કરતા વડીલ અનુભવમાં અને જ્ઞાનમા આગળ વધેલા હોય તેમનો ઉપદેશ માનતા રહીએ અને તેમનું અનુકરણ કરતા રહીએ એ આપણું કર્તવ્ય થઈ પડે છે. પણ એમ સતત કરતા રહીએ અને વિચાર કરીએ જ નહીં એ મૂર્ખાઈ છે. આપણે જરા પણ સમજતા થઈએ ત્યારે દરેક ઘટના, આચાર વિચાર અને ક્રિયાનો વિચાર કરી સત્યની શોધ કરતા રહેવું જોઈએ. અને છેલ્લા નિર્ણય ઉપર આપણે ન આવિએ ત્યાસુધી જ્ઞાનીઓનું શરણ સાધવું જોઈએ. અને પોતાના મન અને બુદ્ધિને એ બંધબેસતું આવે છે કે કેમ તેની ચકાસણી કરી લેવી જોઈએ. જ્ઞાની ભગવંતો કહે છે કે તમે શ્રદ્ધા રાખો તે જ્ઞાનપૂર્વકની હોવી જોઈએ. તમારૂં મન અને તમારી બુદ્ધિ એ શ્રદ્ધાથી ઓતપ્રોત થએલી હોવી જોઈએ. અને તે તમારી શ્રદ્ધા પૂર્વગ્રહ દૂષિત કે પરપ્રત્યયનેય નહીં હોવી જોઈએ. એવી શ્રદ્ધા જ મનુષ્યનો ઉદ્ધાર કરી શકે છે. અંધશ્રદ્ધા એ બાલ વર્ગની શ્રદ્ધા ગણી શકાય. બાલકોનુ મન ભણવા કરતા રમતમા વધુ પરોવાએલુ હોય છે. તેને ભણવામા ક્યારે રસ પડે ! જ્યારે એની સમજણ વધે અને જ્ઞાનની રૂચી જાગે ત્યારે તેને ભણવામાં આનંદ આવવા માંડે છે, પણ તે પેહેલા તો એને અંધશ્રદ્ધાનો કેટલાએક વખત સુધી અવલંબ કરવો પડે છે. પણ જ્યારે બુદ્ધિનો વિકાસ થવા માંડે છે ત્યારે પોતાની બુદ્ધિનો અહંકાર જાગવાનો મોટો ભય હોય છે, એવે વખતે અંધશ્રદ્ધા અને બુદ્ધિનો ઝગડો જાગવાનો ભય ઉત્પન્ન થાય છે. અને ત્યા જો અહંભાવ જાગી જાય તો એને અનંત જ્ઞાનીઓને જે શ્રધ્ધેય લાગ્યુ એ ખોટું જણાવા માંડે છે. અને એને એની પોતાની બુદ્ધિ એ જ આદર્શ જેવી લાગે છે. એવી રીતે જ્ઞાનપૂર્વકની શ્રદ્ધા મેળવવા જતા અસંબદ્ધતા ઉત્પન્ન થાય છે. એવે સમયે એ પોતાના નવા સિદ્ધાંતો અને પ્રમેયો રચવા માંડે છે. અને એવી રીતે એની જ્ઞાનપૂર્વકની શ્રદ્ધામા મોટું ગાબડુ પડે છે. ત્યારે અહંભાવ એકદમ ભુજંગની પેઠે ઉભો થઈ ફુંફાડા મારવા માંડે છે. અને જ્ઞાનપૂર્વકની શ્રદ્ધા મેળવવા જતા અંધ એવી અશ્રદ્ધાનો જન્મ થાય છે. એ પ્રમાણે એ વિવેક

વિનય, નમ્રતા અને પરમતસહિષ્ણુતાનો આત્મિક ગુણ જાગી જાય તો જ એ શ્રદ્ધા સુસંવાદી હિતકારિણી અને ઉન્નતિકારક નિવડે; નહીં તો પછી એ ગર્વિષ્ઠ અધુરા જ્ઞાનીની શ્રદ્ધા એને ડુબાડવાને કારણભૂત થાય. માટે જ અમે કહીએ છીએ કે, જેમ અંધશ્રદ્ધા ખોટી છે. તેમ આંધળી અશ્રદ્ધા પણ ખોટી છે.

ઘણા ભણેલા અને પોતાની જ બુદ્ધિને પ્રમાણભૂત માની એ જ પ્રમાણે પોતાની બુદ્ધિને માર્ગદર્શન કરાવી અહંભાવનાને પોષણ આપે છે, અને તેને લીધે તેઓમાં અંધ એવી અશ્રદ્ધાનો જન્મ થાય છે, એઓ આખા જગતમાં પોતે અને પોતાને માન્ય હોય એવી વસ્તુઓને જ મુખ્ય માની બીજુ બધુ અગ્રાહ્ય અને ખોટું હોય જ એવી માન્યતા ધરાવે છે. અને એને લીધે બીજુ કાંઈ જાણી લેવાનું પણ એને ઠીક લાગતું નથી. પોતાનું તેટલુ બધુજ સારૂ અને બીજાઓનું બધું જ ખોટું એવી અંધ અશ્રદ્ધા જાગે છે, અને પરિણામે બીજાઓની માન્યતા શું છે એ જાણી લેવાની પણ એ ના પાડે છે.

આપણે એક દાખલો લઈ એ વસ્તુ શી રીતે બને છે તેનો વિચાર કરીએ. પૃથ્વી થાળીના આકાર જેવી ગોળ છે. એ સ્થિર છે. ચંદ્ર, સૂર્ય અને ગ્રહો નક્ષત્રો એની આસપાસ ફેરા કરે છે. સૂર્ય આપણી નજીકમા છે. અને ચંદ્ર આઘો છે. સૂર્ય ચદ્રને રાહુ કેતુ જેવા દુષ્ટ ગ્રહો ગળી જાય છે વિગેરે માન્યતાઓ અમુક જ્યોતિષીઓએ લખેલી છે. અને એજ માન્યતા ત્રિકાલાબાધિત સત્ય હોય. એથી જુદી માન્યતા ધરાવનારાઓ બધાજ ખોટા છે. વિગેરે કલ્પનાઓ હાલના વિજ્ઞાનયુગમાં કેટલી સુસંગત નિવડે ? સૂર્ય કે ચંદ્રને પ્રદક્ષિણા કરનારા કૃત્રિમ મહગોલ જ્યા પ્રચલિત થઈ ચુકેલા છે અને અન્ય ગ્રહો ઉપર પગપેંસુ કરવાની જ્યાં માનવની તૈયારી થઈ ચુકેલી છે ત્યા આવી બાલોચિત બાબત કોણ માને ? એ તો કોઈ અજાણ અને અણઘણ માણસનીજ કલ્પના ગણાય એમાં આશ્ચર્ય નથી. એવી અંધ અશ્રદ્ધા જાગે એ પણ જ્ઞાનનો છેદકરનારી ઘટનાજ ગણાય. એથી પૂર્વોક્ત માન્યતા લખી મૂકનારને અમે ખોટા અને હીન માનવા કે મનાવવાનો પ્રયત્ન કરીએ છીએ એવી રખે કોઈ કલ્પના કરી લે. એઓ પોતાના કાળમાં પૂર્ણ સત્ય હતા અને એમને સત્ય લાગી તે માન્યતા તેઓએ લખી મૂકી એ એમનો દોષ ન ગણાય. એ લખવામાં એઓ પૂર્ણ પ્રામાણિક હતા એમાં સંદેહ નથી. વિજ્ઞાન એ પ્રગતિશીલ સત્ય છે. અને નિત્ય નવી શોધ કરે જાય છે. અને જગતના જ્ઞાનમાં ઉમેરો કરેજ જાય છે. ત્યારે કેટલીએક માન્યતાઓ ફેરવવી પડે એમા શંકા નથી. એટલેજ અમે કહીએ છીએ કે, અંધશ્રદ્ધાની પેઠે અંધ અશ્રદ્ધા પણ નુકસાન કારક હોય છે. અને એકાતે તેને વળગી રહેવુ ઉચિત નથી.

આપણે બીજા એક દાખલાથી આપણો મુદ્દો સ્પષ્ટ કરીએ. શ્રીપાળની કથા જૈન સમાજમાં સારી રીતે પ્રસિદ્ધ છે, તેમા નવપદની આરાધના અને તેના ફલસ્વરૂપ શ્રીપાલની ઉન્નતિ. શ્રીપાલની ઐહિક અને પારમાર્થિક એવી બન્ને જાતની ઉન્નતિનું વર્ણન કરાએલું નવપદ એ સિદ્ધાંત રચના છે. અને એમાં માનવ જીવનનું સાધ્ય અને તેની સાધનાના સમાવેશ કરાએલો છે. સાધ્ય અને સાધનની સંકલના એમાં એવી તો સુસંવાદી રીતે કરેલી છે કે, એમાં કોઈ જાતનો દોષ કાઢવાને જગ્યાજ નથી. અને એને લીધે એ સિદ્ધાંત ઉપર ભલે કોઈ અંધશ્રદ્ધા રાખે કે સંપૂર્ણ જ્ઞાનપૂર્વક શ્રદ્ધા રાખે તેમા વિસંવાદ આવવાનો સભવ નથી. કારણ એ અબાધિત સત્ય છે. એમાં શંકાને સ્થાન નથી. એ સિદ્ધાંત ઉપર અંધશ્રદ્ધા રાખીએ તોપણ તેથી નુકસાન થવાનો કોઈપણ સંભવ નથી. અને એ નવપદના સિદ્ધાંત ઉપર સમજીને જ્ઞાનપૂર્વક શ્રદ્ધા રાખીએ ત્યારે સોનાસાથે સુગંધ મળ્યા જેવો લાભ સધાય. અને નિશ્ચયપૂર્વક આત્મોન્નતિ સાધી શકાય.

શ્રીપાળની જે ઐહિક ઉન્નતિ સધાઈ તે બધી ઘટનાઓ ઉપર આપણે વિચાર કરી એ વિષયમાં આપણે અંધશ્રદ્ધા રાખીએ અને તેનું અનુકરણ કરવા યત્ન કરીએ તો આ કાળમાં આપણે મૂર્ખમાંજ ગણાઈએ.

શ્રીપાળ નવ સ્ત્રીઓ અને બીજી ઉપસ્ત્રીઓ પરણ્યા એ આદર્શ આગળ મૂકી અનેક સ્ત્રિઓ પરણવા માગે તો એ એવું કરવુ કેટલું યોગ્ય ગણાય ? શ્રીપાળનો રાસ એક કાવ્ય છે. એમાં અનેક અલંકારો ભરેલા છે. કથાને સુસંગત થાય એવા પાત્રો નિર્માણ કરવામાં આવેલા છે. અને નવપદનું આરાધન દીપી નિકળવા માટે અને એનું ગૌરવ વધારવા માટે અનેક અદ્ભૂત ઘટનાઓની રચના કરવામાં આવી છે. બધાજ નવે રસ નિર્માણ કરી શ્રી વિનયવિજયજીએ અને વિશેષતઃ શ્રી યશોવિજયજી મહારાજે પોતાની દિવ્ય પ્રતિમા પ્રગટ કરી એ સુબોધ અને રૂચિકર કાવ્ય નિર્માણ કરેલુ છે. એ કાવ્ય ને જો આપણે અંધશ્રદ્ધા રાખી ઇતિહાસ ગણવા માંડીએ તો આપણે કાવ્ય અને ઇતિહાસમાંનો ભેદ નહીં સમજનારા અજ્ઞાનોની પંક્તિમા જ ગણાઇએ.

કેટલાએક બુદ્ધિવાદીઓ અને અંધશ્રદ્ધાળુઓ અંધ શ્રદ્ધા રાખવાની અને અંધ અશ્રદ્ધા રાખવાની ભૂલ કરી બેસે છે. એનો આપણે વિચાર કરીએ ત્યારે એમ જોવામાં આવે છે કે, ઘણાઓ પૂર્વગ્રહથી દૂષિત થએલા હોય છે. અને આંધળી અશ્રદ્ધાનો જ પોતામાં સંગ્રહ કરી લ્યે છે. અમુક ધર્મ તો બધો અસત્ય અને બનાવટી બાબતોથી ભરેલો છે જ. માટે તેનો પરિચય પણ આપણે કરીએ નહીં. અમુક દેશમા અધ્યાત્મ જ્ઞાનનો અંશ પણ હોયજ નહીં એવા લોકોના ગ્રંથો આપણાથી વંચાયજ કેમ ? એમના ભાષણો આપણાથી સંભળાયજ કેમ ? અમારૂં બધું જ સાચુ અને નિર્દોષજ હોય. એમાં વિચાર કરવાને અવકાશજ ક્યાંથી હોય ? આપણે વિચાર શક્તિનો ઉપયોગ ફક્ત અંધ શ્રદ્ધા માટે જ કરવાનો છે. એમ માનનારાઓ પ્રભુ મહાવીરે ઉપદેશેલા ધર્મને જાણતાજ નથી, એમ કહેવામા જરાએ અતિશયોક્તિ નથી. બીજી રીતે જોતા પ્રાચીન ઋષિમુનિઓએ લખી મૂકેલુ એ બધું અવિચારણીય જ હોય. એમાં વિચારજ કરવાને ક્યાં અવકાશ છે ? એમના કાળ માટે એમને એ લખેલું હોય માટે તેનો વિચાર આપણે શા માટે કરવો ? આપણે તો નવેસરથીજ સિદ્ધાંતો ઘડવાના છે. એ પણ અંધ શ્રદ્ધાનો નમુનો ગણાય. જુનુ તેટલું બધું સોનુંજ હોય અને નવું તેટલું બધુ ઉજળુંજ હોય એ બન્ને માન્યતાઓ તદ્દન આંધળી શ્રદ્ધા અને આંધળી અશ્રદ્ધાના પાયા ઉપર રચાએલી છે. એમાં વિચારની સમતુલા જળવાઈ રહે એ અશક્ય છે. જુનામાં ગ્રાહ્ય એવું ઘણું છે તેમ નવેસરથી વિચાર કરવાને પણ એમાં ઘણો અવકાશ છે એ ભૂલવુ નહીં જોઇએ તેમજ નવ વિચારોમાભલે નવા વિચાર પ્રવાહ જણાય પણ તેનો પાયો પૂર્વે થઈ ગએલા જ્ઞાનીઓના વિચાર ઉપર જ રચાએલો છે એ ભૂલવુ નહીં જોઇએ. માટેજ આપણી બુદ્ધિની મર્યાદા ઓળખીને જ વિચાર કરી શ્રદ્ધા રાખવી કે કેમ તેનો વિચાર કરવો જોઇએ. એકાંતે અંધશ્રદ્ધા જેમ ખોટી હોય છે. તેમ અંધ અશ્રદ્ધા પણ ખોટી જ ગણી પોતાના જ્ઞાનનો ઉપયોગ કરવો જોઈએ. તેમ જુનામાં સારૂ હોય જ નહીં એ માન્યતા મૂકીજ દેવી જોઇએ. અને પરમાર્થ રીતે જાણ્યાવિના કોઇના હેતુ માટે ખોટો મત કરી લેવો નહીં જોઇએ. ઇતિશમ

લુધિયાનામાં મળી રહેલ કૉન્ફરન્સના એકવીસમા અધિવેશનના પ્રમુખ બાબૂશ્રી નરેન્દ્રસિંહજી સિંઘીનું મુદ્દાસર અને માર્ગદર્શક ભાષણ

પૂજ્ય આચાર્ય મહારાજ, વંદનીય સાધુ-સાધ્વીગણ, તથા સાધર્મિક બહેનો ને ભાઇઓ !

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું આ એકવીસમું અધિવેશન ભરાઈ રહ્યું છે. આ અધિવેશનનું પ્રમુખપદ લેવાનું, કૉન્ફરન્સની કાર્યવાહક સમિતિની સંમતિથી, કૉન્ફરન્સના પ્રમુખ શ્રીયુત મોહનલાલ લલ્લુચંદ કહેવાને મારી પાસે આવ્યા. શરૂઆતમાં તો મને સંકોચ થયો; પરંતુ છેવટે મારે એમની આજ્ઞા સ્વીકારવી પડી. મને થયું કે હું મારા ધંધાના કામોમા અને બીજી સ્થાનિક પ્રવૃત્તિઓમાં એટલો બધો ખૂંતેલો રહું છું કે આવી સંસ્થાને માટે સમય અને શક્તિ કેવી રીતે કાઢી શકીશ? પરંતુ મને એવો પણ વિચાર આવ્યો કે કૉન્ફરન્સનો સબંધ આખા દેશમાં ફેલાયેલ શ્વેતાંબર પરંપરાની સાથે છે. એણે એ દૃષ્ટિએ જ, શરૂઆતથી જ, જુદાજુદા પ્રાંતો તેમ જ પ્રદેશોની વ્યક્તિઓને અપનાવેલ છે. કૉન્ફરન્સના કાર્યાલયનો વધારે સંબંધ ગુજરાત અને મુંબઈની સાથે રહેવા છતાં, એ સંસ્થાનું પ્રમુખપદ સ્વીકારવામાં બંગાળ, પંજાબ, રાજસ્થાન વગેરે દૂરના રહેવાસીઓએ જરાય સંકોચ અનુભવ્યો ન હતો. અઝીમગંજ-મુર્શિદાબાદ તેમજ કલકત્તાનિવાસી વ્યક્તિઓએ એમાં ખૂબ ઉત્સાહથી ભાગ લીધો છે; એટલું જ નહીં, સને ૧૯૧૯માં કૉન્ફરન્સનું એક અધિવેશન કલકત્તામાં પણ ભરાયું હતું. એ અધિવેશનમાં કેટલુંક નોંધપાત્ર કામ પણ થયું હતું. મારા સ્વર્ગસ્થ પૂજ્ય પિતાજી શ્રી બહાદુરસિંહજી સિંઘી પોતે પણ કૉન્ફરન્સના મુંબઈમાં બોલાવવામાં આવેલ એક ખાસ અધિવેશનના પ્રમુખ થયા હતા, અને એ વખતના એક મહત્ત્વના સવાલમાં વિશેષ રીતે ભાગ લીધો હતો. આ બધી બાબતો મારા મનમાં આવી અને મારો સંકોચ કંઈક દૂર થઈ ગયો. છતાં એ વાતનો સંકોચ તો અત્યારે પણ મારા મનમાં છે કે હું જરૂરી વખત નહીં આપી શકું. આમ છતાં આ કામને માટે જરૂરી વખત આપી શકું એવો પ્રયત્ન હું કરીશ. કૉન્ફરન્સના પ્રમુખપદને માટે કૉન્ફરન્સની સ્વાગત સમિતિ, કાર્યવાહક સમિતિ અને શ્રીયુત મોહનલાલભાઈનો આભાર માનવો, એ આ પ્રસંગે મારી ફરજ છે.

કૉન્ફરન્સનાં કામોનું થોડુંક અવલોકન

કૉન્ફરન્સની સ્થાપના થયે આજે ૫૮ વર્ષ જેટલો લાંબો સમય થયો છે. જ્યારે એની સ્થાપના થઈ ત્યારે દેશની પરિસ્થિતિ જુદી જ હતી. પાશ્ચાત્ય શિક્ષણ તેમ જ સંપર્કને લીધે, નવું શિક્ષણ પ્રાપ્ત કરનાર યુવકોના અંતરમાં પોતાના સમાજની ઉન્નતિ કરવાની ભાવના, બીજા સમાજોની જેમ, વેગપૂર્વક જાગવા લાગી હતી. કૉન્ફરન્સ મારફત આ ભાવનાને સાકાર કરવાની પ્રવૃત્તિ શરૂ થઈ. શરૂઆતમાં જૈન સમાજના વિશિષ્ટ સવાલો કૉન્ફરન્સે હાથ ધર્યા. શ્વેતાંબર જૈન સમાજના કેટલાક સવાલ તો એવા હતા અને આજે પણ છે કે જે બીજા સમાજોના સવાલો જેવા છે; પરંતુ કેટલાક સવાલ એવા પણ છે, કે જેનો વિચાર મુખ્યત્વે શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ કરી શકે; અને કામ પણ એ જ કરી શકે. આવા સવાલોમાં મહત્ત્વના સવાલ આ છેઃ—.

૧. હજારો વર્ષ જૂના અને અમૂલ્ય તથા ભારતીય તેમ જ માનવ સંસ્કૃતિની દૃષ્ટિએ ઉપયોગી એવા ગ્રંથભંડારોનો નવ યુગની દૃષ્ટિએ ઉદ્ધાર કરવો-કરાવવો.

૨. ધર્મ તથા શિલ્પ-સ્થાપત્યકલાના મૂર્તસ્વરૂપ સમા તીર્થો અને મંદિરોની રક્ષા તથા સુધારણાનું કામ કરવું.

૩. ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક દૃષ્ટિએ, લોકભાષામાં, નવીન સાહિત્યની રચના કરવી-કરાવવી તથા એનું પ્રકાશન કરવું.

૪. નવા યુગની માગણી પ્રમાણે મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોમાં ઉપયોગી થઈ પડે તથા જૈન પરંપરાનું પ્રમાણિક તેમ જ સમર્થ પ્રતિનિધિત્વ કરી શકે એવા સારા વિદ્વાનોને તૈયાર કરવા; અને સામાન્ય રીતે આખા સમાજમાં શિક્ષણ પ્રત્યે અભિરુચિ વધારવા અને એને ઉત્તેજન આપવું.

૫. સમાજમાં પ્રચલિત કુપ્રથાઓને દૂર કરવી અને સમયને અનુરૂપ આચાર વિચારની દિશામાં લોકમત જાગ્રત કરવો.

આ અને આના જેવા બીજા પણ નાના-મોટા કેટલાય સવાલ એ સમયની પરિસ્થિતિમા કોન્ફરન્સની સામે હતા. કોન્ફરન્સના સ્થાપકો અને મુખ્ય મુખ્ય સંચાલકોએ ધીમે ધીમે છતાં મક્કમપણે આ સવાલો તરફ ધ્યાન આપવા માંડ્યું. એના અનેક સારા ફળો આજે પણ જોવામાં આવે છે. તેથી એ કાર્યકર્તાઓ પ્રત્યે આદરથી મસ્તક ઝૂકી જાય છે. એ સારાં ફળોમાંથી કેટલાકનો અહીં નિર્દેશ કરવો અસ્થાને નહીં લેખાય:-

૧. જેસલમેર, પાટણ, ખંભાત વગેરે સ્થાનોના જૈનભંડાર કેવળ જૈનસમાજમાં જ જાણીતા ન હતા; એમની ખ્યાતિ તો પરદેશના મોટા મોટા વિદ્વાનો સુધી પહોંચી ચૂકી હતી. આ માટે કોન્ફરન્સે, સૌથી પહેલા, જુદા જુદા જૈન ભંડારોમાંના ગ્રંથોની સુરક્ષાની વ્યવસ્થા કરી, અને એમની સૂચિ તૈયાર કરાવી. એ વખતે ભંડારોને ઉઘડાવવા, એ કામ મુશ્કેલ હતું; એમ છતાં એ સૂચિ તૈયાર થઈ, "જૈન ગ્રંથાવલી" નામે છપાઈ છે. આ જેસલમેરના ગ્રંથભંડારોના ઉદ્ધારની દિશામાં વિશેષ પ્રયત્ન કરવામાં આવ્યો. એ વખતે પણ એ પ્રયત્નને કોન્ફરન્સે યથાશક્તિ ઉત્તેજન આપ્યું, જેના ફળરૂપે, મુનિ શ્રી પુણ્યવિજયજીએ ત્યાંના બધાય ભંડારોની જે વ્યવસ્થિત સૂચિ તૈયાર કરી હતી, તે કોન્ફરન્સ તરફથી છપાઈ રહી છે; ટૂંક વખતમાં જ એ પ્રગટ થશે. આ ઉપરાંત કેટલાય મહત્ત્વના હસ્તલિખિત ગ્રંથોની ફોટો-સ્ટેટ-કોપી લેવામાં આવી, જેમાં બીજે નહીં મળતા એવા અનેક અપ્રાપ્ય ગ્રંથોનો સમાવેશ થાય છે. આ ગ્રંથો જુદી જુદી સંસ્થાઓ તરફથી પ્રગટ થઈ રહ્યા છે.

૨. વિશિષ્ટ તીર્થસ્થાનોમાં સમયે જે ક્લેશ અને ઝઘડા ચાલી રહ્યા હતા, એમાં યથાશક્ય યોગ્ય સલાહ આપવાનું કામ પણ કોન્ફરન્સે કર્યું છે. આ ઝઘડાઓની પતાવટ કરવામાં તથા એ તીર્થોની રક્ષામાં કોન્ફરન્સે દરેક રીતે સક્રિય મદદ આપી હતી

૩. સાહિત્યની બાબતમાં કોન્ફરન્સનું કામ ખાસ ધ્યાન ખેંચે છે. એણે સ્વર્ગસ્થ શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈએ તૈયાર કરેલ "જૈન ગૂર્જર કવિઓ"ના ચાર ભાગ તથા "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" પ્રગટ કર્યા છે, તે તે બહુ ઉપયોગી છે. ભાવી સંશોધકોને માટે, આ ગ્રંથોનો ઉપયોગ કર્યા વગર, આગળનું કામ કરવું સહેલું નથી. "જૈન યુગ" નામના કોન્ફરન્સના મુખપત્રમાં જેટલી ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક સામગ્રી પ્રગટ થઈ છે, તે અનેક દૃષ્ટિએ મહત્ત્વની છે. એને લીધે જ "જૈનયુગ"ની જૂની ફાઈલોનું અવલોકન કરવું સંશોધકોને માટે જરૂરી બની જાય છે. આ ઉપરાંત કોન્ફરન્સે અંગ્રેજીમાં પણ કેટલાંક પુસ્તકો પ્રગટ કર્યાં છે.

૪. કોન્ફરન્સ ધાર્મિક તેમ જ બીજું શિક્ષણ લેનાર યોગ્ય વિદ્યાર્થીઓને મદદ કરતી આવી છે; પણ એનું એક કામ તો અહીં ખાસ ઉલ્લેખનીય છે; કલકત્તા અધિવેશનમાં ભેગા થયેલા ફાળાનો ઉપયોગ બનારસના હિન્દુ વિશ્વ-વિદ્યાલયમાં, પ્રાચ્ય વિદ્યા વિભાગમાં, એક જૈન ચેર સ્થાપવામાં આવ્યો હતો. આ ચેમ્બર અત્યારે પણ પોતાનું કામ સારી રીતે કરી રહી છે. ખાસ કરીને આ ચેમ્બરના ફળરૂપે સને ૧૯૩૩ થી અત્યાર સુધીમાં જે કામ થયું છે, એ કોન્ફરન્સને પૂરેપૂરું બહુમાન અને યશ અપાવે એવું છે. એ ચેમ્બરને કારણે જ જૈન આચાર્યોના કેટલાય મહત્ત્વના ગ્રંથો જુદી જુદી સંસ્થાઓ દ્વારા જેવા રૂપમાં પ્રગટ થયા છે, તે અત્યારના વિદ્વાનોની માગણીને અનુરૂપ છે. કેટલાય વિદ્યાર્થીઓએ અધ્યયન કર્યું. એમાંથી થોડાક એવા પણ તૈયાર થયા, કે જેઓ સુપ્રસિદ્ધ મહાવિદ્યાલયોમાં અને એવી જ ઉચ્ચ કક્ષાની સંસ્થાઓમાં કામ કરે છે. આ જ જૈન ચેરની પરંપરા બીજા રૂપે પણ કાશીમાં વિકસિત થઈ. શ્રી

પાર્શ્વનાથ વિદ્યાશ્રમ, જૈન સંસ્કૃતિ સંશોધન મંડલ, ભારતીય જ્ઞાનપીઠ વગેરે આના દાખલા છે.

૫. બીજા સમાજોની જેમ જૈન સમાજમાં પણ વૃદ્ધવિવાહ, બાલવિવાહ, કન્યાવિક્રય વગેરે કુરીતીઓ પ્રચલિત હતી એનું નિવારણ કરવાનો પ્રયત્ન પણ કૉન્ફરન્સે યથાશક્તિ કર્યો છે.

અહીં કૉન્ફરન્સનાં બધાં કામોની યાદી આપવાનો કોઈ ઈરાદો નથી. આથી અમે ફક્ત એટલું જ દેખાડવાનો પ્રયત્ન કર્યો છે કે કૉન્ફરન્સનો ભૂતકાળ ઉજ્જ્વળ હતો. એણે પોતાના શરૂઆતના નક્કી કરેલ ધ્યેય તરફ કંઈક ને કંઈક કામ કર્યું જ છે, જેની કોઈ રીતે ઉપેક્ષા થઈ શકે એમ નથી.

સંસ્થાને પ્રાણવાન બનાવવાના ઉપાયો

જેવી રીતે બીજી સામાજિક સંસ્થાઓમાં સુધારક અને રૂઢિચુસ્ત—એવા જૂથ-ભેદ પડી જાય છે, એ જ પ્રમાણે કૉન્ફરન્સમાં પણ થયું હતું. બાલદીક્ષા-પ્રતિબંધ વગેરે જેવા સવાલોને કારણે અનેક ભાઈઓ કૉન્ફરન્સના કાર્યમાં રસ લેતા ન હતા, આ જોઈને કૉન્ફરન્સના—અધિવેશનમાં એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે ધાર્મિક બાબતોમાં કૉન્ફરન્સ હસ્તક્ષેપ નહીં કરે. આ ઠરાવથી કૉન્ફરન્સનાં દ્વાર સૌને માટે ખૂલી ગયાં. મારું માનવું છે કે, હવે કૉન્ફરન્સ અત્યારે જે કામ કરે છે, અને આગળ ઉપર કરવા ધારે છે, એમાં રૂઢિચુસ્ત કે સુધારક પક્ષનો કોઈ મતભેદ નથી આવી સ્થિતિમાં બધા વર્ગનાં ભાઈ-બહેનો કૉન્ફરન્સના કામમાં રસ લે, તો કૉન્ફરન્સ મારફત અનેક ઇચ્છવાયોગ્ય કામ થઈ શકે એમ છે. નવા યુગની માગણીને કૉન્ફરન્સ યથાશક્તિ પૂરી પણ કરી શકે છે.

આપણી સંસ્થાએ આ યુગમાં જે કામ અનિવાર્ય રૂપે કરવાનાં છે, તેનું વિગતવાર વિવેચન કરતાં પહેલાં અહીં એ ઉચિત જણાય છે કે, આપણે સંસ્થાની સ્થિતિનું થોડુંક અવલોકન કરીએ.

એ વાતનો આપણે સ્વીકાર કરવો જોઈએ કે આપણી સંસ્થા પહેલાંની જેમ ઉત્સાહ અને વેગથી કામ નથી કરતી. એમ થવાનાં અનેક કારણ છે; પરંતુ એની વિગતોમાં ઊતરવું અહીં જરૂરી નથી લાગતું. હું સમજી શક્યો છું તે પ્રમાણે, બીજા સમાજોની સંસ્થાઓમાં પણ સમયે સમયે આવી ઊણપ જોવા મળે છે. પણ જો આપણે સમાજ-સેવાનું કંઈ પણ કામ કરવા માંગતા હોઈએ, તો આ ઊણપને દૂર કર્યા વગર ચાલવાનું નથી. આ માટે શું કરવું, એના ઉપાયો તો આપ અને અમો એ સાથે બેસીને શોધી કાઢવાના છે. તેથી આ સંબંધી ચોક્કસ ઉપાયો સૂચવવા, એ મારા એકલાને માટે મુશ્કેલ છે; આમ છતાં મારા મનમાં જે થોડાક વિચારો આવે છે, તે આપની સમક્ષ રજુ કરવા મને ઉચિત લાગે છેઃ—

૧. જો સંસ્થાના કાર્યમાં આપણને કંઈ શિથિલતા દેખાતી હોય, તો એ આપણા સૌની શિથિલતા છે, એમ આપણે કબૂલ કરવું જોઈએ. મને ખાતરી છે કે જો સંસ્થાના હોદ્દેદારો અને બીજા મુખ્ય કાર્યકર્તાઓ જાગ્રત હોય, તો સંસ્થાને જાગ્રત અને એના કાર્યને પ્રગતિશીલ કરી શકાય એમ છે.

૨. અત્યારે આપણી અને આપણા જેવી બીજી સંસ્થાઓની સૌથી મોટી ખામી નિષ્ઠાવાન, દીર્ઘદૃષ્ટિસંપન્ન અને સમર્પણવૃત્તિવાળા કાર્યકર્તાઓની છે. આ ખામી ત્યારે જ દૂર થઈ શકે, જ્યારે આપણે જુદા જુદા પ્રદેશોમાં રહેતા મૂંગા કાર્યકર્તાઓને શોધી કાઢીએ, અને તેમને આદરપૂર્વક આપણી સાથે લઈએ.

૩. કૉન્ફરન્સને વધારે ગતિશીલ બનાવવા માટે કેવી રીતે યોજનાપૂર્વક કામ કરવું જોઈએ, એને માટે આપણી સામે રાષ્ટ્રીય મહાસભાનો આદર્શ ખડો છે. એ જ પદ્ધતિએ જો આપણે, દેશના જુદા જુદા પ્રદેશોમાં આપણી સંસ્થાની શાખા-પ્રશાખાઓ સ્થાપી ન શકીએ તો ન આપણે લોકસંપર્ક સાધી શકીશું, ન સંસ્થાને લોકપ્રિય બનાવી શકીશું અને ન સમાજની સેવા કરી શકીશું. આ દિશામાં આપણે આપણી બધી શક્તિને લગાડી પ્રયત્ન કરવાની જરૂર છે.

૪. સંસ્થાનું મુખ્ય કાર્યાલય સ્થાયીરૂપે મુંબઈમાં છે, તેથી આપણી સંસ્થા ત્યારે જ પ્રાણવાન બની શકે, કે જ્યારે મુંબઈના સમાજનો એને પૂરેપૂરો સહકાર મળે. ભૂતકાળની અપેક્ષાએ આમાં અત્યારે કંઈક ઘટાડો થયો છે; તેથી આ બાબત તરફ સમાજનું ધ્યાન દોરવું અમને

ઉચિત લાગે છે. જો મુરબ્બીના કાર્યકર્તાઓ ઉદાસીન કે તટસ્થ રહ્યા, તો સસ્થાને સશક્ત બનાવવાનો પ્રયત્ન સફળ ન થઈ શકે.

૫. આવી સસ્થાઓના સુચારુ સચાલનમાં જો ચોથી વધારે હિસ્સો કોઈનો હોઈ શકે તો તે મુખ્ય મંત્રીઓનો હોઈ શકે. એમની કાર્યકુશળતાથી જ કાર્યાલય તેમ જ બીજા કાર્યકર્તાઓ પ્રોત્સાહિત થઈ શકે છે.

૬. ગયા અધિવેશન પછી શેઠ શ્રી મેઘજીભાઈ પેથરાજે એવુ સૂચન કર્યું હતુ કે સંસ્થાના કાર્યાલયના સચાલનમા જે કાયમી ખર્ચ કરવું અનિવાર્ય હોય, એટલી આવક દર વર્ષે સ્થાયી રૂપે થઈ શકે એવી વ્યવસ્થા કરવી જરૂરી છે આ સૂચન પણ મહત્ત્વનુ છે. એના ઉપર આપણા સૌએ ધ્યાનપૂર્વક વિચાર કરવો જોઈએ.

અત્યારની પરિસ્થિતિમાં આપણું કર્તવ્ય

હવે, અત્યારની પરિસ્થિતિમા આપણે શુ શુ કામ કરવા જોઈએ, અને તે કેવી રીતે, એનો વિચાર કરીએ

ગ્રથ-ભંડારોની વ્યવસ્થાનુ કામ મહત્ત્વનુ છે એ કામ અત્યારે બીજી સંસ્થાઓ મારફત પણ ચાલી રહ્યુ છે. નાની-મોટી એવી અનેક સસ્થાઓ સ્થાપિત થઈ છે, જે ભડારોના ઉદ્ધારનુ અને પ્રાચીન ગ્રંથોના પ્રકાશન વગેરેનુ કામ કરે છે.

તીર્થરક્ષા તેમજ તીર્થોદ્ધારનુ કામ શ્રી આણદજી કલ્યાણજીની પેઢી તથા બીજી એવી સસ્થાઓ મારફત સારી રીતે ચાલી રહ્યુ છે. તેથી આપણી એ ફરજ છે કે આ સંસ્થાઓના આ કામમા આપણે બધી રીતે સહાયક બનીએ.

આ પરિસ્થિતિમાં, મારી દૃષ્ટિએ, કોન્ફરન્સે કરવાના મુખ્ય કામ આ છે —

૧ હિન્દી, ગુજરાતી અને અગ્રેજી જેવી ભાષાઓમા જૈન પરપરાને લગતુ જુદા જુદા વિષયોનુ ઉચ્ચ કોટિનુ સાહિત્ય તૈયાર કરાવવુ અને એને પ્રગટ કરવુ.

૨. દિવસે દિવસે વધી રહેલ મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોમા જેવી રીતે બીજી પરપરાની ચેરની સ્થાપના થાય છે, તેજ રીતે જૈન પરપરાની ચેરની પણ યોજના કરવી-કરાવવી, તેમજ એ કામને સુયોગ્ય રીતે કરી શકે એવા વિદ્વાનોને તૈયાર કરવામાં સહાયક થવુ.

૩. સાર્વજનિક અભિલાષને કારણે જૂની રૂઢિઓની પ્રતિષ્ઠા તો લગભગ નષ્ટ થઈ ગઈ છે. પરતુ સમાજના મધ્યમ વર્ગની આર્થિક સ્થિતિ અત્યારે મુખ્ય ધ્યાનને આકર્ષે છે એનો નિકાલ કરવા માટે કઈક ને કઈક ઉપાય ગોતી કાઢવાની જરૂર છે આ બાબતની વધારે ચર્ચા અમે આગળ ઉપર કરીશુ, કેમકે આ સવાલ મહત્ત્વનો છે

૪ કોન્ફરન્સનુ મુખપત્ર "જૈનયુગ" હમેશા ઉચ્ચ ભૂમિકાએ પ્રગટ થતુ રહે, એવી વ્યવસ્થા કરવાની જરૂર છે.

૫ જો કે એ સાચુ છે કે, રાજકારી ક્ષેત્ર એ આપણી સસ્થાનુ સીધેસીધુ કાર્યક્ષેત્ર નથી; તેમ છતા ઘણા પ્રાચીન સમયથી જૈનોએ રાજકારી ક્ષેત્રમા ભાગ લીધો છે, અને એમાં વિશિષ્ટ ફાળો પણ આપ્યો છે ઉપલક્ષ તરીકે, આચાર્ય હેમચદ્રે રાજર્ષિ કુમારપાલ મારફત રાજનીતિમા અહિંસાને એક વિશિષ્ટ સ્થાન અપાવ્યુ હતુ અને રાજા દ્વારા થતા પ્રજાના શોષણને પણ બધ કરાવ્યુ હતુ. મેવાડ રાજ્યના પુનરુદ્ધારમા જૈનોએ જે મદદ કરી હતી તે ઇતિહાસ-પ્રસિદ્ધ છે તેથી અત્યારે પણ આપણે રાજનીતિમા અને રાજ્ય શાસનની બાબતોમા ભાગ લેવો જોઈએ. આર્થિક, સામાજિક અને રાજનૈતિક પ્રશ્નો ઘનિષ્ઠ રીતે એક-બીજા સાથે સકળાયેલા છે; અને એકને છોડીને બીજાનો નિકાલ થઈ શકતો નથી.

૬. જૈન ધર્મના સબધમા કેટલાય પ્રકારની ખોટી માન્યતાઓ ફેલાયેલી છે; તે એટલે સુધી કે સશોધનનું કામ કરતા કેટલાય વિદ્વાનો સુદ્ધા આજે બૌદ્ધ ધર્મની એક શાખા માનતા હતા આ ખોટી માન્યતાઓને દૂર કરવાની દિશામા કોન્ફરન્સે પ્રયત્ન કરવો જોઈએ. જૈન ધર્મના યોગ્ય પ્રચારનો સવાલ પણ કોન્ફરન્સની સામે છે. જ્યારે અમે જૈન ધર્મના પ્રચારની વાત કરીએ છીએ. ત્યારે અજૈનોને જૈન

મનાવવાનો કોઈ વિચાર અમારા મનમાં નથી આ વાત કહેતી વખતે મારા મનમા બે બાબતો છે એક તો જૈન ધર્મના આચાર અને તત્ત્વજ્ઞાનથી જનતાને સુપરિચિત કરવી, જેથી એમના મનમા જૈન ધર્મ સબધી કઇ પણ ગેરસમજ હોય તો તે દૂર થાય અને તે જૈન ધર્મને સાચા રૂપમા ઓળખે અને બીજી વાત ધર્મના વ્યાપક અર્થને લઇને અહિંસા. અપરિગ્રહ અને અનેકાન્તવાદ લોકકલ્યાણમા કેના ઉપકારક સાબિત થઇ શકે એમ છે, તે પણ આપણે પણ સમજીએ અને બીજાઓને પણ સમજાવીએ પોતાને જૈન ધર્મની ઉત્તરાધિકારી સમજતી સરાક જાતિ અને વડોદરાની પરમાર જાતિઓમા જૈન ધર્મનો પ્રચાર કરવો, એ પણ આપણી ફરજ છે.

મધ્યમ વર્ગની આર્થિક મુશ્કેલી દૂર કરવાના ઉપાય

મધ્યમ વર્ગની આર્થિક મુશ્કેલી વધતી જાય છે. એનુ નિવારણ નીચે જણાવેલ બે રીતે થઈ શકે –

૧ શિક્ષણની વ્યવસ્થા :

મધ્યવર્ગના આશાસ્પદ વિદ્યાર્થીઓના શિક્ષણની વ્યવસ્થા કરીને એમના નિર્વાહનો માર્ગ સરળ કરવો આ માટે યોગ્ય વિદ્યાર્થીઓને છાત્રવૃત્તિ આપવામા આવે અને જુદા જુદા સ્થળોએ છાત્રાલયોની વ્યવસ્થા કરવામા આવે આ છાત્રાલયોનુ સચાલન નિવૃત્ત થયેલા અનુભવી શિક્ષકોને સોંપવામાં આવે આથી એ લાભ થશે કે વિદ્યાર્થીઓની મુસીબતોનુ નિવારણ થવાથી એમને આગળ વધવામા સહાયતા મળશે આ અનુભવી શિક્ષકો વિદ્યાર્થીઓના સરક્ષક અને માર્ગદર્શક બનશે છાત્રાલયોમા માસ્કારિક વાતાવરણ જામે એ માટે એમા સારો જૈન પુસ્તકસગ્રહ, તદુરસ્તી વધારે એવી રમતા-કૂદવાની તથા ચોખ્ખા ભોજનની વ્યવસ્થા થવી જરૂરી છે. આ છાત્રાલયોનો નિર્માણ સાસ્કૃતિક કેન્દ્રો રૂપે કરવો જોઇએ, જેથી વિદ્યાર્થીઓમા જૈન સસ્કૃતિના ઉચ્ચ આદર્શોને બુદ્ધિપૂર્વક ગ્રહણ કરવાની તેમ જ એનુ મૂલ્યાકન કરવાની વૃત્તિ જન્મે.

જૂની રૂઢિ પ્રમાણે ધાર્મિક શિક્ષણ આપવાની પ્રક્રિયા આ યુગના વિદ્યાર્થીઓને માટે નિષ્ફળ નીવડી છે, એ વાતને ધ્યાનમા રાખીને જ આપણે આ છાત્રાલયોમા સાસ્કૃતિક જીવનની રચના આધુનિક મનોવૈજ્ઞાનિક પદ્ધતિએ કરવી જોઇશે. આવા બધા છાત્રાલયોનો અરસપરસ સબધ રહે અને વિદ્યાર્થીઓનુ જુદા જુદા પ્રસગોએ એક બીજા છાત્રાલયોમા જવા-આવવાનુ થતુ રહે તો નવી પેઢીમા એકતાની ભાવના મજબૂત થઈ શકે, અને એકબીજાના સહાયક બનવાની ભાવના જાગી શકે.

૨ ઉદ્યોગ અને બચત :

મધ્યમ વર્ગની આર્થિક મુશ્કેલીનુ નિવારણ કરવાનો બીજો માર્ગ છે-ઉદ્યોગ અને બચત. આનો વિચાર આપણે નીચે પ્રમાણે કરી શકીએ :—

(ક) ઉદ્યોગ સહકાર સમિતિ:—ગૃહઉદ્યોગો તથા નાના ઉદ્યોગોની સ્થાપના કરવામા મધ્યમ વર્ગને મદદગાર થવુ, એ આ સમિતિનુ ધ્યેય રહે આ માટે એ જરૂરી છે કે જુદા જુદા કેન્દ્રોમા સમાજના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓની સલાહકાર સમિતિઓની રચના કરવામા આવે. આ સમિતિઓ મધ્યમ વર્ગની ઉત્સાહી વ્યક્તિઓને ઉદ્યોગોની સ્થાપના માટે યોગ્ય સલાહ આપશે, તથા જરૂરી મૂડી ક્યાંથી કેવી રીતે પ્રાપ્ત થઇ શકે એના ઉપાય બતાવશે, અને પોતાની લાગવગનો ઉપયોગ મૂડી એકત્ર કરવામા કરશે.

(ખ) ઉદ્યોગ-ગૃહ :—કૉન્ફરન્સ તરફથી મુબઈમા મહિલાઓને માટે જે ઉદ્યોગગૃહ ચાલી રહ્યુ છે, એને વધારે વ્યાપક બનાવવામા આવે અને એવા જ ઉદ્યોગગૃહો જુદા જુદા કેન્દ્રોમા સ્થાપિત કરવામા આવે. મધ્યમવર્ગની આર્થિક મુશ્કેલી ઓછી કરવાનો આ પણ એક ઉપાય છે મોટા શહેરોમાના ઉદ્યોગ-ગૃહોનો સબધ આસપાસના ગામોની બહેનો સાથે પણ જોડીએ ગામડાઓમા ગૃહ-ઉદ્યોગ મારફત તૈયાર થયેલી વસ્તુઓના વેચાણની ગોઠવણ શહેરોમના ઉદ્યોગગૃહો મારફત થવી જોઇએ, જેથી ગ્રામ-ઉદ્યોગોને વેચાણની

કદાચ કોઈ કારણસર શરૂઆતમાં અન્યાયી પ્રવૃત્તિવાળાનો ઉદય વિશેષ જણાશે, તો પણ પરિણામે ચિરસ્થાયી ઉદય તો ન્યાયી પ્રવૃત્તિવાળાનો જ દૃષ્ટિગોચર થશે. અન્યાયી પ્રવૃત્તિવાળા કરતાં ન્યાયી પ્રવૃત્તિવાળો વિશેષ સુખી માલુમ પડશે. ન્યાયી પ્રવૃત્તિ ગૃહસ્થ જીવનના દરેક કાર્યને સુંદર અને સરલ બનાવે છે. ગૃહસ્થ જીવનના અંગે સંતોષની એટલી જ વ્યાખ્યા કરવામાં આવે છે કે ન્યાયથી જ વૈભવ સંપાદન કરવો અને પારમાર્થિક ખર્ચ કરવાના પ્રસંગે પોતાની શક્તિ મુજબ ખર્ચ કરવામાં સંકોચવૃત્તિ દાખવવી નહિ. ગૃહસ્થધર્મના વ્રત અંગીકાર કરવાના પ્રસંગે એવું ફરમાન છે કે ગૃહસ્થને પોતાની પાસે જે વૈભવ હોય તેટલાથી જો તૃપ્તિ થતી હોય અને વધુ ઉપાધિમાં પડવાની વૃત્તિ ઉપર અંકુશ રાખવા જેટલી તેનામા શક્તિ હોય તો તેણે પોતાની વર્તમાન સ્થિતિમાં સંતોષ રાખવો એના જેવું બીજું કાંઈ ઉત્તમ નથી. જે પોતાની વર્તમાન સ્થિતિમાં તેને સંતોષ ન હોય તો પોતાના જીવનમા તેણે કેટલો વૈભવ મેળવવો છે તે નક્કી કરવું. ધન, ધાન્ય, સ્થાવર મિલકત, સોનું, રૂપું, બાગ બગીચા, બંગલા વગેરે બીજા જેજે વૈભવ પોતાના જીવનમા કેટલા પ્રાપ્ત થાય તો પોતાની ઈચ્છા તૃપ્ત થશે તેનો તેણે નિર્ણય કરી લેવો જોઈએ. અને તેટલું મેળવવા માટે તેણે ન્યાયી રીતે અવિશ્રાંત ઉદ્યોગ કરવો, પોતાની ઇચ્છિત હદે પહોંચાય એટલે પછી સંતોષ રાખવો અને પછી પોતાની પ્રવૃત્તિ અટકાવવી—ઓછી કરવી. અને પછી એમ કરવા છતાં ધાર્યા કરતા વધી જાય તો તેનો પારમાર્થિક કાર્યોમાં ઉપયોગ કરવો. શાસ્ત્રકારોના આ ફરમાનનો અમલ કરવાથી ગૃહસ્થ ધર્મના અંગે સંતોષ સારી રીતે ખીલવી શકાશે, સંતોષ એ મહાન સદ્ગુણ છે અને જીવનને સુખી બનાવનાર છે, એટલું જ નહિ પણ જીવનને ઉન્નતિના શિખરે પહોંચાડનાર છે; કારણ કે તે આત્મગુણ છે.

(૨) ઇન્દ્રિયજય અથવા ઇન્દ્રિય દમન

જીવનને સુખી બનાવવા માટે પંચેન્દ્રિયોના વિષયો મરજી માફક ભોગવવા કે તેના ઉપર અંકુશ રાખી તેનો જય કરવો એ એક અગત્યનો પ્રશ્ન છે. વર્તમાન પ્રવૃત્તિના જમાનામાં સમાજની માન્યતા ઘણે ભાગે એવી જોવામાં આવે છે કે પંચેન્દ્રિયોના વિષયોને યથેચ્છ ભોગવવા એજ સુખ માને છે. અને તેને માટે જોઈએ તેટલો ધનનો વ્યય કરવો અને તેવા સાધનો મેળવવા માટે ઉદ્યમ કરવો. ધન પ્રાપ્ત થયા પછી પણ સુખની લાલસાવાળા મનુષ્યો પંચેન્દ્રિયના વિષયોના પોષણનાં સાધનો મેળવવા કમર કસી પ્રયત્ન કરતા માલુમ પડે છે. આ વિષયો ભોગવવામાં માણસને તૃપ્તિ થતી નથી અને વધારેને વધારે ભોગ ભોગવવાને પ્રયત્ન કરે છે પંચેન્દ્રિયના વિષયમા અત્યાસક્ત માણસ પરિણામે સુખી થાય છે કે દુઃખી એનો નિર્ણય કરવાનુ વિચારવાન વાંચકની વિચારશક્તિને સોંપીએ છીએ; કેમકે એમાં બીજાનો અનુભવ કે ઉપદેશ શું લાગશે. તેમનો પોતાનો અનુભવ જ કામ લાગશે. અહિંયા તો શાસ્ત્રકારોના કથન અને સમાજના મંતવ્યમા જે વિરોધ છે એનોજ આપણે વિચાર કરવાનો છે. શાસ્ત્રકારોએ જીવનને સુખી બનાવવા માટે ઇન્દ્રિયજયને જ મહત્ત્વ આપેલું છે. વિચાર કરતાં શાસ્ત્રકારોની માન્યતા ખરી છે એમ આપણી ખાતરી થશે પંચેન્દ્રિયના અતિ સેવનથી વિષય ભોગવનારમાં વિષય ભોગવવાની તૃષ્ણા ઘટવાને બદલે અધિકાધિક બલવત્તર બનતી જાય છે. જેમ જેમ વિષયો ભોગવતો જાય છે તેમ તેમ ઉત્તરોત્તર વિષયો ભોગવવાની તેનામાં લોલુપતા વધતી જાય છે. લોલુપતા વધવાથી પંચેન્દ્રિયના વિષયો મેળવવા માટે મહાન પ્રયત્નો આદરે છે, તેને મેળવે છે અને ભોગવે છે. વિષય તૃપ્તિ કરવાના પદાર્થો પ્રાપ્ત કરવામાં તેને અનેક આપત્તિઓ અને અનર્થોના પ્રસંગો પ્રાપ્ત થાય છે, પરંતુ તે તરફ વિષય લોલુપ માણસનું દુર્લક્ષ રહે છે. તેજ કારણને લઇને પંચેન્દ્રિયના અતિ સેવનથી પરિણામે તેનું શરીર અનેક વ્યાધિઓનું ઘર બને છે અને વૈદ્ય ડૉક્ટરોનો આશરો લેવો પડે છે. વિષયોના અતિ સેવનને અંતે દુઃખની જ પ્રવૃત્તિ થાય છે. સુખી જીવનને બદલે માણસ દુઃખી જીવન ગુજારે

આત્માનંદ પ્રકાશ
ATMANAND PRAKASH

સ્તુતિ અને ઉપાસના

આપણને કંઈક જોઈએ છે અને તે માટે આપણે સ્તુતિ કરીએ છીએ. પણ એકલી સ્તુતિથી ફાયદો થાય નહિ; ઉપાસના કરવી જોઈએ અને એ ઉપાસનાનો આધાર જેની ઉપર છે તે અધિષ્ઠાન-શરીર સુંદર અને લાંબું પહોંચે તેવું હોવું જોઈએ. આજે તો આપણે શરીરને બોદું બનાવ્યું છે. કે તે ખપ આવે નહિ તેવું બનાવ્યું છે; લાંબું ટકે નહિ તેવું બનાવ્યું છે. ઉપાસના કેમ કરવી તેની આપણને ગમ નથી. ઉપાસના માટે પણ તાલીમ જોઈએ. અને એટલા માટે કહ્યું છે કે જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય વગર ઉપાસના શુદ્ધ થઈ શકે નહિ. પણ આપણે આજે દિશા ભૂલ્યા છીએ. આપણે આપણી જીવનની પ્રાથમિક જરૂરિયાતોને મેળવવા સ્વાવલંબી બનવું જોઈએ અને એનાથી સંતોષ માનવો જોઈએ.

શ્રી રવિશંકર મહારાજ

પુસ્તક ૫૭
અંક ૮
પ્રકાશક
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર
જ્યેષ્ઠ
સં. ૨૦૧૬

વિષયાનુક્રમ

૧	શ્રી મહાવીર વાણી		૧૦૯
૨	મહાન યોગી પ્રભુ મહાવીર અને ઉપસર્ગો	(મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)	૧૧૦
૩	સુખી જીવનના સાધનો	(વિ મૂ શાહ)	૧૧૧
૪	જીવન અને તત્ત્વજ્ઞાન	(પ્રાધ્યાપક જયતીલાલ ભાઇશંકર દવે)	૧૧૪
૫	નિત્ય જન્મ મૃત્યુ	(શ્રી બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર)	૧૧૮
૬	માનવ સંસ્કૃતિ અને મહાવીર	(અનુવાદક શ્રી હિંમતલાલ ર યાજ્ઞિક)	૧૨૧
૭	સ્વીકાર		૧૨૪

વાર્ષિક ઉત્સવ

આ સભાનો ૬૪ મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજગિરિ ઉપર જેઠ સુદી ૭ ને શુક્રવાર ૨૭-૫-૬૦ના રોજ ઉજવવામા આવ્યો હતો આ પ્રસંગે સવારમા શ્રી તાલધ્વજગિરિ પર સ્વ શેઠ શ્રી મૂળચંદ નથુભાઈ તરફથી પૂજા ભણાવવાના આવી હતી તેમજ સ્વ રા હઠીસંગ ઝવેરભાઈ તરફથી મળેની આર્થિક સહાય તથા તેમના ધર્મપત્ની હરકોરબહેને આપવાની રકમના વ્યાજવડે સભાસદ બંધુઓનુ તથા યાત્રિક ભાઈઓનુ સ્વામીવાત્સલ્ય કરવામા આવ્યુ હતુ આ શુભ પ્રસંગે સભાસદ બંધુઓએ સારી સંખ્યામા લાભ લીધો હતો

વિદ્યાર્થીની જૈન સ્કોલરશીપ

માર્ચ ૧૯૬૦મા લેવાયેલ સેકંડરી સ્કૂલ સર્ટિફિકેટની પરીક્ષામા સૌથી વિશેષ ગુણ પ્રાપ્ત કરનાર અને કોલેજમા આગળ અભ્યાસ કરવાની કબૂલાત આપનાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીનીને રૂપિયા સવા બસોની " શ્રીમતી લીલાવતી લોળાભાઈ મોહનલાલ ઝવેરી જૈન સ્કોલરશીપ " આપવામા આવશે આ સ્કોલરશીપ એક વિદ્યાર્થીનીને આપવામા આવે છે નિયત અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાળીયા ટેંક રોડ-મુંબઈ ૨૬ની ઓફિસેથી મળશે અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી જુલાઈ ૧૯૬૦ છે



વર્ષ ૫૭ મું] જયેષ્ઠ તા. ૧૫-૬-૬૦ [અંક ૮

શ્રી મહાવીર-વાણી

जं इच्छसि अप्पणतो जं च ण इच्छसि अप्पणतो ।
तं इच्छ परस्स वि मा एत्तियग्गं जिणसासणयं ॥ (बृहत्कल्प भाष्य)

જે તું તારે માટે ઈચ્છે છે, તેની બીજાને માટે પણ ઇચ્છા કર. જે તું પોતાને માટે નથી ઈચ્છતો, તેની બીજાને માટે પણ ઈચ્છા ન કર. બસ, જિનશાસનનો સાર આમા જ છે.

सव्वे जीवा वि इच्छंति जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणिवहं घोरं निग्गंथा वज्जयंति णं ॥ (दशवैकालिक)

બધા જીવો જીવવા ઈચ્છે છે, કોઈ મરવા ઈચ્છતુ નથી તેથી નિર્ગ્રન્થમુનિઓ પ્રાણીવધ કરવાનુ છોડી દે છે.

मुसावाओ य लोगम्मि, सव्वसाहूहिं गरहिओ ।
अविस्सासो य भूयाणं तम्हा मोसं विवज्जए ॥ (दशवैकालिक)

અવિશ્વાસનું કારણ હોવાથી સંસારમા અસત્ય બધા પુરુષો દ્વારા નિન્દાપાત્ર ગણાયુ છે, તેથી અસત્યનો ત્યાગ કરવો જોઈએ.

મહાન યોગી પ્રભુ મહાવીર અને ઉપસર્ગો

(લેખક—મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)

પર્યુષણ પર્વને એક દૃષ્ટિએ શ્રી વીરજયંતિ કહી શકાય. પર્યુષણના આઠ દિવસમા આસન્નઉપકારી, અદ્‌ભૂત ત્યાગી અને મહાન યોગીના જીવનનો વિચાર કરવામાં આવે તો એથી સ્વપરને સારો આત્મલાભ થવા સંભવ છે.

પર્યુષણ-શ્રી વીર જયંતી પ્રસગે આપણે શ્રી મહાવીર જીવનનો ખૂબ અભ્યાસ કરીએ. એ મહાન પુરુષના જીવનમાં એવા એવા પ્રસંગો બન્યા છે કે એનો જેમ જેમ બારીકાઈથી અભ્યાસ કરીએ તેમ તેમ તેમાથી અદ્‌ભૂત રહસ્ય મળી આવે તેમ છે.

વર્તમાન પદ્દતિ પ્રમાણે શ્રી વીર પરમાત્માના જીવનના જુદા જુદા પ્રસગો પર વિચાર કરવાથી આપણા આદર્શો કેવી રીતે સ્પષ્ટ થાય છે અને આપણો જીવનપ્રવાહ કેવો સરલ થતો જાય છે તે આપણે આગળ જોઈશુ. કોઈપણ વ્યક્તિનો જીવન—પ્રવાહ એની આસપાસ એકઠા થયેલા વાસના, સંસ્કાર વિગેરે અનેક બાબતો પર આધાર રાખે છે અને કેટલાક જીવો સુસાધ્ય કોટિના હોય છે.

શ્રી વીર પરમાત્માના જીવનના પૂર્વભવના અનેક પ્રસંગો વિચારતાં જીવનને વિવિધ દિશાઓથી સમજવાની, ચર્ચવાની અને જીવનમાં ઉતારવાની જરૂર છે. વીર પ્રભુનુ ચરિત્ર બહુ ઉપયોગી દૃષ્ટાંત પૂરું પાડે તેમ છે. પ્રત્યેક જૈન પોતાના જીવનને જીવનપ્રસગો સાથે વણી દે, તેમાથી રહસ્ય નીપજાવે, અને આપણો જીવનપ્રવાહ કેવો સરલ થતો જાય તે આગળ જોશુ. શ્રીવીરનો આત્મવિશ્વાસ રાજ્યઋદ્ધિનો ત્યાગ કરી સ સારની અનેક લાલચોને ઠોકરે મારી વડીલભાઈનો અતિ આગ્રહ હોવા છતાં આત્મવિકાસ સાધવાની સાપેક્ષ દૃષ્ટિએ ૩૦ વર્ષની યુવાન વયે જ્યારે પરમાત્મા ઘરબારને છોડીને જંગલમાં ચાલ્યા જાય છે અને એમના આત્મનિર્ણય અને સાધ્યપ્રાપ્તિના માર્ગમા દૃઢ નિર્ણય કરે છે. આત્મવિશ્વાસ કેટલો મજબૂત! ધીર જંગલમાં ધ્યાનસ્થ દશામાં એકાગ્રતા કર્યા વગર એની પ્રાપ્તિ થઈ શકતી નથી તેવામા ગોવાળીયો જુએ તો બળદો દેખાય નહિ. એ તો બળદને શોધવા ચાલ્યો પણ પત્તો ન લાગ્યો.

દૃષ્ટિ તેવી સૃષ્ટિ—ગોવાળીઓ સવારે પાછો ફરે ત્યાં તેણે તે જ બળદોને પ્રભુની નજીકમા વાગોળતા જોયાં અને પ્રભુ ઉપર શંકા થઈ. જાડી બુદ્ધિવાળો તે ખેડુત ગુસ્સામા આવીને પ્રભુને મારવા દોડ્યો. આપણે જરા વિગત જોઇ લઈ પછી ગોવાળીઆને વિચારીએ. ગઈ કાલે જ પ્રભુનુ દીક્ષાકલ્યાણક ઇન્દ્રે ઉજવ્યુ હતું. ભગવનનો મહાત્યાગ નજરે નિહાળ્યો હતો. સર્વઋદ્ધિને ઠોકરે મારીને વસ્ત્રનો તેમજ અલંકારોનો ત્યાગ કર્યો ને પંચમુષ્ટિથી લોચ કર્યો. ગુણાનુરાગીને ચિંતા આવી સ્વાભાવિક છે. ગોવાળીઆને હવે સાન આવી ને તે શરમાઈ ગયો. ત્યાથી ચાલ્યો ગયો. પ્રભુ મહાવીરસ્વામી બાર વર્ષ સુધી ભયંકર ઉપસર્ગો થવાના છે તે ઉપસર્ગો સહન કર્યા. આત્મશ્રદ્ધામાં ઓજસ હોય છે ને તે તાત્કાલિક લાભ કરનારા છે.

ચારિત્રના ઘડતરમાં આત્મવિશ્વાસ એ અપૂર્વ વસ્તુ છે. જેને પોતાની જાત ઉપર પૂર્ણ વિશ્વાસ છે તે આદરેલ કાર્ય પાર પહોંચાડી શકે છે. મહાવીર પ્રભુ શક્તિશાળી છે. અનંત વીર્યનો ધણી છે એમ માનીને જ ચાલે છે. આત્મવિકાસ અને આત્મનિર્ણય જીવનમાં ઓતપ્રોત બનાવી દે છે, ને સહનશીલતા એ મહાનુભાવી બતાવી શક્યા છે. ધન્ય છે પ્રભુ મહાવીરને અને તેના ઉપસર્ગોને!



સુખી જીવનનાં સાધનો

વિ. મ. શાહ

(અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૦૮ થી)

(૩) પ્રસન્નચિત્ત અને આનંદી સ્વભાવ

આ પણ સુખી જીવન ગુજારવાનું એક કારણ છે. જીવનમાં શોક અને હર્ષના પ્રસંગો વારંવાર આવે છે, તે વખતે મન ઉપર અંકુશ રાખવો એ એક મહત્વનો ગુણ છે. સામાન્ય વિશેષ લાભના પ્રસંગે હર્ષઘેલા થવું અને હાનિ કે નુકશાનના પ્રસંગે દુઃખી થવું એ જીવનને દુઃખમય બનાવનાર છે. શાસ્ત્રકારોએ આ બન્નેને પાપસ્થાનક ગણેલા છે, રતિ અને અરતિ એ બન્ને પાપસ્થાનકોનું સ્વરૂપ સમજવા જેવું છે. જીવ અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરે છે, ત્યાં તેને અનુકૂળ તથા પ્રતિકૂળ સંજોગોની પ્રાપ્તિ થાય છે, ઈષ્ટ અને અનિષ્ટનો સયોગ-વિયોગ થાય છે. ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ અને અનિષ્ટ વસ્તુના વિયોગ-પ્રસંગે જીવને હર્ષ થાય છે. અનિષ્ટની પ્રાપ્તિ વખતે અને ઈષ્ટના વિયોગ વખતે તેને શોક થાય છે અને આર્ત્ત રૌદ્ર ધ્યાનમાં સમય ગુમાવે છે. આવી રીતે જીવન ગાળનારનું જીવન સુખી હોતુ નથી. આવા તમામ પ્રસંગો પ્રાપ્ત થાય ત્યારે મન ઉપર કાબુ રાખવાથી જ પ્રસન્નચિત્ત નામનો ગુણ આપણે મેળવી શકીએ છીએ.

શ્રીમત, મધ્યમ વા ગરીબ સ્થિતિમાથી પસાર થતા કુટુંબોમાં બનતા રોજબરોજના પ્રસગોનુ બારીક રીતે અવલોકન કરવામાં આવશે તો કઇ ને કઇ અશે કુટુંબના માણસોમા અને કુટુંબની મુખ્ય વ્યક્તિમા અરતિ દસ્યમાન થશે.

આ પ્રસંગે પ્રસન્નતાનો ગુણ ખીલેલો હશે તો તેને કુટુંબમાં બનતા બનાવો એક નાટકરૂપ લાગશે અને તેમાથી પણ તે આનંદ મેળવશે. એટલું જ નહિ પણ કર્મબંધના નિમિત્ત પ્રસગે પણ તે પ્રસન્ન-ચિત્તથી કર્મબંધના કારણોનો નાશ કરશે. અહિ તેવા ગુણની કિંમત છે. જીવનને સુખી બનાવવામાં આ ગુણની ખાસ જરૂર છે. ગમે તેવા અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગોમાં પણ મનનું સમતોલપણું ટકાવી રાખી પ્રસન્નચિત્ત રાખવાનો ગુણ કેળવવાની ખાસ જરૂર છે.

(૪) દયાળુ સ્વભાવ

જીવનને સુખમય બનાવવામાં દયાળુ સ્વભાવની પણ જરૂર છે. કઠોરતા જીવનને વિષમય બનાવે છે. દયાળુતા જીવનને અમૃતમય બનાવે છે. દયાના ઘણા પ્રકારમાથી ગૃહવ્યાપારના અંગે ફક્ત સ્વદયા અને પર દયાના સ્વરૂપની વિચારણા જ જરૂરી છે. જ્ઞાની પુરુષોની એવી માન્યતા છે કે જેઓ સ્વદયા પાળી શકે નહિ તેઓ પરદયા પણ બરોબર પાળી શકશે નહિ. સર્વ-ધર્મમા દયા બતાવેલી છે અને દયાને ધર્મનું મૂળ ગણેલું છે. એ દયાના હેતુનો વિચાર કરશું તો તે પરના માટે જ જણાશે. સમાજમાં દયાનો ઉપયોગ બીજાઓ પ્રત્યે, તેમા મુખ્યત્વે કરીને આપણાં કરતા ગરીબ, અનાથ અને દુખી મનુષ્યો પ્રત્યે આપણે કેવી રીતે વર્તવુ એ બતાવવા માટે જ છે એમ લાગે છે. ત્યાં સ્વદયાનો ઉદ્દેશ જ નથી.

સ્વદયા એ પોતાની દયા છે. પોતાનો બચાવ પાપમય વિચારો અને આચારોથી કરવો એ સ્વદયાનું સ્થૂળ સ્વરૂપ છે. ખરાબ વિચારો તથા આચારોથી

મહાન યોગી પ્રભુ મહાવીર અને ઉપસર્ગો

(લેખક—મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)

પર્યુષણ પર્વને એક દૃષ્ટિએ શ્રી વીરજયંતિ કહી શકાય. પર્યુષણના આઠ દિવસમાં આત્મઉપકારી, અદ્‌ભૂત ત્યાગી અને મહાન યોગીના જીવનનો વિચાર કરવામાં આવે તો એથી સ્વપરને સારો આત્મલાભ થવા સંભવ છે.

પર્યુષણ–શ્રી વીર જયંતી પ્રસંગે આપણે શ્રી મહાવીર જીવનનો ખૂબ અભ્યાસ કરીએ. એ મહાન પુરુષનાં જીવનમાં એવા એવા પ્રસંગો બન્યા છે કે એનો જેમ જેમ બારીકાઈથી અભ્યાસ કરીએ તેમ તેમ તેમાંથી અદ્‌ભૂત રહસ્ય મળી આવે તેમ છે.

વર્તમાન પદ્ધતિ પ્રમાણે શ્રી વીર પરમાત્માના જીવનના જુદા જુદા પ્રસંગો પર વિચાર કરવાથી આપણા આદર્શો કેવી રીતે સ્પષ્ટ થાય છે અને આપણો જીવનપ્રવાહ કેવો સરલ થતો જાય છે તે આપણે આગળ જોઈશું. કોઈપણ વ્યક્તિનો જીવન–પ્રવાહ એની આસપાસ એકઠા થયેલા વાસના, સંસ્કાર વિગેરે અનેક બાબતો પર આધાર રાખે છે અને કેટલાક જીવો સુસાધ્ય કોટિના હોય છે.

શ્રી વીર પરમાત્માના જીવનના પૂર્વભવના અનેક પ્રસગો વિચારતાં જીવનને વિવિધ દિશાઓથી સમજવાની, ચર્ચવાની અને જીવનમાં ઉતારવાની જરૂર છે. વીર પ્રભુનું ચરિત્ર બહુ ઉપયોગી દૃષ્ટાંત પૂરું પાડે તેમ છે. પ્રત્યેક જૈન પોતાના જીવનને જીવનપ્રસંગો સાથે વણી દે, તેમાંથા રહસ્ય નીપજાવે, અને આપણો જીવનપ્રવાહ કેવો સરલ થતો જાય તે આગળ જોશું. શ્રીવીરનો આત્મવિશ્વાસ રાજ્યઋદ્ધિનો ત્યાગ કરી સંસારની અનેક લાલચોને ઠોકરે મારી વડીલભાઈનો અતિ આગ્રહ હોવા છતાં આત્મવિકાસ સાધવાની સાપેક્ષ દૃષ્ટિએ ૩૦ વર્ષની યુવાન વયે જ્યારે પરમાત્મા ઘરબારને છોડીને જંગલમાં ચાલ્યા જાય છે અને એમનાં આત્મનિર્ણય અને સાધ્યપ્રાપ્તિના માર્ગમાં દૃઢ નિર્ણય કરે છે. આત્મવિશ્વાસ કેટલો મજબૂત! ઘોર જંગલમાં ધ્યાનસ્થ દશામાં એકાગ્રતા કર્યા વગર એની પ્રાપ્તિ થઈ શકતી નથી તેવામાં ગોવાળીયો જુએ તો બળદો દેખાય નહિ. એ તો બળદને શોધવા ચાલ્યો પણ પત્તો ન લાગ્યો.

દૃષ્ટિ તેવી સૃષ્ટિ–ગોવાળીઓ સવારે પાછો ફરે ત્યાં તેણે તે જ બળદોને પ્રભુની નજીકમાં વાગોળતાં જોયાં અને પ્રભુ ઉપર શંકા થઈ. જાડી બુદ્ધિવાળો તે ખેડુત ગુસ્સામાં આવીને પ્રભુને મારવા દોડ્યો. આપણે જરા વિગત જોઇ લઈ પછી ગોવાળીઆને વિચારીએ. ગઈ કાલે જ પ્રભુનું દીક્ષાકલ્યાણક ઇંદ્રે ઉજવ્યું હતું. ભગવનનો મહાત્યાગ નજરે નિહાળ્યો હતો. સર્વઋદ્ધિને ઠોકરે મારીને વસ્ત્રો તેમજ અલંકારોનો ત્યાગ કર્યો ને પંચમુષ્ટિથી લોચ કર્યો. ગુણાનુરાગીને ચિંતા આવી સ્વાભાવિક છે. ગોવાળીઆને હવે સાન આવી ને તે શરમાઈ ગયો. ત્યાંથી ચાલ્યો ગયો. પ્રભુ મહાવીરસ્વામી બાર વર્ષ સુધી ભયંકર ઉપસર્ગો થવાના છે તે ઉપસર્ગો સહન કર્યા. આત્મશ્રદ્ધામાં ઓજસ હોય છે ને તે તાત્કાલિક લાભ કરનારા છે.

ચારિત્રના ઘડતરમાં આત્મવિશ્વાસ એ અપૂર્વ વસ્તુ છે. જેને પોતાની જાત ઉપર પૂર્ણ વિશ્વાસ છે તે આદરેલ કાર્ય પાર પહોંચાડી શકે છે. મહાવીર પ્રભુ શક્તિશાળી છે. અનંત વીર્યના ધણી છે એમ માનીને જ ચાલે છે. આત્મવિકાસ અને આત્મનિર્ણય જીવનમાં ઓતપ્રોત બનાવી દે છે, ને સહનશીલતા એ મહાનુભાવી બતાવી શક્યા છે. ધન્ય છે પ્રભુ મહાવીરને અને તેના ઉપસર્ગોને!



સુખી જીવનનાં સાધનો

વિ મ. શાહ

(અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૦૮ થી)

(૩) પ્રસન્નચિત્ત અને આનંદી સ્વભાવ

આ પણ સુખી જીવન ગુજારવાનું એક કારણ છે. જીવનમાં શોક અને હર્ષના પ્રસંગો વારંવાર આવે છે, તે વખતે મન ઉપર અંકુશ રાખવો એ એક મહત્વનો ગુણ છે. સામાન્ય વિશેષ લાભના પ્રસંગે હર્ષઘેલા થવું અને હાનિ કે નુકશાનના પ્રસંગે દુઃખી થવું એ જીવનને દુઃખમય બનાવનાર છે. શાસ્ત્રકારોએ આ બન્નેને પાપસ્થાનક ગણેલા છે, રતિ અને અરતિ એ બન્ને પાપસ્થાનકોનું સ્વરૂપ સમજવા જેવું છે. જીવ અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરે છે, ત્યાં તેને અનુકૂળ તથા પ્રતિકૂળ સંજોગોની પ્રાપ્તિ થાય છે. ઇષ્ટ અને અનિષ્ટનો સંયોગ-વિયોગ થાય છે. ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ અને અનિષ્ટ વસ્તુના વિયોગ-પ્રસંગે જીવને હર્ષ થાય છે. અનિષ્ટની પ્રાપ્તિ વખતે અને ઇષ્ટના વિયોગ વખતે તેને શોક થાય છે અને આર્ત રૌદ્ર ધ્યાનમાં સમય ગુમાવે છે. આવી રીતે જીવન ગાળનારનું જીવન સુખી હોતું નથી. આવા તમામ પ્રસંગો પ્રાપ્ત થાય ત્યારે મન ઉપર કાબુ રાખવાથી જ પ્રસન્નચિત્ત નામનો ગુણ આપણે મેળવી શકીએ છીએ.

શ્રીમંત, મધ્યમ વા ગરીબ સ્થિતિમાંથી પસાર થતા કુટુંબોમાં બનતા રોજબરોજના પ્રસંગોનું બારીક રીતે અવલોકન કરવામાં આવશે તો કંઇ ને કંઇ અંશે કુટુંબના માણસોમાં અને કુટુંબની મુખ્ય વ્યક્તિમાં અરતિ હસ્તમાન થશે.

આ પ્રસંગે પ્રસન્નતાનો ગુણ ખીલેલો હશે તો તેને કુટુંબમાં બનતા બનાવો એક નાટકરૂપ લાગશે અને તેમાંથી પણ તે આનંદ મેળવશે. એટલું જ નહિ પણ કર્મબંધના નિમિત્ત પ્રસંગે પણ તે પ્રસન્નચિત્તથી કર્મબંધના કારણોનો નાશ કરશે. અહિં તેવા ગુણની કિંમત છે. જીવનને સુખી બનાવવામાં આ ગુણની ખાસ જરૂર છે. ગમે તેવા અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગોમાં પણ મનનું સમતોલપણું ટકાવી રાખી પ્રસન્નચિત્ત રાખવાનો ગુણ કેળવવાની ખાસ જરૂર છે.

(૪) દયાળુ સ્વભાવ

જીવનને સુખમય બનાવવામાં દયાળુ સ્વભાવની પણ જરૂર છે. કઠોરતા જીવનને વિષમય બનાવે છે. દયાળુતા જીવનને અમૃતમય બનાવે છે. દયાના ઘણા પ્રકારમાંથી ગૃહવ્યાપારના અંગે ફક્ત સ્વદયા અને પરદયાના સ્વરૂપની વિચારણા જ જરૂરી છે. જ્ઞાની પુરૂષોની એવી માન્યતા છે કે જેઓ સ્વદયા પાળી શકે નહિ તેઓ પરદયા પણ બરાબર પાળી શકે નહિ. સર્વ ધર્મમાં દયા બતાવેલી છે અને દયાને ધર્મનું મૂળ ગણેલું છે. એ દયાના હેતુનો વિચાર કરશું તો તે પરના માટે જ જણાશે. સમાજમાં દયાનો ઉપયોગ બીજાઓ પ્રત્યે, તેમાં મુખ્યત્વે કરીને આપણાં કરતાં ગરીબ, અનાથ અને દુઃખી મનુષ્યો પ્રત્યે આપણે કેવી રીતે વર્તવું એ બતાવવા માટે જ છે એમ લાગે છે. ત્યાં સ્વદયાનો ઉદ્દેશ જ નથી.

સ્વદયા એ પોતાની દયા છે. પોતાનો આત્મા પાપમય વિચારો અને આચારોથી બચે એ સ્વદયાનું સ્થૂળ સ્વરૂપ છે. ખરાબ વિચારો તથા આચારોથી

જીવન અને તત્ત્વજ્ઞાન

ગયા વર્ષના શ્રાવણના અંકથી ચાલુ

પ્રાધ્યાપક જયંતીલાલ ભાઈશંકર દવે એમ. એ.

1

જગતનાં દર્શનશાસ્ત્રો બે પ્રકારનાં જ હોઈ શકે. એકતત્ત્વવાદી (Monistic) અને બહુતત્ત્વવાદી (Pluralistic). પૃથ્વી પરનાં દર્શનશાસ્ત્રોનાં નામરૂપ દેશકાળની ભિન્નતાને કારણે ગમે તેટલા વિવિધ હોય પણ તત્ત્વની દૃષ્ટિએ વિચાર કરતાં તેઓ કાં તો એકતત્ત્વવાદી હોય છે અથવા બહુતત્ત્વવાદી હોય છે. જડવાદ એકતત્ત્વવાદી અથવા એક પ્રકારનું અદ્વૈત છે. તેને આપણે જડાદ્વૈત કહી શકીએ. તેથી ઉલટું સાંખ્યદર્શન, વૈશેષિકદર્શન, ન્યાયદર્શન, યોગદર્શન, જૈનદર્શન બહુતત્ત્વવાદી છે. બૌદ્ધ દર્શનની કોઈ કોઈ શાખા બહુતત્ત્વવાદી છે. વિદ્વાનો માને છે કે બૌદ્ધ દર્શન અદ્વૈતવાદી છે. ખરી રીતે તો બુદ્ધ પોતે દાર્શનિકચર્ચાથી વિરુદ્ધ હતા. પવિત્ર અને નીતિમય જીવન ઉપર જ તેમનો ખાસ આગ્રહ હતો. હવે આપણે વેદાંત તરફ જરા નજર કરીએ. વેદાંત એટલે વેદ પછીનું લખાણ. ટૂંકામાં ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન વેદાંત કહેવાય. ઉપનિષદોના ઉપદેશ પરત્વે વિદ્વાનો એમ માને છે કે બધા ઉપનિષદો વેદાંતનો બોધ કરતા નથી. કેટલાક ઉપનિષદો સાંખ્યપ્રધાન, કેટલાંક યોગપ્રધાન અને કેટલાક વેદાંતપ્રધાન છે. વળી કેટલાક ઉપનિષદો ઈશ્વરવાદી છે તો કેટલાકમાં માયાવાદ અને અજાતવાદ જેવું વેદાંત છે. જેટલા આચાર્ય થઈ ગયા તેમણે પણ પોતાની રુચિ પ્રમાણે ઉપનિષદોનાં ભાષ્યો કર્યાં છે. મધ્વાચાર્યનું વેદાંત તો ઉઘાડી રીતે દ્વૈતવેદાંત છે એટલે બધું વેદાંત અદ્વૈતવાદી છે એમ ન માની લેવું જોઈએ, છતાં પણ શાંકર વેદાંત જ સાચું વેદાંત છે એવી ગેરસમજણ પશ્ચિમના વિદ્વાનોમાં અને અહિં પણ છે. બાદરાયણનાં સૂત્રોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો સ્પષ્ટ જણાઈ આવશે કે તેના વેદાંત દર્શનમાં માયાવાદની ગંધ સરખી પણ નથી. ઉપનિષદ્કાળમાં ઋષિઓના જુદાજુદા મતોને અને અનુભવોને દર્શાવતો અને તે બધાને સૂત્રરૂપે ગુંથી લેવાનો પ્રયત્ન બાદરાયણે કર્યો છે. બિચારા બાદરાયણને સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય કે તેના સૂત્રોમાંથી વિતંડાવાદો જન્મશે. વેદાંતના તત્ત્વનિશ્ચય સંબંધે બોધાયન ટંક, દ્રવિડ, ગુહદેવ, કપર્દિન્ અને ભારુચિ જેવા સમર્થ વિવેચકોનો અભિપ્રાય શંકરથી ઘણે સ્થળે સાવ જુદો જ હતો. આથી સિદ્ધ થાય છે કે શાંકર મત અને બાદરાયણ મત બન્ને એકબીજાથી જુદા છે અને તદ્દન સ્વતંત્ર રીતે સ્થાપિત કરેલા છે. શંકરે બ્રહ્મસૂત્ર ઉપર શાંકરભાષ્ય લખવા કરતાં સ્વતંત્ર રીતે પોતાનો મત સ્થાપવા પ્રયત્ન કર્યો હોત તો સારું થાત. શાંકરવેદાંત ને બ્રહ્માદ્વૈતવાદ, એકાત્મવાદ, એકજીવવાદ, માયાવાદ વગેરે નામો અપાયા છે. એકાત્મવાદ જેવા અદ્વૈતની મુશ્કેલીઓ ઘણી છે પરંતુ આ મુશ્કેલીઓને ટાળવા માયાવાદનો આશ્રય લેવાય છે. વાચસ્પતિમિશ્રે સાંખ્ય કારિકામાંના ૧૮મા શ્લોકની પોતાની ટીકામાં સૌથી મોટી મુશ્કેલીનો ઉલ્લેખ કર્યો છે. तदा खल्वेकस्मिन् पुरुषे जायमाने सर्वे जायेरन्, म्रियमाणे च म्रियेरन्। अंधादौ चैकस्मिन् सर्व एव अंधादयः विचित्ते चैकस्मिन् सर्व एव विचित्ताः स्युः। અર્થાત્ જો ખરેખર એક જ જીવ અથવા આત્મા માણસોના જુદાંજુદા શરીરોમાં હોય તો શું પરિણામ આવે ? એકના જન્મથી બધા એકસામટા જન્મે એ આશ્ચર્ય છે.

એકના મરણથી બધા એકસામટા મરી જાય કે જે અનુભવમાં નથી જોયું. અલબત્ત કોઈ ધરતીકંપ થાય તો એકસામટા મરી જાય ખરા. એક આંધળો હોય તો બધા આંધળા થઈ જાય અને એક ગાંડો હોય તો બધા ગાંડા બની જાય !

આમ છતાં અદ્વૈતવાદનું આકર્ષણ પૂર્વમાં અને પશ્ચિમમાં ઘણા માણસોને પ્રબળપણે થયું છે અને હજુ પણ થયા કરે છે તેમાં સંદેહ નથી. પરંતુ જે લોકો અદ્વૈતને સ્વીકારે છે તેમને તો પહેલેથી જ એક મોટી સમસ્યાનો સામનો કરવાનો રહે છે. આ સમસ્યા છે એક અને અનેક વચ્ચેના સંબંધની. સત્પદાર્થ–તેને બ્રહ્મ કહો કે આત્મા કહો–તે એક અને અદ્વિતીય છે પણ પ્રતીયમાન કરયો તો અનેક છે. આપણે એકત્વને જ સત્ય માની તેનું પ્રતિપાદન કરીએ તો અનેકત્વની સ્પષ્ટ પ્રતીતિ જે થાય છે તેનો શો ખુલાસો છે? માયાવાદ વેદાંતમાં તેનો જવાબ એવો છે કે અનેકતા એ માયા છે. પણ માયા પોતે બ્રહ્મને આશ્રયે છે એટલે કે પોતે સ્વતંત્ર તત્ત્વ નથી. જો આમ જ હોય તો બ્રહ્મમાં પણ માયા આવશે. માયા એટલે અજ્ઞાન. બ્રહ્મ તો જ્ઞાનસ્વરૂપ છે તેમાં અજ્ઞાન કે માયા ક્યાંથી આવ્યાં? માયાને સ્વીકારવાથી એક પ્રકારનું દ્વૈત ઊભું નથી થતું ? માયાને સ્વીકારવાથી બ્રહ્મમાં જ્ઞાન અને અજ્ઞાન એવા પરસ્પર વિરુદ્ધ ગુણો નહિ આવે શું ? આવી ગહન છે માયાવાદની માયા.

અનેકતા અને વિવિધતા કેવળ ભાસમાન જ છે એમ નથી. એ ખરેખર જ છે. એમ ન હોત તો ગધેડું ઉંટ લાગત અને ઉંટ ગધેડું લાગત ! છતાં શંકરાચાર્ય એવી દલીલ કરે છે કે દ્વૈત લોકપ્રસિદ્ધ હોવાથી ગ્રહણ કરવા યોગ્ય નથી. ફક્ત અદ્વૈત જ ગ્રહણ કરવું જોઇએ. જગતની બધી વિદ્યાઓ વસ્તુઓના ભેદજ્ઞાન પર રચાયેલ છે. એક જ વસ્તુ હોય તો કશું જાણવાનું રહેતું નથી. જ્યાં સુધી તત્ત્વજ્ઞાનને લાગેવળગે છે ત્યાં સુધી વસ્તુજ્ઞાનનું મુખ્ય સાધન તો ભાષા છે. વિચારોને વ્યક્ત કરવા માટે ભાષા વપરાય છે. હમણાં યુરોપ અને અમેરિકામાં સિમૅન્ટિક (Sementic) એટલે કે શબ્દાર્થવ્યાપારશાસ્ત્ર અથવા પદાર્થવ્યાપારશાસ્ત્ર ઊભું થયું છે, તે ખરી રીતે ભાષાશાસ્ત્રનો એક પ્રકાર છે. સિમેંટીક્સના પુરસ્કર્તાઓ પૂર્ણ સંશોધનોના અંતે એવા નિર્ણય ઉપર આવ્યા છે કે અમુક લાગણીઓને (Feelings=Sensations) બાદ કરતાં એમ ચોક્કસ કહી શકાય કે બધા વિચારો ભાષામાં વ્યક્ત થઈ શકે છે જ. કોઇ એવો વિચાર નથી કે જે અવ્યક્ત રહી શકે. There is no such thing as unexpressed Thought. હવે વિચાર વસ્તુના અનુભવનો જ હોઇ શકે. અનુભવમાં ન આવ્યું હોય તેનો વિચાર જ ન હોઇ શકે. ખુદ વેદાંતના જે મહાવાક્યો કહેવાય છે જેવાં કે સોऽहं, तत्त्वमसि, अहं ब्रह्माऽस्मि આમાં ત્રણે પુરુષોનો વ્યાકરણ દૃષ્ટિએ ઉપયોગ થયેલો છે તે મહાસૂચક છે. સંપૂર્ણ અભેદ સ્થાપવા શંકરાચાર્યે તેના સ્વાત્મનિરૂપણ નામના પ્રકરણ ગ્રંથમાં આવા મહાવાક્યોનો અર્થ અભેદવાચક ઘટાવવા લક્ષણાનો પ્રયોગ કર્યો છે ! પણ લક્ષણા તો કાવ્યાદિમાં શોભે. આ તો તત્ત્વજ્ઞાન છે. તત્ત્વજ્ઞાન વિજ્ઞાન (Science) જેવું ચોક્કસ જ્ઞાન છે. વૈજ્ઞાનિક પ્રયોગોમાં જો વાચ્યાર્થનો ત્યાગ કરીએ તો કેટલું ભયંકર પરિણામ આવે ! પણ શંકરાચાર્યને કાવ્ય અને તત્ત્વજ્ઞાનનો અભેદ લાગ્યો હશે કે જેથી અલંકારશાસ્ત્રનો પ્રયોગ તત્ત્વજ્ઞાનમાં અજમાવ્યો.

સાંપ્રદાયિક આગ્રહને વશ થઇ મોટા મોટા આચાર્યો પણ અર્થોના અનર્થો કરી બેસે છે.

ગણિતશાસ્ત્રમાં ખરા સંખ્યાંકો (Real Numbers) અને કાલ્પનિક સંખ્યાંકો હોય છે તેમ તત્ત્વજ્ઞાનના વિષયમાં પણ વસ્તુ અને કલ્પના એમ બન્નેનો વિચાર થાય છે. દાખલા તરીકે માણસ શબ્દનો ઉચ્ચાર કરીએ. હકીકતમાં જગતમાં માણસો છે, વિશિષ્ટ નામરૂપવાળાં માણસો છે પણ મનુષ્ય વર્ગની વ્યક્તિઓથી પર એવું મનુષ્યત્વ નથી. ટૂંકામાં માણસ શબ્દનો ઉચ્ચાર કરીએ ત્યારે તે શબ્દ અનિવાર્ય

બને છે. જાતિ સામાન્ય ગુણવાચક છે તેથી જ તેનું ખરૂં સ્વરૂપ સમજવા માટે, જે વ્યક્તિઓ વડે તે બનેલી હોય તેના પર આધાર તેને રાખવો પડે છે. ટૂંકામાં સામાન્ય અને જાતિ એ વ્યક્તિસાપેક્ષ છે. 'મનુષ્ય' એ સામાન્ય છે એટલે તેનું વાસ્તવિક અસ્તિત્વ નથી. દુનીયામાં મનુષ્યો છે, અનુભવમૂલક કલ્પનાથી મનુષ્ય શબ્દ આપણે ઉપજાવ્યો છે. એક સ્પષ્ટ ઉદાહરણ લઈએ. શંકરાચાર્ય માણસ છે, કેરલ દેશના છે, સમર્થ વિદ્વાન છે, આમ ફક્ત શંકરાચાર્ય શબ્દ જ વ્યક્તિ વાચક છે, વિધેયવાચક શબ્દો બધા સામાન્ય વાચક છે. વ્યક્તિની બહાર સામાન્યની વાસ્તવિક સત્તા જ નથી. વળી ઉદ્દેશ્ય અને વિધેયમાં પૂર્ણ અભેદ હોય તો કોઈ વસ્તુનો નિર્દેશ જ ન થઈ શકે. રામ દશરથનો પુત્ર છે આ વાક્યમાં પણ પૂર્ણ અભેદ નથી. જીવ બ્રહ્મ છે એમ જીવ અને બ્રહ્મમાં બન્નેમાં પૂર્ણ અભેદ હોય તો બોલી જ ન શકાય. જો બોલી શકાય તો સ્પષ્ટ થાય છે કે જીવ બ્રહ્મ છે એમ અમુક અર્થમાં સમજવાની સાથે જ અમુક અર્થમાં જીવ બ્રહ્મ નથી જ એમ પણ સૂચિત થાય છે. છેલ્લે **एकं सत्** એમ વેદાંતીઓ શ્રુતિના આધારે બોલે છે ત્યાં 'એક'નો શો અર્થ સાચો હોવો જોઈએ? વધારે ઊંડા ઉતરીને આપણે જોઈશું તો જણાશે કે 'એક'નો વિચાર પણ સામાન્ય જનિત છે, સામાન્ય સાપેક્ષ છે. અનેકનો અનુભવ થાય ત્યારે એક, એક, એક એમ છૂટું પાડી શકાય. એક, એક, એક એમ કરતા અનેક થાય છે. ટૂંકામાં એક અને અનેક પરસ્પરસાપેક્ષ છે. અને છેવટે 'સર્વ બ્રહ્મ છે' એ વાક્યનો અર્થ પણ સામાન્યવાચક છે. જેમ સર્વ મનુષ્યો મરણશીલ છે એ વાક્યમા સર્વનો અર્થ જે પ્રમાણે અર્થ કરીએ છીએ તે પ્રમાણે સર્વ બ્રહ્મ છે તેમા પણ સમજવું. બન્ને વાક્યોમાં સામાન્યની સત્તા કેટલી બધી વ્યાપક છે તે બતાવેલુ છે. બ્રહ્મ સર્વથી મોટી અને વિસ્તૃત જાતિ અથવા સામાન્ય છે એટલો જ એનો અર્થ થાય છે. ટૂંકમાં બ્રહ્મનો અર્થ સામાન્યવાચક હોઈ જગતની તમામ વસ્તુઓના સમૂહરૂપ કે સંગ્રહરૂપ બની જાય છે. ખરેખર જૈન દર્શન વેદાંતની ટીકા કરીને સ્પષ્ટ બનાવી આપે છે કે વેદાંતિનાં संग्रहात् (જુઓ અધ્યાત્મસાર જિનસ્તુત્યધિકાર શ્લોક ૬) એ ન્યાયે આખું વેદાંત દર્શન ફક્ત સંગ્રહનયના દૃષ્ટાંતરૂપ જ બની જાય છે. કોઈ પણ નય સંપૂર્ણ જીવનદૃષ્ટિ નથી તો પછી જીવનના પૂર્ણ તત્વજ્ઞાન માટે સંગ્રહનયતુલ્ય વેદાંતની યોગ્યતા કેટલી?

જેમ કોઈ પક્ષી પોતાનું માથું જમીનમાં રેતીની અંદર ખોસી દે અને માને કે બહારની દુનિયા જ નથી, કારણ કે તેને પોતાનું પણ વધારાનું શરીર દેખાતું નથી તો પછી બીજું તો ક્યાથી જોઈ શકે? બ્રહ્મ સત્ય છે, જગત્ મિથ્યા છે અને જીવ બ્રહ્મ જ છે એમ માનનાર શાંકર વેદાંતની આવી દશા છે. જો બ્રહ્મ જ હકીકતમાં એક માત્ર સત્પદાર્થ હોય અને બધા જીવો અને બાકીનું જગત્ મિથ્યા હોય અને જીવાત્માઓ બ્રહ્મથી ભિન્ન ભિન્ન માનવાની ભ્રાંતિ કરતા હોય તો પછી સ્વાભાવિક રીતે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે બ્રહ્મમાં આવો ભ્રમ ક્યાથી આવ્યો? જેમ સ્વપ્નો હોય તો સ્વપ્નોને અનુભવનાર કોઈક હોય જ તેમ ભ્રાંતિ હોય તો ભ્રાંતિને અનુભવનાર જોઈએ. પણ ખરી વાત તો એમ છે કે માયા, સ્વપ્ન, ભ્રાંતિ વગેરે ઉદાહરણોથી બ્રહ્મનો મહિમા વધતો નથી. ઉલટું આ બધાં તો અપૂર્ણતાનાં સૂચક છે. જો બ્રહ્મ પૂર્ણ હોય, તો તે જરૂર નિર્વિકાર પણ હોય અને જો બ્રહ્મ પૂર્ણ અને નિર્વિકાર હોય તો બ્રહ્મ પોતાને માટે એવો વિચાર પણ ન લાવી શકે કે પોતે અનંત અને અપરિચ્છિન્ન સત્તા નથી. દોરડીને સાપ માનવાની ભૂલ અજ્ઞાની માણસ કરે પણ બ્રહ્મ ભ્રાંતિથી માની બેસે કે પોતે જીવાત્મા છે તો પછી જીવની અનેક દુઃખાદિ કલેશોવાળો અને બીજી અનેક ત્રુટિઓવાળો બ્રહ્મ બની જશે. વળી કેટલાક વેદાંતીઓ એમ પણ કહે છે કે જેમ સૂર્ય જળમાં પડેલાં પોતાનાં અનેક પ્રતિબિંબોથી અસ્પૃષ્ટ રહે છે તેમ બ્રહ્મ પણ જીવાત્મારૂપી પોતાનાં પ્રતિબિંબોથી અસ્પૃષ્ટ રહે છે. બિંબ પ્રતિબિંબવાદી વેદાંતનું આ દૃષ્ટાંત તો મૂળથી જ વદતો વ્યાઘાત છે. પાણીમાં

પરોવાં સૂર્યનાં પ્રતિબિંબો સૂર્ય નથી તેમજ સૂર્ય એ પ્રતિબિંબ નથી. અલબત્ત બન્ને વચ્ચે સાદૃશ્ય છે અને સાદૃશ્ય દ્વૈત વગર સંભવે નહિ.

છેવટે ટૂંકામાં શાંકરમતવાદી વેદાંતનું સિંહાવલોકન કરીએ. આ મતના મૂળમાં સાધારણ સૈદ્ધાંતિક વિચાર એવો છે કે બંધ, મોક્ષ, જીવ, સંસાર, આ બધું મિથ્યા છે. કોઈ વિવેચક આવાં સિદ્ધાંત પર એવો આક્ષેપ લાવી શકે કે આ સિદ્ધાંત જ પોતે મિથ્યા છે, કારણ કે આ સિદ્ધાંત પ્રમાણે મિથ્યાજીવ મિથ્યાસંસારમાં મિથ્યા બંધમાંથી છુટકારો મેળવવાનો પ્રયત્ન કરી અંતે મિથ્યા મોક્ષને જ પ્રાપ્ત કરે છે. વળી આ મત પ્રમાણે પાપ પુણ્ય બધું જ મિથ્યા બની જાય છે. એક નિર્વિકાર, અપરિણામી બ્રહ્મ વિકારી જગતમાં પરિણમે પણ તે શા માટે પરિણમે છે એજ એક મોટો કોયડો છે એમ નિખાલસપણે કહેવું પડે છે. કોઈ અચિંત્યલીલા કરવા બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે એવું એવું વેદાંતીઓ બોલે છે પણ આવી વાત તાત્ત્વિક દૃષ્ટિએ સમાધાનકારક નથી.

જીવનશોધનની દૃષ્ટિએ આ વાદનો સૌથી મોટો દોષ—કે જેનાથી તે વાદ સ્વયંખંડિત બની જાય છે—તે એ છે કે જે વસ્તુઓની સત્તાને અને તેમનાં મૂલ્યોને સિદ્ધાંતમાં સ્થાન નથી એ જ વસ્તુઓની સાથે રોજબરોજના જીવનમાં આપણે (આમાં વેદાંતી જરૂર આવી જશે) ફરજીઆત ઘડભાંજ કરવાની હોય છે. એટલું જ નહિ પણ એ વસ્તુઓ અદૃષ્ટ બ્રહ્મના કરતાં વધારે સત્ય છે એમ માનીને જીવનવ્યવહાર કરવો પડે છે. જગત અને જીવાત્માઓ, આ બન્નેનું અસ્તિત્વ એક રહસ્યપૂર્ણ હકીકત છે જ. તેમને મિથ્યા કહેવાથી તેમનું રહસ્ય ઉકેલી શકાય નહિ. તાત્ત્વિક વિવેચન દૃષ્ટિએ અદ્વૈતવાદ (શાંકર) ગમે તેટલો ત્રુટિવાળો દેખાય છતાં તેની પાછળ કામ કરી રહેલી એક ઉદાત્ત અભેદભાવના રહેલી છે, જેની અમર ભક્તિપરાયણ વેદાંતીઓમાં દેખાઈ આવે છે એમ કબૂલ કરવું જોઈએ. જેમ ઈશુ ખ્રીસ્તે કહ્યું કે "હું અને મારો પિતા (કે જે સ્વર્ગમાં છે) એક છીએ." કોઈ પ્રભુપરાયણ ભક્ત નમ્રભાવે પોતાના સ્વતંત્ર અસ્તિત્વની ના પાડીને ઈશ્વરની જ સત્તા સ્વીકારે છે અને કહે કે હું કાંઈ કરતો નથી, આ બધું ઈશ્વર જ કરે છે તો તેમાથી એટલું જ ફલિત થાય કે તેનું કર્તાપણાનું અભિમાન નષ્ટ થયું છે. એ જ પ્રમાણે વેદાંતી પણ કહી શકે કે હું છું જ નહિ, બ્રહ્મ જ છે. આ ઉપરથી આપણે એવા અનુમાન પર આવી શકીએ કે અદ્વૈતની પાછળ રહેલી શુદ્ધ સાત્ત્વિક અભેદ ભાવના જીવની અહંકાર વૃત્તિનું શોધન કરે છે. અહંકારથી જે અનેક રાગદ્વેષો ઉત્પન્ન થાય છે તેનો નાશ થાય તો તે ઇચ્છવા યોગ્ય ગણી શકાય. અહંકારના નાશથી જ વીતરાગત્વનો સૂર્ય ઉદિત થઈ શકે.

चेतोहरा युवतयः सुहृदोऽनुकूलाः, सद्बान्धवाः प्रणतिनम्रगिरश्च भृत्याः ।
गर्जन्ति दन्तिनिवहास्तरलास्तुरंगाः, संमीलने नयनयोर्नहि किञ्चिदस्ति ॥

(પુષ્પિતાગ્રા)

અનુકૂળ

રથ હય

બને છે. જાતિ સામાન્ય ગુણવાચક છે તેથી જ તેનું ખરું સ્વરૂપ સમજવા માટે, જે વ્યક્તિઓ વડે તે બનેલી હોય તેના પર આધાર તેને રાખવો પડે છે. ટૂંકામાં સામાન્ય અને જાતિ એ વ્યક્તિસાપેક્ષ છે. 'મનુષ્ય' એ સામાન્ય છે એટલે તેનું વાસ્તવિક અસ્તિત્વ નથી. દુનીયામાં મનુષ્યો છે, અનુભવમૂલક કલ્પનાથી મનુષ્ય શબ્દ આપણે ઉપજાવ્યો છે. એક સ્પષ્ટ ઉદાહરણ લઈએ. શંકરાચાર્ય માણસ છે, કેરલ દેશના છે, સમર્થ વિદ્વાન છે, આમ ફક્ત શંકરાચાર્ય શબ્દ જ વ્યક્તિ વાચક છે, વિધેયવાચક શબ્દો બધા સામાન્ય વાચક છે. વ્યક્તિની બહાર સામાન્યની વાસ્તવિક સત્તા જ નથી. વળી ઉદ્દેશ્ય અને વિધેયમાં પૂર્ણ અભેદ હોય તો કોઈ વસ્તુનો નિર્દેશ જ ન થઈ શકે. રામ દશરથનો પુત્ર છે આ વાક્યમાં પણ પૂર્ણ અભેદ નથી. જીવ બ્રહ્મ છે એમ જીવ અને બ્રહ્મમાં બન્નેમાં પૂર્ણ અભેદ હોય તો બોલી જ ન શકાય. જો બોલી શકાય તો સ્પષ્ટ થાય છે કે જીવ બ્રહ્મ છે એમ અમુક અર્થમાં સમજાવાની સાથે જ અમુક અર્થમાં જીવ બ્રહ્મ નથી જ એમ પણ સૂચિત થાય છે. ઉપરથી एकं सत् એમ વેદાંતીઓ શ્રુતિના આધારે બોલે છે ત્યાં 'એક'નો શો અર્થ સાચો હોવો જોઇએ? વધારે ઊંડા ઉતરીને આપણે જોઈશું તો જણાશે કે 'એક'નો વિચાર પણ સામાન્ય જનિત છે, સામાન્ય સાપેક્ષ છે. અનેકનો અનુભવ થાય ત્યારે એક, એક, એક એમ છૂટું પાડી શકાય. એક, એક, એક એમ કરતા અનેક થાય છે. ટૂંકામાં એક અને અનેક પરસ્પરસાપેક્ષ છે. અને છેવટે 'સર્વ બ્રહ્મ છે' એ વાક્યનો અર્થ પણ સામાન્યવાચક છે. જેમ સર્વ મનુષ્યો મરણશીલ છે એ વાક્યમાં સર્વનો અર્થ જે પ્રમાણે અર્થ કરીએ છીએ તે પ્રમાણે સર્વ બ્રહ્મ છે તેમાં પણ સમજવું. બન્ને વાક્યોમાં સામાન્યની સત્તા કેટલી બધી વ્યાપક છે તે બતાવેલું છે. બ્રહ્મ સર્વથી મોટી અને વિસ્તૃત જાતિ અથવા સામાન્ય છે એટલો જ એનો અર્થ થાય છે. ટૂંકમાં બ્રહ્મનો અર્થ સામાન્યવાચક હોઈ જગતની તમામ વસ્તુઓના સમૂહરૂપ કે સંગ્રહરૂપ બની જાય છે. ખરેખર જૈન દર્શન વેદાંતની ટીકા કરીને સ્પષ્ટ બતાવી આપે છે કે वेदांतिनां संग्रहात् (જુઓ અધ્યાત્મસાર જિનસ્તુત્યધિકાર શ્લોક ૬) એ ન્યાયે આખું વેદાંત દર્શન ફક્ત સંગ્રહનયના દૃષ્ટાંતરૂપ જ બની જાય છે. કોઈ પણ નય સંપૂર્ણ જીવનદૃષ્ટિ નથી તો પછી જીવનના પૂર્ણ તત્વજ્ઞાન માટે સંગ્રહનયતુલ્ય વેદાંતની યોગ્યતા કેટલી?

જેમ કોઇ પક્ષી પોતાનું માથું જમીનમાં રેતીની અંદર ખોસી દે અને માને કે બહારની દુનિયા જ નથી, કારણ કે તેને પોતાનું પણ વધારાનું શરીર દેખાતું નથી તો પછી બીજું તો ક્યાંથી જોઇ શકે! બ્રહ્મ સત્ય છે, જગત્ મિથ્યા છે અને જીવ બ્રહ્મ જ છે એમ માનનાર શાંકર વેદાંતની આવી દશા છે. જો બ્રહ્મ જ હકીકતમાં એક માત્ર સત્પદાર્થ હોય અને બધા જીવો અને બાકીનું જગત્ મિથ્યા હોય અને જીવાત્માઓ બ્રહ્મથી ભિન્ન ભિન્ન માનવાની ભ્રાંતિ કરતા હોય તો પછી સ્વાભાવિક રીતે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે બ્રહ્મમાં આવો ભ્રમ ક્યાંથી આવ્યો? જેમ સ્વપ્નો હોય તો સ્વપ્નોને અનુભવનાર કોઇક હોય જ તેમ ભ્રાંતિ હોય તો ભ્રાંતિને અનુભવનાર જોઇએ. પણ ખરી વાત તો એમ છે કે માયા, સ્વપ્ન, ભ્રાંતિ વગેરે ઉદાહરણોથી બ્રહ્મનો મહિમા વધતો નથી. ઉલટું આ બધાં તો અપૂર્ણતાનાં સૂચક છે. જો બ્રહ્મ પૂર્ણ હોય, તો તે જરૂર નિર્વિકાર પણ હોય અને જો બ્રહ્મ પૂર્ણ અને નિર્વિકાર હોય તો બ્રહ્મ પોતાને માટે એવો વિચાર પણ ન લાવી શકે કે પોતે અનંત અને અપરિચ્છિન્ન સત્તા નથી. દોરડીને સાપ માનવાની ભૂલ અજ્ઞાની માણસ કરે પણ બ્રહ્મ ભ્રાંતિથી માની બેસે કે પોતે જીવાત્મા છે તો પછી જીવની અનેક દુઃખાદિ ક્લેશોવાળો અને બીજી અનેક ત્રુટિઓવાળો બ્રહ્મ બની જશે. વળી કેટલાક વેદાંતીઓ એમ પણ કહે છે કે જેમ સૂર્ય જળમાં પડેલાં પોતાનાં અનેક પ્રતિબિંબોથી અસ્પૃષ્ટ રહે છે તેમ બ્રહ્મ પણ જીવાત્મારૂપી પોતાનાં પ્રતિબિંબોથી અસ્પૃષ્ટ રહે છે. બિંબ પ્રતિબિંબવાદી વેદાંતનું આ દૃષ્ટાંત તો મૂળથી જ વદતો વ્યાઘાત છે. પાણીમાં

મહારાજ! આમ કેમ બોલો છો? મને તો આપની ઉમર શીત્તેર વરસની થએલી જણાય છે. ત્યારે આપ પૂરી સાત વરસની પણ નથી એમ જણાવો છો, એનો અર્થ શું? મહારાજે જણાવ્યું: હું સાચું કહું છું. મેં બાલ્યાવસ્થા તો મોજશોખમાં પૂરી કરી. મનુષ્ય જન્મ મને શા માટે મળ્યો છે અને મારું કર્તવ્ય શું છે તેનું મને ભાન સરખું પણ નહીં હતું. એ કાળ તો મેં રમત, ખેલ, કુતુહલ અને માબાપને મારા પોતાના સુખ માટે કનડવામાં જ ગુમાવ્યો. વડીલોના ઉપદેશો તો ઉડાડી જ દીધા. ભણવામાં મેં આળસ કર્યું. ભણવાનો ઉપદેશ કરનારા વડીલો અને ગુરુજનોને મેં મારા શત્રુ માન્યા. ખોટી માંદગી ઊભી કરી ભણવાનું મેં ટાળ્યું. ધર્મક્રિયાને મે નકામી માની આમ અનેક રીતે મેં પોતાના જીવનના ઉત્તમ વર્ષો વેડફી નાખ્યા. અર્થાત મારો બાલકાળ નિષ્ફળ જ ગયો. એ વરસો.ની ગણત્રી મારા જીવનમાં હું શી રીતે કરું!

યુવાવસ્થામાં યૌવનની મસ્તીમાં ઐહિક સુખ-સગવડોને જ મેં ધ્યેય માન્યું. મોજશોખ અને ઇંદ્રિયોને રંજન કરવામાં જ મેં જન્મનું સાર્થક્ય માન્યું. શરીર અને ચેનચાળાના પોષણમાં મેં આનંદ માણ્યો. ઉપભોગ એ મુખ્ય વસ્તુ માની. અનેક જાતના ભોગવિલાસમાં મેં પોતાનું યૌવન વેડફી નાખ્યું. દ્રવ્ય કમાવવું અને ફાવે તેમ તેને ઉડાડી નાખવું એ જ કાર્ય રાતદિવસ ચાલુ રાખ્યું. જે કાળમાં મન ઉપર કાબુ રાખી ઊંચી કોટીનું અધ્યયન કરી ધર્મતત્વોનું ચિંતન કરી યથાશક્તિ પૂજા, પ્રભાવના, વ્રત, નિયમો આચરી આગામી જીવન સરળ અને ધર્મવિહિત કરવું જોઇએ તે ન કર્યું. અને જ્યારે અનિયમિત અને અનુચિત ખાનપાન અને આચરણમાં મસ્ત રહેતા શક્તિ ક્ષીણ બની, ઇંદ્રિયોએ પોતાનું કાર્ય કરવામાં પણ આનાકાની કરવા માંડી ત્યારે મનમાં વિચાર આવવા માંડ્યા કે હવે ધર્માચરણ અને કાંઇક સંયમી જીવન જીવવું જોઇએ પણ એ વિચાર ઘણા મોડા પડ્યા.

કાન સાંભળવા ના પાડવા માંડ્યા. આંખો બંધ રહેવામાં જ સમાધાન માની જોવા ના પાડવા માંડી. જીભ ખરા ઉચ્ચારો કરવા મથે પણ એ થાય જ કેમ! આમ ચોતરફથી સંકટો ઉતરવા માંડ્યા. ધાર્યું કાર્ય આજનું આવતી કાલ ઉપર મૂકવું પડે. વ્રત પચ્ચખાણ કરવા મુશ્કેલ થઇ પડ્યા. હાથ પગ અને માથું ધ્રૂજવા માંડ્યા. ત્યારે હવે શું થઇ શકે એમ વિચાર આવ્યો.

આવી અવસ્થામાં જે કાંઇ શુદ્ધ આચરણ થઇ શકી તેનો સંગ્રહ કરવો ઉચિત ધાર્યો પણ એનો સરવાળો કેટલો થાય? બીજું ઉંઘ, ભોજન, વિસામો વિગેરે અનેક કારણોને લીધે ઘણો કાળ ખોવો પડે. એમ કરતાં આ સીતેર વરસની ઉમરમાં ૭ સાત વરસો જ મારી ગણત્રીમાં આવ્યા. તેથી જ મેં કહ્યું કે મારી ઉમર હજુ સાત વરસ જેટલી પૂરી થઇ નથી. જગતમાં હું જોઉં છું કે મારા કરતા પણ જીવનનો ઘણો કાળ વેડફી નાખનારા લોકો જગતમાં ઘણા છે. એટલું જ નહીં પણ પોતાનું આખું જીવન ખોઈ નાખી અમૂલ્ય માનવદેહ ખોઇ બેસનારાઓ ઘણા જોવામાં આવે છે. યુવાનીમાં ખાનપાન અને ઇંદ્રિયો ઉપર કાબૂ નહીં રાખવાથી તેઓ વૃદ્ધાવસ્થામાં કાંઇ પણ કરી શકે એવી સ્થિતિ રહેતી નથી. અનેક રોગો પોતાનો અડ્ડો ઘણા-ઓના શરીરમાં કરી બેઠેલા હોય છે અને શરીર મરણ-ની જ રાહ જોતું હોય છે. જરા અને રોગો પોતાનું રહેઠાણ જે શરીરમાં કરી બેઠેલા હોય તેની સામે મિષ્ટ, રસભક્તિ અને સ્વાદુ ભોજન નકામું થઇ પડે છે. જેનું ખાદ્યન હાજર જ્યાં ફળ ઝાડ ક્યાં? કે બાજરાના રોટલા ઉપર જીવન ગુજારવું પડે છે. એવો માણસ ધારે તો પણ ધર્માચરણ શી રીતે કરી શકે?

અનેક જન્મો એવી રીતે વ્યર્થ ગુજારનારા આપણે છીએ એમ માનવામા હરકત નથી. ત્યારે આપણે નિત્ય સુઇ રહીએ છીએ તેને એક અલ્પ સરખું મૃત્યુ ગણી જાગીએ તેને નવો જન્મ ગણીએ એમાં ખોટું શું છે! એ બાર કલાકના અલ્પ જીવનનો જો આપણે યોગ્ય ઉપયોગ કરીએ તો પણ કાર્ય આપણા હાથે થઇ શકે.

સ્વીકાર

૧. જૈનસ્તોત્રસંચય—(પ્રથમ ભાગ) સંશોધક—આચાર્ય મહારાજ શ્રી વિજયમાણિક્યસાગરસૂરિજી મહારાજ, પ્રકાશક—રમણલાલ જેચંદ શાહ; કપડવંજ, મૂલ્ય : એક રૂપિયો. આ પ્રથમ વિભાગમાં અષ્ટાદશસ્તોત્ર અને પંચકલ્યાણસ્તોત્ર—એ બે કૃતિઓ આપવામાં આવી છે. આ જ પુસ્તકના અનુક્રમે બીજા તથા ત્રીજા ભાગો પ્રગટ થશે, જેમાં પ્રાચીન કૃતિઓ પ્રસિદ્ધ કરવામાં આવશે. પ્રયાસ આવકારદાયક છે.

૨. નવી ભક્તમાળ (ભાગ.બીજો) અનુ૦ કવિ વલ્લભજી ભાણજી મહેતા—મોરબી. પ્રકાશક—શ્રી ગોરધનદાસ અમીચંદ મણિયાર—ભાવનગર. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ આશરે ૨૫૦. મૂલ્ય રૂપિયા બે. હિંદી માસિક "કલ્યાણ"માં આવતા ભક્તોના જીવનચરિત્રોનો ગુજરાતી અનુવાદ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. દેવમાલા, ઉપમન્યુ વિગેરે પંદર ભક્તોના જીવનચરિત્રોનો સુંદર આલેખ કરવામાં આવ્યો છે. પ્રયાસ સારો છે.

૩. લલિતવિસ્તરા (ચૈત્યવંદન સૂત્રવૃત્તિ) વિવેચનકર્તા ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા M. B. B. S. ક્રાઉન આઠ પેજી સાઇઝ, પૃષ્ઠ ૭૬૨. પાકું હોલ્ડક્લોથ બાઈંડીંગ, સુંદર છાપકામ છતાં મૂલ્ય માત્ર રૂપિયા નવ. પ્રાપ્તિસ્થાન—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

આધ્યાત્મિક અને ચિંતનપરાયણ લેખક તરીકે ડૉ. ભગવાનદાસ આપણા સમાજમાં વર્ષોથી સુપરિચિત છે. શ્રી જિનમાર્ગદર્શન, નયવિચાર, વિગેરે ઘણા પુસ્તકો તેઓશ્રીએ પ્રસિદ્ધ કર્યા છે. યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ તે સર્વમાં કળશરૂપ છે, તેવો જ આ " લલિતવિસ્તરા " નામનો ગ્રંથ છે. મહર્ષિ હરિભદ્રસૂરિજીએ " લલિતવિસ્તરા " નામક ચૈત્યવંદનસૂત્રવૃત્તિ રચી છે.

નમુત્થુણં, અરિહંતચેઈયાણં, અન્નત્થ, લોગસ્સ, પુક્ખરવરદીવડ્ઢે, સિદ્ધાણં-બુદ્ધાણં, વેયાવચ્ચગરાણં અને જયવીયરાય—આ આઠ સૂત્રો ઉપર મહાન તાર્કિક આ. શ્રી હરિભદ્રસૂરિજીએ જે તત્વમંથન કર્યું છે, તેના પરથી જ આ ગ્રંથનું વિશિષ્ટ મહત્વ સમજાયા વિના નહી રહે. આચાર્ય મહારાજશ્રીએ સુંદર ટીકા રચવા છતાં પોતે પોતે જ જણાવ્યું છે કે—આવા અર્થગંભીર સૂત્રો પર સંપૂર્ણ સમજાવી શકાય તેવી ટીકા રચવી તે શક્ય નથી એટલે જ લાઘવમૂર્તિ આ. શ્રી હરિભદ્રસૂરિજી એક સ્થળે જણાવે છે કે—

कार्त्स्न्येन व्याख्यां कः कर्तुमीश्वरः ।

આવા અજોડ ગ્રંથની ટીકાને સુગમ બનાવવા માટે તેમજ સામાન્ય વાચકો અને બાળજીવો \ પણ સમજી શકે તે માટે ડૉ. ભગવાનદાસભાઈએ અતુલ પરિશ્રમ સેવ્યો છે અને આ ગ્રંથ ઉપર પોતાના માતુશ્રીના નામથી "ચિદ્દ્હેમવિશોધિની" નામની વિવેચનાત્મક સુંદર ટીકા રચી છે. પ્રસંગે પ્રસંગે અન્ય અનેક અવતરણો અને સદ્દાદતો આપીને આ ગ્રંથની ઉપયોગિતામાં વૃદ્ધિ કરી છે. સમગ્ર ગ્રંથને સરળતાથી સમજી શકાય તે માટે વિવેચનકર્તાએ પચાંગી યોજના કરી છે. (૧) મૂળ, (૨) અવતરણ, (૩) અનુવાદ (૪) પંજિકાનો અનુવાદ અને (૫) વિસ્તૃત વિવેચન.

આવા ઉપયોગી ગ્રંથ માટે સવિશેષ લખવા કરતાં એટલું જ પર્યાપ્ત ગણાશે કે ગ્રંથની શરૂઆતમાં ડૉ. ભગવાનદાસભાઈએ આલેખેલ "આમુખ" તથા "ઉપોદ્ઘાત" વાંચી જવા. એકંદરે આ ગ્રંથ વસાવવા અને વિચાર કરવા યોગ્ય છે. પ્રયાસ આવકારપાત્ર છે.

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND

ધનને સૂંઘીને લેતાં શીખો

આપણે બજારમાં ઘી કે તેલ લેવા જઇએ છીએ ત્યારે લેતાં પહેલાં સૂંઘીએ છીએ. કેરી કે અગરબત્તીની પણ સોડમ લઇએ છીએ. ચેવડો કે બદામ ખારી નથી ને એમ નક્કી કરવા તે પણ ચાખી ચકાસીને લઇએ છીએ; માટલો લેવા જઇએ તો પણ ટકોરો મારીને ખરીદીએ છીએ. આમ, આપણે જે કાંઇ ઘરમાં લાવીએ છીએ તેને સૂંઘીને, ચકાસીને, ટકોરો મારીને લાવીએ છીએ; પણ આપણા ઘરમાં જે કાંઇ લક્ષ્મી લાવીએ છીએ તેને નથી સૂંઘતા, નથી ચકાસતા કે નથી ટકોરા મારતા. એ તો ગમે તેટલી, ગમે ત્યાંથી, ગમે તે રીતે આવી હોય તો વાંધો જ નહિ. વસ્તુતઃ એક એક કણની જેમ એક એક પૈસો જે કમાઇએ તેને પૂછતાં શીખો કે તે ક્યાંથી, કેવી રીતે આવ્યાં. નીતિથી, પ્રમાણિકતાથી, ધર્મથી આવેલો છે કે કેમ તે સૂંઘતા શીખો. આપણને એ ટેવ નથી. જે કમાયા ચપ દઇને ઘરમાં ઘાલી દઇએ છીએ; પણ આપણે જેમ ખરાબ કે કાચો માલ ઘરમાં ન ઘાલીએ તેમ અનીતિ, અધર્મ, અપ્રમાણિકતાનો મેલો પૈસો પણ ઘરમા ન ઘાલીએ, તે લક્ષ્મીને પણ સૂંઘીને લેતાં શીખી જઇએ તો સુખસુખ થઇ જશે.

-વિશંકર મહારાજ

૧૨૮૨

પુસ્તક ૫૭
અંક ૯

પ્રકાશક:
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

અષાઢ
સં. ૨૦૧૬

विषयानुक्रम

૧. સુભાષિત		૧૦૯
૨. આત્મા ક્યાં છે?	(શ્રી પાદરાકર)	૧૧૦
૩. સ્વપ્ન અને જાગૃતિ	(શ્રી બાલચંદ હીરાચંદ)	૧૧૧
૪. આડંબરી અતિરેક	(શ્રી મોહનલાલ દી. ચોકસી)	૧૧૪
૫. સહાચરણનું વ્યાપક સ્વરૂપ	(મુનિરાજ શ્રી મહા પ્રભવિજયજી)	૧૧૬
૬. જીવનમાં પ્રેમ અને ઓજસનું મહત્વ (શ્રી પ્રણવ)		૧૨૦
૭. સમાચાર સાર		૧૨૮

તુરત વસાવી લેવા જેવા અલભ્ય ગ્રંથો

ચાતુર્માસ અંગે ખાસ રાહત

ચાતુર્માસ અંગે નીચેના ગ્રથો જો આપની પાસે ન હોય તો તુરત વસાવી લેવા વિનંતિ છેઃ—

ગુજરાતી—સાહિત્ય

શ્રી પાર્શ્વનાથ ચરિત્ર. પ્રાસંગિક રંગબેરંગી ચિત્રો સહિતનો મહાન ગ્રંથ		મૂલ્ય	રૂા. ૧૩–૦
કથારત્નકોષ	ભાગ. ૧ લો.	,,	રૂા. ૧૦–૦
કથારત્નકોષ	ભાગ. ૨ જો.	,,	રૂા. ૮–૦

બન્ને ભાગમાં અનોખી ભાત પાડતી નવીન કથાઓનો સંગ્રહ રજૂ કરવામાં આવેલ છે બન્ને ભાગની કિંમત રૂા. ૧૮ થાય છે. એમ છતાં બન્ને ભાગના રૂા. ૧૪=૦૦ માત્ર લેવામાં આવશે.

દમયંતી ચરિત્ર	રૂા. ૬=૫૦	કથાદીપઃ	રૂા. ૧=૫૦
સંઘપતિ ચરિત્ર	રૂા. ૬=૫૦	ધર્મકૌશલ્ય	રૂા. ૧=૭૫
શ્રેયાંસનાથ ચરિત્ર	રૂા. ૭=૫૦	જ્ઞાનપ્રદીપ ભા. ૧–૨–૩	રૂા. ૮=૦૦

ઉપરના તમામ ગ્રંથો, પૈકી રૂા. ૭૫ થી વધારે કિંમતના ગ્રંથો મંગાવનારને ચાતુર્માસ અંગે ખાસ કેસ તરીકે ૨૫% કમીશન કાપી આપવામાં આવશે અને રૂા. ૭૫ થી ઓછી કિંમતના ગ્રથો લેનારને ૨૦% ટકા કમીશન કાપી આપવામાં આવશે.

લખોઃ **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર**



વર્ષ ૫૭ મું] અશાડ તા. ૧૫-૭-૬૦ [અંક ૯

सुभाषित

अबंभचरिअं घोरं पमायं दुरहिट्ठियं
नायरंति मुणी लोए भेआययण वज्जिणो ॥ दशवैकालिक.

અબ્રહ્મચર્ય, પ્રમાદ, ભય, નિરાશા અને દુરાગ્રહનું કારણુ છે મુનિઓ તેનાથી બચવા માટે બ્રહ્મચર્યની આરાધના કરે છે.

नत्थि एरिसो पासो पडिबंधो अत्थि सव्वजीवाणं ॥ (प्रश्न.)

સંસારમાં જીવોને જકડી રાખવા માટે પરિગ્રહથી વધે એવુ કોઈ બંધન નથી.

न तं अरी कंठ छेत्ता करेइ जं से करे अप्पाणिया दुरप्पा ।

માથુ કાપી લેનાર શત્રુ પણ એટલો અપકાર નથી કરતો, કે જેટલો દુરાચરણમાં આસક્ત આત્મા અપકાર કરે છે
उत्तराध्ययन

पुरिसा ! अत्ताणमेव अभिणिगिज्झ एवं दुक्खा पमुच्चसि ।

માનવ ! તું તારી જાતને વશ કરી લે, તો સમસ્ત દુઃખોથી મુક્ત થઈ જઈશ. आचारांग

એ અવસ્થામા તેઓ પોતાના જ્ઞાનધ્યાનમા જાગતા હોય છે પણ શરીર અને ઇદ્રિયોના સુખમા તેમને જરાએ રસ ન હોવાથી તેઓ એ દૃષ્ટિએ ઊંઘે જ છે

સામાન્ય માણસ ઇદ્રિયોના સુખોમા જાગતો હોય ત્યારે તે જ બાબતમા સતો ઊંઘતા હોય છે. અને જ્ઞાનધ્યાનમા જ્યારે સામાન્ય માણસ રસ ન ધરાવતો હોય ત્યારે એ દેખવામા જાગતો છતા વાસ્તવિક રીતે ઊંઘતો જ ગણાય. એનો એવો અર્થ થયો કે ઊંઘ અને જાગૃતિ એ આત્માને આશ્રીને ગણવાની હોય—આખ મીચી આડા પડી રહેવામાં કે હરતાફરતા રહેવામા નહીં

આપણે પોતે જાગીએ છીએ કે ઉંઘી રહેલા છીએ એનો વિચાર કરીએ વાસ્તવિક રીતે વિચાર કરતા તો આપણને આપણા આત્માનુ સ્મરણ પણ નથી આપણે કોણ છીએ ? ક્યાથી આવ્યા છીએ ? અને ક્યાં જવાનુ છે ! એનુ આપણને ભાન સરખુ પણ નથી. આપણે પ્રવાસે નિકળેલા હોઈએ અને રસ્તામા કાંઈ ખેલ-કુતુહલ ચાલતુ હોય, આપણે કોઈ મિત્ર કે સાથી મળી જાય, એ આપણને અનેક જાતનો લાભ બતાવે, આપણને એ સાચો લાગે, અને આપણો સાચો માર્ગ છોડી એના બતાવેલા માર્ગે જઈ ફસાઇ પડીએ, ભૂલભૂલામણીમા અવળો માર્ગ લઈ ફસાઈ પડીએ, અને પાછળથી પસ્તાઇએ કે આ શુ થઈ ગયુ ? એ તો એ એક જાતનુ લાબુ સ્વપ્ન અનુભવીએ એવી અમ પણી વિચિત્ર સ્થિતિ થઈ ગઈ છે આપણે સ્વપ્નસૃષ્ટિમા છીએ કે વાસ્તવિક સત્યસૃષ્ટિમા એટલે જાગૃત સ્થિતિમા છીએ એનુ આપણને ભાન પણ હોતુ નથી

સાચા સત મહાત્માઓ સવેળા જાગૃત થઇ જાય છે, તેમને સ્વપ્ન અવસ્થ‌ાનુ ભાન થઈ જાય છે અને તેઓ સ્વપ્નમાથી બહાર આવી વખતસર સજાગ થઈ સાચા માર્ગે પોતાનુ પ્રયાણ શરૂ કરી દે છે આવી હોય છે નિદ્રાવસ્થા, સ્વપ્નાવસ્થા અને જાગૃત અવસ્થા

આપણે સત મહાત્માની વાત કહી ગયા સતો અને યોગિઓ એવા હોય એ દેખીતુ છે. પણ આપણી સાથે એ સ્વપ્નાવસ્થા કે જાગૃતાવસ્થાનો કાંઇ સબધ પહોચે છે કે કેમ ? તેનો વિચાર આપણે અવશ્ય કરવો જોઇએ બધા જ કાંઈ યોગીની કોટીમાં આવી બેસે નહીં એ દેખીતુ છે પણ સ્વપ્નાવસ્થા અને જાગૃતાવસ્થાની ઓળખ ણ તો આપણે હોવી જ જોઇએ સ્વપ્નાવસ્થામાથી આપણે ખસી શકીએ નહીં એક પાંજરામા આપણે પૂરાએલા હોઇએ, એ પાંજરાને તાળુ વાસેલુ હોય, તે તાળુ તોડવાનુ સામર્થ્ય આપણામા નથી એવી અવસ્થામા પણ આપણે પાજરામા પૂરાએલા છીએ, છૂટા થવાની જરૂર છે, પાજરૂ એ પરવશતા છે એક દિવસ એવો ઊગે કે જ્યારે આપણે છૂટા થઇ સાચો આનદ માણીએ અને મુક્ત થઈ નિજાવસ્થા પામીએ એવો વિચાર પણ આપણા મનમા ન આવે અને પાજરામા પૂરાએલી અવસ્થામા જ આપણે ખુશીમા મ્હાલતા રહીએ ત્યારે એ આપણી સ્વપ્નવાછિત નિદ્રાવસ્થા જ ગણાય મૂર્ખાઓની દુનિયામા જ આપણે વિચરીએ છીએ એ સમજી રાખવુ જોઇએ પાજરામા પૂરાએલો માણસ જો એટલુ સમજી જાય કે, હુ પાજરામા છુ, અને હુ છૂટો થઉ તો જ સાચી રીતે હુ સ્વતત્ર થઇ આત્માનો આનદ ઉપભોગી શકુ. જ્યાં સુધી હુ પરવશપણે જીવન પૂરૂં કરી રહ્યો છુ ત્યા સુધી હુ કેદી કે બદીવાન છુ, એટલુ પણ આપણે જાણી શકીએ, એવો ડખ આપણા મનમા પણ રમતો હોય તો જ આપણે વખત આવતા છૂટવાનો કાંઈક પ્રયત્ન કરી શકીએ પણ આપણે પરવશ એવા બદિવાન છીએ એવી કલ્પના પણ આપણા મનને સ્પર્શ ન કરે ત્યાસુધી આપણે શી રીતે છૂટી શકીએ !

જેલનિવાસ એ દેટલાએક લોકોને ઘર જેવો લાગતો હોય, છૂટા થવુ એ જેને ગમતુ જ ન હોય, એ માણસ મુક્ત શી રીતે થઈ શકે ? વારે ઘડીએ અપરાધો કે કર્મ બધનો કરતો રહી જેલના સળિયા પાછળ જ પોતાનુ જીવન વિતાવવુ જ પસદ કરે એના માટે કયો રસ્તો હોઇ શકે ? વીસ વીસ વખત સજા ભોગવવા માટે જેલમા ગયેલા માનવો અમોએ જોએલા છે એ ઉપરથી કહેવુ પડશે કે, વધારે કે ઓછા પ્રમાણમાં આપણી

અવસ્થા પણ એવી જ છે. આત્માની દૃષ્ટિએ આપણે સતત ઉંઘમાં જ છીએ. અને અનેક જાતના સ્વપ્નો જોઇ રહેલા છીએ. એ સ્વપ્નોના વિવિધ સુખો અને દુઃખો, રાગ અને રંગ, મોજ અને ઢંગ, આપણી નજર સામે તરલિત થઈ રહ્યા છે. અને એ ચિરસ્વપ્ન કેમે પૂરુ થતુ નથી. એ જ જાગૃતિ છે અને સત્યસૃષ્ટિ છે એવી ભ્રમણામાં આપણે જાગતા જ છીએ એવી ભ્રમણા આપણે સેવી ખૂબ આનંદમા આવી જઇએ છીએ અને એ ચિર સ્વપ્નાવસ્થાને જ સ્થિર અને સાચી અવસ્થા છે એમ માની લઇએ છીએ. પણ એક દિવસ એવો ઉગશે કે, હાય! હાય! આ શું થયું? આ તો બધું સ્વપ્ન જ હતું! આવી અવસ્થા પ્રાપ્ત થવા પહેલા જ આપણે જાગી જઇએ તો કેવું સારુ!

ઉપરના વિવેચન ઉપરથી આપણા જોવામા આવ્યુ હશે કે, આપણે પોતાના આત્માની સાક્ષીએ અને આપણે પોતે આત્મા છીએ, એ મુદ્દો ધ્યાનમા રાખી જે કાંઈ કરીએ અને આ અનાત્મીય સંસાર વધારનારી વસ્તુઓ અને ક્રિયાઓ છે તે બધી સ્વપ્ન સદૃશ અને અસ્થિર છે એમ સારી રીતે સમજી લઇએ ત્યારે જ આપણે થોડા પણ જાગતા છીએ એ સિદ્ધ થઈ શકે. અને તે સિવાયની આપણે જે ક્રિયા કરતા હોઇએ તે બધી સ્વપ્નાંતર્ગત છે એમ સમજીએ એ જ સાચી જાગૃતિ છે.

આપણે જરા એકાંતમાં સ્થિરચિત્તે પોતાના માટે વિચાર કરીએ કે આપણે પોતે ઉંઘીએ છીએ કે જાગૃત છીએ? આપણે સ્વપ્નના લાડુ ખાઇએ છીએ કે સાચા? આપણે સ્વપ્નમા રાજગાદી ભોગવીએ છીએ તે સાચી? આપણી આ સ્વપ્નની રાજગાદી ભીખારીના વેષમા તો ફેરવાઇ નહીં જાયને? જરા શાંતિથી આપણે કોણ છીએ એ ઓળખી સ્વપ્ન છોડી જાગી જાઓ અને પોતાની જાતને ઓળખો તો કેવું સારુ?

अज्ञः सुखमाराध्यः सुखतरमाराध्यते विशेषज्ञः।
ज्ञानलवदुर्विदग्धं ब्रह्मापि नरं न रञ्जयति॥

(દોહરા)

સહેલો છે સમજાવવો, મહામૂરખ જગમાંહ્ય।
એથી પણ સહેલી રીતે, સમજુ સમજાવાય;
પણ અલ્પજ્ઞાની અને અર્ધદગ્ધ જે હોય,
બ્રહ્માથી પણ તેમનું, સમાધાન નવ હોય.

આડંબરી અતિરેક

શ્રી મોહનલાલ દી. ચોકસી

હિંદી સાપ્તાહિક ધર્મયુગના માર્ચ અંકમા 'ભારતના કલાકેન્દ્રો' નામા શ્રી અનિલકુમારે એક સુંદર લેખ લખ્યો છે. એમાનો નિમ્ન ફકરો અહી એટલા સારુ ઉદ્ધૃત કરવામા આવેલ છે કે જેથી આપણે જૈનો એક કાળે શિલ્પ–કળા–સાહિત્ય આદિના પૂજકો, પ્રશંસકો, અરે એ સુપ્રમાણમા વિસ્તારે એ માટે વિપુલ દ્રવ્ય ખરચનારા તરીકે ખ્યાત હતા, તેઓ આજે આડંબર ને ઉપરછલ્લા દેખાવોમા કેટલી હદે ઉતરી પડ્યા છીએ તેનો કંઈક ખ્યાલ આવે

"હિન્દુ બૌદ્ધ, ઔર જૈનોંકે મન્દિર કેવલ ધર્મ કે કેન્દ્ર નહી થે, વે કલા કે કેન્દ્ર ભી થે. સંસ્કૃતિ કા સંદેશ સિંહાસન કે આસપાસ નહી, ઇન મન્દિરો મે ગૂંજા કરતા થા શિલ્પ, નૃત્ય, સાહિત્ય, ઔર સંગીત કલા ઓંકા વિકસિત રૂપ ઇન પુરાતન મંદિરો કે આસપાસ દીખ પડતા હૈ ઉદયગિરિકી બૌદ્ધકાલીન ગુફાયે (ઇસા પૂર્વ દૂસરી સદી) ખંડગિરિ કે જૈન મન્દિર તથા કોણાર્ક કા ધ્વસ્ત સૂર્યમંદિર ઉત્કલ કે મહાન હૈ. યે મંદિર ઔર ગુફાયે ધાર્મિક એવં પુરાતત્વવેત્તાઓ કે લિએ સમાન આકર્ષણ રખતે હૈ જૈન બૌદ્ધ શૈવ ઔર વૈષ્ણવ આરાધકો કે લિએ ઉત્કલ કે મંદિર સમાન મહત્ત્વ રખતે હૈ"

આજે આપણે કેટના કળાપૂજક રહ્યા છીએ! સંસ્કૃતિના આ અનુપમ ધામોમા–પ્રભુ, વીતરાગ ભગવંતની સામે જ ધમાચકડી ને ઘોંઘાટવાળી પૂજન વેળા કરીએ છીએ! રાગ દ્વેષ કે કષાય ઓછા કરવાનો એ ભગવંત પાસેથી બોધપાઠ ગ્રહણ કરવાને બદલે દ્રવ્યના જોરે, જાતજાતની આશાતના અને નિયમભંગ કરતા અચકાતા પણ નથી! ભક્તિના અતિરેકમા પુષ્પો એ વનસ્પતિકાયના જીવો છે. એની કિલામણા ન કરાય, એ ઉમદા શિક્ષાને તો સાવ વિસારી મૂકી છે! પૂર્વજોની દીર્ઘદર્શિતા વગર દેવમંદિરો અને મૂર્તિઓ ભરાવ્યા જઈએ છીએ! એમ કરવામા પુન્ય છે એ વાત જેટલી સાચી છે તેટલી જ સાચી એ વાત પણ છે કે એ મંદિરોનો સારી રીતે નિભાવ થાય, અને એમા વિરાજમાન કરેલ જિનબિંબોનો યોગ્ય રીતે પ્રબંધ કરવાનો ધર્મ પણ છે જ. મોટા તીર્થસ્થળોમા કે જ્યાં જૈન ઘરનો અભાવ હોય ત્યા પૂજારી રાખવા પડે પણ જ્યા આપણે બારે માસ વસતા હોય ત્યા પણ મંદિર અને ભગવંત પૂજારીના ભરોસે સોંપવા પડે એનો અર્થ શો? કેવળ તૈયારી ટાણે ટિલ્લક કરી આવ્યા એટલે ગંગા નાહ્યા જેવી વૃત્તિ આજે ઘણા સ્થળોમા દૃષ્ટિગોચર થાય છે આ દીવા જેવી વાત નેત્રો સામે આવતી હોવા છતાં નવા જિનબિંબો અને ગુરુમૂર્તિઓ ભરાવ્યા જઈએ છીએ? આવક વધારવાના નામે–માત્ર ગર્ભગૃહમા બિંબ પધરાવી સંતોષ પકડવાને બદલે–બહારના ટાંકા અને ગોખલા પણ ખાલી રાખતા નથી! તીર્થંકર દેવોના યક્ષ–યક્ષણી પણ હવે તો ખાસ કરી સ્થાપના કરવામા આવે છે આશ્ચર્યની વાત તો એ છે કે આ બધી પ્રવૃત્તિ જોર શોરથી એક તરફ ધર્મના નામે–પુન્ય પ્રાપ્તિના નામે–વધી રહી છે અને બીજી તરફ વિદ્વાન્ મુનિપુંગવો કે સૂરિપુંગવો પ્રતિષ્ઠા કરતી વેળા ભગવંત શ્રી મહાવીર દેવનો સંવત લખાવવાનુ પણ લક્ષ્ય રાખતા નથી! પૂર્વકાળની મૂર્તિઓ પર ભરાવનારના શ્રેયાર્થે જેવા ઉલ્લેખો અને કયા ગચ્છના મુનિપુંગવે, કયા રાજવીના સમયમા પ્રતિષ્ઠા કરાવી તે વિગત હોય છે એમાં

પલ્લીઓની ભરમાર જણાતી નથી, પણ આજે તો લાંબા ઉલ્લેખમાં મળતી જ વાતો જોવાની મળે છે।

ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પ્રવાસ કર્યો એમ રાજસ્થાનમાં પણ થયો છે. સરખામણી કરતા જોવામાં આવ્યું છે કે કળા-શિલ્પઆદિની નજરે જે અપૂર્વ વારસો પૂર્વજો તરફથી આપણને રાજસ્થાનમા મળ્યો છે એના પ્રમાણમા ગુરૂઅતના સ્થાનોમાં અર્થાત્ આપણા ઘર આગણે એમાંનું અતિ અલ્પ છે. સૌરાષ્ટ્ર શત્રુંજય-ગિરનાર જેવા તીર્થોના કારણે ગૌરવ લઈ શકે છે તેમ કળા-કારીગરી ને સ્થાપત્યની નજરે આબુ, રાણકપુર, જેસલમેર, કાપરડાજી કે મીરપુર-(હમીરગઢ)ને ભુલાય તેમ નથી જ. દુઃખની વાત એટલી જ છે કે રાજસ્થાનમાંના આ ધામો પૂજકોની સંખ્યાના અભાવે જૈનોની વસ્તી જ્યા છે ત્યા પણ મુબઈ, મદ્રાસ કે અન્ય શહેરોમાં ધંધા નિમિત્તે પુરુષવર્ગનો મોટો ભાગ રહેતો હોવાના કારણે અને ધર્મની-જ્ઞાનપૂર્વકની સમજના ઓછાપણાથી-અટુલા પડ્યા જેવા છે। એના યથાર્થ મૂલ્યાંકન કરવાની શક્તિ વર્તમાન કાળના જૈન સમાજમાં રહી નથી. યાત્રિકોની અવરજવર આબુ-રાણકપુર જેવામાં જણાય છે પણ એ ઉદ્દામ જેવી। આથી ઊલટી દશા આપણા તરફ એટલે મુંબઈ, અમદાવાદ આદિ ભાગોમાં જણાય છે. મદિરોની સંખ્યા વધારે પણ કળા-શિલ્પની નજરે થોડા જ જડે. પૂજકોની સખ્યા જરૂર વધારે. એથી કેટલાક મદિરોમા દ્રવ્ય વધી પડતાં હવે એ ભગવાનની આગળ રાખવાના સાધનોમા ખરચાય છે। સિંહાસન-તોરણ તો ચાંદીના પતરે મઢેલા હોય પણ હવે તો એ ધોળી ને પીળી ધાતુના શણગાર સ્થંભો ને કમાડો સુધી પહોંચ્યા છે. એકાદે આવો બનાવ્યા છે તો બીજા છકીગરો બનાવે છે. જીર્ણોદ્ધારમા આઠગણું પુન્ય છે એ વાત વીસરાઈ ગઈ છે અને વહીવટદારોની દૃષ્ટિમા મારાપણાની વૃત્તિ આવી છે. તીર્થંકર ભગવત પ્રત્યેની ભક્તિ જ જો રમતી હોત તો જે ચિત્ર આજે જોવા મળે છે તે બનવા ન જ પામ્યું હોત. આ તો ઇશારારૂપ લખ્યું છે પણ દેવસ્થાન સબધી પ્રશ્ન ખાસ વિચારણા માગે છે.

खादन्न गच्छामि हसन्न जल्पे गतं न शोचामि कृतं न मन्ये ।
द्वयोस्तृतीयो न भवामि राजन् ! किं कारणं भोज ! भवामि मूर्खः ॥

(ઉપજાતિ)

હસી ન હું તો કરું વાત ક્યારે, ચાલી ન ખાવાતણી ટેવ મારે;
કરેલ જે કૃત્ય વદાં કરેથી, કદી ન દેખાડું કદિ મુખેથી;
જ્યાં બે જનો વાત કરે જ કાંઈ, ઊભો રહું ત્યાં કદિ છુપાઈ;
ગઈ વસ્તુનો શોચ કરું ન કાલ, શા માટે હું મૂરખ કે નૃપાલ!

સદાચરણનું વ્યાપક સ્વરૂપ

લેખક: પૂ. મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ

गुणरागी गुणवंते, बहुमन्नइ निग्गुणे उवेहेइ
गुणसंगहे पवत्तइ, संपत्तगुण न मइलेइ ॥

ગુણ આત્મકલ્યાણનું અમોઘ સાધન હોઈ ગુણાનુરાગી આત્મા ગુણી પ્રત્યે હૈયાનો આદર ધરે છે અને નિર્ગુણીની ઉપેક્ષા કરે છે. તેની પ્રત્યે મધ્યસ્થભાવ ધારણ કરે છે. તેની પ્રવૃત્તિ માત્ર ગુણના જ સંગ્રહની હોઈ, તે પ્રાપ્ત ગુણને હાથ લગાડતો નથી.

લોકમાં અનાદરથી બીતું, દીન-દુઃખી લોકોને મદદ કરવી, કોઈના કરેલ ઉપકારને કદિ ભૂલવો નહિ, પણ સમય ઉપસ્થિત થતાં તેના ઉપર પ્રત્યુપકાર કરવા પણ ચૂકવું નહિ અને સારી દાક્ષિણ્યતા રાખવી એ સદાચરણ છે.

સદાચાર માનવના અંતઃકરણને ઔદાર્ય, દાક્ષિણ્યતા, પવિત્રતા, સહનશીલતા, દયા, ભક્તિ, નિર્મળ બોધ, પ્રેમ વિગેરેની લીલાભૂમિ બનાવી દે છે, અને કૃપણતા-હિંસા-કુટિલતા-ઇર્ષ્યા-મત્સર-ક્રૂરતા અને દોષાદિને દૂર ફગાવી દે છે.

લક્ષ્મીના ભોગે સદ્‌ગુણોનો સંચય એ ખરેખર સાચી માનવતા છે. જ્યારે સદ્‌ગુણોના ભોગે ધનનો સંગ્રહ એ તો ચોક્ખી હેવાનીયત છે. ધનમાં શક્તિ છે તે રાજસી, દંભ અને આડંબરની જનની. તે માનવને શેતાન બનાવે છે. જ્યારે સદ્‌ગુણમાં શક્તિ છે તે શુદ્ધ, સાત્વિક, સત્ય ને આદર્શની જનની તે માનવને દેવરૂપ બનાવે છે.

વિદ્યા, વિજ્ઞાન અને કળાના અભ્યાસનું પરમફળ ચારિત્ર જ છે, અને જે પોતાને એકલાને જ નહિ, પણ સહુ સમાજને પણ ગુણદાયક છે. જેનું ચારિત્ર ગુલાબના અત્તરસમું સુવાસિત છે, તે જ ખરું ભણ્યો અને તે જ સાચું ધન કમાયો. ઉજ્જ્વલ ચારિત્ર જ માણસનો દેવદુર્લભ વૈભવ છે. નિર્દોષ ચારિત્ર વિનાનો ગમે તેટલો વૈભવ (બાહ્ય) કેસુડાના ફૂલ જેવો નિર્ગંધ-નિષ્ફળ છે. એ જ વ્યક્તિનું મહોજ્જ્વલ તપ અને પરમબળ અનેકને આકર્ષે છે—નમાવે છે ચારિત્ર વગરનું કેવળ બુદ્ધિબળ વિશ્વાસલાયક નથી, તે અનાચારમાં પરિણમી ભારે અનર્થ પણ કરી બેસે. ચારિત્ર સર્વસ્વ છે. તે વગર બુદ્ધિબળ કે દ્રવ્યસંપત્તિ નિર્માલ્ય અને નિસ્તેજ જેવા દેખાય છે. Chastity is life, sensuality is death. પવિત્રતા એ જીવન છે. જ્યારે વિષયવિકારિતા મરણ: મહાપુરુષોના ચરિત્રો અનુકરણીય દૃષ્ટાંત તેમજ આપણી સ્થિતિનું ભાન કરાવનાર માનસિક દર્પણ છે. આપણે પણ તેવા બની શકીએ. ઠીક જ કહેવાયું છે કે.—गुणाः पूजास्थानं, गुणिषु न च लिंग न च वयः। વશિષ્ઠ પત્ની અરૂન્ધતી સીતાજી માટે કહે છે. તું ગમે તે હો. ભલે સ્ત્રી હો કે પુરુષ. બાળ હોય કે પ્રૌઢ હો, પણ તારામાં ગુણો વિશુદ્ધ છે તેથી મને તારા પ્રત્યે આદર થાય છે. ખરેખર તું ત્રણ જગત્‌ને પૂજ્ય છે. ગુણ જ પૂજા-આદરનું સ્થાન છે, પણ લિંગ કે વય નથી. ગુણીના ગુણ ઉપરનો અનુરાગ મોક્ષનું અવંધ્ય બીજ છે.

કૃપણતા, ક્રૂરતા આદિથી દૂષિત પરિણામવાળો આત્મા નિષ્કલંકપણે ધર્મને આરાધવા સમર્થ થઈ શકતો નથી. માટે તે શુદ્ધ ધર્મને માટે ઉચિત ન ગણાય. The evil passions, rising within the mind; Hard to be overcome, should manfully be fought He who conquers these, is the conqueror of the world. મનની અંદર ઉત્પન્ન થતા દુર્જય દુષ્ટ મનોવિકારોની સામે બહાદુરીથી લડવું જોઇએ. જે

તેમના ઉપર જય મેળવે છે તે ત્રણ ભુવનનો વિજેતા છે: શુદ્ધધર્મને યોગ્ય તો ઔદાર્ય—અક્રૂરતાદિ ગુણવાળો જ હોય શકે. મુક્તિમાર્ગના મુમુક્ષુ પથિક-મુસાફરે પોતાના મનોમંદિરમાં આ વાત સદા કોતરી રાખવી જોઈએ. આ સમજવામાં નીચેનું દૃષ્ટાંત માર્ગદર્શક બનશે.

પૂરાણા સમયમાં સમૃદ્ધિશાળી, વિશાળ, મનોહર અને કિલ્લા આદિથી વિરાજિત નગરીમાં પ્રજાવત્સલ અને ધર્મપ્રેમી કીર્તિચંદ્ર નામે રાજા રાજ્ય કરતો હતો. જે નીતિમાન અને પ્રજારક્ષણમાં તત્પર હોવાથી પ્રજા આનંદ-પ્રમોદમાં પોતાનો સમય પસાર કરતી હતી. તે રાજાને સમરવિજય નામે લઘુબંધુ યુવરાજ હતો.

એકદા વર્ષાકાલમાં રાજમહેલમાં રહેલા રાજાએ નદીમાં ઘોડાપૂર આવેલ દેખી, કુતૂહલતાથી મન ખેંચાતા નદીમાં ક્રીડા કરવા માટે યુવરાજ સાથે એક નાવમાં ચઢ્યો. બીજા લોકો બીજી હોડીઓમાં આરૂઢ થયા, તેઓ નદીમાં જેવા ક્રીડા કરવા લાગ્યા, તેવામાં આગળ થયેલ વર્ષાદથી એકદમ જોસબંધ પૂર વધી ગયું. તેથી હોડીઓ જુદી-જુદી દિશાઓમાં વિખરાઈ ગઈ. રાજાવાળી હોડી પૌરજનોના પોકાર વચ્ચે અતિ વેગવાળા તોફાની પવનના ઝપાટાથી નજરથી દૂર ચાલી ગઈ.

તે હોડી કોઈ અટવીમાં ઝાડમાં ભરાઈને અટકી. તેમાંથી રાજા વિગેરે નીચે ઉતર્યા. થાકના અંગે રાજાએ નદીના કિનારા પર જેવો વિસામો લેવા માંડ્યો, તેવામાં નદીના પૂરથી ખોદાયેલી ભેખડના ખાડામાં ખુલ્લું થયેલું મણિરત્નનું નિધાન રાજાની દૃષ્ટિપથમાં આવ્યું. બરોબર જોઈ રાજાએ તે પોતાના ભાઈ યુવરાજને બતાવ્યું. ઝાજ્વલ્યમાન રત્નનો સમૂહ જોઈ, ભાઈનું મન ચલાયમાન થતાં, વિચાર્યું કે 'રાજાને મારી નાખી રાજ્ય અને ખજાનો હું લઈ લઉં,' એમ વિચારી તેણે રાજા ઉપર ઘા કર્યો તે જોઈ નગરજનો પોકાર કરવા લાગ્યા કે; આ શો કેર પ્રવર્ત્યો! રાજાએ બહાદુરી અને સમયસૂચકતા વાપરી તે ઘા ચૂકવી દીધો. રાજા આકરે અને ઉદાર મનવાળો હોઈ સ્વસુખથી

યુવરાજને ઝાલી રાખી બોલ્યો; "ભાઈ! તેં સ્વકુળને અઘટિત એવું વિપરીત કાર્ય કેમ કર્યું. સમર! તારે રાજ્ય કે આ નિધાનની જરૂર હોય તો ઘણી ખુશીથી લઈ શકે છે, જેથી અમે ચિંતામુક્ત થઈ પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રયાણ કરીએ." તે સાંભળી વિવેકહીન અને ક્રોધના પરિણામનો અનભિજ્ઞ સમર જોર કરી રાજાથી વેગળો થઈ ગયો. "જ્યાં અંગે સગા ભાઈઓ પણ નિષ્કારણ આમ વેરી બની જાય છે તેવા નિધાનનું મારે પ્રયોજન નથી." એમ વિચારી રાજાએ આંઈને છોડી પોતાની નગરી તરફ પ્રયાણ કર્યું.

હવે સમર પ્રચંડ પાપોદયથી સામે પડેલ તે રત્નનિધિ ન દેખી શકવાથી મનમાં વિચારવા લાગ્યો કે, 'નિઃશંક રાજા તે લઈ ગયો છે.' પછી તેણે બહારવટું ખેડવું શરૂ કરી ભાઈના દેશમાં લૂંટ ચલાવવા માંડી. જ્યારે તેને પકડીને રાજા પાસે અધિકારીઓએ રજૂ કર્યો ત્યારે રાજા તે માફી બક્ષી. રાજ્યનું અર્પણ કરતું તે ચિંતવવા લાગ્યો કે, 'કોઈનું આપેલું લેવામાં બહાદુરી નથી પણ સ્વભુજબળથી લેવામાં.' બહારવટામાં કોઈ વખત રાજાના શરીર ઉપર ધસી જતો; કોઈ વેળા ખજાનો લૂંટતો, કોઈ વેળા દેશને લૂંટતો અને પકડાતો છતાં રાજા તેને વારંવાર માફી બક્ષી રાજ્ય લેવા વિનવતો.

આ પરિસ્થિતિથી લોકમાં ચર્ચા ઉદ્‌ભવી કે ભાઈ-ભાઈમાં તફાવત કેવો હોય છે. એક દાઝતો દુર્જન નિવડે છે જ્યારે બીજો નિરૂપમ સજ્જનતા ધારણ કરે છે.

હવે રાજા વિરક્ત બની ઉદાસીનતામાં દિવસો પસાર કરતો હતો, તેવામાં પ્રવરદાની મહાત્મા પધાર્યા. રાજા આનંદ પામી સપરિવાર વંદનાર્થે તેમની પાસે આવ્યો. ધર્મદેશના સાંભળતા અવસરે ભાઈના ચારિત્ર સંબંધી પ્રશ્ન કર્યો. તે અંગે મહાત્માએ ફરમાવ્યું કે:—

પૂર્વભવે તમે સાગર અને કુરંગ નામે ભાઈઓ હતા. સાગર સોમ અને પરિમિતની સંજ્ઞાથી પરાભવ પામતો જ્યારે કુરંગ તે ઉપરાંત ક્રૂરતાથી. બન્ને ભાઈઓએ

વેપાર ખેડવા માલ લઈ દેશાંતર પ્રયાણ કર્યું. માર્ગમાં તેમનું ઘણું ધન લૂંટાઈ ગયું. જે કંઈ થોડું બચ્યું તે લઈ નગરમા આવી પહોંચી, દુકાન માંડી. વેપાર કરતા અતિકષ્ટે બે હજાર સોનામહોર પેદા કરી, છતાં તૃષ્ણા નહીં પડતા અનેક કર્માદાનનો વેપાર આરંભી ક્રોડ સોનામહોર મેળવી તો પણ લોભસાગરની પર વશતાથી ક્રોડ રત્ન મેળવવા ધનમાલ વહાણમા ચડાવી રત્નદ્વીપ પ્રત્યે પ્રયાણ કર્યું તેવામાં ક્રૂરતાના કારણે કુરંગને વિચાર આવ્યો કે, 'ભાગીદાર ભાઈને મારી નાખી સઘળું દ્રવ્ય સ્વાધીન કરૂં. કારણ જગમા ધનવાનજ સુજન ગણાય છે. લાગ જોઈ કુરંગે પોતાના ભાઈને ધક્કો મારી સાગરમા નાખી દીધો, જે અશુભધ્યાને મરી ત્રીજી નરકમા નારક થયો. જ્યારે ભાઈનું મૃતકાર્ય કરી હૃદયમાં રાજી થઈ થોડે દૂર જતાં વહાણુ ભાંગી ગયું, લોકો અને માલ ડૂબી ગયો, પણ કુરંગને પાટિયું મળી જતા જેમ તેમ કરી ચોથે દિન દરિયાકિનારે આવી ચડ્યો. એટલો દુ:ખી થવા છતાં તે વિચારવા લાગ્યો કે હજી પણ ધન કમાઈને ભોગ-વિલાસ કરૂં, એમ વિચારી વનમાં ભટકતાં તેને સિંહે મારી નાખ્યો, જેથી તે નરકે ગયો. પછી બન્ને સંસારમાં પરિભ્રમણ કરી સિંહ થયા, જે એક ગુફા અંગે યુદ્ધ કરી ચોથી નરકે ગયા ત્યારબાદ સર્પ થઈ એક નિધાન માટે યુદ્ધ કરતા મરી પાંચમી નરકે ગયા. ત્યાંથી નીકળી કેટલુંક પરિભ્રમણ કરી એક વાણીયાની સ્ત્રીઓરૂપે થયા, જે પોતાના પતિના મૃત્યુ બાદ પૈસા માટે લડી છઠ્ઠી નરકે ગયા પાછા ભવભ્રમણ કરી એક રાજાના પુત્રો થયા, જે રાજ્ય માટે કલહ કરતા મરી સાતમી નરકે ગયા

આમ દ્રવ્ય માટે તેમણે અનેક વેદનાઓ સહી, પણ કંઈ દાન કર્યું નહિ કે કંઈ ભોગવ્યું નહિ. બાદ કોઈ ભવમા હે રાજન્! તેઓએ અજ્ઞાન તપ કરવાથી સાગરનો જીવ તું રાજા થયો છે. કુરંગનો જીવ તારો ભાઈ થયો છે. પછીનો સમરનો વૃત્તાંત તો તું જાણે છે હજી ચારિત્ર લીધા પછી પણ તે તને એક વાર વિઘ્ન કરશે ત્યારબાદ ક્રૂરતાથી જીવમાત્રનું અહિત કરતો અનંત દુ:ખોથી શરીર બાળતો અનંત સંસાર રઝળશે.

એમ સાંભળી વૈરાગ્ય પામી રાજાએ ભાણેજને રાજ્ય સોંપી પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રયાણ કર્યું: શાસ્ત્રાભ્યાસ કરી તપથી કાયા શોષવી એકલ વિહાર અંગીકાર કર્યો. નગર બહાર કાયોત્સર્ગે રહ્યા, તેવામા પાપિષ્ટ સમરે ત્યાંથી ક્યાંક જતા તેને જોઈ વૈર સંભારી ને ગળા ઉપર તલવાર ફેરવી દીધી, જેથી મુનિ પૃથ્વી ઉપર પડી ગયા. છતાં ચિંતવવા લાગ્યા કે 'અજ્ઞાનના કારણે નરકમા, અનંતીવાર વેદનાઓ સહન કરી છે. તિર્યંચગતિમાં પણ અનેક પ્રકારની અસહ્ય પીડા સહન કરી છે અલ્પપીડામા તું વિષાદ ન કર. દરિયો તરી ખાબોચીઆમા કેમ ડૂબે? વિશુદ્ધ મન રાખી સર્વ જીવોમાં ક્રૂરભાવનો ત્યાગ કર અને ઘણા કર્મક્ષય કરવામા સહાય કરનારો તારો લઘુબંધુ સમરવિજયમાં તો સવિશેષ ક્રૂરભાવનો ત્યાગ કર પૂર્વે પણ ક્રૂરતાદિ તે નથી કરી તેથી તું અહીં ધર્મ પામ્યો છે' એમ ચિંતવતા તે પાપનિવારણ સાથે પ્રાણનો ત્યાગ કરી આઠમા દેવલોકે ગયા જ્યાંથી મહાવિદેહમાં એક ભવ કરી મુક્તિ પામશે.

આત્માની નિરાવરણ સ્થિતિ એ જ આત્માનો મોક્ષ છે. એ સ્થિતિ પ્રકટતાં શાશ્વત પરમશાંતિ પ્રાપ્ત થાય છે. આર્યસંસ્કૃતિમાં તે સ્થિતિ જીવનનું પરમ ધ્યેય કે પ્રયોજન મનાય છે. તેનો માર્ગ બતાવવામાં પરમ કારુણિક પ્રાચીન સંતોએ કંઈ કચાશ કે ખામીના રાખી નથી બધાએ આસ્તિક દર્શનોની તત્ત્વ વિચારણા એનું મુખ્ય ધ્યેય અને પ્રાણીઓનું મુખ્ય પ્રાપ્તવ્ય સુખજ હોઈ તેની સિદ્ધિના એક મંત્ર સાચો માર્ગ તરીકે ન્યાય નીતિ, સચ્ચાઈ, સૌહાર્દ તેમજ સંસ્કારના સદ્‌ગુણો આદિથી જીવનને સંસ્કારિત બનાવવાની બધાએ સત્પુરૂષોએ એક અવાજે ઘોષણા કરી છે જીવનની સફળતા કે પાર-માર્થિક સુખસપન્નતા એ માર્ગ સિવાય શક્ય જ નથી.

શરીરધારી બધા જીવો પોતાના મૂળ સ્વરૂપમા પરમાત્મા છે. કિન્તુ અવિદ્યા તથા મોહના આવરણોથી

આસક્ત હોવાના કારણે ભવચક્રમાં ભટકી રહ્યા છે આપણે લોકથી ડરીએ છીએ પણ પરમાત્માથી ડરતા નથી. આ લોકનો જેટલો આપણને ભય છે તેટલો પરલોક કે પરમાત્માનો નથી. ડર રાખો તો પાપનો, પરમાત્માનો અને પરલોકનો રાખજો

મનુષ્ય સમાજ ગુણગ્રાહ્ય-સૌજન્ય ભૂમિ પર વિહરવા લાગે તો એનું ઐહિક જીવન ખૂબ સ્વાસ્થ્યવાળું બની શકે છે. અને તે ઐહિક રૂડા જીવનના પ્રતાપે પરલોક પણ સારો સુખાઢ્ય જ મળવાનો. માનવતાનો વિકાસ એ જ ધર્મ, એ જ સ્વર્ગ અને એ જ મોક્ષ. માનવતાને ઉચ્ચતમ ભૂમિકા સુધી વિકસાવવા જેટલું મહાન પૌરુષ દાખવી શકે છે, તે મહદંશમાં આ દેહે જ પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.

ગુણ જોનાર માણસ સદ્‌ગુણી થાય છે, દોષ જોનાર દુર્ગુણી બને છે. કારણ જેની ભાવના ગુણ જોવાની છે, તેનું અંતઃકરણ ગુણોનું જ મનન કરે છે, તેનું જ શોધન કરે છે અને તેથી તેનામાં સદ્‌ગુણો નિવાસ કરીને રહે છે. જ્યારે જેની ભાવના દોષ જોવાની છે તેનું અંતઃકરણ દોષોનું જ મનન કરે છે, તેનું જ શોધન કરે છે અને તેથી તેનામાં દોષો જ નિવાસ કરીને રહે છે જે ભાવનામાં જેનું મન વાસિત થાય તેમાંથી તે જ ભાવનાની સુગંધ કે દુર્ગંધ નીકળવાની જ, માટે ગુણગ્રાહી થવું. ચાળણી જેવા ન થતાં કીડી જેવા થવું.

The heights by great men reached and kept were not attained at a single flight, But they worked when others slept. મહાપુરુષો જે ઊંચા સ્થાને ચડ્યા છે અને ટકી રહ્યા છે, તે કાંઈ એક કૂદકે ચડ્યા નથી જ્યારે દુનિયામાં મનુષ્યો ઘોર નિદ્રાનાં ઘોરતા હતા ત્યારે પણ તેઓ કર્તવ્યમાર્ગે ચઢવા પોતાનો પથ કાપતા જ રહ્યા હતા ભગીરથ પ્રયત્ન વિના ચાલુ સુખ આપોઆપ મળશે એવો ખ્યાલ સ્વપ્નમાં પણ લાવવાનો નથી આ માટે તો આળસ કે પ્રમાદ દૂર થવા જોઈએ. આત્મિક વિશુદ્ધિને અટકાવનાર વિચારો અને આચારોને જલાંજલિ આપવી જોઈએ આત્મ-સત્તાગત વિશુદ્ધિને લક્ષમાં રાખી તેવા વિશુદ્ધ થવા વિભાવોનું વિસર્જન થવું જોઈએ.

આ દૃષ્ટાંતથી સૌ સમજી શકે કે મત્સરાદિથી દૂષિત અને અપકાર કરવામાં નિરંતર તત્પર એવા સમરવિજયની કેવી દુર્દશા થઈ અને અપકાર ઉપર ઉપકાર કરવામાં તત્પર કીર્તિચંદ્રની કેવી સદ્‌ગતિ થઈ. આથી સદાચરણ અને દુરાચરણનું વ્યાપક સ્વરૂપ સારી રીતે સમજાય છે.

અન્યનું બૂરું કરવાની વૃત્તિવાળા મનુષ્યનું પોતાનું જ બૂરું થાય છે. જીવનપથ ભૂલેલા પવિત્ર સ્થાનને પણ અપવિત્ર સ્થાન બનાવી મૂકે છે. ત્યાગના ધામને પણ ભોગનો અખાડો બનાવી નાખે છે અને વૈરાગ્યના સાધનોને પણ ઉપહાસનું સાધન માની લે છે, અને પોતાની બરબાદી નોતરે છે, માટે સૌ સદાચરણપરાયણ બનો, એ જ મંગલ કામના

❁

वने कुरंगास्तृणधान्यभुक्ता बुभुक्षिता घ्नन्ति कदा न जीवान् ।
एवं कुलीना व्यसनाभिभूता न नीतिमार्गं परिलंघयन्ति ॥

ઉપજાતિ

ભૂખે ભલે ત્રિપકથી પ્રાણ જાય, હરિણ ના હિંસક તોય થાય,
આવી પડે સાધુ ભલે અપાયે, છોડે ન નીતિ તદપિ જરાએ

જીવનમાં પ્રેમ અને ઓજસ્‌નું મહત્ત્વ

લેખક—શ્રી અચુત મ ઘાટલીયા

જેમ સાકરમા ગળપણ છે, તેમ પ્રેમમા આનદ છે. મોઢામા સાકરનો ટુકડો મૂકતા જેમ ગળપણનો સ્વાદ આવે છે, તેમ, પ્રેમીને પોતાના પ્રેમીના સ્મરણમા પણ આનદનો અનુભવ થતો હોય, છે. સર્વોત્તમ આનદનો અનુભવ ઈશ્વરને પ્રેમ કરવાથી પ્રાપ્ત થાય છે

જ્યા પ્રેમનો જેટલો વિશુદ્ધ પ્રકાશ હોય છે તેટલુ જ આકર્ષણ થાય છે. માતામાં, પિતામા, સ્ત્રીમા, પુત્રમા, મિત્રમા, સહયોગીમા આકર્ષણનો આધાર પ્રેમ તત્ત્વ છે પ્રેમ જ એકમીજાનો યોગ કરી આપે છે

આજે જીવસૃષ્ટિમા જે ગતિ દેખાઈ રહી છે તે પણ પ્રેમ અને આનદની પ્રાપ્તિ માટે તેમનો પ્રયત્ન ? એક મત્ર પ્રેમરૂપ પરમત્મા સાથે યોગ થાય તે માટે જીવ માત્ર પ્રયાસ કરે છે

બાળકને શી રીતે સમજાય કે સ્ત્રીસુખ કેવુ હોય ?, સસારના વ્યવહારુ માનવીઓને ઈશ્વર પ્રત્યેના પ્રેમથી પ્રગટતા પરમાનદનો પરિચય શી રીતે આપવો ? પરમાત્માની અનત શક્તિની સમજણ પણ પ્રાપ્ત થવી મુશ્કેલ છે

સર્વોત્તમ આનદ અનુભવવા માટે સર્વોત્તમ પ્રેમ જોઈએ માનવી વિશ્વના સર્વ જીવો પ્રત્યે જો સર્વોત્તમ ભાવથી પ્રેમ કરે તો સ્વાભાવિક રીતે તેનામા મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય પ્રગટે. પરિણામ રૂપે પોતે આતર શાન્તિ અને સાત્ત્વિક આનદ અનુભવે.

સદ્ધર્મ ધ્યાનમા સારી રીતે જોડાવા માટે શ્રી જિનેશ્વરોએ મૈત્રી પ્રમુખ ચાર શ્રેષ્ઠ ભાવનાઓ કહેલી છે

જગતના સર્વ જીવોનુ હિત ચિતવવુ તે મૈત્રી ભાવના છે તેનુ હિત કરવાનો જેનામા ગુણ છે તેનો પક્ષ કરવો તે પ્રમોદ ભાવના છે દુઃખી પ્રાણીઓના દુઃખ મટાડવાની ઇચ્છા (બુદ્ધિ) તે કરુણા ભાવના છે દુષ્ટ બુદ્ધિવાળા જીવોના ઉપર પણ રાગદ્વેષ રહિત પણે વર્તવુ તે માધ્યસ્થ (ઉપેક્ષા) ભાવના છે.

ધર્મના આદેશો આવા ગુણો કેળવવા માટે છે.

વર્તમાન દુનિયામા ધન-સત્તાની કિંમત વધી છે પ્રેમની કિંમત ઘટી છે માનવહૃદય સકુચિત થયુ છે અને પ્રેમનો વહેવાર કઠીન થતો જાય છે નૈતિક ધોરણ નીચુ જાય છે માનવી માનવી વચ્ચેના વ્યવહારમા પણ પ્રેમનો દુષ્કાળ વર્તાય છે.

પ્રત્યેક ધર્મમાં અહિંસા, સત્ય, સદાચાર, સેવા, વગેરેના નિયમોના પાલનથી પ્રેમ દ્વારા વ્યક્તિના નૈતિક બળ ઉપર ભાર મૂકવામા આવ્યો છે, પરતુ આજે રાજકર્તાઓ, અધિકારીઓ તથા પ્રજાનો મોટો વર્ગ નૈતિક બળની ઉપેક્ષા કરે છે તેઓ બાહ્ય રચનાને આન્તરિક રચના કરતા વધુ મહત્ત્વ આપતા હોય છે ધર્મના નામે અગત સ્વાર્થ સિદ્ધ કરનારાથી તેઓની ધર્મ અને ઈશ્વર ઉપરની શ્રદ્ધા ઉઠી જાય છે

ધર્મના આદેશો તો પ્રજાનુ નૈતિક જીવનધોરણ ઊચુ લઈ જનારા છે. પ્રજાનુ નૈતિક ધોરણ ઊચુ લાવવાની રાજકર્તાઓની પણ જવાબદારી છે આજના અધિકાર વર્ગની અને પ્રજાજનોની ઈશ્વર પ્રત્યેની, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ઓસરતી જાય છે એક વર્ગ તો નૈતિક તેમજ આધ્યાત્મિક બળની ઉપેક્ષા કરે છે. તથા

પ્રેમથી અન્યનું હૃદય પરિવર્તન કરી તેને સન્માર્ગે ચઢાવવાની સાધુ–સંતોની રીતને હાસ્યાસ્પદ ગણે છે

જો શાસન કરનારાઓ પ્રજાનું કલ્યાણ ઇચ્છતા હોય તો તેમણે પ્રજામા આધિભૌતિક, આધિદૈવિક તથા આધ્યાત્મિક શાંતિ કેમ સ્થપાય તે માટેના પ્રયત્નો કરવા જોઇએ આજે માત્ર આધિભૌતિક અશાંતિની ઉપેક્ષા કરવાથી આંતરિક અશાંતિ વધી છે પ્રજામા આધ્યાત્મિક શાંતિ સ્થાપવા માટે શાસન કરનારાઓએ જ્ઞાની મહાત્માઓની, સાધુસંતોની, ધર્મગુરુઓની સહાય જરૂરી છે. જેમ ઘર બાંધવા માટે ઇજનેરની સહાય જરૂરી છે તેમ પ્રજાના આધ્યાત્મિક કલ્યાણના માર્ગો યોજવા માટે જ્ઞાની મહાત્માઓની સહાય જરૂરી છે પ્રાચીન ભારતના રાજાઓ ગુરુઆજ્ઞાને મસ્તકે સ્થાપતા, વહેવારુ જીવનમા માતાપિતાદિની જેવી રીતે આવશ્ય કતા છે, તેવી રીતે આધ્યાત્મિક શાંતિ માટે સદેવ અને સુધર્મની અનિવાર્ય આવશ્યકતા છે

આપણે ન ભૂલીએ કે બુદ્ધિબળ કરતા આત્મિક બળ અનંતગણું શક્તિશાળી છે અને આ આત્મિક બળ અન્યની સેવાથી તથા કલ્યાણના માર્ગો કરવાથી પ્રગટે છે. આવા સત્કાર્યો આપણી ફરજ સમજી પરમાત્માના સ્મરણપૂર્વક કરવા જોઇએ જો આપણે પરમાત્માને વિસરશુ તો 'હુ સેવાનુ કાર્ય કરી રહ્યો છુ.' તેવો અહંકાર આવી જશે.

જેમ બાળકને મોટા થયા પછી રમકડામા આનંદ આવતો નથી તેમ જો આપણે પણ મોટા થઇએ, આપણા હૃદયને વિશાળ બનાવીએ, વિશ્વના સર્વ જીવો પ્રત્યે પ્રેમ વિકસાવીએ, તો પ્રાપ્ત થતા પરમ આનંદ પાસે અન્ય સર્વ આનંદો તુચ્છ લાગશે.

આધ્યાત્મિક શાંતિ થયે આધિદૈવિક અને આધિભૌતિક શાંતિ પણ પ્રાપ્ત થશે

જીવનમા શાંતિ અને સુખ પ્રગટાવવા માટે સાત્વિક ઓજસ વધારવાની સમજણ અગત્યની છે

ભારતના પ્રાચીન આયુર્વેદ શાસ્ત્રોમા 'ઓજસ' સબંધી ઉલ્લેખો છે

સુશ્રુતસંહિતામા ઓજસનુ મહત્વ દર્શાવતા કહ્યું છે કે,

ओजः सौम्यात्मकं स्निग्धं शुक्लं
शीतं स्थिरं सरम्।
विविक्तं मृदु मृत्स्नं च
प्राणायतनमुत्तमम्॥ (२१)

ઓજસ સૌમ્ય, સ્નિગ્ધ, સફેદ, શીતળ, સ્થાયી પ્રવાહી રૂપમા છે, એ૪ ગુણયુક્ત કોમળ છે. પ્રાણ તેમા રહે છે (સુશ્રુત-સંહિતા અધ્યાય-૧૫)

"ઓજસ" એ જીવનતત્ત્વ છે. યોગીઓ ઓજસનો સંચય કરીને સિદ્ધિઓ પ્રગટાવે છે. આ ઓજસ શરીરમા વ્યાપેલું છે. ઓજસના નાશથી શરીરનો નાશ થાય છે.

અષ્ટાંગહૃદયમા ઓજસને શરીરસ્થિતિમા કારણભૂત જણાવ્યુ છે.

ओजस्तु तेजो धातूनां शुक्रान्तानां परं स्मृतम्।
हृदयस्थमपि व्यापि देहस्थितिनिबन्धनम्॥३७॥

શુક્ર સુધીના સર્વ ધાતુઓનું તેજ તે ઓજસ છે હૃદયમા રહેવા છતા આખા શરીરમા છે. શરીરની સ્થિતિમા તેજ કારણભૂત છે.

(અષ્ટાંગહૃદયે સૂત્રસ્થાનમ્ અધ્યાય ૧૧ મો)

માનવી ઓજસ કેવી રીતે ગુમાવે છે।

ક્રોધ, માન માયા અને લોભથી રક્ત કે શુક્ર વહી જવાથી, આપણે ઓજસ ગુમાવીએ છીએ. ઓજસ ઓછુ થતા આળસ આવે, ગાત્રો શિથિલ થાય, કંઇ કામ ન ગમે, નિદ્રા ઉડી જાય, દેહ ખૂબ જ ઝડપથી થાકે, દુર્બળતા આવે

ओजः क्षीयते कोपक्षुद्ध्यानशोकश्रमादिभिः।
बिभेति दुर्बलोऽभीक्ष्णं ध्यायति व्यथितेन्द्रियः (२१)

ક્રોધ, ક્ષુધા, ચિંતા, દુર્ધ્યાન, અતિશ્રમ, શોકથી ઓજસનો નાશ થાય છે. ઓજસના ક્ષયમાં શરીરની કાંતિ ફીકી પડી જાય છે મન દુર્બળ બને છે ગાત્રો શિથિલ થાય, દુર્બળતા આવે છે.

(અષ્ટાંગહૃદયે સૂત્રસ્થાનમ્ અધ્યાય-૧૧ મો)

અનંતશક્તિશાળી ઈશ્વરના સ્મરણ ચિંતન દર્શન વડે આપણું ઓજસ વધે છે

ओजोवृद्धौ हि देहस्य तुष्टिपुष्टिबलोदयः ॥ (૪)

ઓજસની વૃદ્ધિમાં શરીરમાં તુષ્ટિ પુષ્ટિને બળની વૃદ્ધિ થાય છે. (અષ્ટાંગહૃદયે સૂત્રસ્થાનમ્ અધ્યાય ૧૧ મો)

જગતના જડ તેમજ ચેતન સર્વ પદાર્થોમાંથી એક સૂક્ષ્મ દ્રવ્ય વહે છે જેને અંગ્રેજીમાં Magnetic Fluid 'મેગ્નેટીક ફ્લુઈડ' કહે છે. આ સૂક્ષ્મ દ્રવ્ય પ્રાણી પદાર્થની જાતિ પ્રમાણે વિવિધ ગુણધર્મવાળું હોય છે.

ચંદન, કપુર ફળ, લીંબો, કાસુ, બિલીપત્ર વગેરે પદાર્થોમાંથી સત્વગુણી ઓજસ દ્રવ્ય વહે છે જે તેનો ઉપયોગ કરનાર માનવીને સાત્વિક બનાવવામાં સહાયક થાય છે, તેથી ભારતના કેટલાક રિવાજોમાં આ પદાર્થોનો ઉપયોગ થાય છે.

સોનું, ચાંદી વગેરે પદાર્થોમાંથી વહેતું સૂક્ષ્મ ઓજસ દ્રવ્ય રાજસને ઉત્પન્ન કરે છે અને તમાકુ, દારૂ, લોખંડ વગેરેના ઉપયોગથી તામસ ઉત્પન્ન થાય છે તેથી સ્ટેનલેસ સ્ટીલના વાસણોમાં લેવાયેલું ભોજન હાનિકારક છે

આવી રીતે માનવીમાં પણ સત્વગુણી રજોગુણી અને તમોગુણી મનુષ્યોના સંસર્ગથી તે તે ગુણો અસર કરે છે સત્વગુણી સંત મહાત્માઓના શરીરમાંથી વહેતા સાત્વિક ઓજસ દ્રવ્યનો લાભ લેવા સત્સંગનો મહિમા ગવાયો છે

આ ઓજસ દ્રવ્ય માનવ શરીરમાંથી અધિક પ્રમાણમાં બહાર નીકળવાના ત્રણ માર્ગ હોય છે. નેત્ર, હાથ અને ચરણ

આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે નજર લાગી ગઈ ને એકાનમેદાન થઈ ગયો. અથવા સાધુ સંતો અને ઈશ્વરની કૃપાદૃષ્ટિ થઈ અને તે સુખી થયો. એવી કઈ શક્તિ આંખમાંથી વહે છે જેની અસર આટલી હોય!

મહાત્માઓના ચરણમાંથી અધિક પ્રમાણમાં શુદ્ધ સાત્વિક ઓજસ દ્રવ્ય વહેતું હોય છે. મહાત્માઓના ચરણસ્પર્શ—ચરણ ધોઈને પાણી પીવાથી, તથા કૃપાદૃષ્ટિથી આ ઓજસ પ્રાપ્ત થાય છે. સાધુ સંતો ભક્તના માથે હાથ મૂકીને તેને સાત્વિક ઓજસનું દાન આપે છે.

ઓજસ દ્રવ્ય સ્ત્રીની ડાબી આંખમાંથી અને પુરુષની જમણી આંખમાંથી વધુ પ્રમાણમાં વહે છે. હાથમાં પણ અનામિકા આંગળીમાંથી વધુ પ્રમાણમાં ઓજસ દ્રવ્ય વહેતું હોય છે એટલે તે આંગળીથી પૂજા કરવાનો રિવાજ, તે આંગળી ઉપર માળા રાખી મંત્રો ગણવાનો રિવાજ; તેમજ લગ્ન સમયે તે આંગળીએ વીંટી પહેરાવવાનો રિવાજ સ્થપાયો છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે ગર્ભમાં ઉત્પત્તિના સમયે અપર્યાપ્ત અવસ્થામાં રુધિર શુક્રના સમીલનથી ઉત્પન્ન થયેલ પુદ્ગલોનો આહાર જીવ ગ્રહણ કરે છે, તેને ઓજાહાર કહેવાય છે. તે આહારમાં જેમ પ્રેમના તત્વો છે તેમ વિશ્વપ્રેમ અને ઈશ્વરપ્રેમ કરવાથી આત્માને બળ, શક્તિ, ઉલ્લાસ, પ્રસન્નતા વગેરે મળે છે તેને ઓજસના આહારની કલ્પમાં આપી શકાય.

મંત્રસિદ્ધિમાં ઓજસ દ્રવ્યનો સમય ઘણો મહત્વનો છે. ભાવ અનુસાર વિચારેલું ઓજસ શરીર બને છે ઓજસ દ્રવ્ય યોગ્ય પ્રમાણમાં પ્રાપ્ત થવાથી કાર્યસિદ્ધિ થાય છે.

આવા ઓજસ દ્રવ્યને વધુ પ્રમાણમાં ભેગું કરવા માટે નીચેની ભાવનાઓ અત્યંત ઉપયોગી છે.

'જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ.'

'જગતના સર્વ જીવોને શાંતિ મળો.'

'જગતના સર્વ જીવોને સુખપ્રાપ્તિ થાઓ.'

આવા સમષ્ટિ બુદ્ધિના ભાવથી આપણો અહંકાર નાશ પામશે; અભિમાન ઓગળશે, રાગદ્વેષ ટળશે. વિશ્વયોગી પરમાત્મામાંથી વહેતો અખૂટ ઓજસ દ્રવ્યનો લાભ મળશે.

ભારતમાં ધાર્મિક રીતે બે વ્યક્તિઓ મળે ત્યારે 'જય જિનેન્દ્ર' 'જયશ્રી કૃષ્ણ' વગેરે બોલવાના રિવાજ પાછળ ઊંડું રહસ્ય રહેલું છે તેથી સર્વ જીવોના હિતનો ભાવ શુદ્ધિ પામે છે. તે માટે 'જય' થાય તેવો ભાવ કરવામાં આવે છે.

આપણે આપણું ઓજસ ધર્મ, સંઘ તેમજ સદ્‌ગુરુદેવની 'જય'માં વાપરવું જોઈએ. કારણ કે તેઓ આપણાં આત્માનું કલ્યાણ થાય તેવી જ વૃત્તિઓ અને તેવું વર્તન કરનારા છે.

સાધુ મહાત્માઓ પોતાનું ઓજસ જાળવવા કામળી તથા બ્રહ્મચર્યનો ઉપયોગ કરે છે, વધારે વખત ખુલ્લી હવામાં રહેવાથી ઓજસ દ્રવ્યનો નાશ થાય છે. તે કારણે ખુલ્લામાં સુવાનો તેમજ ભોજન લેવાનો નિષેધ છે.

બ્રાહ્મણની સ્ત્રી પણ રજસ્વલા થાય ત્યારે તેને મંદિરમાં જવાનો નિષેધ છે. ભારતના પ્રાચીન રિવાજો પાછળ વૈજ્ઞાનિક તથ્યો રહેલા છે. તેની પાછળ સંસ્કૃત તથા તેમનું ગુણું વચ્ચે ટકરામણું ન થાય તથા બન્નેનું હિત થાય તે માટેનો શુભ હેતુ છે.

જેમ હવા ખાવાના સ્ટેશનો મનોરાઓ તાજગી અને સ્વસ્થતા મેળવે છે. સરકાર પણ રેલ્વે કન્સેશન તેમજ અન્ય સુગમતાઓ આપે છે. તેમ તીર્થસ્થાનો આત્મિક શાન્તિ મેળવવા માટે છે; કારણ કે ત્યાં ઓજસ દ્રવ્ય સંઘરાએલું છે.

પ્રજામાં આંતરિક શાન્તિ તેમજ નૈતિક જીવનધોરણ ઊંચું લાવનારા ધર્મના સિદ્ધાંતો જ છે, તેનું શિક્ષણ પ્રજાને આપવાનું શરૂઆત થવું જોઈએ. સ્કૂલ તથા કોલેજોમાં ધાર્મિક અભ્યાસ અવશ્ય કરાવવો જોઈએ.

માનવી પોતાને પ્રાપ્ત ઓજસ દ્રવ્ય સંયમમય જીવનથી ન ગુમાવે. વિશ્વપ્રેમ અને ઈશ્વરપ્રેમવડે પોતાને પ્રાપ્ત ઓજસ દ્રવ્યને શુદ્ધ સાત્વિક બનાવે. ધર્મના નિયમો કુદરતના નિયમો ઉપર રચાયેલા હોય તેના પાલનપૂર્વક પોતાના ઓજસનો સદુપયોગ કરે.

અને આજના શાસન કરનારા આધ્યાત્મિક શાન્તિ તેમજ નૈતિક જીવનનું મહત્ત્વ સમજી પ્રજાનું ઓજસ દ્રવ્ય દુર્વ્યય પામી રહ્યું છે, તેને સાત્વિક કાર્યોમાં વહેતું કરવાના પ્રયાસો કરે.

સાત્વિક ઓજસને પ્રાપ્ત કરવા માટે માનવીને સત્સંગ, સાત્વિક વાતાવરણ, સદાચારનું પાલન, જીવમાત્રના હિતનો ભાવ, દેવમંદિરો, શાસ્ત્રો અને ગુરુની કૃપા સહાયક છે.

ॐ

न जारजातस्य ललाटशृंगम्, कुलप्रसूतस्य न पाणिपद्मम् ।
यदा यदा मुञ्चति वाक्यबाणम् तदा तदा जातिकुलप्रमाणम् ॥

રૂપાંતર

ન નીચને શૃંગ શિરે અથવું, કુલીનને હાથ ન પદ્મ ભાળ્યું;
જેવા વદશે મુખથી જ બોલ, તેવો જ થશે નિજ જાત તોલ.

ભાવનગર—સ્વર્ગારોહણ તિથિ ઉત્સવ

ભાવનગરને આંગણે જેઠ વદ ૩ને રવિવારે બપોરના બાર વાગે ટાઉનહોલમાં ૨૪ યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની ૩૫મી સ્વર્ગારોહણતિથિ શાન્તમૂર્તિ આચાર્યદેવ કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂજ્ય પન્યાસશ્રી સુબોધસાગરજી મહારાજની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવવામા આવી હતી. આ પ્રસંગે પરમપૂજ્ય પંન્યાસ શ્રી સુબોધસાગરજી મહારાજે એક કલાક સુધી સચોટ અને છટાદાર વાણીમા બુલંદ અવાજે યોગી ગુરુદેવશ્રીના બાલ્યજીવન, ગુરુજીવન, સાધુજીવન યોગની સાધના, સાહિત્ય-સર્જન તથા અંતિમ સમયની સમાધિ વિગેરે જીવનની અનેકવિધતા ઉપર સવિસ્તર વિશિષ્ટ વિવેચન કર્યું હતુ. તદુપરાંત મુનિરાજશ્રી મનયવિજયજી મહારાજે તથા મુનિરાજશ્રી મનોહરસાગરજી મહારાજે પણ સુંદર શૈલીમા ગુણગાન કર્યા હતા તથા મુનિરાજશ્રી રાજહંસવિજયજી મહારાજ તથા સંગીતકાર શ્રી ચંદુભાઈ તથા નટુભાઈએ ગુરુગીત ગાયા હતા તથા શાસ્ત્રીજી નર્મદાશંકરભાઈએ પ્રસંગોચિત ગુરુગુણાનુવાદ કર્યા હતા. કૃષ્ણનગર જૈન ઉપાશ્રયે સવારે ૮॥ વાગે શાહ અમીચંદભાઈ પોપટલાલ તરફથી પૂજા ભણાવવામાં આવી હતી આ પ્રસંગે ભાવનગરની જનતામા ઉત્સાહ ઘણો સારો હતો ને સુંદર લાભ લીધો હતો.

મુંબઈ : શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની જયન્તી

અત્રે શ્રી મેઘાનંદજીના પ્રમુખપણા નીચે આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની જયન્તી હિરાબાગમા ઉજવવામા આવતા જુદા જુદા વક્તાઓએ સમયોચિત વિવેચનો કર્યા હતા.

આ પ્રસંગે જનતાએ સારી સંખ્યામા હાજરી આપી હતી

મંત્રી નિમાયા :—શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળામા મંત્રીની ખાલી પડેલ જગ્યાએ શ્રી કાન્તિલાલ જ દોશીની નિમણુંક કરવામા આવી છે.

શેઠ આણંદજી પરસોત્તમ જૈન સાર્વજનિક દવાખાનાનું ઉદ્ઘાટન

ભાવનગરખાતે એક આયુર્વેદિક દવાખાનુ ચલાવવા માટે શેઠ આણંદજી પરસોત્તમના કુટુંબીઓ તરફથી ભાવનગર જૈન સંઘને એક મોટી રકમ આપવામા આવી હતી અને તેમાથી એક આયુર્વેદિક પદ્ધતિએ દવાખાનુ ચલાવવામાં આવતુ હતું આ દવાખાનું એલોપથી શૈલીએ ચલાવવાનુ સંઘને યોગ્ય લાગતા ટ્રસ્ટીઓએ સંમતી આપી અને એ મુજબ દવાખાનાના સંચાલન માટે એક કમિટિ નિયુક્ત કરવામા આવી, દવાખાના માટે અનુકૂળ એવુ એક મકાન તરત તૈયાર કરવામા આવ્યુ અને સૌરાષ્ટ્રના જાણીતા કાર્યકર શ્રી જગુભાઈ પરિખના પ્રમુખપણા નીચે તા ૧૦–૭–૬૦ રવિવારના શ્રી ટાઉનહૉલમાં એક જાહેર સમારંભ યોજીને ગોહિલવાડ જિલ્લાના મુખ્ય મેડીકલ ઓફીસર શ્રીયુત વ્યાસ સાહેબના હસ્તે દવાખાનાની ઉદ્ઘાટન વિધિ કરવામાં આવી

સમારંભ પ્રસંગે, શ્રી કાન્તિલાલ શાહે દવાખાનાનો ઇતિહાસ રજૂ કર્યો, ત્યારબાદ શ્રીયુત દેવેન્દ્ર દેસાઈ, શ્રીયુત ગમ્ભીરદાસ શાહ, શ્રી ભાઈચંદભાઈ શાહ, પ્રસિદ્ધવક્તા શ્રી ચિત્રજી દેવશી, શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ આદિએ સમયોચિત વિવેચન કરતા જાહેર તંદુરસ્તી, ડોક્ટરોનો ધર્મ અને દવાખાનાની ફરજનો ખ્યાલ આપ્યો અને શેઠ આણંદજી પરસોત્તમના કુટુંબીઓને આવી ઉમદા સખાવત કરવા બદલ ધન્યવાદ આપવામા આવ્યા

ત્યારબાદ શ્રીયુત વ્યાસ સાહેબે દવાખાનુ ખુલ્લુ મૂકવાની જાહેરાત કરી, ભાવવાહી સમયોચિત વિવેચન કર્યું. છેવટ શ્રી જગુભાઈએ પોતાની છટાદાર શૈલીમાં પ્રાસંગિક પ્રવચન કર્યું અને શ્રી દીપચંદભાઈએ આભારવિધિ કર્યા બાદ હારતોરાનો વિધિ કરવામાં આવ્યો. છેવટે વિદાયગીત ગવાયા બાદ સૌ વિખરાયા હતા.

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH

ચિત્તની સમતા

જીવન હંમેશાં એકસરખું કદાપિ નહી હોવાનું. પારાસ્વાત, સંયોગ, કાર્યની વિવિધતા, કર્તવ્યના વધતા ઓછા વિકટ પ્રસંગો, તેજ પ્રમાણે આપણી અને બીજાની જરા, વ્યાધિ, મૃત્યુ એ અવસ્થાઓ, ઘરની અને બહારની અડચણો, તો કદી જન્મ-લગ્ન જેવા આપણા કુટુંબના આનંદ ઉત્સવના પ્રસંગો, કદી કઠણ પ્રવાસ તો કદી આરામ, કદી માન અપમાનના સાર્વજનિક પ્રસંગો, કદી સજ્જન સાથે, તો કદી દુર્જન સાથે યોગ. કદી બીજાના તો કદી પોતાના મનની કમજોરી, કદી વસ્તુઓની વિપુલતા તો કદી દુર્ભિક્ષતા. અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, મહાપૂર, રોગચાળો, સુકાળ, દુકાળ, ભૂકંપ. હુલ્લડો જેવા આસમાની સુલતાનીના પ્રસંગો. સારાંશ કદી કાંઈ કદી કાંઈ જેવા સુખદુઃખ યોગ માનવ જીવનમાં ચાલુ હોવાના જ. આ બધામાં પોતાનું ચિત્ત સમ રાખવાનું સાધી શકાય તો જીવનમાં બધું જ સાધ્યું એમ સમજવું.

— કેદારનાથજી

પ્રકાશક:
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૭
અંક
૧૦-૧૧

શ્રાવણ
ભાદરવો
સં. ૨૦૧૬

विसयानुक्रम

૧	પર્યુષણ પર્વ નિમિત્તે પ્રભુ સ્તુતિ	(વિ.)	૧૨૫
૨	પર્વાધિરાજ પર્યુષણપર્વ	(મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)	૧૨૬
૩	પુષ્પ અને પરાગ	(રતિલાલ દીપચંદ દેસાઈ)	૧૨૭
૪	શ્રીમંત અને શ્રીમત્ત	(સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ)	૧૩૨
૫	જીવન અને તત્વજ્ઞાન	(પ્રાધ્યાપક જયંતિલાલ ભઈશંકર દવે)	૧૩૫
૬	માનવતાવાદી સમાજવાદનો આધાર શિલા-અહિંસા	(અનુ. હિંમતલાલ ૨ યાજ્ઞિક)	૧૩૭
૭	શ્રી મહાવીર પરમાત્માનું જીવન	(શ્રી ફતેચંદ ઝવેરભાઈ)	૧૪૧
૮	શ્રાવકપદનો અધિકારી કોણ ગણાય ?	(દેસાઈ વાલજી ગોવિંદજી)	૧૪૪
૯	ચિંતન અને મનન		૧૪૬
૧૦	સમાચાર સાર		૧૪૮

આ વખતનો "શ્રી આત્માનંદ પ્રકાશ" નો અંક શ્રાવણ-ભાદરવાના અંક ૧૦—૧૧ તરીકે પ્રસિદ્ધ થાય છે. એટલે હવે પછીનો આસો માસનો અંક તા ૧૫મી ઓકટોમ્બરના રોજ પ્રસિદ્ધ થશે

તુરત વસાવી લેવા જેવા અલભ્ય ગ્રંથો

ચાતુર્માસ અંગે ખાસ રાહત

ચાતુર્માસ અંગે નીચેના ગ્રથો જો આપની પાસે ન હોય તો તુરત વસાવી લેવા વિનંતિ છે :—

ગુજરાતી-સાહિત્ય

શ્રી પાર્શ્વનાથ ચરિત્ર. પ્રાસંગિક રંગબેરંગી ચિત્રો સહિતનો મહાન ગ્રંથ મૂલ્ય રૂા. ૧૩-૦

કથારત્નકોષ	ભાગ ૧ લો.	" રૂા. ૧૦-૦
કથારત્નકોષ	ભાગ ૨ જો.	" રૂા. ૮-૦

બન્ને ભાગમાં અનોખી ભાત પાડતી નવીન કથાઓનો સંગ્રહ રજૂ કરવામાં આવેલ છે. બન્ને ભાગની કિંમત રૂા. ૧૮ થાય છે. એ મ છતાં બન્ને ભાગના રૂા. ૧૪) માત્ર લેવામાં આવશે

દમયંતી ચરિત્ર	રૂા ૬=૫૦.	**કથાદીપ**	રૂા. ૧=૫૦.
સંઘપતિ ચરિત્ર	રૂા. ૬=૫૦.	**ધર્મ કૌશલ્ય**	રૂા. ૧=૭૫.
શ્રેયાંસનાથચરિત્ર	રૂા. ૭=૫૦.	**જ્ઞાનપ્રદીપ ભા. ૧-૨-૩**	રૂા. ૮=૦૦.

ઉપરના તમામ ગ્રથો પૈકી રૂા. ૭૫થી વધારે કિંમતના ગ્રથો મંગાવનારને ચાતુર્માસ અંગે ખાસ કેસ તરીકે ૨૫ ૦/૦ કમીશન કાપી આપવામાં આવશે અને રૂા. ૭૫થી ઓછી કિંમતના ગ્રંથો લેનારને ૨૦ ૦/૦ કમીશન કાપી આપવામાં આવશે .

લખો :-**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર**



વર્ષ ૫૭ મું] શ્રાવણ-ભાદરવો તા. ૧૫-૮-૬૦ [અંક ૧૦-૧૧

પર્યુષણ પર્વ નિમિત્તે પ્રભુ સ્તુતિ

વસંત તિલકા

નિત્યે સકામી જનના ભયને હરિને,
નિષ્કામ જે જીનવરા કરતા ભવીને;
સંસારી માનવ તણાં ચરિતો સુધારે,
સંસાર સાગર અખિલ તરેજ પોતે.
પોતે સદાય સ્થિરભાવ વિષે રહેતા,
અસ્થૈર્ય ધારણ કરે જ વિહાર કાળે,
તેવા વિરાગી પ્રભુના પદકંજ માંહે,
પર્યુષણે પ્રણમતા ભવિકો સુભાવે;

વિ.

મિચ્છામિ દુક્કડં

ત્રોટક

મન વાણી અને કદિ કાય થકી, કઇ જીવ વિરાધન હોય કર્યું;
રતિ દ્વેષ ધરી કપટી હૃદયે, કદિ આચાર્યું ક્રૂરપણું જ હશે,
અવિનીત બની અપમાન કીધું. શુશ્રૂષા ન કરી ગુરુની મનથી,
શુભ ભાવ વડે જ ખમાવું સહુ, અપકૃત્ય પવિત્ર સુપર્વ મહિ.

વિ.

પર્વાધિરાજ પર્યુષણાપર્વ

(હરિગીત)

પર્વાધિરાજ ગણાય આ, પર્યુષણા સત્ શાસ્ત્રથી
અષ્ટાહ્નિકા ઉત્સવ કરો, ઉત્કૃષ્ટ આત્મિક ભાવથી
તપ જપ અને જિનરાજ પૂજા, કલ્પસૂત્ર શ્રવણ યથા,
ત્રિવિધ ધર્મ પ્રભાવના, વાત્સલ્ય સ્વામીનું તથા. ૧

ઉદ્‌ઘોષણા જ અમારીની, પ્રતિક્રમણ વાર્ષિક નેમથી,
મન વચન કાય થકી કરો, ગુરૂ સાથ ધાર્મિક પ્રેમથી,
મૈત્રી પ્રમોદ કરૂણા અને, માધ્યસ્થ્ય ભાવ વિચારના,
પ્રાણી સકળ છે આત્મવત્, સ્યાદ્વાદદૃષ્ટિ સ્થાપના. ૨

દુષ્કૃત્ય મિથ્યા આપણા, ગત વર્ષના એ રીતથી,
કરીએ પરસ્પર ભ્રાત હે! આત્મિક સહ સ્વભાવથી;
પર્યુષણાયે વિધિથી, આરાધજો ભવિજન તમે,
ઉપદેશ લક્ષ્મીસાગરનો, રસપાન અમૃતસમ ગમે.

ક્ષમાપના

મનથી, તથા તનથી, વચનથી, વેર જે બાંધ્યું ખરે,
હા! હા! ખમાવું હું ખમીને પાપને ખમજો અરે;
વીતરાગ વાણીમાં ધરી, અનુરાગ આ દીલ ઉચ્ચરે,
રજ માત્ર દીલકો ના દુભાવશો મુજ થકી કો અવસરે.

મુનિરાજ શ્રી. લક્ષ્મીસાગરજી મહારાજ

પુષ્પ અને પરાગ

ભગવાન મહાવીરના જીવનના કેટલાક પ્રસંગો

શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

આકાશની જળભરી વાદળી; જરા એની વાત તો સાંભળો !

મહાસાગરનાં અગાધ જળ : કંઈ કેટલાં ખારાં ! કંઈ કેટલાં ડહોળાં ! ન કોઈની પ્યાસ બુઝાવે ! ન કોઈનાં કામ સારે !

આકાશનાં સૂરજ તપે : ધરતી ધખધખે; હવા લ્હાય જેવી બની જાય; સાગરનાં પાણી ખદખદી ઊઠે.

એવે વખતે સાગરનો દેવ કોઈ જોગી-જોગંદરની પેઠે આકરાં તપ-જપ આદરે—પોતાના અંતરની ખારાશને દૂર કરવા; પોતાની કાયાના મેલને પ્રજાળી નાખવા.

કાળ પાકે અને સાગરદેવનાં તપ ફળે. ખારાશ અને મેલના ભારબોજવાળાં પાણી અગ્નિમાં તપી-તપીને હળવાફુલ થાય, અને વરાળ બનીને ઊંચે ઊંચે જાય—કોઈ સિદ્ધ જોગીનો જીવ કાયાના ભાર તજીને ઊંચે જાય એમ.

આકાશનો દેવ રૂના પોલ જેવી એ વરાળોને ઝીલી લે; ઝીલી ઝીલીને એનો સંઘરો કરે; એ જ આકાશની જળભરી વાદળી.

ધરતીનું—સાગરના ખારા ને મેલા જળના બદલામાં મીઠું અને નિર્મલ નીર પાછું આપવાનાં એનાં વ્રત.

એ પોતેય સુખી થાય અને આખી દુનિયાને સુખી કરે. એના દાને ફળ ઊગે, ફુલ ખીલે અને ધરતી ધાનથી ભરી ભરી બની જાય. મહેરામણનાં મોતી પણ આ દાનમાંથી નીપજે.

જેવી આ વાદળી એવા જ આત્માના સાધકો, અવતારી આત્માઓ અને તીર્થંકરો : પોતે તરે અને દુનિયાને તારે ! પોતે ઊંચે ચડે અને દુનિયાને ઊંચે ચડાવે ! પોતે અનંત સુખને પામે અને આખી દુનિયાને અનંત સુખને માર્ગે દોરે !

એવા જ હતા શ્રમણ ભગવાન મહાવીર : પોતે કેટલાં આકરા તપ તપ્યાં, કેટલાં દુઃખો સહન કર્યાં અને અંતરને નિર્મળ કરવા કાયાને કેટકેટલાં કષ્ટોની ભઠ્ઠીમાં તપાવી ! અને છેવટે, મેઘના નિર્મળ અને મીઠા જળની જેમ, એ મહાપ્રભુની અહિંસા, મહાકરુણા અને મહાપ્રજ્ઞાનાં અમૃત સંસારને કેટલી શાતા આપી ગયા !

એ કરુણાસાગર પ્રભુનાં થોડાંક દર્શન કરીએ.

[૧]

સર્યું આવા ચમત્કારથી !

સંસાર તો લોભિયા—ધુતારાનો ખેલ !

અણહકનું મળે ત્યાં સુધી કેડ વાંકી વાળવાનું મન જ કોણ કરે ? એટલે પછી ધુતારાઓ ચમત્કારને નામે, મંત્ર—તંત્રને નામે ફાવી જાય એમાં શી નવાઈ ? ચમત્કારે નમસ્કારનો ખરો ખેલ જામે !

મગધ દેશમાં મોરાક નામનું ગામ.

ગામમાં એક પાખંડી રહે : અચ્છંદક એનું નામ. મંત્ર, તંત્ર અને સિદ્ધિઓની એ કંઈ કંઈ વાતો કરે. લોક તો અજ્ઞાન અને અંધશ્રદ્ધાળુ; ચમત્કારની જરાક વાત સાંભળે કે બધું કામકાજ મૂકીને ટોળે વળી જાય; અને ચમત્કારની નાની

સરખી જ તને સોગણી વધારીને કહે ત્યારે જ એને આનંદ થાય! આમ વાત વા વેગે બધે ફેલાઈ જાય.

દુનિયામા દુઃખિયા, રોગિયા—દોગિયા અને દરિદ્રનો ક્યાં પાર છે! કોઈ તનનો દુઃખી, કોઈ મનનો તો વળી કોઈ ધનનો! વહેમ, વળગાડ અને કામણ—ટૂમણ તો જ્યાં જુઓ ત્યાં ભર્યાં પડ્યાં છે! અને લોભ—લાલચ અને મોહ—મમતાની પણ ક્યાં મણા છે?

આવું હોય ત્યાં પાખંડીની બોલબાલા.

અચ્છંદક તો કંઈ કંઈ રંગ કરતો જાય: ભોળા લોક તે સમજે કે કેવો ત્યાગી અને કેવો યોગી! ન થાય એ કરી બતાવવું એ તો જાણે એનું જ કામ!

અચ્છંદકનો ધંધો તો ધીકતો ચાલવા લાગ્યો.

કાળને કરવું ને ભગવાન મહાવીર મોરક ગામે આવ્યા અને ગામ બહાર રહ્યા.

એમના જાણવામાં અચ્છંદકના ચમત્કારની વાત આવી.

એમણે જોયું કે દિવસે સાધુ—સંત યોગી થઈને રહેતો અચ્છંદક રાતે ન કરવાના કામો કરે છે, ન ખાવાનું ખાય છે અને શેતાનને શરમાવે એવા પાપ આચરે છે.

ભગવાન તો કરુણાનો અવતાર: એમને થયું આમા તો લોકો ડૂબશે, અને અચ્છંદક પણ ડૂબશે.

કંઈક ઉપાય કરવો ઘટે

પણ એમણે જોયું કે ચમત્કાર વગર લોક નહીં માને.

ભગવાન તો ભારે જ્ઞાની: બહારના ને ભીતરના ભાવ એ પળમા જાણી લે! એમણે તો કોઈના મનની વાત કહી-તો કોઈની છાની વાત કહી બતાવી.

લોક તો પાણીના પ્રવાહ જેવું: ઢાળ જુએ ત્યાં દોડવા લાગે. એ તો અચ્છંદકને ભૂલીને ભગવાનની તરફ વળવા લાગ્યું.

અચ્છંદક બહુ અકળાયો. એને તો આકડેથી મધ વેરાઇ જતુ લાગ્યું. એણે ભગવાનને ભોંઠા અને ખોટા પાડવાનો પ્રયત્ન કર્યો, ભય બતાવ્યો, લાલચ આપવામાંય મણા ન રાખી પણ ભગવાન તો એકેયથી પાછા ન પડ્યા.

ભગવનના ચમત્કારની કંઈ ને કંઈ વાતો ફેલવા લાગી.

પણ ભગવાન તો આત્મસાધના કરવા નીકળેલા યોગી; આત્મામાં પરમાત્માને પ્રગટાવવા એમણે રાજપાટ, ધનદોલત અને કુટુંબકબીલો તજેલાં એમને તો અંતરની શુદ્ધિ સિવાય બીજું કશું ન ખપે.

એ તો તરત ચેતી ગયા: ચમત્કારનો માર્ગ તો સાચને ભૂલવાનો અને આત્માને ખોવાનો માર્ગ: એમાં તો આપણેય ઠગાઈએ અને દુનિયાય ઠગાય: ચપટી બોર સારુ હીરાની વીંટી આપી દેવા જેવો એ તો ખોટનો ધંધો!

પહેલા આત્માને તારવો; પછી જ દુનિયાના ઉદ્ધારનો વિચાર કરવો: કલ્યાણનો એ જ સાચો માર્ગ.

ભગવાને મનમા ગાંઠ વાળી: સર્યું! આવા ચમત્કારથી. અને લોકોને સાવધાન કરીને ત્યાંથી બીજે વિહરી ગયા.

કંચન કે કીર્તિની કોઈ કામના એ યોગીને રોકી ન શકી.

[૨]

દુઃખ તો સુખની ખાણ!

અગ્નિમા તપવાનું કષ્ટ સહે તો જ કુંદન સો ટચ શુદ્ધ થવાનું સુખ મેળવે.

પ્રસૂતિની કારમી પીડામાથી જ માતૃત્વનું દિવ્ય સુખ પ્રગટે છે.

મરજીવાને જ મહેરામણ મોતીના દાન કરે!
મહેનત વગર ફળ નથી.
તપ વગર આનંદ નથી.
દુઃખ વગર સુખ નથી.

ભગવાન તો આત્માના કુંદનને ધમવા નીકળ્યા હતા. જે માર્ગે આત્મા વધારે કસોટીએ ચડે એ જ એમનો માર્ગ : ભલે પછી એ માર્ગે જતાં ગમે તેવાં સંકટ આવી પડે.

એક વાર ભગવાને વિચાર્યું : પોતાને ઓળખતા હોય એવા પ્રદેશોમાં ફરવામાં શી વડાઈ? આત્માને તાવવો હોય તો અજાણ્યા પ્રદેશમાં જવું અને જે દુઃખ આવી પડે તે સમભાવે સહન કરવું; તો જ આત્મા રાગ અને દ્વેષના સાણસામાંથી છૂટો થાય, અને વીતરાગપણાને પામે

ભગવાન તો ચાલ્યા લાટ દેશમાં.

એ દેશ પણ કેવો! અને ત્યાંના માનવી પણ કેવાં? ભારે દુર્ગમ એ દેશ અને ભારે ઘાતકી ત્યાંના માનવી! માણસાઈ, દયા કે ભક્તિને તો કોઈ જાણે જ નહીં. વગર વાંકે માર મારે અને વગર કારણે હેરાન કરે!

કોઈકે કૂતરા કરડાવ્યા, તો કોઈએ માર મારીને હાંકી કાઢયા. ખાવાનું પણ ક્યારેક લૂખુંસૂકું મળે તો બહુ સમજવું. ભગવાનના શરીરમાંથી માંસ કાપી લેતાં પણ એમને આંચકો ન લાગતો. એમના ઉપર ધૂળ ઉડાડવી, એમને નીચે પાડી દેવા એ તો એમને મન રમતવાત!

પણ ભગવાન તો બધું સમજીને ત્યાં ગયા હતા. એ જાણે મનને કહેતા : સામે મોંએ ચાલીને આ કષ્ટો માંગી લીધાં છે, પછી પાછા હઠવાનું કેવું?

એમને મન આવાં બધાં કષ્ટો તો અંતરની અહિંસાની કસોટી હતી. સુખમાં તો સૌ અહિંસક રહે; પણ વેદનામાં, વેદના આપનાર ઉપર પૂર્ણ અહિંસક ભાવ રહે તો જ અહિંસાનો અને આત્માનો સાક્ષાત્કાર થાય.

એટલે કષ્ટોના વલોણાથી કાયાનું જેમ વધારે મંથન થતું તેમ આત્મશુદ્ધિનો અમૃતરૂપો ઊંચો આવતો લાગતો.

ભગવાનને મન તો દુઃખ એ સુખની ખાણ જ હતી.

[૩]

ક્રોધનાં કડવાં ફલ

એક વાર ભગવાન વૈશાલીમાં સમોસર્યા.

રાજમહેલમાં વસનારને હવે રાજમહેલ કે હરેલીની કોઈ ખેવના ન હતી. વૈભવ—વિલાસ તો એમને મન બેડીઓ જેવા બની ગયા હતા. અને સુખસગવડતાનો તો એમને કોઈ વિચાર જ આવતો ન હતો.

કોઈને અગવડ ન થાય, કોઈને અપ્રીતિ ન થાય મોહમાયાનું બંધન આડે ન આવે એવી થોડીક જગા મળી એટલે બસ.

વૈશાલી તો કેવી વૈભવશાળી નગરી!

તેમાંય ભગવાનનું તો એ વતન.

પણ ભેખ ધરીને ચાલી નીકળેલાને તો બધી ધરતી સરખી.

ભગવાને એક લુહારના ડહેલામાં ઉતારો કર્યો.

એ ડહેલાનો માલિક લુહાર છ મહિનાથી માંદો હતો. રોગથી હેરાન થઈને એ બીજે ચાલ્યો ગયો હતો.

એ સાજો થઈને પોતાના સગા વહાલા સાથે આજે જ પોતાની કોઢમાં આવ્યો.

અને આવતાવેંત એણે જોયું તો એક મૂંડિયો પોતાના મકાનમાં ઊતરેલો!

એ તો ચિડાઈ ગયો : માંડ મોતના મોમાંથી બચીને, સાજો થઈને, આજે ઘેર પાછો આવ્યો, ત્યાં પહેલાં દર્શન આ મૂંડિયાનાં થયાં! કેવા મોટા અપશુકન!

એનો ગુસ્સો કાબૂમાં ન રહ્યો.

એ તો વજનદાર ઘણ ઉપાડીને ભગવાન તરફ દોડ્યો.

જોનારાં સમજી ગયાં : હમણાં ઘણ જોગીના માથામાં ઝીંકાયો અને હમણાં જ એના સોએ વરસ પૂરાં થયાં સમજો!

એમને તો એમ પણ થયું : સાજા થઈને પાછા ફર્યાનો પહેલે દિવસે જ સાધુ હત્યાનું આ પાતક!

કેવાં ખોટાં અપશુકન !

પણ ખેલાનો ગુસ્સો એટલો ધમધમી ઊઠયો હતો કે કોઈ એને વારી ન શક્યું.

ખરેખરો જીવ સટોસટનો મામલો રચાઈ ગયો.

પણ ભગવાન તો મેરુની જેમ સાવ નિષ્પ્રકંપ હતા. એ તો ન કંઈ બોલ્યા; સમભાવપૂર્વક બેસી જ રહ્યા.

લુહારે ઘણ ઉપાડ્યો . આ પડ્યો કે પડશે !

યોગીપુરુષ શાંતિથી નીરખી રહ્યા.

લુહારની કાયા ક્રોધથી કંપી રહી.

અને લુહારનો હાથ છટકયો : જે ઘણનો ઘા યોગીના મસ્તક ઉપર ઝીકવા તોળાયો હતો, એ લુહારના પોતાના માથા ઉપર જ ઝીકાયો !

માટીના પંજામાંથી માંડ બચેલો બિચારો લુહાર ક્રોધનો કોળિયો બની ગયો !

ક્રોધના કડવા ફળ સૌએ નજરોનજર નિહાળ્યા.

[૪]

આ તો આત્માની શીતળતા !

કડકડતો શિયાળો ચાલે.

માઘ મહિનાનો ઠંડીની જુવાનીનો વખત.

ટાઢ કહે મારું કામ !

હાડ ખખડી જાય, ચામ ફાટી જાય અને લોહી ઠરી જાય, એવી કારમી ટાઢ પડે. જાણે હિમાળો ચાલીને ત્યાં આવી પહોંચ્યો. ભલભલા બળિયાય રાંક બની જાય એવી એ ઠંડી !

આવા શિયાળામાં એક દિવસ ભગવાન શાલિશીર્ષ ગામે પધાર્યા.

સૌ જ્યારે ઘર વાસીને સગડીની પાસે બેસે, ત્યારે ભગવાન ઉઘાડામાં એકાંત ધ્યાનમાં બેસી ગયા. યોગીનું તો જાણે બધું જ દુનિયાથી જુદું . ભોગી ત્યારે એ જાગે; સૌ જમે-રમે અને આનંદ કરે ત્યારે જોગી ઉપવાસ આદરી વૈરાગ્યનો જાપ કરે ! યોગીના મર્મ તો જોગી જ જાણી શકે એવા !

ભગવાન મહાવીર તો સ્થિર આસને ધ્યાનમગ્ન બની ગયા. જાણે બહારની બધી દુનિયા વીસરાઈ ગઈ; અંતરની શુદ્ધિના કંઈ કંઈ ભેદ એ ઉકેલવા લાગ્યા.

જુઓ તો જાણે ધ્યાનદશામાં ખોદેલી અચળ પ્રતિમા !

ત્યાં એક સ્ત્રી આવી.

એણે ભગવાનને જોયા.

પણ અરે, આ શું ? જે દર્શનથી અંતરમાં ભક્તિનાં નીર ઊભરાવાં જોઈએ, ત્યાં આ દ્વેષનો દાવાનલ કેમ પ્રગટ્યો ?

કોઈ જુગ જુગ જૂનો વેરનો વિપાક જાગ્યો હોય, એમ એ સ્ત્રીને ભગવાનને ઉપસર્ગ કરવાનું મન થઈ આવ્યું.

અને એણે તો હિમની શીતળતાનેય વીસરાવે એવું ટાઢું પાણી લઈને ભગવાન ઉપર છાંટવા માંડ્યું.

એ તો જોઈ જ રહી : કેવી મજા ! હમણાં એ જોગીનો જોગ આ પાણીની ધારથી ધોવાઈ જશે, અને એ ચીસ પાડીને નાસી જશે ! ઢોંગી નહીં તો !

પણ ભગવાન તો ક્યારના કાયાની માયા તજી ચૂક્યા હતા.

કાયાના કષ્ટ આગળ રાંક બને એ આત્માનાં દર્શન ન પામે.

એમણે તો જળ છંટકાવને આત્માની શીતળતાની જેમ વધાવી લીધો !

એ છંટકાવને ઝીલીને ભગવાનની જ્ઞાનજ્યોત વધારે તેજથી ઝળહળી રહી.

ધન્ય રે જોગી ! ભલો તારો જોગ !

[૫]

અજ્ઞાનના ઉચ્છેદનાર

આલંભિકા નગરીમાં એક પરિવ્રાજક રહે : પુદ્ગલ એનું નામ. ભારે તપસ્વી અને ભારે સાધક.

હમેશાં બે ઉપવાસને પારણે બે ઉપવાસ કરે;

અને ધોમધખતા બપોરે બે હાથ ઊંચા રાખીને, વૃક્ષની જેમ સ્થિર ભાવે આતાપના લે એનું તપ અને ધ્યાન જોઇ ભલભલાના અંતરમાં ભક્તિ જાગે.

તપ અને ધ્યાનના પ્રભાવે એનો કર્મમળ દૂર થવા લાગ્યો; અજ્ઞાનના પડળ પણ ઉતરવા લાગ્યા.

પુદ્દગલ પરિવ્રાજકને દિવ્યજ્ઞાન ઉત્પન્ન થયું. એને તો બ્રહ્મલોક સુધીનાં વિશ્વનાં દર્શન થવા લાગ્યાં

એને તો દરિદ્રને ધનભંડાર લાધ્યા જેવું થયું. દિવ્યજ્ઞાન લાધ્યાની થોડીક હર્ષ ઘેલછા અને થોડોક ગર્વ: પુદ્દગલે તો માની લીધું કે મારા જ્ઞાનમાં બધી દુનિયા સમાઇ ગઇ! મારે હવે જાણવાનું કંઇ બાકી નથી રહ્યું લોકોને મન પણ એ મહાજ્ઞાની બની ગયા.

એકવાર ભગવાન મહાવીર ત્યાં સમોસર્યા.

ગુરુ ગૌતમ નગરમાં ભિક્ષા લેવા ગયા તો લોકોને મોઢેથી એમણે પુદ્દગલ પરિવ્રાજકના દિવ્ય જ્ઞાનની વાત સાંભળી.

પાછા આવીને એમણે ભગવાનને સાચી વાત પૂછી.

ભગવાને કહ્યું: પરિવ્રાજકનું જ્ઞાન અધૂરું છે. એ માને છે એટલી જ દુનિયા નથી.

પુદ્દગલ પરિવ્રાજક પણ સરળ પરિણામી આત્મા હતો. ભગવાનની વાત એના કાને પહોંચી. એક જિજ્ઞાસુની જેમ નમ્ર બનીને એ ભગવાનની પાસે પહોંચ્યો.

ભગવાને એને કહ્યું: મહાનુભાવ, જાણ્યાનો આનંદ જરૂર માણજો; પણ થોડું જાણીને બધું જાણ્યાના મિથ્યાગર્વમાં અજ્ઞાનને ન ભૂલી જાઓ!

પરિવ્રાજકનું અંતર ઊઘડી ગયું.

એ ભગવાનના ચરણોમાં જ રોકાઇ ગયો.

[૬]

ધર્મ કરે તે મોટો

કાકંદી નગરીનાં ભદ્રા શેઠાણી.

એમનો સાતખોટનો એકનો એક દીકરો; ધન્ય એનું નામ.

ભારે લાડકોડમાં ઊછરેલો.

અપાર સંપત્તિનોએ એકનો એક સ્વામી, એટલે એના લાલન-પાલનમાં પૂછવું જ શું? પાણી માગે તો ઘી મળે!

રૂપ ગુણવતી પત્નીઓ અને અપાર વૈભવ વિલાસમાં એ સુખપૂર્વક રહે છે, અને પુત્રને રાજી રાખવા માતા અડધી અડધી થઇ જાય છે.

પણ એકવાર લોઢાને પારસ સ્પર્શી ગયો.

ભગવાન મહાવીરની વાણી ધન્યના અંતરને સ્પર્શી ગઇ; અને વિલાસમાં સદાકાળ મગ્ન રહેતા ભોગીના મનમાં વૈરાગ્યને માર્ગે જોગી થવાની તાલાવેલી જાગી ઊઠી.

પછી તો વૈરાગ્યના પૂરને ન માતાની મમતા ખાળી શકી, ન મદભરી માનુનીઓની વિનવણીઓ રોકી શકી. મિત્રો અને સ્નેહીઓ પણ મૂક બનીને બેસી રહ્યા.

અને એક દિવસ ધન્ય, અણગાર બનીને, પ્રભુના અંતેવાસી બની ગયા.

વિલાસી વિલાસના નવા નવા પ્રકાર શોધે એમ આ વૈરાગીનું મન પણ સદા વૈરાગ્યમાં આગળ વધવા ઝંખતું હતું.

ધન્ય અણગાર તો આકરા તપને માર્ગે આત્માને ઉજાળવા લાગ્યા.

સંયમ લીધે તો હજુ નવ મહિના જ થયા હતા, પણ તપની સાધના એટલી ઉગ્ર કરી હતી કે કાયા માત્ર હાડચામડાની માળા જેવી બનીને, કાંટા જેવી બની ગઈ હતી.

એક વાર રાજા શ્રેણિકે એ તપસ્વીના દર્શન કરીને ભગવાનને પૂછ્યું: પ્રભુ, આપના ચૌદ હજાર શ્રમણોમાં ધન્ય અણગાર જ મહાદુષ્કર સાધના કર-નાર લાગે છે.

પ્રભુના શ્રમણસંઘમાં તો ગુરુગૌતમ જેવા અનેક જ્ઞાનીઓ અને તપસ્વીઓ હતા. પણ પ્રભુએ તરત જ કહ્યું: રાજન્, તમારી વાત સાચી છે. ધન્ય અણગાર

શ્રીમંત અને શ્રીમત્ત

સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

જ્યારે આપણે શ્રીમંત શબ્દ કે શ્રી-મત્ત શબ્દોનો અર્થ જાણવો હોય ત્યારે આપણને શ્રી શબ્દનો શુ અર્થ થાય છે અને શ્રી શબ્દથી આપણા મનમાં કઇ ભાવના જાગે છે તેનો વિચાર કરવાની જરૂર છે

સામાન્ય રીતે આપણે શ્રી શબ્દથી ધન, દ્રવ્ય અને લક્ષ્મીનો અર્થ લઈએ છીએ. પણ એટલો જ શ્રીનો અર્થ નથી. શ્રી શબ્દથી રાજ્ય વૈભવ, જ્ઞાનનો વૈભવ કે બુદ્ધિનો વૈભવ પણ સૂચિત કરાય છે. કોઇ ફૂલ કે બીજી વસ્તુનું સુંદરપણુ બતાવવુ હોય ત્યારે પણ શ્રી શબ્દ વપરાય છે. મહાન્ પુરુષ કે સ્ત્રીના નામ સાથે શ્રી શબ્દ જોડવાથી તેમના માટે પૂજ્યબુદ્ધિ બતાવવાનો પણ હેતુ હોય છે. અર્થાત્ શ્રી શબ્દ કોઇને પણ બહુમાન આપવા માટે વાપરવામાં આવે છે. આટલુ બધુ છતા સામાન્ય રીતે જેની પાસે ઘણુ ધન ભેગુ થયેલુ હોય છે તેને જ આપણે શ્રીમાન્ તરીકે ઓળખીએ છીએ. જેમ ઘણું ધન ભેગું કરનારને એ શ્રીને લીધે બહુમાન મળે છે, તેમ એજ શ્રીને લીધે શ્રીમત્ત થવાનો પણ ઘણો સભવ હોય છે. તે સભવ કેવો હોય છે તેનો આપણે વિચાર કરીએ.

કોઈપણ વસ્તુનો ગજા ઉપરાત સગ્રહ થાય છે ત્યારે તેનુ પાચન કરવુ મુશ્કેલ બની જાય છે. ભોજન વધુ થાય ત્યારે અપચન થઈ રોગ ઉત્પન્ન થાય છે તેમ વધારે પડતુ જ્ઞાન ભણે તેને પણ તેના જ્ઞાનનુ અજીર્ણ થયેલુ જોવામા આવે છે. અને તેને લીધે તેના વધુ જ્ઞાનના દ્વાર બધ થઈ જાય છે. અધિકારનું પણ એવુંજ પરિણામ આવે છે. અને અંતે અધિકાર નષ્ટ થવાનો પણ પ્રસગ ઊભો થાય છે. મતલબ કે સારી ગણાતી વસ્તુઓનો પણ અતિરેક નુકસાન કારક નીવડે છે. એથી જોવામાં આવે છે કે, જે માણસની પાચનશક્તિ જેટલી પ્રખર હોય તેટલુંજ ભોજન, જ્ઞાન કે અધિકાર તે જીરવી શકે છે. તેથી વધુ મળતા એજ શ્રી કે વૈભવ તેન જ નુકસાનનું કારણભૂત થાય છે. એવે પ્રસગે જ શ્રીમંત એ શબ્દ બદલાઈ શ્રીમત્ત તરીકે થઈ જાય છે. એકાદ દાખલાથી આપણે એ વસ્તુ સ્પષ્ટ પણે સિદ્ધ કરવાનો પ્રયત્ન કરીએ.

દારૂ, ભાંગ વિગેરે માદક પદાર્થોનું સેવન કરનારો માણસ બેભાન થાય છે. ગમે તેવું યદ્વાતદ્વા બકે છે. એના કપડા વગેરે ચુકા અને મલીન થાય છે. એ ગમે તેનો અવિનય કરે છે. એ અસંગત વર્તન કરે છે. એ લજ્જા રહિત થઈ જાય છે. નહી ખાવા લાયક વસ્તુ ખાય છે. એવી અવસ્થામા એ નાગો માણસ છે, એમ લોકો માને છે. એ તદ્દન કપડાં વગરનો નગ્ન હોતો નથી. છતાં લોકો તેને નાગો કહે છે. એવાજ પ્રકારનો મદ શ્રી એટલે લક્ષ્મીનો પણ ચઢે છે. અને જેમ દારૂડીઓ અસંગત બોલે છે, અયોગ્ય વર્તન કરી નાગાઈ કરે છે. અને એને પોતાના મનની તો શું પણ જનની પણ લજ્જા રહેતી નથી. પોતાના ધનના ઉન્માદમાં એટલી હદ સુધી નાગાઈ કરી નાખે છે કે, પોતાના વડીલો કે પોતાથી વધુ જ્ઞાની અને ગુરુની પણ આશાતના કરવામા પાછુવાળી એ જોતો નથી. એવો મનુષ્ય કદાચ ધર્મના આચારો કરતો દેખાય પણ એ બધા નાગાઈ છુપા-

---

જ સર્વ સાધુઓમા મહાદુષ્કર છે.

સો ભગવાનની ગુણગ્રાહક દૃષ્ટિને વંદી રહ્યા અને ધર્મ કરે તે મોટો એ પરમસત્યને અતરમા ઉતારી રહ્યા.

("જૈન યુગ"ના માર્ચ-એપ્રિલના અંકમાથી સાભાર ઉધ્ધૃત.)

વાપરવા માટેજ હોય છે. એમા શકા નથી અધર્મ અને અન્યાય માર્ગે મેળવેલા દ્રવ્યમાથી થોડુ દ્રવ્ય એ ખર્ચે તો પણ એની પાછળનો હેતુ એ પોતાનુ પાપ ઢાકવાનોજ હોય છે એમા શકા નથી. એથીજ અમે માનીએ છીએ કે જેમ છોકરીઓ મદોન્મત્ત થઈ નાચાકૂદ કરે છે તેવીજ રીતે શ્રીમત થએલા માનવોમા શ્રી-મત્ત થએલાઓની સખ્યા ઘણી મોટી હોય છે એના માથી આ જગતમાની બધી વસ્તુઓ પોતાના સુખ માટેજ છે અને હોવી જોઈએ. દેવ અને ગુરુ કે ધર્મક્રિયાનો ઉપયોગ પોતાની શ્રીમતાઈ વધારવા માટે જ થવો જોઈએ એથી વધુ કાઈ સાધ્ય કરવાનુ હોય એ માનવા પણ એવો માણસ તૈયાર હોતો નથી. શ્રી-મત્ત થએલા માણસનો દેવ, ગુરુ અને ધર્મ એ ફક્ત એના ધનમ ગમ મેને હોય; દરેક માર્ગ ... તે ધર્મનુ હોય કે દેવનુ હોય પરિણામે એ ધન આપનારુ હોય તોજ એને માન્ય અને પસદ હોય. ધન પ્રાપ્તિ માટે અધર્મ કરવો પડે, સ્વજનનો દ્રોહ કરવો પડે, ગમે તેવા સત મહાત્માનુ અપમાન કરવુ પડે, કે ઘોર પાપ કરવુ પડે તો પણ એને દુખ કે પશ્ચાતાપ ઉપજે નહી એ માણસ શ્રી-મત્ત થઈ ગયો છે એ નક્કી સમજી રાખવુ જોઈએ' એટલેજ અમે કહીએ છીએ કે, શ્રીમતોના સમુદાયમા શ્રીમત્તોનીજ સખ્યા વધુ પ્રમાણમા હોય છે

જેમ ધનવાનોને ધનમત્ત થવાનો સભવ છે તેમજ અધિકારીને પણ અધિકારમદ ઉત્પન્ન થવાનો સભવ છે એનેજ સત્તામદ કહે છે સત્તા વાસ્તવિક જોતા એટલા માટે મળેલી હોય છે કે, દુખિયાનુ દુખ દૂર કરવુ. જેની ઉપર બીજાએ જુલમ જબરદસ્તી અને અને અન્યાય કરેલો હોય તે અન્યાય દૂર કરવો. અર્થાત રડતાના આસુ લુછવા એ એનુ કાર્ય હોય. પણ જે સત્તા કે અધિકારથી મત્ત થયો છે તેને પોતાની સત્તાનો જ્યારે મદ ચડે છે ત્યારે એને પોતાનો અગત સ્વાર્થ સાધવાનુ મન થાય છે અને પછી એ છોકરીઓની પેઠે નાચતો થાય છે—એની દ્રષ્ટિમા મદોન્મત્તતા તરી આવે છે. એને પોતાના ધર્મનુ અને કર્તવ્યનુ ભાન પણ હોતુ નથી એને તો પોતાને મહાન અધિકારી ગણાવી બીજાઓ આગળ પોતાની મહત્તાનુ પ્રદર્શન કરવાનુ મન થાય છે. અને બીજાઓને સતોષ આપવા કરતા તો બીજાઓને કનડવાનુ એને મન થાય છે એટલે એ શ્રી-મત્તોની પેઠે જ અધિકારની શ્રીથી મત્ત થાય છે એને ક્યારે પોતાની નીચતાનુ ભાન આવે ત્યારે ઘણુ મોડુ થઈ ગયેલુ હોય છે જેમ ધન મળતા તેને જીરવી તેને યોગ્ય માર્ગે વપરાવાની જરૂર હોય છે તેમજ મોટા અધિકારને પચાવવો પડે છે અને અહભાવને તાબે નહી થતા તેનો સદુપયોગ કરવો પડે છે જેઓ પોતાને મળેલ અધિકારનો સદુપયોગ કરી જાણે છે તેઓ જનતામા પ્રિય થાય છે પણ જેઓને તેનો મદ ચડે છે તેઓ પ્રસગોપાત નિંદાને પાત્ર થાય એમા આશ્ચર્ય નથી

જેમ ધન અને અધિકારથી મદ ચડે છે અને પોતાનુ ભાન ભુલાય છે તેમ જ જ્ઞાની માણસને પોતાનુ જ્ઞાન જીરવવાનુ જ્ઞાન અને કળા આવડતી ન હોય તેવાઓને શ્રી-મત્તોની પેઠે જ્ઞાનનો પણ મદ ચડે છે અને વારેઘડી બીજાઓ સાથે લડી પોતાના જ્ઞાનનુ પ્રદર્શન કરવાનુ મન થઈ જાય છે અને એવા મત્ત અવસ્થામા જ્ઞાનથી અપેક્ષિત જે આત્માના ઊચા ગુણો તે ક્યાથી ઉત્પન્ન થાય ? એવી શ્રીમત્તતામા એ પોતાનો કક્કો ખરો કરવા માટે આકાશ પાતાળ એક કરી મૂકે છે અને પોતાની મોટાઈ જાળવવા માટે નહીં કરવાના કાર્યો કરવા માડે છે. શ્રી એટલે ધનનો મદ કે અધિકારનો મદ ગળી જવાના પ્રસગો કોઈ વખત બની પણ જાય છે. અને એનુ ભાન ઠેકાણે આવી પણ જાય છે. પણ જ્ઞાનમદ એવો છે કે, એક વખત એના તાબે કોઈ આત્મા ગયો કે, એ પણ માણસ મટી રાક્ષસ થઈ જાય છે. એના પાસેથી પછી વગેરે, શાંતિ કે ક્ષમાની આશા રાખી શકાય જ નહી. જ્ઞાનથી ઉત્પન્ન થએલી ઉન્મત્તતા ઘણી આકરી હોય છે. અને એ ભગમનાને ભાન ભુલાવે છે અને નહી કરવાના કર્યો એની પાસે કરાવે છે શબ્દચ્છલ, અવાસ્તવ હેત્વારોપ, પરપક્ષનો દ્રોહ

વિગેરે કામો એ છલકપટથી પણ કરાવે છે. એવા જ્ઞાનમત્તોને પોતાના જ્ઞાનનો ભયંકર ગર્વ થાય છે અને એ ગર્વ એને પૂરો નાગો બનાવે છે. એવી હોય છે જ્ઞાનની શ્રીમત્તતા! અન્યોની દૃષ્ટિ અને તેમની જ્ઞાનક્ષમતા અને પોતામાં ખામી હોવાની કલ્પના એને આશ્ચર્ય જેવી જણાય છે. આવા જ્ઞાનમદથી જગતનું ઘણું મોટું અહિત થએલું છે. ધનમત્તોએ અને અધિકારમત્તોએ ભાગ્યેજ જ્ઞાનમત્તો જેટલું જગતનું નુકસાન કરેલું હશે.

ધન મેળવવું, અધિકાર પ્રાપ્ત કરી લેવો કે જ્ઞાન મેળવવું એ બધું ખોટું છે એવો આભાસ લખવાનો હેતુ છે જ નહીં શ્રીમાન્ અનેક ગરીબોનું કલ્યાણ કરી શકે. અધિકાર અનેકોને કામે લગાડી તેમનું જીવન સુમધુર કરી શકે. અને અનેકો ઉપર થતો અન્યાય દૂર કરી શકે. જ્ઞાની માણસ અનેક જીવોનું દૂષિત જીવન સુધારી તેને માનવતાનું શિક્ષણ આપી તેઓને સુચરિત કરી શકે. અનેકોના અંધારા જીવનના પડદા દૂર કરી તેમના હલ્યાગારમાં જ્ઞાનનો પ્રકાશ રેડી તેમને સુધારી મૂકે. પણ એ બધું ક્યારે બને? જો તેમાં માદકતા પ્રવેશી ન જાય તો!

શ્રીમત્ત માનવ અનેકોના જીવનમાં અગ્નિ ચાંપે, અનેકોના સંસાર પાયમાલ કરી મૂકે. અનેકોના સુખો ધૂળ ભેગા કરી મૂકે. અને અનેકોના ધનનું શોષણ કરી પોતે જાણે મોટો વિજયી થઈ મહેલાતોમાં અનેકોના રક્ત શોષણ ઉપર તાગડધિન્ના કરે. અને પોતાની ચાતુરી અને હોશીઆરીથી મનમાં ફુલાય. એવી રીતે એ અનેકોના દુઃખનો કારણભૂત તો થાય જ. પણ પોતાના આત્માને પણ મલીન કરી મૂકે એ નિર્વિવાદ છે.

જેમ શ્રી-મત્ત માનવી અનેકોને પીડા આપી શકે છે તેમ અધિકારની શ્રીથી મત્ત થએલો આત્મા પણ પોતાના અધિકારના બળે ઉન્મત્ત થઈ ઘણાઓના આત્માને કકળાવે છે. તેના કરતાં પણ વધુ જ્ઞાનરૂપી શ્રીથી મત્ત થએલો માનવ અનેકોના આત્માને ખોટું માર્ગદર્શન કરે છે એટલું જ નહીં પણ એની પરંપરા ચાલતા અનંત જીવોના સર્વનાશનો એ કારણભૂત થાય છે.

શ્રીના વૈભવથી જેમ અનેકોનું કલ્યાણ કરી શકાય છે તેમ તેનો અતિરેક થતા અને તેને જીરવવાની તાકાત ન હોવાથી અનેકોનો નાશ શી રીતે થાય છે એ આપણે જોયું. એ ઉપરથી આપણે બોધ તારવવાનો કે ધન, અધિકાર કે જ્ઞાન જો દૈવયોગે આપણને મળી જાય તો આપણા ઉપરની જવાબદારી સવિશેષ વધી છે એમ આપણે સમજી રાખવું જોઈએ. અને આપણે વૈભવના દાસ થઈ તેનીજ સેવા કરતા નહીં રહેતા તેનો લોકહિત માટે અને આત્મોન્નતિના માર્ગે ઉપયોગ કરતા રહેવું જોઈએ. એમ કરીને જ આપણે સાચા શ્રીમાન્ થઈ શકીએ. સાચા શ્રીમાન્ થવાની બધાઓને પ્રેરણા મળે અને કોઈને પણ શ્રીમત્ત થવાની કુબુદ્ધિ ન સૂઝે એજ સદિચ્છા.

क्षमाशस्त्रं करे यस्य दुर्जनः किं करिष्यति ।
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति ॥

(અનુષ્ટુપ)

ક્ષમા શસ્ત્ર કરે જેને, તેને દુર્જન શું કરે?
રણમાં જે પડ્યો વહ્નિ; એની મેળે જ એ ઠરે.

જીવન અને તત્ત્વજ્ઞાન

અધ્યાપક જયંતીલાલ આશંકર દવે

(સં. ૨૦૧૬ના જ્યેષ્ઠના અંકથી ચાલુ)

અગાઉ અમે શાંકરવેદાંત પરત્વે થોડુંક કર્યું હતું પશ્ચિમના વિદ્વાનો પદેશવહેલા જ્યારે પૂર્વની વિદ્યાઓ તથા સંસ્કૃતિના સંપર્કમાં આવ્યા ત્યારે સંસ્કૃત ભાષા તેમને ખૂબ ઊંચી કક્ષાની અને સમૃદ્ધ લાગી હતી. પ્રથમ સાહિત્ય અને પછી વેદ ઉપનિષદ વેદાંત ષડ્દર્શન જૈન અને બૌદ્ધ દર્શન વગેરેના પરિચયમાં તેઓ આવ્યા. પ્રથમ તેમણે, વેદાન્તસૂત્રો કે જેને બ્રહ્મસૂત્રો પણ કહેવામાં આવે છે તેના ઉપર લખાયેલું શાંકરભાષ્ય જોયું અને શંકરાચાર્યની વાદ પદ્ધતિથી પ્રભાવિત થઇ એમ માનવા લાગ્યા કે વેદાંત એટલે શાંકરવેદાંત કેવલાદ્વૈતવેદાંત જ સાચું છે એવી પણ માન્યતા થવા લાગી. પરંતુ કાળક્રમે જ્યારે રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય મધ્વાચાર્ય અને બીજા આચાર્યોએ રચેલાં ભાષ્યો તેમના જોવામા આવ્યાં ત્યારે સમજાયું કે વેદાંત શબ્દ અમુક જ મતવાચક નથી. ખરી રીતે વેદાંત શબ્દ સામાન્ય વાચક બની ગયો છે અને તત્ત્વજ્ઞાન શબ્દનો જે અર્થ થાય તેવો જ અર્થ વેદાંત શબ્દનો બની ગયો. એમ જો વાસ્તવિકતાએ નહોત તો શંકરાચાર્યનું કેવલાદ્વૈત પણ વેદાંત કહેવાય અને મધ્વનું ઉઘાડું દ્વૈત પણ વેદાંત શી રીતે કહેવાય?

વેદાંતની પણ શાખાઓ, ઉપશાખાઓ ઘણી છે. તે બધામાં મધ્વ ઉઘાડી રીતે દ્વૈતનો સ્વીકાર કરે છે તેથી તેના તરફ જરા નજર કરીએ. કેવલાદ્વૈતના વિરોધમાં મધ્વ પાંચ નિત્યભેદોનો સ્વીકાર કરે છે. (૧) ઈશ્વર અને જીવ વચ્ચેનો નિત્યભેદ (૨) ઈશ્વર અને જડ જગતનો નિત્યભેદ (૩) એક જીવ અને બીજા જીવનો નિત્યભેદ (૪) જીવ અને જગતનો નિત્યભેદ (૫) એક જડ અને બીજા જડ દ્રવ્યનો નિત્યભેદ. આ પંચભેદ વિવેકને જે જાણે છે તેજ ખરો જ્ઞાની છે, તેજ મોક્ષનો અધિકારી છે અને તેને જ ઈશ્વરનો સાક્ષાત્કાર સંભવી શકે છે એમ મધ્વાચાર્યનું માનવું છે.

તુલનાત્મક દૃષ્ટિએ વિચાર કરીએ તો મધ્વનું વેદાંત જૈનદર્શનની ખૂબ નજીક આવી જાય છે. જૈનદર્શનમાં જડ અને ચેતન એમ બે પરસ્પર ભિન્ન તત્વોનો સ્વીકાર છે. હવે બન્ને વચ્ચે તફાવત પણ ઘણો છે. મધ્વ ઈશ્વર અને જીવનો નિત્યભેદ સ્વીકારે છે, પરંતુ જૈનદર્શનમા જીવાત્મા પરમાત્મા બની શકે છે. પરમાત્મા એટલે કે જગત્સ્રષ્ટા ઈશ્વર એવો અર્થ જો કરાતો હોય તો બેશક તે અર્થ જૈનદર્શનને સંમત નથી. જૈન મત પ્રમાણે, ઈશ્વર એટલે પૂર્ણપદને પામેલ જીવાત્મા. આવા પૂર્ણ જીવાત્મામા અનંતદર્શન, અનંત વીર્ય અથવા સામર્થ્ય અને અનંત આનંદ આ પૂર્ણ આત્માના સ્વભાવ સિદ્ધ ગુણો છે. જેમ શાંકર વેદાંત માને છે કે જીવાત્મા જ્યારે આંતર બાહ્ય સર્વ ઉપાધિઓથી મુક્ત થાય છે ત્યારે તે પરમાત્મા બની જાય છે એવા જ આશયવાળું જૈન દર્શનમા જીવ પરમાત્મા થાય છે એવું કથન છે. આમ વેદાંતના કેટલાક મતો સાથે જૈન દર્શનનું સામ્ય છે. પણ બધાં દર્શનોથી તેની ભિન્નતા ઘણી છે એ અગત્યની વાત ભૂલવી ન જોઈએ જૈન દર્શનના પાયામાં અનેકાંતવાદ છે ત્યારે બીજા દર્શનોમાં એ નથી જ એમ કહીએ તો ખોટું નથી.

કેટલાક વિદ્વાનોનું એવું માનવું છે કે માનવના દાર્શનિક ઉહાપોહ કે જેમાં સત્યની પિપાસા આવી જ

જાય છે તે અનેક તત્ત્વોને માનવામાં તૃપ્તિ અનુભવતી નથી. એકથી વધારે તત્ત્વોને માનવામા તેમની બુદ્ધિ મૂઝવણમા પડી જાય છે. વળી, આ વિદ્વાનો એમ પણ માને છે કે સર્વ દર્શનશાસ્ત્રોનો ઉદ્દેશ બધી વસ્તુઓને એક કરવામા છે હવે આનો એકજ જવાબ છે. દર્શનશાસ્ત્રનું ધ્યેય આત્માની પ્રાપ્તિ છે આથી વધારે નહિ તેમ આથી જરાય ઓછું પણ નહિ. જે વસ્તુઓ કદાપિ એક થાય નહિ તે વસ્તુઓને પણ એક કરવાનું મિથ્યા દુઃસાહસ ઘણા દાર્શનિકોએ કર્યું છે. સત્યને યથાતથ અને યથાસ્થિત જાણવું એજ એકમાત્ર ધ્યેય દર્શનશાસ્ત્રનું હોઇ શકે આપણી કલ્પનાને અનુકૂળ વર્ણન ઘડી કાઢવું અને તેને સત્યદર્શન તરીકે ઓળખાવવું એવા દુઃસાહસને દર્શનશાસ્ત્ર કોણ કહે ?

જ્ઞાનની પ્રક્રિયાને તપાસીએ તો પ્રથમ જ્ઞાતા અને જ્ઞેય એમ સ્પષ્ટ દ્વૈત ઊભું થાય છે. જ્ઞાતા એટલે જાણનાર અને જ્ઞેય એટલે જે વસ્તુનું જ્ઞાન થાય તે જ્ઞાન પણ એક પ્રકારનો અનુભવ છે અને તે દ્વૈતમૂલક જ છે સર્વ અનુભવોમા અનુભવિતા એટલે અનુભવ કરનાર અને અનુભવાયેલ વસ્તુ આમ બે વસ્તુ રહેલ હોવા છતા વેદાંતીઓ અભેદાનુભવ શી રીતે અનુભવી શકે છે ? મને બ્રહ્માનુભવ થાય છે, હું અભેદ અનુભવું છું. આવા વાક્યો અભેદનો ભેદ કર્યા વગર બોલી શકાય જ નહિ.

આમ છતા અદ્વૈતવાદનું આકર્ષણ ઘણા માણસોને પ્રબળપણે થયું છે અને હજી પણ થયા કરે છે એમા જરાપણ સંદેહ નથી પરંતુ જે લોકો અદ્વૈતને સ્વીકારે છે તેમને તો પહેલેથી જ એક મોટી સમસ્યાનો સામનો કરવો પડે તેમ છે. આ સમસ્યા તે એક અને અનેક વચ્ચેના મળાપની છે. અદ્વૈત પ્રમાણે સત્ય પદાર્થ એક છે પરંતુ પ્રતીયમાન દશ્યો અનેક છે આપણે જો એકજ સત્પદાર્થનું અને જગતના મૂળતત્ત્વનું પ્રતિપાદન કરીએ તો અનેકત્વની સ્પષ્ટ પ્રતીતિ જે થાય છે તેનો ખુલાસો શો છે ?

અનેકનો એકની સાથે મેળ કેવી રીતે બેસાડવો તેની મુશ્કેલીમા આવી પડતાં કેટલાક વિચારકોએ એનું સમાધાન શોધી કાઢ્યું કે જે જગત પૂર્વગ્રહો અથવા રાગદ્વેષથી રંગાયેલું ન હોવા છતા પણ તાત્ત્વિક દૃષ્ટિએ તદ્દન નિઃસાર છે અને તેથી જ આપણે તે સ્વીકારી શકતા નથી. જગતમા તો સ્પષ્ટ રીતે અનેકતા પ્રતીત થાય છે, તો પછી એકતાને શોધવા માટે ફાંફાં જ મારવા રહ્યા રેતીમા કોઇ પક્ષી પોતાનું માથું દાટી દે અને શરીરનો બાકી ભાગ બહાર રાખે ત્યારે આખો પણ રેતીમાં દટાઇ ગયેલા હોવાથી તેને બાહ્ય જગતનો લોપ થઇ ગયેલો લાગે છે. તે પ્રમાણે આપણે હકીકતો સામે આંખો બંધ કરી દઇએ તો અનેકતા અદૃશ્ય થઈ જાય. આવી જ રીતે અનેકતાને માયા ગણીને એક માત્ર બ્રહ્મનો સ્વીકાર શાંકર મતવાદીઓએ કર્યો જણાય છે,

હવે જ્યારે પદાર્થોના બાહ્ય આકારોમા, જેમ કે પાણીમા અને અગ્નિમા કોઇ એવી વસ્તુ પ્રતીત થતી નથી કે જે એ પદાર્થોના એકત્વનું ભાન કરાવે ત્યારે આ વિચારકો એવું પ્રતિપાદન કરે છે કે આવી એકત્વની પ્રતીતિ આત્માની કોઇ મૂળભૂત જરૂરિયાતમાથી ઉત્પન્ન થયેલી હોવી જોઇએ તો પછી એકત્વની પ્રતીતિ ખરી રીતે વાસ્તવિકતામા છે જ નહિ અથવા કદાપિ હોય તો તે આપણે જાણી શકતા નથી માત્ર એટલું જ કહી શકાય છે કે આપણી વિચારશ્રેણિ એવા ધ્યેય માટે ઝંખી રહી છે. પણ આવી કલ્પના તો આકાશપુષ્પનું 'સૌંદર્ય' જોઇ આનંદ મેળવવા જેવી છે. 'નર્યું એકત્વ' માન્યતા ગમે તેટલી આકર્ષક લાગતી હોય અથવા અમુક દર્શન સંપ્રદાયને જરૂરી લાગતી હોય તો પણ સાચા અદ્વૈતવાદની રચના માટે તે યોગ્ય ભૂમિકા બની શકતી નથી એ વાત હવે લગભગ બધા આધુનિક દાર્શનિકો કબૂલ રાખે છે પણ કેવલાદ્વૈતવાદી દાર્શનિકો આ વાત કબૂલ રાખશે કે કેમ તે કહી શકાય નહિ

જગતના પદાર્થમાત્રને બે દૃષ્ટિ વડે જોઇ શકાય એક દૃષ્ટિ છે સામાન્યગામિની અને બીજી છે વિશેષગામિની. કેવલાદ્વૈત વેદાંતમા સામાન્યગામિની દૃષ્ટિ

માનવતાવાદી સમાજવાદનો આધાર શિલા—અહિંસા

અનુવાદક—શ્રી હિંમતલાલ ર. યાજ્ઞિક

માનવીના ઇતિહાસની શરૂઆતથી જ હિંસા અને અહિંસાના એ ભિન્ન માર્ગો તેની સામે રહ્યા છે. તેના વિકાસની મુખ્ય સીડીઓ જેવી કે કુટુમ્બ, નગર, દેશ અને વિશ્વબંધુત્વ હિંસા અને અહિંસાથી પ્રભાવિત રહી છે. પોતાની ટોળી યા જાતિ સાથે સહયોગ અને તે સિવાય બીજાની સાથે લડાઇ એ સભ્યતાની મૂળ કહાની છે. જેમ જેમ માનવીના દૃષ્ટિબિન્દુનો વિકાસ થતો ગયો તેમ તેમ તેનું પોતાનું ક્ષેત્ર (જાતિ અથવા ટોળી) માં વિશાળતા આવતી ગઇ પરંતુ તેનાથી અલગ તત્ત્વોને માટે દુશ્મનાવટની ભાવના ઓછી થઇ હોય તેમ દેખાતું નથી પરંતુ તેને બદલે દુશ્મનાવટના પ્રેરક બળો વધારે સબળ અને દૃઢ બનતા ગયાં.

માનવજીવનના સમગ્ર ઇતિહાસમાં તેના વિકાસના બે મુખ્ય પ્રેરક બળો રહ્યા છે. તે છે માનવીની અંતર્મુખ અને બહિર્મુખ દૃષ્ટિ. અન્તર્મુખ દૃષ્ટિના રૂપમા માનવીએ ભૌતિક મૂલ્યોથી પોતાની જાતને દૂર લઇ જવા માટે જે માર્ગ અપનાવ્યો તેમા પ્રાપ્તિ સિવાય અન્ય લક્ષ્ય પણ હતા. આ લક્ષ્યને જીવનના સાધારણ મૂલ્યો (ભૌતિક મૂલ્યો)થી માપવું અસંભવિત હતું. તેથી તેને આધ્યાત્મવાદ નામ આપવામા ભલે આવ્યું હોય પરંતુ તે એક એવી ભાવના હતી જેને સાંસારિક શબ્દો દ્વારા બોલવું કષ્ટ મુશ્કેલ હતું. આનાથી ઉલટો બીજો માર્ગ બહિર્મુખી હતો. આ બીજા માર્ગને સાધારણ માનવી સમજતો, તેને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બનતો અને તેને પ્રાપ્ત કરી પોતાને ધન્ય સમજતો. સભ્યતાના વિકાસમા આ બન્ને રીતે આગળ વધવા પ્રયત્ન કર્યો. અંતર્મુખી માર્ગને બહુજ ઓછા માણસોએ અપનાવ્યો પરંતુ જેણે અપનાવ્યો તેઓનું સ્થાન સમાજમા ઉચ્ચ બન્યુ. તેનું કારણ સાધારણ મનુષ્યે તેમા દૂરદર્શિતા અને પારદર્શક દૃષ્ટિ જોઇ. આવા ઉચ્ચ સ્થાન પામેલા માનવીની દૃષ્ટિને 'ધર્મ'

છે. બહુતત્ત્વવાદી દર્શનશાસ્ત્રોમા વિશેષ સામાન્ય દૃષ્ટિ છે. બન્ને દૃષ્ટિઓ એકાંતિક છે. આ સ્થળે ભેદાભેદવાદી વેદાંતનો નિર્દેશ કરવો જરૂરી છે કારણ કે તે પ્રકારના વેદાંતમાંમા ભેદ અને અભેદ બન્નેનો સમન્વય કરવાનો શુદ્ધ અને પ્રામાણિક પ્રયત્ન છે. વેદાંતસૂત્રો ઉપર આ દૃષ્ટિએ ભાષ્ય લખનાર નિંબાર્કાચાર્ય છે. જૈનદર્શનને એક રીતે ભેદાભેદવાદ માન્ય છે. વિસ્તાર ભયથી અહિં તે આપવાનું યોગ્ય ધાર્યું નથી. જિજ્ઞાસુએ પૂરણચન્દ્ર નહાર અને કૃષ્ણચન્દ્ર ઘોષકૃત An Epitome of Jainism નામના પુસ્તક માંહેનું અગ્યારમું પ્રકરણ The Doctrine of unity in difference એટલે ભેદાભેદવાદ એ જોઇ લેવું જરૂરી છે. તત્ત્વજ્ઞાનના અનેક કૂટ પ્રશ્નો છે તેમા મુખ્યત્વે કરીને ત્રણ મહત્ત્વના ગણાય છે (૧) જીવ (૨) જગત્ અને (૩) ઇશ્વર. જીવ એક છે કે અનેક? જીવનું સ્વરૂપ શું? જગતનું વાસ્તવિક સ્વરૂપ શું છે? જીવ અને જગતનો શો સંબંધ છે? ઇશ્વરનું સાચું સ્વરૂપ, શું ઇશ્વર સૃષ્ટિ કર્તા છે? ઇશ્વરનો જીવ અને જગત્ સાથેનો સબંધ શો છે? આ બધા પ્રશ્નોના પાયામા એક અને અનેકનો પ્રશ્ન મૂળભૂત, પાયામા રહેલા છે તેથી તે પ્રશ્નને અહિં ચર્ચવાનું યોગ્ય ધાર્યું છે.

ટૂંકામા અદ્વૈતવાદ જો એક જીવવાદ કિંવા એકાત્મવાદનો સ્વીકાર ધારણ કરે તો તે એકતરફી બની જાય છે. પરંતુ ભેદ અને અભેદ બન્નેનો અનેકાંત દૃષ્ટિએ સ્વીકાર કરે તો યથાર્થ સ્યાદ્વાદશાસ્ત્રના નામને પાત્ર બની શકે.

જ પોષણ મળ્યું. આચાર્યની અહિંસક ભાવનાથી જ અંતર્મુખી અને સાધનોદ્વારા જીવનના આદર્શને પ્રાપ્ત કરી શકાય. આ રીતે ભયાનક પશુબલીની સામે બુદ્ધિને પ્રધાનતા આપવામા આવી અને સાથે સાથે એ પણ સમજાયું કે નિર્બળ વ્યક્તિની રક્ષા કરવાથી જ તેનામાં છુપાઈ રહેલી બુદ્ધિ વધારે તેજ બને છે. આ રીતે બુદ્ધિવાદની આધારશિલા અહિંસા બની. અને અહિંસાદ્વારા આકાશના તારાથી પણ દૂર રહેલ ભગવાનના દર્શન કરી શકાય એટલું જ નહી પણ તેનાથી જીવનની જરૂરતોને પ્રાપ્ત કરવામા ઘણી સહાયતા પણ મળે.

બુદ્ધિવાદના પ્રથમ અહિંસક પગલામાથી જ એ જ્ઞાન પણ પ્રાપ્ત થયુ કે પ્રગતિને રૂંધનાર સૌથી પ્રબળ ચીજ વાતાવરણ છે. માનવને એ પણ દેખાયુ કે વાતાવરણ પર વિજય મેળવવા માટે સહયોગ અને સદ્‌ભાવનાની સૃષ્ટિની રચના કરવી પડશે બસ અહીં-થીજ માંસાહારનુ સ્થાન શાકાહારે લીધુ કારણ કે ચારે તરફ પ્રવર્તતી પશુહિંસાએ માનવ બુદ્ધિ ઉપર એક સખત આઘાત કર્યો. પરિણામ એ આવ્યુ કે માનવીએ માંસ માટે પશુહત્યા કરવાનુ બંધ કર્યું અને પશુઓનો ઉપયોગ બીજી રીતે કરવાનું શરૂ કર્યું. ગાય ભેંસના દૂધદ્વારા. ઊંટ, ઘોડા, હાથી, બળદ વગેરેનો ભાર ઉપાડવાની શક્તિમા, તથા ખેતરમા પૂરવાના ખાતરના રૂપમા, અને ઘેટા બકરાની ઊનદ્વારા સમસ્ત પશુ—જગતને માનવી પોતાના મિત્રના રૂપમા જોવા લાગ્યો. સંયોગવશ માનવના આ નવા નવા મિત્રો શાકાહારી હતા. તેણે જોયુ કે શાકાહારી પ્રાણીઓ તેને મદદરૂપ બની શકે છે. માંસાહારી પશુઓમા કોઈ તેનો મિત્ર ન દેખાયો.

આ બૌદ્ધિક અને આધ્યાત્મિક ક્રાન્તિના પ્રસંગોમા માનવીએ પોતાનુ લક્ષ્ય માત્ર પરમાર્થ ન બનાવ્યુ પણ તેને એ સત્યની ઝાંખી થઈ કે પોતાનો ભૌતિક સ્વાર્થ જ માત્ર તેનુ લક્ષ્ય નથી પરંતુ એક વિશાળ સમૂહના એકમને લીધે વિશાળ સમૂહનો સ્વાર્થ પણ તેનો પોતાનો સ્વાર્થ બન્યો. આ રીતે લોકહિત રૂપી અગ્નિમા તપીને તેનો સ્વાર્થ ધીરે ધીરે વિશાળરૂપ ધારણ કરવા લાગ્યો અને તે વિશાળરૂપવાળા સ્વાર્થે તેને જીવનસાગર તરવામાં મદદ પણ કરી. આજના યુગમા વિનોબાજી અહિંસક માર્ગદ્વારા સમાજના સ્વરૂપ અને માલિકોના સંબંધોમાં પરિવર્તન લાવવા પ્રયત્ન કરે છે.

આ બધા મહાપુરુષો પોત પોતાની રીતે કામ કરતા રહ્યા અને સમાજ ઉપર તેમનો પ્રભાવ અમુક અંશે પડ્યો, લોકોએ તેમની પૂજા કરી, તેમનો જય-જયકાર બોલાવ્યો અને ફિરસ્તા કે અવતારી પુરુષો ગણ્યા. તેઓના ઉપદેશોનો પ્રભાવ સમાજ પર કેટલા પ્રમાણમા પડ્યો તેનુ માપ કાઢવું કઠિન છે, પણ માનવસમાજે તેઓને એક મહત્વનુ ઊંચુ સ્થાન આપીને પોતાના રોજ—બ—રોજનો જીવનક્રમ જ ચાલુ રાખ્યો એમ કહીએ તો તેમા અતિશયોક્તિ નહીં લાગે. હિંસાની શક્તિ ઓછી નજ થઈ, ઊલટું વિજ્ઞાન સાથે જોડાઈને હિંસાશક્તિ ખૂબ જ ત્વરિત ગતિથી આગળ વધતી જાય છે. આજે પણ આપણે એક એવા સ્થાને ઊભા છીએ કે જ્યારે અણુબોમ્બનો એક જ ધડાકો આપણા કરોડો વર્ષના અસ્તિત્વ, વિજ્ઞાન અને સંસ્કૃતિને મિટાવવા માટે બસ છે, મનુષ્યના બર્બર જીવનમા હિંસા જે ન કરી શકી તે આજે સંસ્કૃત માનવજીવનમા કરી શકે તેમ છે. મનુષ્યના આજના ઉત્કર્ષમા તેની આખી જાતિનુ નિકંદન નીકળી જાય એ આજ અસંભવ જેવું નથી રહ્યું. એટલુ જ નહીં પણ માનવોનો વિચાર કરવાનો ઢંગ પણ એવો બનતો જાય છે કે આજની ભાષામા જેને સમાજવાદ કહિયે તે સામાજિક ન્યાય જે અહિંસાનું જ એક રૂપ છે તે વિશ્વવિનાશ તરફ આગળ જ ધપે જાય છે આપણે એવી રીતે જ અને વિચારીએ છીએ કે હિંસા આપણા લોહીના એકેએક ટીપામા ભળી ગઈ હોય. જ્યારે આપણે અહિંસાની વાતો જાહેરમા કરતા હોઈએ ત્યારે અંદરખાને હસીએ છીએ કે કેવા સારા સ્વરૂપે આપણે અહિં-સાની વાતો કરીએ છીયે. ઘણને ગળે છરી ચલાવતી

વખતે પણ બેધડક અહિંસાની વાતો કરી શકીએ છીએ તેમજ એટમબોમ્બ બનાવતા બનાવતા વિશ્વ શાંતિની ચર્ચા પણ કરીએ છીએ છતાં આપણે સમજીએ છીએ કે આપણે એક એવા બ્રહ્મસ્થાન પર બેઠા છીએ કે જ્યાં એક ઝટકો લાગતાં જ આખીયે સંસ્કૃતિનો નાશ થઈ જાય.

તો પ્રશ્ન એ ઉપસ્થિત થય છે કે "આપણે શું કરવું ?" આજની હિંસાએ અહિંસાને આધ્યાત્મિક આદર્શના મહાન સિંહાસનેથી ખસેડીને તેને વ્યવહારિક રૂપ આપ્યું છે અહિંસાનું સ્થાન ભલે ખસ્યું પણ ઘોર નિરાશા વચ્ચે એ વ્યવહારિક રૂપ આશાના એક કિરણ સમાન છે. માનવજાતિને માટે અહિંસા રોટી કરતા પણ વધારે જરૂરી છે કારણ કે રોટીની જરૂર તો તેનો કોઈ ખાવાવાળો હોય ત્યારે જ હોય જ્યારે અહિંસા ન હોય તો ખાનાર રહે જ ક્યાંથી ? પણ આ અહિંસાને લાવવી કેમ? આના જવાબ માટે માનવીએ જીવનની ઝીણી ઝીણી બાબતોમાં ઊંડા ઊતરી ચિંતન કરવું જ પડશે આ માટે તાત્ત્વિક અનુસંધાનની તો જરૂર છે જ પણ સાથે સાથે તેને જીવનવ્યવહારમાં ઉતારવી પડશે. આને માટે રાજનીતિના ક્ષેત્રમાં ઈમાનદારી તેમજ અભય, જીવન જરૂરતોમાં સ્વાવલંબન, તેમજ યાંત્રિક કૌશલ્ય અને ઈમાનદારી અને સામાજિક ક્ષેત્રમાં સહિષ્ણુતા અને નિરાડંબરપણું, રોજીંદા જીવનમાં કોમળતા અને શાકાહારિતા અને મધ્યસ્થના ક્ષેત્રે સામાજિક અને આર્થિક ન્યાય, એને માટે એક નવી સમાજનીતિ અને તેમાં કાર્ય કરનાર કાર્યકર્તાઓનો એક સમૂહ. કારણ કે આજે સમાજવાદ જ સામાજિક ન્યાયને એકતા અર્પે છે તેથી આપણે તેનું પુનર્નિર્માણ કરવાનું છે પરંતુ આપણો સમાજવાદ ત્યારેજ આદર્શીય બને કે જ્યારે મનુષ્યો જ નહીં પણ મનુષ્યેતર પ્રાણીઓને પણ આનંદમય જીવન વ્યતીત કરવાના અધિકારને આપણે સ્વીકારીએ.

(શ્રમણના પુસ્તક ૧૧ અંક ૨ માં આવેલા મુનિ શ્રી સુશીલકુમારજીના હિંદી લેખનો સાભાર અનુવાદ.

भवन्ति नम्रास्तरवः फलोद्गमै
र्नवाम्बुभिर्भूरि विलंबिनो घनाः ।
अनुद्धताः सत्पुरुषाः समृद्धिभिः
स्वभाव एवैष परोपकारिणाम् ॥

(પુષ્પિતાગ્રા)

તરુવર ફળથી નમે વધારે,
સજ્જન સમૃદ્ધિ સમે ન ગર્વ
જલથી જલદનો થતો નમાવ,
પર ઉપકારી તણો જ એ સ્વભાવ

"વિશ્વ સંવેદનમય

શ્રી મહાવીર પરમાત્માનું જીવન

શ્રી ફતેચંદભાઈ ઝવેરભાઈ

पान्तु वः श्री महावीरस्वामिनो देशनागिरः ।
भव्यानामान्तरमलप्रक्षालनजलोपमाः ॥

"ભવ્ય જનોના આંતરિક પાપોને દૂર કરવા માટે જલસદૃશ
શ્રી મહાવીર પરમાત્માની ઉપદેશ વાણી અમારું રક્ષણ કરો."

પરિશિષ્ટપર્વ-શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય.

પ્રત્યેક વર્ષની ચૈત્ર શુદી ૧૩ શ્રી મહાવીર પરમાત્માની જન્મજયંતી તરીકે ભારતવર્ષમાં ઉજવાય છે અને એમનું જીવન પર્યુષણપર્વમાં વચાય છે. શ્રી મહાવીર પરમાત્માને મુક્તિ પામ્યાને ૨૪૮૬ વર્ષ થઈ ગયાં છે. છતાં એમની પવિત્ર વાણી જે દ્વાદશાંગીરૂપે એટલે કે અગીયાર અંગોમાં અને બારમા અંગના ઝરણાંરૂપે પૂર્વધરોના ગ્રંથોમાં સચવાઈ રહી છે તે વાણી આપણા આત્મામાં અનાદિકાળથી ચાલી આવેલા કુસંસ્કારોને દૂર કરવામાં સમર્થ છે. અનાદિકાળથી વિભાવ પરિણતિમાં પડેલો આપણો આત્મા જાગ્રત થઈ સ્વભાવપરિણતિ સ્વીકારે અને તે રીતે પુરુષાર્થ પના-પણ થાય ત્યારે જ એમની પવિત્ર વાણી આપણા પ્રાચીન કુસંસ્કારને દૂર કરી શકે

એમણે ત્રીજા ભવમાં સંયમી જીવનમાં એવી સુંદર ભાવના આત્મસાત્ કરી કે મારામાં એવી પ્રચંડ શક્તિ ક્યારે પ્રગટે કે હું વિશ્વના સર્વજીવોને મુક્તિમાં લઈ જઈ શકું ? આ ઉચ્ચ ભાવનાવડે એમણે પ્રચંડ પુણ્યાનુબંધ પુણ્યકર્મ બાંધ્યું, તીર્થંકર નામ કર્મ નિકાચિત કર્યું અને તેના ફળ સ્વરૂપે ત્રીજા જન્મમા શ્રી મહાવીર તરીકે તેમનો જન્મ થયો. શ્રી હરિભદ્રસૂરિએ યોગબિંદુ ગ્રંથમાં કહ્યું છે કે વિશ્વના જીવોનો ઉદ્ધાર કરવાની મન વચન કાયા પૂર્વકની તમન્ના જેમને પ્રકટ થાય તે આત્મા તીર્થંકર થાય છે. જ્ઞાતિ સમાજ દેશ અને સંઘનો ઉદ્ધાર કરવાની તમન્ના વાળા આત્માઓ ગણધર થાય છે અને પોતાના જ આત્માનો કર્મથી મુક્તિવાળો ઉદ્ધાર ઈચ્છનાર આત્મા સામાન્ય કેવળી થાય છે.

તો પછી પ્રશ્ન થાય છે કે પરમાત્મા મહાવીર તીર્થંકર થયા પછી વિશ્વમાંથી અમુક સંખ્યાવાળા આત્માઓનો ઉદ્ધાર કરી શક્યા પરંતુ સર્વ આત્માઓને કેમ ઉદ્ધાર કરી શક્યા નહિ ? હકીકત એમ છે કે તીર્થંકરો પણ હાથ પકડીને કોઈને મુક્તિમાં લઈ જઈ શકતા નથી. પરંતુ એમણે કૈવલ્ય પ્રાપ્ત કરી उपन्नेइवा विगइवा અને धुवेइवा–એ ત્રિપદીથી જગતનું સ્વરૂપ રજુ કરી. ગણધર મહારાજાઓને બીજરૂપે આપ્યું અને તેમણે તે ઉપરથી દ્વાદશાંગીની રચના કરી. જે આત્માઓ આ દ્વાદશાંગીની વાણી પ્રમાણે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર પ્રાપ્ત કરશે તેઓ અવશ્ય મોક્ષમાર્ગ સીધી રીતે પ્રાપ્ત કરી જન્મજન્માંતરમાં કર્મથી મુક્ત થશે.—આ રીતે પરંપરાએ તેઓની સર્વ જીવ કરૂં શાસન રસીની ભાવના ફલિત થશે. એમની વાણી એકેંદ્રિય નિગોદજીવથી માંડીને પંચેંદ્રિય મનુષ્યો તમામને માટે ઉપકારક છે કેમકે મનુષ્યો એમની આજ્ઞાનું પાલન કરી એકેંદ્રિયથી માંડીને તમામ જીવો પ્રતિ મૈત્રી પ્રમોદ કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવના વડે ઉપકારક બને છે. અહિંસાવડે અન્ય જીવો ઉપર

અનુકંપા કરી તે તે જીવોને પોતાનું જીવન જીવવા દે છે, સત્ય વચન વડે પણ પોતાના અને પરના આત્માઓને અભય આપી શકે છે અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહવડે સ્વપર આત્માઓનો ઉદ્ધાર કરી શકે છે આ રીતે પરમાત્માના વચનોનો અમલ કરી સર્વ જીવોને પોતાના મિત્ર બનાવે છે—એ પરમાત્માની ભાવનાનોજ આવિષ્કાર છે.

મહાન પુરુષનુ જીવન આપણને લાલબત્તી જેવુ છે અ પણને સમયસરની ચેતવણી આપે છે, સાચી દિશાનુ ભાન કરાવે છે, તેમજ આપણા વર્તમાન જીવન વિષે વિચારવાની તક રજુ કરે છે કે આપણે અત્યારે કયા છીએ, કયા જઇ રહ્યા છીએ, અને કયા જવુ જોઇએ ? લગભગ ૨૪૮૬ વર્ષ પહેલાના દિવસો એટલે પ્રાચીન ભૂતકાળના દિવસો, છતા તે એટલા તેજસ્વી છે કે આપણી આતરદૃષ્ટિને ઉઘાડે છે, સૂર્ય આપણાથી જેટલો દૂર છે તેટલી દૂર બીજી કોઈ ચીજ હોય તો કદાપિ ન દેખાય, પરતુ સૂર્ય એટલો તેજસ્વી છે કે તે એટલો બધો દૂર હોવા છતા સૌથી વધારે દેખાઈ શકે છે, મહાપુરુષના સ્મરણીય દિવસો એવીજ રીતે તેજસ્વી હોય છે, જે હજારો વર્ષસુધી લોકોને દેખાય છે એટલુ જ નહિ પરતુ તેમાથી આધ્યાત્મિક પ્રેરણાઓ મળ્યા રહે છે

પ્રભુ મહાવીરના જીવનના એકેએક આદર્શ એટલા આકર્ષક છે કે તેનો વિચાર માત્ર આશ્ચર્ય ચકિત બનાવી મૂકે છે એમની અહિસા આકાશની સમાન વ્યાપક અને સૂક્ષ્મ છે, એમની તપશ્ચર્યા અને સહન શક્તિ અનુપમ છે, એમની ગૃહસ્થ અને સાધુસઘની વ્યવસ્થાપકતા-બધારણ મહાન રાજનીતિજ્ઞોને પણ મુગ્ધ કરે તેવી છે

પરતુ એનાથી વિશેષ જે વસ્તુ એમના જીવનમા દૃષ્ટિગોચર થાય છે તે એમની સમન્વય શક્તિ છે અગ્નિ અને પાણી જેવી બે વિરોધી વસ્તુઓનો જ્યારે સમન્વય કરવામા આવે છે ત્યારે એન્જિનમા જે શક્તિ ઉત્પન્ન થાય છે તેથી વિશાળ રેલ્વેગાડી વાયુવેગે દોડી શકે છે સમ વયના આધારે જ સસાર ચાલે છે; એથીજ પ્રકૃતિ વિકાસ કરી રહી છે અને જગત ઉન્નતિ કરતુ ચાલ્યુ છે. તેથી જ શ્રી ઉમાસ્વામિજીએ તત્ત્વાર્થ સૂત્રમા परस्परोपग्रहो जीवानाम् એ સૂત્ર મુક્યુ છે.

ભગવાન મહાવીરનો સમન્વયવાદ એ જ અનેકાન્તવાદ; પરતુ આપણે તે ભૂલી જઈ અનેકાતની ચર્ચામા સમન્વયવાદ શોધવાને બદલે ખડનની ભાવનાને વધારે જોર આપ્યુ છે. ગમે તે એકજ નયને પકડી રાખવાને અગે અન્ય નયોનો અપલાપ થવાથી અનેકાત એકાત બની ગયો છે

એમનું તત્ત્વજ્ઞાન—નિત્યાનિત્યપણુ, એક અનેકપણુ, મૂર્ત અમૂર્તપણુ, નિશ્ચય અને વ્યવહાર, ઉપાદાન અને નિમિત્ત, દ્રવ્ય ગુણ પર્યાય, સાત નયો, સપ્તભગીઓ છ દ્રવ્યો, પાચ સમવાયો, ચાર અનુયોગો અને ज्ञानक्रियाभ्या मोक्षः વગેરે સૂક્ષ્મ હકીકતોથી ભરપૂર છે, આઠ કર્મોનુ સૂક્ષ્મ સ્વરૂપ બધ, ઉદય, ઉદીરણા, સત્તા, સક્રમણ વગેરે અન્ય દર્શનોમા દૃષ્ટિગોચર થતુ નથી.

મહાન્ ઇશ્વર શ્રી મહાવીરે જગત્ બનાવ્યુ નથી, પણ જગતનુ સ્વરૂપ બતાવ્યુ છે, આત્મા પોતે જ બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વર છે. માતાના ગર્ભમા આવી પોતે જ આહાર લેવા મૂકવા વિગેરે પર્યાપ્તિઓ—શક્તિઓ ઉત્પન્ન કરે છે. અને જીવનપર્યંત તે શક્તિઓનુ પાલન કરે છે તેમ જ જીવન પૂરુ થયે તે વિસર્જન કરે છે અને નવા જન્મમા એ રીતે ક્રિયા થયા કરે છે આ વસ્તુસ્થિતિમાં કર્મજન્ય કાર્ય છે; અન્ય કોઈનુ નથી કર્મના પરાધીનપણામા આત્માના પોતાના ક્ષેત્રમા સંકલનાબદ્ધ કાર્ય થયા કરે છે; આત્મા અને કર્મ મળીને આ સસાર અનાદિ કાળથી સરજાયો છે, સરજાય છે અને સરજાશે. જગત્સર્જક ઇશ્વર જેવી કોઈ વ્યક્તિ રહેલી નથી, આ તેમનો સર્વજ્ઞપણાનો સિદ્ધાત છે

કાળ, સ્વભાવ ભવિતવ્યતા, ઉદ્યમ અને કર્મરૂપ પાચ સમવાયોથી ચોક્કસ સકલના પ્રમાણે આ જગત્—સસાર ચાલ્યા કરે છે તેમા વચ્ચે બીજી કોઇ વ્યક્તિની જરૂર રહેતી નથી; કર્મ અને આત્માના

પુરુષાર્થ બાબતમા એમણે કર્મનુ સ્વરૂપ આત્માને અધઃપતન કરાવનાર બતાવીને, છેવટે પુરુષાર્થ ઉપર મુખ્યતા મૂકી છે, પુરુષાર્થ કર્યા વગર કર્મનો વિનાશ ન થઈ શકે: આપણા આત્મામા ભૂતપૂર્વ કર્મોના સામ્રાજ્યને લઈને નિર્બળતાઓ ભરી પડી છે, જેથી આપણને કાળનો પરિપાક થયો નથી, કર્મનુ બળ ભવિતવ્યતા બળવાન છે વગેરે વગેરે નિમિત્તોને આગળ કરીને આપણે આશ્વાસન લઈએ છીએ અને આપણી નિર્બળતા છુપાવીએ છીએ, પણ પુરુષાર્થને આગળ કરીએ એટલે ક્રમેક્રમે કાળ અને ભવિતવ્યતા વગેરે સમવાયો તેમા સમાઈ જાય છે, અને આત્મા બળવત્તર બનતા સકળ કર્મોનો ક્ષય કરી શકે છે

પરમાત્મા મહાવીરે કહ્યુ છે કે મારી પાસે મુક્તિ કે મોક્ષ નામની કોઈ ચીજ નથી કે હુ તમને આપી શકુ, પણ તમે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને માર્ગે ચાલવા પ્રયત્ન કરશો, જિનપ્રતિમા અને જિનાગમનુ આલબન લેશો, ગુણદૃષ્ટિ રાખી સમભાવની વૃદ્ધિ કરશો, જ્ઞાન અને ક્રિયા ઉભયની સાધના કરશો, સાત નયોને સાપેક્ષ રાખી ખડનાત્મક પ્રવૃત્તિથી દૂર રહી અનેકાતવાદ સ્વીકારશો, અહિંસા, તપ ત્યાગ અને સયમમા પુરુષાર્થ કરશો, શ્રદ્ધાબળ, જ્ઞાનબળ, ચારિત્ર બળ અને ધ્યાનબળનો આત્મામા વિકાસ કરતા રહેશો અને ભવાતર માટે શુભ સસ્કારો લેતા જશો તો અવશ્ય આ અનાદિઅનત સસારનો તમારો માટે છેડો આવશે તેમજ આત્માના અનતગુણોનો વિકાસ થતા કર્મથી સ્વતત્ર રીતે પોતેજ પોતાને મુક્ત કરી શકશો પરમાત્મા મહાવીરે કર્મનો સૂક્ષ્મ સિદ્ધાત કેવળજ્ઞાનથી તપાસી જે રીતે રજૂ કર્યો છે તે સર્વજ્ઞપણાની સાબીતી છે, આત્મા પોતાથી પર જડભાવ-વિભાવ પરિણતિમા પડે ત્યારપછી રાગ, દ્વેષ, ચાર કષાયો વગેરે વડે શરીર, પુત્ર, પરિવાર, હાટ, હવેલી વગેરેમા મમત્વો વધતા જાય, એ રીતે વિષચક્રમા આત્મા ગૂચવાઈ કર્મ બાધી રહ્યો છે, જ્ઞાન ચેતનાની જાગૃતિ વગર કર્મચેતના અને કર્મફળ ચેતના અનુભવી રહ્યો છે, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, માર્ગાનુસારીપણુ, જિનપૂજા, જીવદયા, ગુણસ્થાનો, ગૃહસ્થના બાર વ્રતો, ઓછામા ઓછી ગૃહસ્થની સાધનામા દયા સાધુધર્મની વીસવસા દયા, દાન, શીલ, તપ અને ભાવ નવતત્ત્વો વિગેરે તત્વજ્ઞાન અને ક્રિયામાર્ગનુ સ્પષ્ટ બધારણ-વીરપ્રભુએ સમગ્ર વિશ્વ સવેદનને લક્ષમાં લઈ આપણી સમક્ષ મૂક્યુ છે, એ બધારણ પ્રમાણે જો મનુષ્ય વર્તે તો ઓછામા ઓછા ભવે પુણ્યાનુબધી પુણ્ય ઉપાર્જન કરી, સાથે નિર્જરા થતા કર્મોનો ક્ષય કરી મુક્તિપદ પ્રાપ્ત કરી શકે

પરમાત્મા મહાવીરે જે સિદ્ધાતો આપણી સમક્ષ મૂક્યા છે તે ૨×૨=૪ જેવા ચોક્કસ છે એમણે હવા મૂક્યા નથી પૂર્વના તીર્થંકર સર્વજ્ઞોના પણ એજ સિદ્ધાતો શાશ્વત છે, સત્ય એકજ હોઈ શકે છે

પદાર્થવિજ્ઞાન તો પરમાત્મા મહાવીરના અનત જ્ઞાનનો એક વિભાગ છે દા ત શ્રી ભગવતીસૂત્રમા ભાષા વર્ગણાના પુદ્ગલોને કયા વર્ણ, ગધ, રસ અને સ્પર્શો છે તે ગૌતમસ્વામીજીના પ્રશ્નોનો ઉત્તર પ્રભુ મહાવીરે આપેલો છે આવુ સૂક્ષ્મ જ્ઞાન સર્વજ્ઞ સિવાય બીજાને હોઈ શકે નહિ હજારો વર્ષ પહેલા પરમાત્માએ કહેલુ છે કે ભાષાવર્ગણા એ પુદ્ગલરૂપ છે, તે હાલમા રેડિયો અને ગ્રામોફોનદ્વારા સિદ્ધ થયુ છે તેમજ છાયા અને પ્રકાશના પુદ્ગલો પણ કેમેરામા ઝડપાયા છે આત્મા અને પુદ્ગલ બનેની અનત શક્તિઓ નિવેદન કરેલી છે

આ રીતે જીવ માત્ર ઉપર સમસવેદન રાખનાર ભગવાન મહાવીરનો આર્હતધર્મ ઉદ્‌ઘોષણા કરે છે કે કર્તવ્ય કર્મોને આચરી સદ્‌વર્તન ધારણ કરતો, ઉદાસીનતા ખેદ ચિંતા અને ભય કે જે મનોબળને નબળુ પાડનાર છે અને આત્માના ભાવિ ઉદયને અટકાવનાર છે તેને હૃદયમા પેસવા દેશો નહિ. આવેલ કષ્ટને પૂર્વ કર્મનો ઉદય જાણી શાતિપૂર્વક સહન કરી કર્મોનુ દેવુ ચૂકવજો નિરતર આત્મચિતવન કરજો, કટુતામા મધુરતા ચાખજો દુઃખમા સુખ માની લતાં શીખજો, દુઃખોને અનુભવી દીવા થજો નહિ અને સતાપના રોદણા રડશો નહિ તમારા આત્માને દર્શન—જ્ઞાન—ચારિત્રમા એતપ્રોત કરી નિશ્ચય બળથી તેને ટકાવી રાખી ઉત્તરોત્તર પ્રગતિ કરજો

શ્રાવકપદનો અધિકારી કોણ ગણાય ?

"પ્રબુદ્ધ જીવન" ૧૬-૬-૬૦ ના અંકમાંથી સાભાર ઉધૃત — દેસાઇ વાલજી ગોવિન્દજી

કોઇ માણસને સારી નોકરી જોઇએ તો તેનામાં અમુક લાયકાત હોવી જોઇએ એવી અપેક્ષા રહે છે. ડાક્ટર જોઇએ તો એમ બી. બી. એસ. ને, એન્જિન્યર જોઈએ તો બી. ઇ ને, શિક્ષક જોઇએ તો બી. એ, બી. ટી. અને પ્રાધ્યાપક જોઈએ તો એમ. એ, પીએચ. ડી, ને જ લોકો રાખે છે. એવી જ રીતે શ્રાવકનુ મહાપદ પામવા સારૂ પણ અમુક પાત્રતા માણસમા હોવી જોઈએ એવી આપણા શાસ્ત્રકારો અપેક્ષા રાખે છે.

ભીત ધોળ્યા પછી એના ઉપર ચિત્ર કરાય; વસ્ત્રને ધોયા પછી એને રંગાય, અને ખેતર ખેડે પછી તેમા બીજ વવાય. એવી જ રીતે અમુક સામાન્યધર્મ માણસ પાળતો થઈ જાય તે પછી જ '૧૨ વ્રત ધારણ કરવાની યોગ્યતા એનામા આવે છે.

આમ શ્રાવકપદના અભિલાષીએ જે ગુણ પોતામા ખીલવવા જોઇએ તે શ્રી હેમચન્દ્ર આચાર્યના યોગશાસ્ત્ર (પ્રથમ પ્રકાશ)મા ગણાવ્યા છે. તેમા પહેલો ગુણ આ છે કે શ્રાવક ન્યાયસંપન્ન વિભવ: હોય, એટલે શ્રાવક પૈસા કમાય તે ન્યાયપૂર્વક કમાય; લુચ્ચાઇ કરીને, માલમા ભેગ કરીને, ગ્રાહકને છેતરીને કે લાંચ ખાઇને ન કમાય.

આ વિષયને લાગતુ એક સંસ્કૃત સુભાષિત છે કે –

वरं दारिद्यमन्यायप्रभवात् विभवात् इह।
कृशता (अ भिमता देहे पीनता न तु शोफत ॥

'અનીતિ કરીને આહુકાર બનવા કરતા નિર્ધન રહેવુ સારુ. પાતળું શરીર સારુ, પણ સોજા ચડીને શરીર હષ્ટપુષ્ટ દેખાય તે સારું નહિ.'

જયશેખરસૂરિ (ઉપદેશચિન્તામણિ, ૩-,૪) લખે છે કે –

धम्मोवि जो धणेणं कारइ ववहारसुद्धिरहिएण।
सो न लहइ विच्छारं तस्स लवणंबुसंसित्तो॥

'હાથ મેલા કરીને કરેલી કમાણીમંથી માણસ ધર્મ કરે તો તેમાં તેની આડીવાડી વધે નહિ; જેમ ઝાડને ખારુ પાણી પાય ને એ વધે નહિ તેમ.'

એ જ પ્રમાણે ઉદયવીરગણિ પાર્શ્વનાથચરિત્રમા કહે છે કે:-

अन्यायेन तु या लक्ष्मी: सा प्रदीपनादुद्द्युति:।

'અન્યાયથી કમાણી કરવી તે ઘર સળગાવીને દીવો કરવા જેવુ છે'

તેમ છતા પરાપૂર્વથી ચાલતા આવેલા વેપારીના લક્ષણ વર્ણવતા જયશેખરસૂરિ (ઉપદેશચિન્તામણિ ૨, પાનુ ૫૦) લખે છે:

विश्वस्तवंचनं मायारचनं घनं वमृषा।
गुरुन् विनापि विधेयं वणिजा स्याद्दयत्नजा॥

'પોતા ઉપર વિશ્વાસ રાખનારને છેતરવા, ખોટી માયા રચવી, ખોટું બોલવું–આ બધી વિદ્યા વિના પ્રયત્ને, કોઇએ શીખવ્યા વિના જ, વેપારીમાં આવી જાય છે.'

વેપારીની આ 'અવિદ્યા'ના દૃષ્ટાન્તરૂપે જયશેખર સૂરિ રસભેદ અને પ્રતિરૂપવ્યવહાર (ભેગ)નો નિર્દેશ કરે છે:

विक्रेतव्यकुंकुमादिवस्तुना प्रतिरूपं सदृशं कुसुम्भादि प्रक्षिप्यते यत्र व्यवहारे स तत्प्रतिरूपो व्यवहार:।

'વેચવાની કેસર આદિ વસ્તુના જેવુ કસુંબાના ફુલ આદિ ભેળવે તે પ્રતિરૂપ વ્યવહાર.'

સૂરિજી આજ બેઠા હોય તો વેપારી ઘીમા વનસ્પતિ તથા કતલ કરેલા ઢોરની ચરબીનો ભેગ કરે છે તેનો દાખલો આપે.

કણપીઠમા આવતું અનાજમાત્ર વેચાતું લઈ તેનો સંગ્રહ કરીને ભાવ ચઢાવવાનો પ્રયત્ન કરતા બેપારી આજ ઘણા પડ્યા છે; પણ વિક્રમ સંવત્ ૧૩૧૫માં પડેલા દુષ્કાળ મા ભદ્રેશ્વરના શ્રીમાળી જગડુશાહે ૧૧૨ દાનશાળા ઉઘાડી હતી, અને હમીરને ૧૨,૦૦૦ મૂડા, વીસલદેવને ૮,૦૦૦ મૂડા તથા દિલ્હીના બાદશાહને ૨૧,૦૦૦ મૂડા ધાન્ય આપ્યું હતું. એના જેવા પરોપકારી વેપારી આજ હોય તો આપણે જાણતા નથી.

> अट्ठ य मूडसहस्सा वीसलरायस्स बार हम्मीरे ।
> इगवीस य सुरत्ताणे दुब्भिक्खे जगडुसाहुणा दिन्ना ॥

> નવકરવાલિ મણિઆડા, તે પર અગ્ગા ચાર,
> દાનશાલા જગડુતણી, દીસે પુરવ મુઝાર.

(ઉપદેશપ્રાસાદ ૪, પા. ૩૬, ૧૧૨)

વેપારી ઊંચા ભાવને લોભે સંઘરા કરે છે એટલું જ નહિ પણ બીજા પણ કપટ કુકર્મ કરે છે તે વિષે જિનમંડળના શ્રાદ્ધગુણવિવરણ (પા ૭૮)મા એક શ્લોક આપ્યો છે.

> क्रयविक्रयकूटतुलालाघवनिक्षेपभक्षणव्याजैः ।
> एते हि दिवसचौरा मुष्णन्ति महाजने वणिजः ॥

વસ્તુ વેચતા તથા વેચતી લેવામા કૂડકપટ, ઓછું તોળવું, પારકી થાપણ ઓળવવી,-એવી એવી રીતે, આ ધોળા દિવસના ચોર વેપારી, મેદની મળી હોય તેની વચ્ચે બેસીને ચોરી કરે છે'

પહેલાં પ્રથમ માણસ નિત્ય ઊઠીને હાલતાં ને ચાલતા આવાં અનેક પાપ કરે છે તેનાથી નિવૃત્ત થાય; પછી સામાયિક-પ્રતિક્રમણ, ઉપવાસ, છઠ, અટ્ઠમ, અઠ્ઠાઇ, માસખમણ કરે તથા ધર્મની ચર્ચા કરે. એટલે તો જયશેખરસૂરિ (ઉ ચિ. ૪-૫૧) પ્રશ્ન પૂછે છે, કે

> कट्ठकिरियाहिं देहं दमन्ति किं ते जडा निरवराहम् ।
> मूलं सव्वदुहाण जेहिं कसाया न निग्गहिया ॥

'જેણે દુઃખમાત્રના કારણભૂત માયા (લુચ્ચાઈ), લોભ, ક્રોધ, માન આદિ કષાયનો ત્યાગ નથી કર્યો, તેવા જડ લોકો બાપડા નિરપરાધ શરીરને તપકાયોત્સર્ગ વનવાસઆદિ કષ્ટક્રિયાથી શું કામ પીડતા હશે?'

> शिशुरपि निपुणो गुणैर्गरीयान्
> न तु वपुषैव महान् महत्प्रतिष्ठः ।
> मणिरणुरपि भूषणाय पुंसां
> न तु पृथुलापि शिलासहेतुः ॥

(સોરઠા)

> મોટા નર તે જાણ, જેનામાં ગુણ છે ઘણા;
> મોટા તો છે પાણ, પણ પેંગરાય ન કોટમાં.
> છે મણિ અણુ સમાન, પણ જન ભૂષણમાં ધરે,
> બાળક પણ ગુણવાન, એમ જ મોટપ માણશે.

ચિંતન અને મનન

* પુષ્પો અને પથ્થરો, ધિક્કાર અને ધન્યવાદ એ કાંઇ માનવનો માપદંડ નથી માનવનુ સાચુ' મૂલ્ય તો તેમની અંતરની ઓળખાણથી જ આલેખી શકાય

* સુખ અને દુઃખ, હર્ષ અને શોક, ગુણ અને દોષ એ બધુ માનવ જીવન સાથે જડાએલુ જ છે, પરંતુ એ બધા પ્રસંગોએ સમતા દાખવી સમધારણ રહી શકે એજ ખરો માનવ ! અરે મહામાનવ ! !

* માનવ મનને પારખવુ હોય તો પારખી લેજો કે કતલના આધારે સમાજ પલટો વનારો પુરુષ તામસી હશે કાનુનના આધારે સમાજ સુધારનારો રાજસી હશે અને કરૂણાના આધારે ક્રાંતિ કરનારો સાત્વિક હશે માનવ મનનુ આ એક પૃથ્થકરણ છે

* બેશક શ્રમ એ નીતિનો શ્રેષ્ઠ ગુણ છે. પરંતુ સમાજની બુદ્ધિ બુઠ્ઠી કરી શ્રમનો મહિમા ગાનારો તો કેવળ શ્રમાધ જ છે એમનો શ્રમ સમાજમા ક્રાંતિ લાવી શકે જ નહિ.

* આ સારો અને પેલો નઠારો એવુ કહેનાર મહાપુરુષ જગત સાથે એકતા કેમ સાધી શકે ? આ જગત એજ જેમનુ પરિપૂર્ણ અંગ છે અર્થાત જે વિશ્વાત્મૈકય સાધવા ચાહે છે તેની દૃષ્ટિમા કોણ ગુનેગાર ? કોણ ફરિયાદી અને કોણ ન્યાયાધિશ ?

* સતોની ક્ષમામાજ એવી શક્તિ ભરી છે કે તે ગુનેગારને પવડાવી દે છે. ન્યાય લેવા જવુ, કોર્ટે ચડવુ કે દંડની અપેક્ષા રાખવી એ બધુ નિર્બળ માનવોને જ શોભે...! સતોનો શિરોમણી ગુણ તો છેઃ—

ક્ષમા...! ક્ષમા ! ! ક્ષમા ! ! !

* પાડવોનો ન્યાય કરવા માટે આખીએ હસ્તીનાપુરનગરીમા દુર્યોધનને કોઇ સારો માનવી ન મળ્યો અને ધર્મરાજને કોઇ ખરાબ માનવી ન મળ્યો

આ પ્રસગપરથી આપણે એજ પાઠ શિખીએ કે "દૃષ્ટિ એવી સૃષ્ટિ" અને "આપ ભલા તો જગ ભલા"

* સમાજની મર્યાદાને સમજ્યા વિના કેવલ નીતિ વચનો જ ઉચ્ચાર્યે જવાથી નથી થતુ જગકલ્યાણ કે નથી થતુ આત્મકલ્યાણ આવા માનવીનુ નામ દુનિયા પાગલોની પોથીમા જ નોધાઇ લે છે

* ગમે તે ખાવુ અને ગમે ત્યા પડ્યા રહેવુ એ તો નરી પશુતા જ છે સાચા ! તનુ જીવન તો નિયમિત, વ્યવસ્થિત અને સંયમી હોઇ શકે કારણ કે શાસ્ત્રમા યમ અને નિયમ એ બે યોગના પ્રથમ સોપાન ગણાવ્યા છે.

* પોતાની સંપત્તિને માલિકીની મુઠ્ઠીમાં જકડી રાખી અન્યને વિશ્વબંધુત્વના પાઠ ભણાવનારો માનવી શું જગતને મૂરખ માનતો હશે ખરો કે ?

* ધનનાં ઢગલાં પર બેસીને મહેરબાનીનો એકાદ ટુકડો ગરીબો પર ફેંકવા માત્રથી પુણ્ય પામવું મુશ્કેલ છે, કારણ કે ભગવાન ઇસુએ કહ્યું છે : "સોયના નાકામાંથી ઊંટને નીકળવું સહેલ છે પરંતુ પૈસાવાળાને સ્વર્ગમાં જવુ મુશ્કેલ છે."

* દર્દીને ન પચે એવો ખોરાક આપનાર ડોક્ટર દર્દીનું હિત ન કરતા અહિત જ કરી બેસે તેમ યુગ ન અપનાવી શકે તેવો ઉપદેશ સમાજને આપનારો મહાપુરુષ પણ સમાજનું અકલ્યાણ જ કરી બેસે.

* મહેનત ! મહેનત !! મહેનત !!!
મહેનતનો વધુ પડતો મહિમા ગાનાર ઘણીવાર જ્ઞાનના કાયર માણસો જ હોય છે.
મહેનતનો સાચો મહિમા તો જ્ઞાનપ્રજ્ઞ પુરૂષોને હાથે જ પ્રગટી શકે.

* સાચા શ્રમનો પરસેવો ગંગાસ્નાન કરતાં વધુ પવિત્ર છે.

* પરિણામની પાછળ દોડવાની ઘેલછા રખે કરતા !!

પરિણામ એ તો પુરુષાર્થનો માત્ર પડછાયો છે. એટલે તો ગીતામાં ગાયું છે કે :–

કોઇપણ જીવને આઘાત પહોંચે એવી કટુ–કઠોર વાણી સાચી હોય તો પણ ન ઉચ્ચારવી કેમકે એવી કઠોર વાણી ઉચ્ચારવાથી ઘણીવાર પાપ–દોષ લાગવાનો સંભવ રહે છે.

સ્વહિતે કે પરહિતે અગર તો એમાંના કોઈપણ માટે પૂછવામાં આવે તો પણ પાપમય નિરર્થક કે ગૂઢ–મર્મભેદી વાણી બોલવી નહિ. —ભગવાન મહાવીર

ઝેરમાંથી પણ અમૃત લેવું, બાલકના મુખથી પણ સારી વાત સાંભળવી, શત્રુઓથી પણ ચારિત્ર્ય શીખવું અને કચરામાંથી પણ સોનું મેળવતા શીખવું. —ભગવાન મનુ

ઘડાવામાં મજા છે. ઉપયોગમાં લેવાવામાં પણ મજા છે. બાજુએ મૂકાઇ જવામાં પણ મજા છે. અને ભાંગી નખાવામાં પણ મજા છે. એ સમાન મજાને તું શોધી કાઢ.

આજે જે હું નથી કરી શક્તો તે હું હવે પછી કરી શકીશ તેની નિશાની છે. અશક્યતાનો ભાવ બધી જ શક્યતાઓની શરૂઆત છે. – મહાયોગી અરવિંદ

મારુ લક્ષ વિશ્વમૈત્રી છે. આપણે વિશ્વ ભ્રાતૃત્વ માટે જીવવા અને મરવા ઇચ્છીએ છીએ. —ગાંધીજી

પોતાના સત્કાર્યોથી જે ભગવાનને પૂજે છે તે સિદ્ધિને પામી શકે છે—ભગવાન કૃષ્ણ

જે તારી સેવા કરે છે તેને થોડી સોનામહોર આપવાથી તું ઋણમુક્ત થતો નથી. જો કાંઇ આપવું જ હોય તો તેને તારું હૃદય આપ; નહિ તો તેની સેવા કર. —ખલીલ જીબ્રાન

સમાચાર સાર

મુંબઈ :—

અત્રે શ્રી ગોડીજી મહારાજ જૈન દેરાસર તથા ધર્માદા ખાતાઓના નૂતન ઉપાશ્રયનું ઉદ્ઘાટન સં. ૨૦૧૬ના શ્રાવણ સુદ ૧૧ તા. ૩-૮-૬૦ના રોજ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈને હસ્તે થયું હતું. તે વખતે જૈન જૈનેતરોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. તેમાં અનેક વક્તાઓએ પ્રસંગોચિત પ્રવચનો કર્યાં હતા. તેમા શેઠ શ્રી કસ્તુરભાઈએ ઉદ્ઘાટન કરતાં કહ્યું હતું કે,—" જૈન સંસ્કૃતિ હજારો વર્ષ જૂની છે એટલું જ નહિ તે સંસ્કૃતિ મારફત જૈનોની તેમજ જૈનેતરોની અનેકવિધ સેવાઓ કરવામાં આવી છે. જૈન ધર્મની સવિશેષ મહત્તા એ છે કે તેણે કોઈ નાતજાતના ભેદ સ્વીકાર્યા નથી. બીજી સંસ્કૃતિની માફક જૈન સસ્કૃતિમા ચડતી પડતી આવતી રહી છે. કોઈ વખત બૌદ્ધને લીધે; તો કોઈ વખત હિન્દુઓને લીધે જૈનોને અને જૈન સસ્કૃતિને શોષવુ પડ્યુ છે. પણ આજે તો એવી દુ:ખદ ઘટના બની રહી છે કે જૈનોના હાથે જ જૈન સસ્કૃતિને પારાવાર નુકશાન પહોંચી રહ્યું છે. જૈન સંસ્કૃતિને હિમાળે જૈન સંઘની મોટામાં મોટી સસ્થા, જે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓનો બનેલો સઘ આજે અસ્તવ્યસ્ત બની ગયેલ છે. એટલું જ નહિ પણ ઘણી ક્ષતિઓ આવી છે. જૈન સઘનુ બધારણ સુવ્યવસ્થિત ન હોવાને કારણે તેમજ શ્રાવકે શ્રાવકો વચ્ચે અને સાધુ સાધુ વચ્ચે જે ભેદભાવની નીતિને લઈને જે પરિસ્થિતિ ઊભી થઈ છે તેથી કોઈપણ જૈન કે જૈન સઘને મનદુઃખ થયા વિના નહિ રહે. આમાથી બચવાનો એક માત્ર ઉપાય એ છે કે પક્ષાપક્ષી કર્યા વિના સંઘનું એક ચોક્કસ અને પાકું બધારણ ઘડવુ જોઈએ, જેથી આપણે જે નીચે ઊતરી રહ્યા છીએ તેમાથી બચી શકીએ. શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ પ્રવચન કરતા વધુમાં જણાવ્યું હતુ કે—ગામેગામ જ્યા જૈન ભાઈઓની વસ્તી છે અથવા તો સાધુ મહારાજો બીરાજમાન છે ત્યાં આ બાબતનો વિચાર થવો ઘટિત છે. જો આમ નહિ થય તો આપણું ભવિષ્ય કપરું છે તેમ સમજવું.

ઉપાશ્રયોમા કોઈપણ જાતના ગચ્છનો ભેદભાવ રાખ્યા વિના હરકોઈ પાંચ મહાવ્રતધારી સાધુ મહારાજ કે સાધ્વી મહારાજ ઊતરી શકે તેમ હોવું જોઈએ. આજે આપણે હાથે જ આપણે એ પરિસ્થિતિ ઊભી કરી છે કે અમુક ઉપાશ્રયમા અમુક ગચ્છના સાધુ સાધ્વી જ ઊતરી શકે. આ ખરેખર અસહ્ય વસ્તુ છે, તેમજ આપણા ધર્મના સિદ્ધાત સાથે કોઈ રીતે બંધ બેસતી પણ નથી ઉપાશ્રયનું ઉદ્ઘાટન કરવા મને બોલાવવા માટે ફરીથી આભાર માનું છું અને આશા રાખું છું કે મેં જણાવેલા વિચારોમાં કોઈ ક્ષતિઓ હોય તો ક્ષમા કરશો

એ પછી હર્ષનાદ વચ્ચે ઉપાશ્રયનું ઉદ્ઘાટન થયું. શેઠ લક્ષ્મીચંદ દુર્લભજીએ આભારવિધિ કર્યા પછી સમારભ સમાપ્તિ પામ્યો હતો.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

માર્ચ, ૧૯૬૦મા લેવાયેલ એસ.એસ.સી. પરીક્ષામાં સહુથી વિશેષ ગુણ પ્રાપ્ત કરનાર અને કૉલેજમાં આગળ અભ્યાસ કરનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીની કુમારી શ્રી ઈલા બીમજી દેઢીઆને શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિએ રૂપીઆ બસો પચ્ચીસની— " **શ્રીમતી લીલાવતી ભોળાભાઈ મોહનલાલ ઝવેરી જૈન વિદ્યાર્થીની સ્કૉલરશિપ** "— આપવા નક્કી કરેલ છે. આ વિદ્યાર્થીનીએ છેલ્લી એસ.એસ સી. પરીક્ષામાં ૬૧૮-૮૦૦ (૭૭.૨૫ %) ગુણ પ્રાપ્ત કરેલ છે.

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH

આજીવિકાના પ્રકાર

માણસની આજીવિકા ચલાવવાના ત્રણ પ્રકાર હોઈ શકે છે. (૧) ભીક્ષા (૨) ધંધો યા વ્યવસાય (૩) ચોરી. ભીક્ષા એટલે સમાજની વધારેમાં વધારે સેવા કરી સમાજ પાસેથી કેવળ શરીરયાત્રા ચલાવવા પૂરતું ઓછામાં ઓછું લેવું તે, અને તે પણ ન છૂટકે અને ઉપકાર માનીને. ધંધો એટલે સમાજની કોઈ વિશેષ પ્રકારની સેવા કરવી અને તે માટે યોગ્ય બદલો માગી લેવો તે. ચોરી એટલે સમાજની ઓછામાં ઓછી સેવા કરીને અથવા સેવા કર્યાનો ડોળ કરીને અથવા બિલકુલ સેવા કર્યા વગર અને ક્યારેક તો સમાજનું પ્રત્યક્ષ નુકશાન કરીને પણ સમાજ પાસેથી વધારેમાં વધારે ભોગવિલાસના સાધનો મેળવવાં તે.

—વિનોબા

પ્રકાશક:— શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર

પુસ્તક ૫૭ અંક ૧૨

આસો સં. ૨૦૧૬

સં. ૨૦૧૬ વાર્ષિક અનુક્રમણિકા.

પદ્ય વિભાગ.

ક્રમાંક	લેખ	લેખક	પૃષ્ઠ
૧	નૂતનવર્ષાભિનંદન	મુનિશ્રી લક્ષ્મીસાગરજી	૧
૨	વર્ષારંભે વીરવંદન	શ્રી વીરુચંદ્ર મ. શાહ	૨
૩	તાલધ્વજ તીર્થમહિમા	શ્રી અમરચંદ મા. શાહ	૩
૪	ચૈત્યવંદન ચતુર્વિંશતિકા	પં. શ્રી સુશીલવિજયજી ગણી	૩ ૩૫,૪૮ ૬૬,૯૭
૫	સુભાષિત	અનુ વી મૂ શાહ	૨૮
૬	જરા વિચારી લે	સ્વ. શ્રી પાદરાકર	૩૦
૭	સુભાષિત	.....	૪૫,૬૧ ૯૭,૧૨૨,૧૦૮ અ
૮	પ્રભુ ભજન	મુનિશ્રી લક્ષ્મીસાગરજી	૪૬
૯	પ્રભુ નયનામૃતપાન	શ્રી પાદરાકર	૪૭
૧૦	કસ્તૂરી મૃગ	શ્રી બાલચંદ હીરાચંદ	૪૬
૧૧	વૈરાગ્ય પદ	મુનિશ્રી લક્ષ્મીસાગરજી	૬૨
૧૨	જ્ઞાનની પ્યાલી	સ્વ શ્રી પાદરાકર	૬૩
૧૩	શ્રી નવપદજીનુ સ્તવન	મુનિશ્રી લક્ષ્મીસાગરજી	૬૩
૧૪	ઝરણુ	શ્રી બાલચંદ હીરાચંદ	૬૪
૧૫	શ્રી મહાવીરજયતિ ગીત	મુનિશ્રી લક્ષ્મીસાગરજી	૭૭
૧૬	મહાવીર જીવન ગીત	શ્રી 'રક્ત તેજ'	૯૦
૧૭	શૌર્યિતપુર	શ્રી બાલચંદ હીરાચંદ	૯૧
૧૮	શ્રી વાસુપૂજ્યજિન સ્તવન	શ્રી અમરચંદ મા. શાહ	૯૩
૧૯	ભગવાન શ્રી મહાવીરની વાણીનો મહિમા	મુનિશ્રી લક્ષ્મીસાગરજી	૯૪
૨૦	શ્રી મહાવીર વાણી	.. ..	૧૦૯
૨૧	આમાં કયાં છે?	સ્વ શ્રી પાદરાકર	૧૧૦ અ
૨૨	પર્યુષણપર્વ નિમિત્તે પ્રભુસ્તુતિ	વિ	૧૨૫
૨૩	મિચ્છામી દુક્કડં	વિ	૧૨૫
૨૪	પર્વાધિરાજ પર્યુષણપર્વ	મુનિશ્રી લક્ષ્મીસાગરજી	૧૨૬
૨૫	સુભાષિત	.	૧૪૯
૨૬	શ્રી ગૌતમસ્વામીનો વિલાપ	મુનિશ્રી લક્ષ્મીસાગરજી	૧૫૦
૨૭	જ્ઞાનપંચમી પર્વ આરાધો	,,	૧૫૧
૨૮	હરિયાલી	પ્રેષક શ્રી ચંદનમલ નાગોરી	૧૫૨
૨૯	ભોળો બાલભક્ત	શ્રી બાલચંદ હીરાચંદ	૧૫૦



વર્ષ ૫૭ મુ] આસો તા ૧૫-૧૦-૬૦ [અંક ૧૨

સુભાષિત

अनारम्भो हि कार्याणां प्रथमं बुद्धिलक्षणम् ।
आरब्धस्यान्तगमनं द्वितीयं बुद्धिलक्षणम् ॥

આરંભવું જ ના કાર્ય, પહેલું બુદ્ધિલક્ષણ;
આરંભ્યે આણવો અંત, બીજું એ બુદ્ધિલક્ષણ.

આમ તો આ માર્મીનું વિધાન જ છે તેના સમર્થન માટે બીજી કોઈ વાત સુભાષિતકારે કરી નથી. વ્યવહારની કસોટીએ ચડવા માટે તે અનામત રાખ્યાં છે. કોઈપણ કામ લીધા પહેલાં તેને વિષે લાંબી-પાંતીનો વિચાર કરી લેવો. તેને વિવેકસરનું તારણ બાંધી લેવું, અને જો તે હાથ લેવા યોગ્ય લાગે તો જ લેવું. નર્મદે ગાયું છે ' સમજીને તો ડગલું ભરવું ', પરંતુ કામ હાથ લીધા પછી, નર્મદ આગળ કહે છે તેમ ' મૂકીને ના બોલું.' પછી તો તેની સિદ્ધિની કામના રાખનારે તેને પૂરું કર્યે જ છૂટકો.

— ' કુમાર '

શ્રી ગૌતમસ્વામિનો-વિલાપ

રચયિતા: મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી. જોટાણા

(દુહા)

પ્રભુ વીર પધાર્યા, પાવાપુરી મોઝાર;
હસ્તિપાલની રજ્જુકસભાએ, અનેક મુનિ પરિવાર—(૧)

પુન્ય પાપ ફળ ઉચ્ચરે, ઉત્તરાધ્યયન રચાય;
અંતકાલે વિપ્ર બોધવા, ઇન્દ્રભૂતિ તો જાય—(૨)

પુન્યપાલ સ્વપ્ના કહે, ભસ્મગ્રહ સંક્રમાય,
ઇન્દ્ર વિનવે ક્ષણ વિરામો, વીર કહે એમ નવ થાય—(૩)

(રાગ—આવો આવો દેવ મારા સના સદા દ્વાર)

તારો તારો વીર ! મારી નૈયાના આધાર. મને પાર ઉતારો,
તુમ વિયોગે પ્રભુજી પ્યારા, ગૌતમ કરે પોકાર-મનો૰ (૧)

ચોમાસને કર્મ[1] ખપાવી, જ્ઞાન પ્રકાશ બુઝાયો;
જ્ઞાત નંદન[2] શિવ સિધાયા, જગ અંધાર છવાયો-મનો૰ (૨)

શીઝલ હલતી કેવળજ્યોતી, આસો અમાસે જાય.
સુરનર શોકે દીપક કરતા, તે દિવાળી સોહાય મનો૰ (૩)

રૂમ ઝુમ કરતા દેવવિમાનો, આકાશે જે ગાજે;
વળતા સ્વામીર ગણપતિ પૂછે, સુર આવ્યા કોણ કાજે-મનો૰ (૪)

ભવિજન તારક મત્યર[3] દયામય કુમતિ ટાલણહાર,
વર્ધમાન વિભુ શિવ સિધાવ્યા, અમે આવ્યા તે વાર-મનો૰ (૫)

સાભળીને મૂર્છા એ પામે, દડ દડ આંસુ વહાવે;
હે પ્રભુ ! હું છેડો ન ઝાલત, શિવ ન સાંકડું થાત-મનો૰ (૬)

વીર વીર કહી વિલપે,[4] કોને પૂછું પ્રભુ ભદંત;
કોણ બોલાવે ગુણી ગોયમ, કિણ પાસે રહું સંત-મનો૰ (૭)

---

(૧) જ્ઞાતકુળના શાહુકારના પ્રભુ (૨) ગૌતમ સ્વામી (૩) સત્ય ને દયાના અવતાર (૪) વિલાપ કરતા

રે નિરાગી ! તવ ભાવ ન જાણ્યો, શ્રુત ઉપયોગ ન આણ્યો;
રાગ રીસના જમથી ઝર્યું, મન વૈરાગે ધર્યું-મને૦ (૮)

નૂતન વર્ષે નવ પ્રભાતે, ગૌતમ કેવળ પાવે;
જગના જીવો હર્ષે મ્હાલે, સુર ઉત્સવમાં આવે-મને૦ (૯)

બાર વર્ષે વીર ગૌતમ મળતાં, શાશ્વત સુખમાં લ્હેરે;
શાસન લક્ષ્મીસાગર સોહે, હર્ષ ધરો વર મેરે-મને૦ (૧૦)

જ્ઞાનપંચમી પર્વ આરાધો !

રચયિતા : મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી. માણસા

[કાવ્ય]

(નાગર વેલીઓ રોપાવ—એ રાગ)

જ્ઞાન જ્યોતને પ્રગટાવ, તારા ઉર મંદિરમાં
જિનવાણીને જમાવ, તારા ઉર મંદિરમાં—ટેક

તું લક્ષ ચોરાશી રૂલ્યો, સદ્‌જ્ઞાનને તું ભુલ્યો
જ્ઞાન દીપક પ્રગટાવ, તારા ઉર મંદિરમાં. (૧)

પંચમી તપ જે આરાધે, આત્મતત્ત્વનું ભાજન થાયે,
પંચમી તપનો પ્રભાવ, તારા ઉર મંદિરમાં. (૨)

જીવ-અજીવનો વિચાર, જ્ઞાન વિના નહિ તેનો સાર,
જ્ઞાનપંચમીપર્વ આરાધ, તારા ઉર મંદિરમાં. (૩

જ્ઞાની એકજ શ્વાસોશ્વાસ, કર્મ કઠીનનો કરે નાશ,
સમ્યગ્‌જ્ઞાનને જમાવ, તારા ઉર મંદિરમાં. (૪)

કર્મ મેલને દૂર કરવા, સદ્‌જ્ઞાન હૃદયમાં ધરવા,
આનંદ ઉર્મિઓ વર્ષાવ, તારા ઉર મંદિરમાં. (૫)

તપથી નરભવ સફલ ઈચ્છો, મૂકો મિથ્યાજ્ઞાનનો પીછો,
ધાર્મિકજ્ઞાનને જમાવ, તારા ઉર મંદિરમાં (૬)

જ્ઞાનપંચમીને આરાધી, કઈક આત્માનું ત્યો સાધી,
સૂરિ અજિતાબ્ધિ કેરા, તારા ઉર મંદિરમાં. (૭

વરદત્ત-ગુણમંજરી પેઠે નર-નાર, પંચમી તપ જે આરાધે,
કહે લક્ષ્મીસાગર, તપથી ઉજમાણ, તારા ઉર મંદિરમાં. (૮)

હરિયાલી

શ્રીમદ્ અધ્યાત્મ યોગી આનન્દઘનજી મહારાજ કૃત

પ્રેષક—ચંદનમલ નાગોરી છોટીસાદડી (મેવાડ)

સરસ્વતી સ્વામી કરીરે પસાય, હું રે ગાઉં રૂડી કુલવહુરે ।
પિયુડો ચાલ્યો છે પરદેશ, ઘરે રેહી રૂડું શીયલ પાલીયેરે ।
હીરૂ નીરૂ સાસરડે જાય, નાની તું મનુવી રમે ઢીગલે રે ।
નરપત–પરપત નિશાળે જાય, નાનો તે પરિયાપન પોઢયો પારણે રે ।
બારે વર્ષે આવ્યો [illegible] છોકરડાને [illegible] મવી લાવીઓરે ।
હું તને પુછું શ્યામલી નાર, પીયુ વિણ છોકરા ક્યાથી આવીયારે ।
ગોત્રદેવે કર્યો રે પસાય, [illegible] ઘર ઘર વધારીયારે ।
એટલે ઉઠીને લાગ્યોરે પાય, ધન્ય પનોતી તું કુલવહુ રે ॥
એહનો રે અનુભવ બેસસેરે જેહ, તે પામે રઠી શીવવહુ રે ।
આનન્દઘન ભણેરે સજ્ઝાય, સુણતા શ્રવણે સુખડીયેરે ॥

સોળો બાલભક્ત

(મદિરા ૭૬)

બાલભક્ત છે વીરપ્રભુનો લાડકવાયો અતિ ભોળો
બાલતાનથી સ્નેહી થઈને બોલે બહુ મીઠા બોલો
માતા મારી બાલક બહુ વિધ હઠ કરીને કંઈ માગે
તિમ નિજમાં ને પ્રભુતર માંહિ અંતર નહી તસ મન જાગે. ૧
અંગોપાંગ કર્યાં બહુ, પેલા ખરડાયો દેષે એહ
છતા જઈ વળગ્યો પ્રભુ આગે, વિવેક નહી જાણે જેહ
બોલે પ્રભુ માતા છે મારી મુજ તનુ ધોશે નિજ હાથે
મલિન ભલે હું બાલક એનો કરશે સ્વચ્છ મને પોતે ૨
પુરશે મારા બધા હક એ મુજ ઉપર છે પ્રેમ ઘણો
અણઘડ અજ્ઞાની પણ એનો છોરૂ હું છું તસ જણ્યો
હોઉં કછોરૂ હું પણ માતા કદી કુમાતા નહી થાય
મુજ મનનો વિશ્વાસ ઘણો છે પાકો એ કદી નહી જાય ૩

મંત્રતંત્ર વા સ્તવન સ્તોત્ર કાંઇ હું નહીં જાણું જ્ઞાનીના
પ્રભુ માતા છે જ્ઞાની મારી ભાવ જાણશે અજાણ્યા
મુજ રડવાની કરૂણા એને ત્વરિત આવશે બાલતણી
સમજી લેશે દુઃખ મારૂં આશા પુરશે મુજ મનની ૪

ક્યાંથી લાવું ચંદન કેશર ધૂપ દીપ નૈવેદ્ય ફળો
અણઘડ બાલક જન્મદરિદ્રી દ્રવ્ય ન જાણું ભાવભલો
પ્રભુમાતા નહીં માગે મુજથી એહ આપશે સહુ કાંઇ
દીનદયાળુ એહ કૃપાળુ આશ પુરશે સહુ જોઇ ૫

જ્ઞાનીજનની પૂજા ભક્તિ બાલક શું જાણે ભાઈ
પ્રભુ માતા મુજ ધણી દયાળુ મારૂં સહુ લેશે જોઇ
સહુ દયા ધન શુ જમ્યો છે? મારી પૂજા નહીં માગે
સર્વ સ્વાર્પણુ પ્રભુચરણોમાં બીજી શુ પૂજા માગું ૬

પ્રભુદરબારતણો હું બાલક કૃપા સહુ મુજપર કરશે
ભાવ જોઇ મારો સહુ દુર્જન કર્મ ભવાંતના હરશે
મુજ વાણીમાં સ્પષ્ટ ન શબ્દો અભણ બોબડો હું અજ્ઞ
પ્રભુ મુજ ભૂલો સુધારશે સહુ દયા દાખવે એ સુજ્ઞ ૭

રડી દાખવીશ મુજ દુઃખોને માતા કરશે મુજ શાંત
ચરણ, પ્રભુના નહીં તજીશ હું લીધાવિણુ એ ભવઅંત
હડસેલે ના દૂર ફગાવે એ પ્રભુ મુજને નિજ હાથે
ધન્ય ગણીશ આ જન્મ માહરો રહીશ પછી પણ પ્રભુ સાથે ૮

પ્રભુસાથે હું એકરૂપ થઈ તન્મયતા અનુભવિશ ખરે
શું કરશે ત્યાં કર્મ માહરા હતબલ થાશે સર્વ તરે
બાલક-તારક પિતા પ્રભુ જ્યાં વિચરે સાથે ભય ન ધરે
આત્મા સાથે પરમાત્માનો મેળ સાધતા ગર્વ તરે ૯

ભાવ્ય પાલકો ભિન્ન ન રહેશે દ્વૈતભાવ સહુ નષ્ટ થશે
મહ મંગલે મંગલ મળતા ચિદાનંદ મુક્તિ વિલસે
પ્રભુવિણુ ન ગમે કોઇ પ્રક્રિયા બાલ ભાવ જો સરલ થશે
બાલેન્દુ આપે છે ખાત્રી મુક્તિવધુ સેહેજે વરશે ૧૦

કવિ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ માલેગામ

જ્ઞાનપંચમીની સુંદર આરાધના ભાવો

લેખક – મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

જ્ઞાનઆરાધનાનુ 'મહાપર્વ' 'જ્ઞાનપચમી' પસાર' થયુ દરવર્ષે 'આવે' છે અને જાય છે મનુષ્ય પણ જન્મે છે અને મરે છે લક્ષ્મી પણ આવે છે અને જાય છે, ઔષધનુ પણ તેમજ છે તો પછી જ્ઞાનપચમીની વિશિષ્ટતા શી ? જ્ઞાનપચમીની વરદત્ત–ગુણમજરીની કથા સાભળી એટલે બસ ? કે જ્ઞાન પુસ્તકની આગમની વાસક્ષેપાદિથી જ સતોષ પામવાનો ? કે પૌષધ–પ્રતિક્રમણાદિ ક્રિયા માત્ર કરીનેજ સતોષ અનુભવવાનો ? કે આથી વધુ કોઈ અનેરી વિશિષ્ટતાથી આરાધનાની કેડી પર ચાલવાનુ બાકી રહે છે જ્ઞાનામૃતનુ કોઈ અલૌકિક મથન કરવાનુ છે કે નહિ ? માત્ર પુસ્તકપૂજા આરાધનાનો ધ્યેય પૂરો પાડશે ? આત્મજાગૃતિ લાવશે ? કે ગ્રથની અદર રહેલી આજ્ઞાઓનુ તત્ત્વોનુ અવલોકન મનન ચિત્વન માર્ગ ચિધશે ? બાહ્યપૂજા બહુમાન સૂચક જરૂર છે ભક્તિ ભાવનાની હર્ષ સૂચક દ્રવ્યપૂજા જરૂર આદરણીય છે પરતુ હૃદયમા ભક્તિ ભાવના હોય તો જ માર્ગદર્શક અને તારક બને જે સમ્યગ્ જ્ઞાનના અપૂર્વ ખજાનારૂપ આગમ ગ્રથોની સુગધિ ચૂર્ણાદિકથી પૂજા કરીએ, તે આગમ ગ્રથો આજે કઈ હાલતમા પડયા છે અને કઈ રીતે તેનો કેવો દુરૂપયોગ થઈ રહ્યો છે, એની અદર રહેલા અક્ષર દેહમાં સમાએલા તત્ત્વનો કેવો વિકૃત પ્રયોગ છડેચોક થઈ રહ્યો છે, એની સાથે કેવાં ચેડા રમાઇ રહ્યા છે ? એજ આગમ સુધારણાને નામે વ્યવસ્થિત કરવાને બ્હાને તેનાજ પ્રણેતા મહાપ્રભુ સર્વજ્ઞ ભગવતો સામે અને પ્રચારક આચાર્ય ભગવતો સામે કેવા બાલીશ-શાબ્દિક હુમલા થયા છે અને થાય છે એ જોવાનુ તપાસવાનુ કે ધ્યાનમા લઈ પ્રતિકાર કરી રક્ષણ કરવા કરાવવાનુ જરૂરી લાગે છે કે નહિ ? અને જરૂરી લાગતુ હોય તો આટલી હદ સુધીના આંખ-મીચામણા અને ઉપેક્ષાભાવ કેમ ચાલી રહ્યા છે ? અરે એ જ્ઞાનોદ્ધારને નામે તો કોઇ કોઇ વ્યક્તિઓ ત્યાગ સયમ માર્ગની કેટલીક વિશિષ્ટતાઓ પણ કોરે મૂકાતી જાય છે છ જીવની કાયની રક્ષાને પણ ગૌણ બનાવી દેવાય છે એમ ખબર નથી કે ભાવી પ્રજાપર એની કેટલી ખોટી અસર થશે આતો વાતો થઈ બધી જ્ઞાનગ્રથો અને ગ્રથાત્માની રક્ષાની પરતુ સર્વજ્ઞ ભગવતોના અજોડ અને અતીન્દ્રિયજ્ઞાન ખજાનાને પૂર્વાચાર્ય ભગવતો એ વિકસાવ્યો છે ને વિકસાવ્યો છે આ અનાદિ અનત મહાશાસનના પ્રચારકો સમ્યગ્જ્ઞાનના પ્રચારમાં ઉપેક્ષા સેવશે પ્રમાદ રાખશે તો સમ્યગ્દર્શન અને સમ્યગ્ ચારિત્રનુ સ્થાન કયા રહેશે ? અને રહેશે તો એમા તાકાત અને પ્રતિભા કેટલી હશે ? દુનિયાભરની સુખ શાતીનો આધાર સૌ કોઇ હૃદયમા ધારણ કરો અને યથા શક્તિ **જ્ઞાન–પચમીની** સુદર આરાધના ભાવો એ જ મનુષ્ય જીવન સફળ

ધન્ય મુનિરાજ!

મનસુખલાલ તારાચંદ મહેતા

કૌશાંબી નગરીમાં એ વખતે લગ્નની મોસમ ચાલતી. હતી. ઘેર ઘેર લગ્ન હતાં, અને આજે જેમ આમ્રફળની વિવિધ જાતોમાં કેશર કેરી સૌથી શ્રેષ્ઠ ગણાય છે, તેમ તે વખતે મિષ્ટાનની વિધ વિધ વાનીઓમાં સિંહકેશર લાડુ બહુ વખણાતા. ભોજનસમારંભમાં સાત વાનાંની સુખડી હોય, પણ તેમાં જો સિંહકેશર લાડુ ન હોય તો તે ભોજન નીરસ ગણાતું.

એ વખતે મહાન તપસ્વી શ્રી સુવ્રતમુનિ વિચરતાં વિચરતાં ત્યાં આવી પહોંચ્યા. તેમનામાં તપનું તેજ આગળ તરી આવતું. છૂટા મોઢે તો ભાગ્યેજ ખાવાનું હોય. છઠ્ઠ, અઠ્ઠમના તપથી આગળ વધી હવે તો માસખમણપર માસખમણ કરતા, અને એક મહાન તપસ્વી મુનિરાજ તરીકે તેમનું નામ ચારે તરફ પ્રખ્યાત થઈ ગયું હતું.

જૈન સાધુઓને શાસ્ત્રમાં વિધ વિધ ઉપમાઓ આપવામાં આવી છે. એકજ ઠેકાણેથી ગોચરી ન લેવાનાં કારણે તેમને ભમરા જેવા કહેવામાં આવે છે. કામભોગ રૂપી કાદવમાંથી જ ઉત્પન્ન થયેલાં હોવા છતાં, તેનાથી અલિપ્ત રહેતા હોવાથી તેમને કમલ જેવા પણ કહેવામાં આવે છે. હરણ જેમ પારધિથી ઉદ્વિગ્ન રહે છે, તેમ સંસારરૂપી પારધિના ભયથી જૈન સાધુઓ હંમેશાં ઉદ્વિગ્ન રહે છે, એટલે તેમને મૃગની જેવા પણ કહેવામાં આવે છે. સાપ જેમ એકદૃષ્ટિ હોય છે, તેમ ભિક્ષા માગવા જનાર સાધુની પણ સંયમ તરફ એક દૃષ્ટિ રહે છે, તેમજ સાપ જેમ દરની આજુબાજુની જમીનને અડક્યા વિના અંદર પેસે છે, તેમ સાધુઓ પણ અન્નને સ્વાદ માટે મોમાં મમળાવ્યા વિના ખાય છે, એટલે સાપ જેવા પણ કહેવાય છે. જૈન સાધુ મનનશીલ હોવાથી મુનિ કહેવાય છે, ક્ષમાશીલ અને અક્રોધી હોવાથી ક્ષાન્ત કહેવાય છે, ઈંદ્રિયોનું દમન કરતાં હોવાથી દાન્ત કહેવાય છે, અને હિંસાદિમાંથી નિવૃત્ત થયેલા હોવાથી વિરત પણ કહેવાય છે.

આવા સુવ્રત મુનિરાજ એક દિવસે માસખમણને પારણે ગોચરી અર્થે નીકળી પડ્યા. પારણું કર્યા પછી બીજા દિવસથી જ પાછી એક માસના ઉપવાસની તપશ્ચર્યા શરૂ થવાની હતી, એટલે મુનિરાજના મનમાં એમ કે આહારની કોઈ પૌષ્ટિક વસ્તુ ગોચરીમાં મળે તો ઠીક. છેલ્લા પારણાં વખતે જ ચોસઠ દ્રવ્યયુક્ત કૌશાંબીના સુપ્રસિદ્ધ સિંહકેશર લાડુનો સ્વાદ કર્યો હતો, અને તેની સુગંધ અને સ્વાદ મુનિરાજની દાઢમાં રહી ગયા હતા. એટલે આ વખતે પણ ગોચરીમાં સિંહકેશર લાડુની શોધમાં મુનિરાજ એક ઘેરથી બીજા ઘેરે ફરે છે, પણ એ લાડુનો ક્યાંય જોગ ખાતો નથી.

ભક્તજનો મુનિરાજને દૂધ. રાબ, મગ અને વિવિધ હળવી વસ્તુઓ વહોરાવવા મહેનત કરે છે, પણ મુનિરાજ તો 'ખપ નથી,' એમ કહી ત્યાંથી પાછા ચાલી નીકળે છે. ગોચરીમાં પૂરતો અગર બિલકુલ આહાર ન મળે તો તેનો શોક ન કરતાં તેને તપ સમાન ગણીને સહન કરી લેવું એ શાસ્ત્રનું સૂત્ર મુનિરાજ ભૂલી ગયા. પછી તો શરમ છોડીને

ઘરે ઘરે જઈ સામેથી જ પૂછવા લાગ્યા કે સિંહકેશર લાડુનો જોગ છે કે નહીં?

મનરૂપી ઇન્દ્રની ઇન્દ્રિયોરૂપી રાણીઓમાં રસેન્દ્રિયનું સ્થાન પટરાણી જેવું છે. રસેન્દ્રિયને જ્ઞાની પુરુષોએ રસોની લાલચુ, રોગ માત્રની જન્મભૂમિ અને બીજી તમામ ઇન્દ્રિયોને માર નારી તેમજ તારનારી, યોગારૂઢને પણ બળાત્કારે ખેંચી નીચે હસડનારી, તેમજ સૌ કામનાને જન્માવનાર તરીકે વર્ણવી છે.

મુનિરાજની રસેન્દ્રિયે તેમના સાન અને ભાનને ભુલાવ્યાં. મધ્યાહ્નકાળ થઈ ગયો, પણ મુનિરાજને ક્યાયથી સિંહકેશર લાડુ ન મળ્યો, એટલે શહેરના બધા વિભાગો ફરી વળ્યા પછી તો ધર્મલાભને ભૂલી જઈ ઘરમાં જતાંજ 'સિંહકેશર લાભ' બોલી પ્રવેશ કરવા લાગ્યા. આ જોઈ લોકોને લાગ્યું કે મુનિરાજના મગજની કમાન છટકી ગઈ છે.

સૂર્ય અસ્ત થયો અને રાત્રિના અંધારા પથરાયા છતાં મુનિરાજની સિંહકેશર માટેની કૂચ અવિરતપણે ચાલુજ રહી. રાત્રિના દશનો સમય થયો. બાળકો, યુવાનો અને પ્રૌઢ લોકો તો શયનગૃહમાં જઈ નિદ્રામાં પોઢી ગયા હતા. કોઈ કોઈ ઘરમાં બિચારા વૃદ્ધજનો અર્ધજાગૃત અવસ્થામાં પડી રહ્યા હતા. મુનિરાજ એ સમયે એક ભક્તજનના ઘરમાં ગયા અને ભાગ્યયોગે એ ઘરનો મુખ્ય વડીલ એક સુશ્રાવક સૂવાની તૈયારી કરતો હતો. તેની પાસે જઈ સિંહકેશર લાડુનો જોગ થઈ શકે તેવું છે? કહી ઊભા રહ્યા.

પ્રથમ તો શ્રાવક રાત્રિના આવા વખતે મુનિરાજને આવેલા જોઈ અચંબો પામી ગયો. પણ બીજી જ પળે એણે તપસ્વી મુનિરાજને ઓળખી લીધા. શ્રાવક શાસ્ત્રોનો જાણકાર અને માનવ સ્વભાવનો પૂરે અભ્યાસી હતો. એને લાગ્યું કે મુનિરાજ આચારપતિત નથી. પણ સંયોગવશાત્ પરિસ્થિતિને ઉન્માદ અને ઘેનછાને મારણે માનવી ઘણી વખત ન કરવાનું કરી બેસે છે, પરંતુ તેને સ્થિર કરવા માટે તેનો તિરસ્કાર ન કરતા તેની ઘેનછા કે ઉન્માદ દૂર થાય તેવી જાતના યોગ્ય પ્રયત્નો કરવા જોઈએ. માનવસમાજની એ ભારે કરુણતા છે કે તે તનના રોગીઓની જ્યારે પૂરતી કાળજી લે છે ત્યારે મનના રોગીઓને જેલની ચાર દિવાલો વચ્ચે ધકેલી દે છે. શરીર અને મન વચ્ચે ઘનિષ્ઠ સંબંધ હોવા છતાં માનવજાત આમ કેમ વર્તે છે તે સમજી શકાતું નથી.

શ્રાવક તો મુનિરાજને જોઈ તમામ પરિસ્થિતિ સમજી ગયો, એટલે મુનિરાજને ભાવપૂર્વક વંદન કરી કહ્યું: મુનિરાજ! સિંહકેશર લાડુ તો તાજાજ આવ્યા છે. પછી અંદર જઈ સિંહકેશર મોદકથી ભરેલો એક મોટો થાળ લઈ આવ્યો, અને તે જોઈને મુનિરાજના અંગે અંગમાં આનંદ છવાઈ રહ્યો. મુનિરાજે પાત્રા નીચે મૂક્યાં એટલે શ્રાવકે તમામ પાત્રા મોદકોથી ભરી દીધા.

મુનિરાજ જેવા પાછા ફરે છે કે તરતજ શ્રાવકે હાથ જોડી કહ્યું: આપ જેવા મહાત્માના પગલાંથી મારું ઝૂંપડું પાવન બન્યું છે. આપના જેવા મહાન તપસ્વીના પગલા મારા ઘરમાં થાય તેને હું મારું અહોભાગ્ય માનું છું. જૈન ધર્મ પાળવા છતાં જાત રહી વણિકની, અને વણિકના લોભને થોભ હોયજ નહીં એતો આપ જાણો છો. આપની રજા હોય તો એક શંકા પૂછું.

મુનિરાજે શ્રાવકને જે બાબતની શંકા હોય તે પૂછવા કહ્યું, એટલે શ્રાવકે કહ્યું:

यस्य धृतिस्तस्य तपो यस्य ।

तपस्तस्य सुगति सुलभा ।
येऽधृतिम त पुरुषास्तपोऽपि
खलु दुर्लभ तेषाम् ॥

આ શ્લોકનો અર્થ મને સમજાતો નથી, આપ તે ન સમજાવો? ૧

મુનિરાજે કહ્યું: એનો અર્થ એમ થાય છે. કે જેને ધૃતિ છે, તેનેજ તપ સંભવી શકે છે, અને જેનામાં તપ છે, તેનેજ મોક્ષગતિ સુલભ છે. જેનામાં ધૃતિ નથી, તેનામાં તપ દુર્લભ છે.'

શ્રાવકે બે હાથ જોડી પૂછ્યું, પરન્તુ મુનિરાજ! ધૃતિનો અર્થ શું ?

મુનિરાજ વિચારમાં પડ્યાં પાત્રોમાં મોદકો પડયાં પછી મુનિરાજનું ધ્યાન ત્યાં કોડિયાની સળગતી દિવેટના પ્રકાશ પર પડ્યું હતું. તેમને ભાન આવવા લાગ્યું કે રાત્રિનો સમય થઈ ગયો છે અને પોતે સવારથી જ ગોચરી અર્થે નીકળ્યા છે. ધૃતિનો અર્થ સમજાવતાં મુનિરાજે કહ્યું તો ખરું કે ધૃતિ એટલે સ્થિરતા-ધીરજ-ધૈર્ય; પણ તેજ વખતે તેમને પોતાની સાચી પરિસ્થિતિનું પણ જ્ઞાન થયું. મુનિરાજ વિચારવા લાગ્યા કે: 'અહાહા ! હું તપસ્વી મુનિ, પંચમહાવ્રતનો અધિકારી, માસખમણના પારણા અર્થે સિંહકેશર લાડુ જેવી તુચ્છ વસ્તુમાં મનની સ્થિરતા ગૂમાવી બેઠો ! મને તપનો અધિકાર જ ક્યાં રહ્યો ? જ્યાં સ્થિરતા નથી, જ્યાં ધીરજ નથી, જ્યાં ધૈર્ય નથી, ત્યાં વળી તપ સંભવે જ કેમ ?

મુનિરાજની આંખોથી પશ્ચાત્તાપનાં આંસુની ધારા અસ્ખલિતપણે વહેવા લાગી, અને ગદ્‌ગદ્ કંઠે શ્રાવકને સંબોધી કહ્યું: 'તત્ત્વજ્ઞ શ્રાવક ! તમે ભલે વણિક કુળમાં જન્મ લીધો, પણ આજે તો તમે મારા ગુરુનું કાર્ય કર્યું છે. વેશની દૃષ્ટિએ હું તમારો ગુરુ, પણ તત્ત્વદૃષ્ટિએ તો તમે જ મારા ગુરુ પતનના ભયંકર માર્ગ પર હું ઘસડાઈ રહ્યો છું, એ ભાન તમે અતિ ડહાપણપૂર્વક મને કરાવ્યું છે.'

મુનિરાજે તો એજ શ્રાવકના ઓરડામાં નિર્દોષ ભૂમિ યાચી, આખી રાત ત્યાંજ કાઉસ્સગ્ગ ધ્યાનમાં ગાળી.

પ્રાતઃકાળે મુનિરાજે નગર બહાર જઈ શુદ્ધભૂમિ શોધી પાત્રામાંથી સિંહકેશર મોદક કાઢી તેનો ચૂરો કરવા માંડ્યો અને જે કર્મોનો જન્મની આકરી તપશ્ચર્યાથી નાશ ન થઈ શકે તે કર્મોનો પશ્ચાત્તાપના પ્રચંડ અગ્નિ વડે નાશ કરી નાખ્યો.

એક બાજુ સિંહકેશર મોદકના ચૂરેચૂરા થઈ ગયા અને બીજી બાજુ મુનિરાજના ઘાતીકર્મોના પણ ચૂરે ચૂરા થઈ ગયા, અને ત્યાંજ તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

આવા મુનિરાજને ધન્ય છે!

આવા શ્રાવકને પણ ધન્ય છે!

જૈન સાહિત્ય શિક્ષણ પત્રિકામાંથી સાભાર ઉદ્ધૃત.

એનું નામ તે શ્રાવક

अस्तीह भद्रेश्वरनामधेय
पुरं वरं कच्छकृतैकशोभम् ।
* सर्वानन्दसूरिः जगडूचरित २१ ॥

કચ્છમાં ભદ્રેશ્વર નામે સુન્દર નગર હતું.

नक्तंदिनं दैवतमन्दिरेषु
घंटारवात् अतिरम्यं चासीत् ॥२६॥

ત્યા દેવાલયમાં દિવસ ને રાત ઘટાનાદ થાય તેથી કળીકાળને પેટમા દુખતુ.

महेश्वरस्यैकजयाय कामः
चकार रूपाणी सहस्रशोपि ।
यत्राद्भुताकारविशेषभाजां
दंभेन रंगत्तरुणव्रजानाम् ॥ २६ ॥

ત્યાના તરુણ એવા હષ્ટપુષ્ટ ને રૂપાળા હતા કે જાણે શિવજીને હાર ખવરાવવા સારુ કામદેવે બહુરૂપ ન ધારણ કર્યા હોય

निशासु सौधोपरिसंस्थितानां
मृगीदृशां यत्र च चारुगानम् ।
आकर्णयन्तं स्वमृगं सुधांशुः
याताय कृच्छात् त्वरयांबभूव ॥२८॥

ત્યાંની કિનારકંઠી તરુણીઓ અજવાળી રાતે મધ જેવા મીઠા રાસડા લેતી, તે સાભળવા ચન્દ્રમાનો મૃગલો પૃથ્વી ઉપર ચાલ્યો આવે, અને ચન્દ્રમા એને તેડવા આવે પણ એને કેમે યે પાછા વળવાનું મન ન થાય,

तथा च पुनदीतीरे
संघजं पंकतां रजः ।
यथात्र मग्नं अर्कास्वाः
रथं ऊहुः कथंचन ॥६.३८॥

ભદ્રેશ્વરમા શ્રીમાળી વણિક રહેતા હતા. જે કહેતા કે જગદમ્બા શ્રીદેવીના હૈયાના હારથી અમારી ઉત્પત્તિ થઈ છે. તેમા મુખ્ય જગડૂ [જગદ્-દેવ ?] હતા, જે પરદેશ સાથે વેપાર ખેડીને બહુ ધન કમાણા હતા એણે મોટા સંઘના સંઘપતિ થઈને શત્રુંજય તથા રૈવતક (ગિરનાર)ની યાત્રા કરી હતી સઘપતિના હાથી, ઘોડા તથા રથને લીધે આકાશમાં એટલી રજ ઉડે કે તેથી કરીને સ્વર્ગ ગાને કાંઠે ગારો ગારો થઈ જાય અને એ ગારામા સૂર્યનારાયણના રથને એના ઘોડા માંડ માંડ ખેંચી શકે.

मसीतिं कारयामास षीमलीसंज्ञिताम् असौ ।
भद्रेश्वरपुरे म्लेच्छलक्ष्मीकारणतः खलु ॥६ ६४॥

જગડુજીએ દેવાલય ચણાવ્યા, એટલું જ નહિ પણ મસીદેય ચણાવી, કેમકે જેમ બીજા સૌ તેમ મુસલમાન પણ એના ગ્રાહક હતા

शतशः कारयामास ग्रामे ग्रामे पुरे पुरे ।
सुधास्वादुजला वापी जगडूः क्षितिभूषणम् ॥६ ६५॥

ગામે ગામે ને નગરે નગરે એણે અમૃત જેવા મીઠા પાણીની સો સો વાવ કરાવી

द्वीन्द्वाग्निचन्द्रवर्षेषु व्यतीतेष्वथ विक्रमात् ।
दुर्भिक्षं सर्वदेशेषु भावि वर्षत्रयावधि ॥६ ६८॥

સંવત ૧૩૧૨ માં દેવસૂરિ જગડુજીને કહે, 'દેવોના પ્રિય, માણસ આગળ પૈસો હોય તો સમાજની

રક્ષા કરવાનો ભાર એણે ઉપાડવો ઘટે. હવે પછી વસમી વેળા આવવાની છે: તેમાં જેને સારુ થઈને ભગવાન મહાવીરે સર્વસ્વનો ત્યાગ કર્યો તે સર્વે જીવોની સેવા કરવાનો દુર્લભ અવસર મળે તેમ છે. આ તેરસો બારમું વર્ષ વીતે તે પછી ત્રણ વર્ષનો દુષ્કાળ પડશે.

प्रेष्याखिलेषु देशेषु विद्धान्तमपूरूपान् ।
सर्वेषामपि धान्यानां त्वं तैः कारय संग्रहम् ॥६.६९॥

'એટલે તમારા ચતુર વાણોતરોને ઠેકઠેકાણે મોકલીને દેશની કણપીઠોમાં મળે એટલું અનાજ માત્ર વેચાતું લઈને તેનો સંગ્રહ કરો.'

क्षीराब्धिवीचिविमलं त्वं अर्जय यशोभरम् ।
समग्रजगतीलोकसंजीवननिदानतः ॥ ६७० ॥

'અને દુકાળ આવે એટલે આ ધાન્યભંડાર લોકોને ચરણે ધરો, એને જીવિતદાન આપો તથા ક્ષીરસમુદ્રના તરંગ જેવી ઉજળી કીર્તિ કમાઓ.'

इत्यकर्ष कणान् दातुं अयं सोलतनूभवः ।
दुर्भिक्षपीड्यमानार्थं जनताये कृपानिधिः ६.७४॥

આ પ્રમાણે જગડુજીએ પ્રચંડ કણસંગ્રહ કર્યો, તથા દુકાળ પડ્યો એટલે દુઃખિયા લોકોને તેનું દાન કરવા માંડ્યું.

सप्तात्र कणकोष्ठैकःशतानि तव निश्चितम् ।
श्रुत्वा मया त्वं आहूतः
सांप्रतं कणकाङ्क्षिणा ॥ ६.८४ ॥

એ વર્ષ પછી ગુજરાતના રાજા વીસલદેવે જગડુજીને પોતાની સભામાં તેડાવ્યા, અને કહે, 'મને અનાજ આપો, કેમ કે મેં સાંભળ્યું છે કે તમારી પાસે હજી અનાજના સાતસો કોઠાર ભર્યા છે"

ऊचे नाथ न सन्त्यत्र
मम स्वापि कणाः खलु ॥ ६.८१ ॥

જગડુજી કહે, 'મહારાજ, મારી આગળ અનાજની એક કણી પણ નથી.'

मद्वाक्ये यदि संदेहः कणकोष्ठेषु तेष्वपि ।
इष्टकान्तःस्यसत्ताम्रपत्रवर्णान् विलोकय ॥ ६.८६ ॥

'જો મારી આ વાત માન્યામાં ન આવે તો કોઠારમાં તામ્રપત્ર પડ્યાં છે તે જુઓ.'

વીસલદેવે જોયું તો પત્રાં ઉપર આમ લખ્યું હતું.

जगडूः कल्पयामास रंकार्थं हि कणानमून् ॥६ ८८॥

'જગડુએ દરિદ્રનારાયણની સેવા અર્થે આ અનાજ દેવાનો સંકલ્પ કર્યો છે'

तत् मे पापं म्रियन्ते
चेत् जनाः दुर्भिक्षपीडिताः ६.८९ ॥

'એટલે, મહારાજ,' જગડુજી કહે, 'જો દુષ્કાળની પીડાથી કોઈ માણસ મરે તો મને પાપ લાગે.'

ददौ अष्टसहस्राणि स तस्मै कणमूटकान् ।
श्रीमालान्वयकोटीरः त्रिधा धीरत्वमाश्रितः ॥६.९०॥

એમ કહીને એણે વીસલદેવને ગરીબોને દેવા સારૂ ૮,૦૦૦ મૂડા ધાન્ય આપ્યું,

द्वादशाभ्यधिकं दानशालाशतम् उदारधीः ।
जगडूः सुकृताधारो गङ्गोचातुरात्तनोत् ॥६ १३०॥

આવી જ રીતે સિન્ધ, ઉજ્જયિની, દિલ્હી, વારાસણી તથા સ્કન્ધિ[લ=?]ના રાજાઓને પણ એણે સહાયતા કરી, અને એકસો બાર દાનશાળા ઉઘાડી.

स्वर्णदीनारसंयुक्तान्
लज्जापिंडान् स कोटिशः ।
निशायां अर्पयामास
कुलीनाय जनाय च ॥ ६.१३१ ॥

વળી એણે લાડવામાં સોનૈયા સંતાડીને રાતવેળાએ, મરે પણ માગે નહિ એવા- લોકોને ઘરે તે પહોંચાડ્યા.

नवनवतिसहस्रयुतान्
नवलक्षान् धान्यमूटकानां सः ।
अष्टादशरैकोटीः
अर्थिभ्योऽदत्त दुःसमये ॥ ६.१३२ ॥

આમ એણે ૯,૯૯,૦૦૦ મૂડા અનાજ અને અઢાર કરોડ રૂપિયાનું દુકાળમાં દાન કર્યું.

દેસાઈ વાલજી ગોવિંદજી

---

* આ ગ્રન્થ મને મારા વાડાનેરનિવાસી સ્વર્ગસ્થ મિત્ર શ્રી પોપટલાલ પુંજાભાઈ શાહ પાસેથી મળ્યો હતો.

અવસરમા સંપૂર્ણ ભયરહિત રહ્યા હતા. ગોવાળીઆઓના પ્રસગમાં પોતાને શારીરિક પીડા થશે, તેથી શરીરને વેદનાઓ ભોગવવી પડશે એનો વિચાર કરતા બેસી પોતાની આત્મવિચારણાને ફેરવી પોતાના શરીરનો બચાવ તેઓ કરી શકયા હોત. પણ તેમણે ભય કયારનો ફગાવી દીધો હતો. ભયની અલ્પ જેવી છટા પણ એમનામાં રહેલી ન હતી તેઓ કેસરીસિંહની પેઠે નિર્ભય થઈ પોતાની આત્મસાધનામાં સ્થિર થએલા હતા. તેથીજ અતિમ યશકલગી તેમના આત્માના મુકુટમા ચડી હતી. ચંડકૌશિક એક દૃષ્ટિવિષ સર્પ છે, મહા ભયકર છે, પ્રાણુ હરણ કર્યા સિવાય એ રહેતો જ નથી. એવી ખબર લોકોએ પહેલાથી આપી હતી. પણ પ્રભુને વેષધરથી ડરવા માટે ભય હતો જ કયા ? તેઓ તો એકાકી કર્મરાજાની ફોજ સામે એકલે હાથે લડવા તૈયાર હતા અને હસતે મોઢે દરેક ઘા ઝીલવા તૈયાર હતા. તેથીજ કર્મના બધા જ શસ્ત્રો બુઠ્ઠા પડી ગયા અને જગતમા તેઓ જગજ્જેતા અને આત્મદર્શી નિષ્કર્મ થઈ ગયા અને જગદ્ ઘ પરમ પુરૂષોત્તમ થયા નિર્ભયતામા આવી અખુટ શક્તિ સમાએલી હોય છે

કોઈપણ કામ જોઈ આ કામ મારાથી કેમ થશે ? એ કામ ઉપાડવાનું મારુ ગજુ શુ ? એવા નૈર્માલ્ય વિચારો જે માણસ કરે છે તેની પ્રગતિ થાય છે એક પહાડ ઉપર કોઈ ચડવા વિચાર કરે અને પહાડની ઉચાઈ જોઈ હીમત હારી જાય તે માણસ પહાડની ટોચ ઉપર શી રીતે જઈ શકે ? એ જો ભય છોડી, થોડી હીમત ધારી પગલા ભરવા માડે તો થોડી પ્રગતિ તો જરૂર કરી શકે જ. પછી થોડો વિસામો લઈ ફરી આગળ વધવાનો પ્રયત્ન કરે તો તેનો આત્મવિશ્વાસ જરૂર વધે અને મનમાં વધુ હીંમત જાગે અને તેને લીધે ઉપર ઉપર ચઢી જાય અને અતિમ ટોચે તે પહોંચી પરમ આનંદ સમાધાન મેળવી શકે. એની સામે યશ આવી ઉભુ રહે.

એકડે એક પણ જેને ન આવડે તે માણસ પદવીધર વિદ્વાનના પરિશ્રય તરફ અને એના અભ્યાસ તરફ જોઈ વિચાર કરે કે આટલા ગ્રથોનો અભ્યાસ હું શી રીતે કરી શકીશ ? એવો વિચાર કરી હીમત હારી બેસી રહે તો એ ભણી પંડિત થઈ શકે ? એણે તો એવો વિચાર કરવો જોઈએ કે, એ પદવીધર પંડિત પણ મારા જેવો જ અભણુ હતો, અને એણે હીંમત ધારણુ કરી, ભય મૂકી અખંડ જ્ઞાનની ઉપાસના કરી તેથીજ એ પડિત થઈ શકયો છે હું પણ જો પ્રયત્ન કરતો રહીશ તો એના જેવા તો શુ પણ કદાચિત્ એના કરતા પણ વધુ જ્ઞાની બની શકીશ મતલબ કે શંકા અને ભય જો દૂર ફેકી દેવામા આવી સતત પ્રયત્ન કરવામાં આવે તો જય મેળવવા માટે જુદો પ્રયત્ન કરવાની જરૂર નથી. આપણા જોવામા એવા ઘણા દાખલાઓ આવે છે કે જે માણસો પહેલા તદન દરિદ્રી હતા તેવાઓ શ્રીમાનની પક્તિમા જઈ બેઠા છે તેમજ બાલપણુમાં જે તદન મંદબુદ્ધિના જડ જેવા જણાતા હતા. તેવાઓ શ્રમસાતત્યથી મોટા પડિતો બનેલા છે. એ બધી ઘટનાઓમાં જો એવો વિચાર કરીએ કે એતો એના નશીબમા હતું એટલે બન્યું હશે. પણ પુરૂષાર્થ ટાળવાના એ માયકાંગલા વિચારો છે. નશીબ બનાવવાનું કામ તો આપણો પુરૂષાર્થજ કરતો હોય છે. માટે આપણે ભયરહિતપણે પુરૂષાર્થ ફેરવવો જોઈએ જેથી યશ કે જય તો આપણો જ છે. ઇત્યલમ્

પ્રતિક્રમણ ક્યારે ?

લેખકઃ—મુનિ ત્રૈલોક્યસાગર.

ક્ષમા વીરસ્ય ભૂષણમ્=ક્ષમા એ વીર પુરુષનું ભૂષણ છે.

આજનું પર્વ દરેકને ક્ષમા આપવાનું છે. માટે જેની સાથે વૈર વિરોધ થયો હોય, તેની પાસે જઈ ક્ષમા આપવી અને પોતાની ભૂલની ક્ષમા માગવી. બહારગામ રહેતા હોય તેને પત્રદ્વારા ક્ષમા આપવી અને પોતાની ભૂલની ક્ષમા માગવી.

એક અંગ્રેજ લેખક લખે છે કે મારું હૃદય ઘણું વિશાળ છે. કે જેમાં હું દરેકને સમાવી લઉં છું. પણ દુર્ગુણ ભરવા માટે મારા હૃદયમાં એક તસુમાત્ર જગ્યા નથી.

હૃદય વિશાળ કરી વૈરઝેર સમાવવા આ અપૂર્વ દિન મોહનિદ્રામાં સુતેલા આપણને જાગ્રત કરે છે. પરદેશી રાજાએ પોતાને ઝેર આપનાર, પોતાની જ વ્હાલી સ્ત્રી સૂરીકાન્તાને અંતઃકરણથી ક્ષમા આપી. મેતારજ મુનિએ—ચામડાની વાધરી વીંટનાર સોનીને નિમિત્તમાત્ર જાણી, અને ખરા દુશ્મન પોતાના કર્મને ઓળખી, હૃદયથી સોનીને ક્ષમા આપી.

साधोः प्रकोपितस्यापि मनो नायाति विक्रियाम् नहि तापयितुं शक्यं, सागराम्भ स्तृणोल्कया ॥

ઘાસના અગ્નિથી સમુદ્રનું પાણી ગરમ કરવાનું શક્ય નથી, તેમ સાધુના ઉપર ગમે તેટલો કોપ કરો છતાં તેમનું મન ચલાયમાન થતું નથી.

ગજસુકુમારે—માથે માટીની પાળ બાંધી અંદર અંગારા ભરનાર પોતાના સસરા સોમિલને, મોક્ષમહેલની પાઘડી બંધાવનાર અનન્ય ઉપકારી જાણી, સાચી ક્ષમાપના આપી.

ભગવાન બુદ્ધના શિષ્ય પૂર્ણ ધર્મનો પ્રચાર કરવા માટે અનાર્ય દેશમાં જવાનો વિચાર કરી બુદ્ધની પાસે અનુજ્ઞા લેવા ગયા.

બુદ્ધ—પૂર્ણ ! ત્યાંની પ્રજા જંગલી છે, અભણ છે, તેથી તને ગાળોનો વરસાદ વરસાવશે તો ?

પૂર્ણ—હું એનો ઉપકાર માનીશ, કે મને થોડો પણ માર માર્યો નથી.

બુદ્ધ—ડંડાની તડાતડી થશે તો ?

પૂર્ણ—હું એમ માનીશ કે, મને જીવનથી મુક્ત તો નથી કર્યોને !

બુદ્ધ—જીવન મુક્ત કરશે તો ?

પૂર્ણ—તોપણ હું સદા આનંદમાં રહીશ, કે મને ધર્મથી ભ્રષ્ટ કર્યો નથી ને.

અંતે શિષ્યનો અચળ નિશ્ચય જાણી ભગવાન બુદ્ધે પૂર્ણને અનાર્ય દેશમાં જવાની રજા આપી. સારાંશ એજ કે ધર્મનો ફેલાવો કરવા માટે ક્યાં સુધીની ક્ષમા ! સાચી ક્ષમાનું અજોડ ઉદાહરણ—

સુવર્ણ ગુલિકામાં મુગ્ધ બની અવંતી નગરીનો માલિક ચંડપ્રદ્યોત રાજા રાતોરાત ગુપ્તરીતે ચોરી કરીને સુવર્ણ ગુલિકાને ઉપાડી લાવ્યો. સવારે ખબર પડતાં ઉદાયિ રાજાએ તેને મેળવવા માટે મોટું યુદ્ધ કર્યું. ચંડપ્રદ્યોતને હરાવી કેદ કર્યો. પાછા વળતાં

વર્ષા–ચાતુર્માસ નજીક આવવાથી રસ્તામા પડાવ નાખ્યો સંવત્સરીનો દિવસ આવ્યો વૈરઝેર ખમાવ્યા સિવાય સાચું પ્રતિક્રમણુ થાય નહિ તેથી ક્ષમા માગવા ચંડપ્રદ્યોત પાસે જાય છે ત્યા ચંડપ્રદ્યોત કહે છે કે જ્યા સુધી સુવર્ણ ગુનિકા ન,આપો ત્યાં સુધી હૃદયથી સાચી ક્ષમાપના નહિ આપી શકાય વૈરને મૂળમાથી કાઢવા સાચુ પ્રતિક્રમણુ કરવા, અધુરી ક્ષમાપના પુરી કરવા સુવર્ણ ગુનિકાને પાછી આપે છે, અને સાચી ક્ષમાપના મેળવે છે આનુ નામ સાચી ક્ષમાપના

સાધુ ભગવંતોને "ક્ષમા શ્રમણ" કહેવાય છે તેમા જે 'ક્ષમા' વિશેષણુ શ્રમણુ (સાધુ) ને આપવામા આવ્યુ છે તે ક્ષમાગુણની વિશિષ્ટતા બતાવનાર છે

ગૌતમબુદ્ધ એક સમયે પોતાના શિષ્યોનુ જીવન નિર્મળ બનાવવા અનુપમ અમૃતરસના ઘુંટડાનો સ્વાદ કરાવતા કહે છે:–હે ભિક્ષુઓ! તમે ગમે તેવા સયોગોમા પણ ક્ષમાની મૂર્તિ બનજો જરાપણુ ખિન્ન થશો નહિ, આ જીભડી કુવાક્ય ન ઉચ્ચારે તેનુ તમે ધ્યાન રાખજો, ક્રોધીને પણ પ્રેમરસથી સ્નાન કરાવજો પૃથ્વી જેવા ગભીર બનજો જેમ પૃથ્વી સારી–નરસી દરેક વસ્તુનો સગ્રહ કરે છે તેમ તમે પણુ હૃદયને વિશાળ બનાવી સર્વને સમાવી લેશો તો તમે મારા શિષ્ય ખરા ક્રોધરૂપી દાવાનળની પાછળ કોઈ પડશો નહિ, નહિ તો ક્રોડો વર્ષની કરેલી મહેનત બધી બાળી ભસ્મ કરી નાખશે

એક મહાન તપસ્વી સાધુ ક્રોધને આધીન બન્યા, મિત્રની માફક આમત્રણ આપ્યુ, હૃદયમા સ્થાન આપ્યુ, આ નાની સરખી ભૂલથી ક્રોધના પ્રતાપે ચડકૌશિક સર્પ થયા જેને દેખે તેના પ્રાણુ લીધે જ છુટકો, દુર્ગતિમા જવાના દરવાજા ખુલા કર્યા, પરંતુ શ્રમણ ભગવંત મહાવીરનો ભેટો થયો, તેમના બુજ્ઝ! બુજ્ઝ! શબ્દથી પૂર્વભવનું સ્મરણુ થયુ, ક્રોધના કડવાં ફળ જાણી, સર્વપ્રત્યે ક્ષમા ધારણુ કરી, પ્રાણાન્તે પ્રતિજ્ઞાનુ પાલન કરવુ, એવો નિશ્ચય કરી બીનમાં મુખ બહાર કાયા રાખી રહ્યો પછી કોઈ પૂજન કરો, પત્થર મારો, લાઠી મારો શસ્ત્રથી કાપો, પણુ ક્ષમા એજ્યે ક્ષમા એજ ક્ષમાના પ્રતાપે ઘોર હિસા કરનાર તિર્યંચ પણુ આઠમા સહસ્રાર દેવ લોકમાં ઋદ્ધિમાન દેવ થયો

તમે શુ કરો?

તપ કર્યો હોય, અને બીજા દિવસે પારણાની પુરી તૈયારી જો ન હોય તો ધમાધમ કરી મુકો તપનુ ફળ ખાઈ જાઓ અને ઉપરથી ગાઢના ગોપી ચંદન બનો

જ્યા સુધી સાચી મૈત્રી નહિ થાય ત્યા સુધી યુદ્ધના ભણકારા પણુ નજર સમક્ષ રહેવાના સાચી મૈત્રી થવાથી, અનિતિ, ચોરી, લુંટફાટ મારામારી, આપઘાત, ખુન દુર્ભિક્ષ, ભય, આપોઆપ પલાયન થઇ જશે અને દરેના જીવનમા શાતિ શાતિ શાતિ જ ઘર કરી બેસશે

કુમારપાળ મહારાજાના રાજ્યમા નામનિશાન ન હતુ કારણુ એજ કે પોતાના અઢાર દેશમા 'મારી' શબ્દ બોલે તો પણુ શિક્ષા થતી સાતે વ્યસનો હિંસાનુ મારરુ જાણી, સાત માટીના પુતળા બનાવી મુખે મસી ચોપડી, ગધેડા પર બેસાડી ફૂટેના વાજીત્ર વગાડતા પાટણુમા ફેરવી દેશ નિકાલ કર્યા હતા બાઇબલમા ઇશુખ્રીસ્ત લખે છે કે મંદિરમા નૈવેદ્ય ધરવા આવ્યા હો અને પગથીયાં પર ચડતાં યાદ આવે કે, મારે અમુક વ્યક્તિ સાથે અપરાધ થયેલો છે, તો ત્યા ઓટના પગ જ નૈવેદ્ય મુકી, જેની સાથે વિરોધ થયો હોય, તેને ખમાવી પછીજ નૈવેદ્ય ધગવે તો જ ઇશ્વર પ્રસન્ન થાય

ક્ષમા–પાચ પ્રકારની છે (૧) ઉપકાર ક્ષમા (૨) અપકારક્ષમા (૩) વિપાકક્ષમા (૪) આજ્ઞાક્ષમા (૫) ધર્મક્ષમા ઉપકાર ક્ષમા–ભૂતકાળમા કોઇએ ઉપકાર કર્યો હોય અને પછી તેના જ તરફથી કઈ નુકશાન થાય ત્યારે પૂર્વકાળનો ઉપકાર જાણી ક્ષમા ધારણુ કરવી. આવી ક્ષમા કુતરા જેવા પ્રાણી પણુ

રાખે છે. મહોલ્લામાં રહેલાં કુતરાંની નાના બાળકો પુંછડી મરડે, હાથથી મુઠીઓ મારે, તો પણ કુતરાં શાંત રહે છે. તે સમજે છે કે મને અહિંથી રોટલો ખાવા મળ્યો હતો.

અપકારક્ષમા–ભવિષ્યમાં ઘણું નુકશાન જાણી ક્ષમા ધારણ કરવી. રસ્તામાં આવતા ફોજદારની ભૂલથી ધક્કો લાગે, તે વખતે બોલે તો ભાવિમા ઘણું નુકશાન થાય, તેથી આવેશને દબાવી ક્ષમા ધારણ કરે. અથવા ગમે તેવો તોફાની જે છેલ્લી કોટીના બધેડા જેવા પશુઓ પણ લાકડીવાળા માણસને દેખી ભાવિમાં મને મારશે એમ ધારી લાત નહિ મારતાં ક્ષમા ધારણ કરે છે.

વિપાકક્ષમા–ક્રોધ, કામ, વિરાધના આદિનું ફળ ઘણા દુઃખને આપનાર છે એમ ધારી ક્ષમા રાખે નંદમણિનો જીવ દેડકો જાતિસ્મરણથી વિરાધના આદિ વડે હું ક્ષુદ્ર દેડકો થયો એમ જાણી ઘોડાના પગ નીચે દબાઈ ચગદાયો છતાં ક્રોધ નહિ કરતા ક્ષમાને જ ધારણ કરી તેના પ્રતાપે ઋદ્ધિવાળો, ગૌતમસ્વામી જેવા ગણધરોને પણ આશ્ચર્ય ઉત્પન્ન કરાવનારી સાહ્યબીવાળો દુર્દુરદેવ થયો.

આ ત્રણ પ્રકારની ક્ષમા તિર્યંચો પણ કરે છે. તેથી ઉત્તમ કોટીની છેલ્લી બે ક્ષમા છે.

આજ્ઞાક્ષમા–ભગવાનની આજ્ઞા છે, કે ક્રોધ કરવો નહિ, એમ ધારી ક્ષમા કરવી. ખંધકમુનિની ખાલ ઉતારી છતાં જિનેશ્વરની આજ્ઞા નજર સમક્ષ રાખી ક્ષમાધારણ કરી તેથી મોક્ષનગરીમા પહોંચી ગયા.

ધર્મક્ષમા–આત્માનો સ્વભાવિક ધર્મક્ષમા છે તેથી કોઈપણ સયોગમાં, કોઈપણ સમયે ક્રોધ ન કરતાં ક્ષમા જ ધારણ જ કરે

ભગવાન મહાવીર, અને અનેક આપત્તિઓ વેઠીને, ક્ષમા ધારણ કરી આત્માનો સ્વભાવિક ધર્મ ક્ષમા પ્રગટ કર્યો.

પ્રતિક્રમણમાં ૮૪ લાખ જીવોને ખમાવવાની પ્રથા ઉત્તમ છે. પરંતુ સાચી ક્ષમાપના કોની સાથે.? પૃથ્વીકાયાદિ સ્થાવર–વિકલેન્દ્રિય–તથા પંચેન્દ્રિય તીર્યંચની પાસે તમે ક્ષમા માગો છો. પરંતુ તે પૃથ્વીકાયાદિ સમજી શકતા નથી નારકીના જીવો નિરંતર તીવ્ર વેદનાનો ઉદય હોવાથી. અને દેવો ભોગસુખમાં આસક્ત હોવાથી સાભળતા નથી.

ખરી ક્ષમાપના માનવ સાથે, તેમા પણ ગાઢ પરિચયમાં આવેલાની સાથે

પૈસાની લાલચથી અથવા પ્રમાદને લીધે પુત્ર-પુત્રી-સ્ત્રી બહેન વિગેરેને સંસ્કાર ન આપ્યા હોય, અને વિલાસી બનાવી જીવન હણી નાખ્યું હોય તો તેમની પાસે ક્ષમા યાચવી.

આવી ક્ષમા માગવામાં આવે તો ક્ષમાવીર બની પર્વની સફળતા માગી શકાય. આ પર્વ પોકારી પોકારીને કહે છે કે સૌની પાસે ક્ષમા માગ્યા પછી જ પ્રતિક્રમણ કરવા બેસજો. નહીં તો તરગાલા જેવું થશે

તરગાળા જ્યારે નાટક ભજવે છે, ત્યારે પોતે રાજાધિરાજ પણ બની આનંદ માને છે, પણ નાટક પુરું થયા પછી ભિખારીના ભિખારી. તેવી રીતે પ્રતિક્રમણ કરતા જગતમા રહેલા સર્વ જીવોને ખમાવી આનંદ માનીયે અને પ્રતિક્રમણ પુરું થયા પછી તરગાળાની માફક વિરોધ, વેરને વેર ! ઝગડા ને ઝઘડા !

છેલ્લી હાકલ મારી વિરમું છું કે ભલે અત્યાર સુધી તરગાલા જેવો વેશ ભજવ્યો, પણ હવે કોઈ તરગાલા જેવા બનશો નહિ. સર્વને સાચી ક્ષમાપના આપી, સાચું પ્રતિક્રમણ કરી સાંવત્સરી પર્વ ઉજવશો ! એ જ અભ્યર્થના

(અનુસંધાન ટાઈટલ ૩ નું ચાલુ)

૨૯	પુષ્પ અને પરાગ	શ્રી રતિલાલ દી દેસાઈ	૧૨૭
૩૦	શ્રીમંત અને શ્રીમત્ત	શ્રી બાલચંદ હીરાચંદ	૧૩૨
૩૧	માનવતાવાદી સમાજવાદની આધારશીલા	અનુ. શ્રી હીંમતલાલ ર. યાજ્ઞિક	૧૩૭
૩૨	શ્રી મહાવીર પરમાત્માનું જીવન	શ્રી ફતેચંદ ઝવેરભાઈ	૧૪૧
૩૩	શ્રાવકપદનો અધિકારી કોણ?	શ્રી વાલજી ગોવીંદજી દેસાઈ	૧૪૪
૩૪	ચિંતન અને મનન	……	૧૪૬
૩૫	જ્ઞાનપંચમીની શુભ આરાધના ભાવો	મુનિશ્રી લક્ષ્મીસાગરજી	૧૫૪
૩૬	ધન્ય મુનિરાજ	શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા	૧૫૫
૩૭	એનું નામ તે શ્રાવક	દેસાઈ વાલજી ગો.	૧૫૮
૩૮	ભય અને જય	શ્રી બાલચંદ હીરાચંદ	૧૬૦
૩૯	પ્રતિક્રમણ ક્યારે?	મુનિશ્રી ત્રિલોકચંદજી	૧૬૩

અવસાન નોંધ

શા બાલુભાઈ રૂગનાથ

તા. ૧૧-૧૦-૬૦ ને મંગળવાર, સંવત ૨૦૧૬ ના આસો વદ બીજી છઠના રોજ ભાવનગર મુકામે શ્રી બાલુભાઈ ઉર્ફે નરોત્તમદાસ રૂગનાથના થયેલ અવસાનની ઘણી દીલગીરી સાથે અમો નોંધ લઈએ છીએ.

સ્વર્ગસ્થશ્રી બાલુભાઈ અત્રેની ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા અત્રેની ગંભીરવિજયજી સંસ્કૃત-પ્રાકૃત પાઠશાળામાં તેઓએ ઘણા વર્ષો સુધી સંસ્કૃત અધ્યાપક તરીકે કામ કર્યું હતું. અમો સ્વર્ગસ્થના આત્માને શાંતિ ઈચ્છીએ છીએ તેમજ તેમના અવસાનથી તેમના કુટુમ્બપર આવેલી આપત્તિ પ્રત્યે સમવેદના દર્શાવીએ છીએ.

શાહ પ્રેમચંદ મોતીચંદ

સંવત ૨૦૧૬ના ભાદરવા વદી ૧૦ ગુરૂવાર, તા. ૧૫-૯-૬૦ ના રોજ ઓગણએંશી વર્ષની વૃદ્ધવયે ભાઈશ્રી પ્રેમચંદ મોતીચંદ સ્વર્ગસ્થ થયેલ છે. તેઓ ધાર્મિકવૃત્તિવાળા હતા અને પોતાની પુણ્યસ્મૃતિ માટે તેઓ મોટી રકમની સખાવત કરતા ગયા છે. સભાના તેઓ આજીવન સભાસદ બન્યા હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખામી પડી છે, પરમાત્મા તેમના આત્માને પરમશાંતિ અર્પે તેમ ઇચ્છીયે છીયે.

ગદ્ય વિભાગ.

૧	નૂતન વર્ષનું મંગળવિધાન	પ્રકાશન સમિતિ.	૪
૨	આચારાંગ સૂત્ર	પં. દલસુખ માલવણીયા	૭,૫૧
૩	જ્ઞાન એ સહુથી પવિત્ર છે?	શ્રી બાલચંદ હીરાચંદ	૯
૪	શ્રી જૈન આત્માનંદ સભા ૬૧-૬૨ માં વર્ષનો રીપોર્ટ	મંત્રીઓ	૧૩
૫	વ્યક્તિગત આકર્ષણ શક્તિ	અનુ. શ્રી વી. મૂ. શાહ	૩૧
૬	પ્રભુની દિવ્ય વાણી	શ્રી સ્વરૂપચંદ હીરાચંદ ઝવેરી	૩૪
૭	સ્યાદ્વાદ પંચાશિકા	પં. શ્રી સુશીલવિજયજી ગણી	૩૭
૮	દાન	શ્રી કાન્તિ જે મહેતા	૪૧
૯	કેટલીક સંગ્રહણી	પ્રો. શ્રી હીરાલાલ ર. કાપડીઆ	૫૫
૧૦	ચર્મચક્ષુ અને જ્ઞાનચક્ષુ	શ્રી બાલચંદ હીરાચંદ	૬૮
૧૧	પાંચમી અન્યત્વ ભાવના	મુનિશ્રી લક્ષ્મીસાગરજી	૭૧
૧૨	સોળ રોગ સંબંધી આગામિક ઉલ્લેખો	શ્રી હીરાલાલ ર. કાપડીઆ	૭૩
૧૩	મહાવીર જયંતી	ડૉ. રાધાકૃષ્ણન્	૭૯
૧૪	મહાવીર-સમાનતાના પ્રતીક	શ્રી રિષભદાસ રાંકા	૮૨
૧૫	દ્રવ્યપૂજા અને આજનું વર્તન	સ્વ શ્રી મોહનલાલ દી. ચોકસી	૮૫
૧૬	'હું'ની વ્યાપ્તિ	શ્રી બાલચંદ હીરાચંદ	૮૭
૧૭	વીરની અહિંસા	શ્રી 'રક્ત તેજ'	૯૦
૧૮	દ્રવ્યપૂજાના પ્રકારો	શ્રી મોહનલાલ દી. ચોકસી	૯૫
૧૯	અંધ શ્રદ્ધા ખોટી તેમ અંધ અશ્રદ્ધા પણ ખોટી	શ્રી બાલચંદ હીરાચંદ	૯૮
૨૦	કોન્ફરન્સના ૨૧ માં અધિવેશનના પ્રમુખશ્રીનું પ્રવચન	......	૧૦૧
૨૧	સુખી જીવનના સાધનો	શ્રી વી. મૂ. શાહ	૧૦૭,૧૧૧
૨૨	મહાન યોગી પ્રભુ મહાવીર	મુનિશ્રી લક્ષ્મીસાગરજી	૧૧૦
૨૩	જીવન અને તત્વજ્ઞાન	પ્રો. શ્રી જયંતીલાલ બી. દવે	૧૧૪,૧૩૫
૨૪	નિત્ય જન્મ મૃત્યુ	શ્રી બાલચંદ હીરાચંદ	૧૧૮
૨૫	માનવસંસ્કૃતિ અને મહાવીર	ડૉ. શ્રી દેવેન્દ્ર જૈન	૧૨૧
૨૬	સ્વપ્ન અને જાગૃતિ	શ્રી બાલચંદ હીરાચંદ	૧૧૧ अ
૨૭	આડંબરી અતિરેક	સ્વ. શ્રી મોહનલાલ દીપચંદ	૧૧૪ अ
૨૮	સદાચરણનું વ્યાપક સ્વરૂપ	મુનિશ્રી મહાપ્રભવિજયજી	૧૧૬ अ
૨૮ अ	જીવનમાં પ્રેમ	શ્રી પ્રણવ માટલીઆ	૧૨૦ अ

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૬ ઉપર)

Reg. N. B. 431

આપણું અહમ્

ઘણી વાર અહમ્ આપણા જીવનનું મધ્યબિંદુ બની જાય છે. મેં આ કર્યું, તે કર્યું; હું આ જાણું છું, એવું અભિમાન આપણે રાખીએ છીએ આ અભિમાન ઉપર મર્યાદા મૂકવા કુદરતની શક્તિઓ સાથે આપણી શક્તિઓની તુલના કરવાનું જરૂરી છે. કોઈપણ ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત થતાં તેનાં કારણોમાં આપણે ઊંડા ઊતરીએ, તો એમ સમજાય કે કુદરત અનુકૂળ રહી એ સિદ્ધિ માટેનું મુખ્ય કારણ હતું. એ પછી પણ અનેક બળો આપણને એ સિદ્ધિ માટે સહાયરૂપ બન્યાં હશે જો નમ્રતાપૂર્વક પૃથક્કરણ કરીને જોઈશું તો સમજાશે કે જે સિદ્ધિ માટે જગત વધુમાં વધુ આપણને યશ આપે છે તે સિદ્ધિ પ્રાપ્ત કરવામાં આપણો હિસ્સો તો અલ્પ હોય છે. કુદરતે ને બીજા માનવોએ સરજેલા સંયોગોની સાથે આપણા પુરુષાર્થનું મિલન થાય અને તેમાંથી સિદ્ધિ નીપજે. તેનો આનંદ આપણે અનુભવીએ તેમાં ખોટું નથી.

અભિમાની માણસ સત્ય જોઈ કે સમજી શકતો નથી–એ અનેકને ત્રાસરૂપ બને છે. આ અભિમાનને તોડવા માટે કુદરતના બળો સાથે આપણી શક્તિઓની તુલના થાય અને આસપાસના સંયોગોની સાથે આપણા પુરુષાર્થની સરખામણી થાય એ ઇષ્ટ છે, પરંતુ તેનો અર્થ એવો નથી કે માનવીની શક્તિને આપણે ઓળખીએ નહિ માનવી પણ કુદરતનું જ બાળક છે, તેનો જ અંશ છે. બિંદુમાં જેમ સિંધુનાં બધાં તત્ત્વો હોય છે ને સર્જનમાં જેમ સર્જકનું સત્ત્વ ઊતરે છે, તેમ માનવ અને કુદરતનું બને છે. માનવ જો એ સમજી લે કે એ કુદરતનો સ્વામી નથી પણ સંતાન છે, તો અભિમાનનો ભય ઊભો થાય નહિ. બહુ ઊંચે ચડવાનું કે નીચે પડવાનું પણ બને નહિ.

એસ. એસ. ગીના
'ગુજગતી'ના પ્રશ્નપત્રમાંથી

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ : ભાવનગર.